

## ૨૫૪. ગુરુને આસને બેસું નહીં.

ગુરુની બધી વસ્તુ પૂજનીય છે. તે સાધનો તેમની સ્મૃતિ કરાવે છે. એમના આસન, કપડાં, દેહ, ઘર વગેરે ગમે તે વસ્તુ હોય તે પૂજનીય છે. પરમકૃપાળુદેવના સમયમાં એક મુમુક્ષુએ પરમકૃપાળુદેવનું ધોતિયું પહેરી લીધું તે જોઈ પરમકૃપાળુદેવે કહ્યું કે આમ કરવું યોગ્ય નથી.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ભક્તિ પ્રદર્શિત કરતાં પરમકૃપાળુદેવે ''તે મહાત્મા વર્તે છે તે દેહને, ભૂમિને, ઘરને, માર્ગને, આસનાદિ સર્વને નમસ્કાર'' (પત્રાંક ૬૭૪) કર્યા છે, ત્યાં આપને પ્રશ્ન થયો કે તે ભૂમિ આદિને શા માટે નમસ્કાર કર્યા છે? એમાં કારણ શોધવા જતાં હાથ લાગતું નથી. પણ ભક્તિમાન હૃદય તે તે નિમિત્તે ઉલ્લાસ જરૂર પામે છે, રોમાંચ પણ થઈ આવે છે. ''મરતું ઊંટ મારવાડ ભણી જુએ છે'' એમ કહેવત છે તેમ પ્રેમના સંસ્કારોથી તે તે દિશાઓ પણ પ્રિય લાગે છે. પરમકૃપાળુદેવનો પત્ર આવે ત્યારે પ.પૂ.પ્રભુશ્રીજી નમસ્કાર કરીને તેને ફોડતાં, માથે ચઢાવતા. એ બધાં ઉપકારવૃત્તિનાં બાહ્ય ચિહ્નો છે. ''સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ.'' પરમકૃપાળુદેવે છેક છેલ્લી વખતે વવાણિયા છોડ્યું તે વખતે તે ઘરને, તે ડહેલીને, માતુશ્રી, પિતાશ્રી તથા મિત્રોને નમસ્કાર વારંવાર કરેલા; છેવટે જતાં ગામને પણ નમસ્કાર કરેલા. તે જોઈને તેમના મિત્રે પૂછ્યું કે કદી નહીં ને આજે કેમ આમ વર્તો છો? તો કહ્યું કે આગળ ઉપર સમજાશે. તે ભાઈ હજી કહે છે કે હવે સમજાયું કે ફરી તે વવાણિયા આવનાર નહોતા. જે જે નિમિત્તો ઉપકારભૂત થયાં હોય કે થઈ શકવા સંભવ હોય તેના પ્રત્યેનું બહુમાનપણું જે અંતરમાં ઊંડું રહ્યું છે તે જ તેવી બાહ્ય ચેષ્ટાઓ કરાવે છે. તીર્થંકરોનાં પંચકલ્યાણક-સ્થાનો કે તેનાં વર્ણનો પણ ઉલ્લાસનું કારણ થાય છે. એ પ્રેમ દશા જેણે અંશે પણ અનુભવી નથી તેને બુદ્ધિથી તેનો ખ્યાલ આવવો અશક્ય છે.'' (બો.૩ પૃ.૩૫૧)

માટે ગુરુને પૂજ્ય માની તેમના આસને બેસું નહીં પણ ભક્તિભાવે તેવા આસન, કપડાં વગેરેના દર્શન કરી તેમના ગુણોની સ્મૃતિ કરું.

## ૨૫૫. કોઈ પ્રકારની તેથી મહત્તા ભોગવું નહીં.

ગુરુના નામે પોતાનું માહાત્મ્ય વધારી લોકોમાં મોટા થવા પ્રયત્ન કરું નહીં. જેમકે આ કાળમાં પરમકૃપાળુદેવનું નામ લઈ કોઈ કહે કે પરમકૃપાળુદેવે પ્રત્યક્ષથી કલ્યાણ થાય એમ જણાવ્યું છે. અમે તમને માર્ગ બતાવીએ છીએ, તેથી પ્રત્યક્ષ અમને માનવા જોઈએ, એવા ભાવ જણાવે. એમ પરમકૃપાળુદેવના નામે મોટા થઈ કોઈ પ્રકારની મહત્તા ભોગવું નહીં. પણ સદા તેમનો આજ્ઞાંકિત શિષ્ય થવા પ્રયત્ન કરું.

## ૨૫૬. તેથી શુક્લ હૃદયે તત્ત્વજ્ઞાનની વૃદ્ધિ કરું.

વાક્ય ૨૫૫માં જણાવ્યું કે શ્રી ગુરુના નામે માન મહત્તા ભોગવું નહીં; પણ આ વાક્યમાં કહ્યું તેમ શ્રી ગુરુ મળવાથી હવે હૃદયને શુક્લ કરી અર્થાત્ હૃદયમાં માત્ર આત્માર્થનો લક્ષ રાખી, આ ભવના ભૌતિક સુખો કે પરભવના દેવલોક આદિના સુખોની કામના તજી, શુક્લ હૃદયે તત્ત્વજ્ઞાનની વૃદ્ધિ કરું.

**''શુક્લ અંતઃકરણ વિના મારા કથનને કોણ દાદ આપશે?''** -શ્રીમદ્ રાજચંદ્ર

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** મુમુક્ષુ – શુક્લ અંતઃકરણ એટલે શું?

પૂજ્યશ્રી—પાપ વિનાનું અંતઃકરણ તે શુક્લ અંતઃકરણ. ત્યાગ-વૈરાગ્યવાળું ચિત્ત તે શુક્લ અંતઃકરણ



છે. (બો.૧ પૃ.૨૬૨) શુક્લ એટલે પવિત્ર હૃદય વડે જીવાદિ સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય, છ પદ વગેરે તત્ત્વજ્ઞાનની વૃદ્ધિ કરું.

**'સમાધિસોપાન'માંથી :–** પ્રવચન એટલે જિનેન્દ્ર સર્વજ્ઞ વીતરાગે પ્રરૂપેલાં આગમ છે. તેમાં છ દ્રવ્યોનું, પંચાસ્તિકાયનું, સાત તત્ત્વોનું અને નવ પદાર્થોનું વર્ણન છે; કર્મની પ્રકૃતિઓનો નાશ કરવાનું વર્ણન છે. જેમાં બહુ પ્રદેશો હોય તેનું નામ અસ્તિકાય કહેવાય છે. જેમાં ગુણપર્યાય નિરંતર હોય તેનું નામ દ્રવ્ય છે. વસ્તુપણે જેનો નિશ્ચય થાય છે તેનું નામ પદાર્થ છે. સ્વભાવરૂપે હોવાથી તત્ત્વ એવું નામ પડ્યું છે. જેવી રીતે અંધકારવાળા મહેલમાં હાથમાં દીવો લઈને બધા પદાર્થો આપણે જોઈએ છીએ તેવી રીતે ત્રિભુવનરૂપ મંદિરમાં પ્રવચનરૂપી દીવાવડે સૂક્ષ્મ, સ્થૂલ, મૂર્તિક, અમૂર્તિક પદાર્થો દેખીએ છીએ. પ્રવચનરૂપી નેત્ર વડે મુનીશ્વર ચેતન આદિ ગુણોવાળાં સર્વ દ્રવ્યોનું અવલોકન કરે છે.

જિનેન્દ્રનાં પરમ આગમને યોગ્ય કાળે બહુ વિનયથી ભણવાં તે પ્રવચનભક્તિ છે. છ દ્રવ્યો, સાત તત્ત્વો, નવ પદાર્થોના ભેદ, સર્વ ગુણ-પર્યાયોનું પ્રવચનમાં વર્ણન છે; ભૂતકાળ અનંત વહી ગયો, ભવિષ્યકાળ અનંતો આવશે અને ચાલુ વર્તમાનકાળ તે સર્વનું સ્વરૂપ તેમાં વર્ણવેલું છે; તેમાં અધોલોકની સાત પૃથ્વીઓ, નારકીઓને વસવાનાં, ઊપજવાનાં સ્થાનકો, તેમનાં આયુષ્ય, કાયા, વેદના, ગતિ આદિનું વર્ણન છે; ભવનવાસી દેવોનાં સાત કરોડ બોતેર લાખ ભવનોનું તથા તેમના આયુષ્ય, કાયા, વૈભવ, વિક્રિયા, ભોગ આદિ અધોલોક સંબંધી વર્ણન કરેલું છે. તેમાં મધ્ય લોક સંબંધી અસંખ્યાત દ્વીપ અને સમુદ્રોનું, તેમાં આવેલા મેરુ, કુલાચલ, નદી, દ્રહ આદિનું, કર્મભૂમિનાં વિદેહ આદિ ક્ષેત્રોનું, ભોગભૂમિનું, અંતરદ્વીપો સંબંધીનાં મનુષ્યોનું, કર્મભૂમિનાં તથા ભોગભૂમિનાં મનુષ્યોનાં કર્તવ્ય, આયુષ્ય, કાયા, સુખ, દુઃખ આદિનું, તિર્યંચોનું અને વ્યંતરોના નિવાસ, વૈભવ, પરિવાર, આયુષ્ય, કાયા, સામર્થ્ય અને વિક્રિયાનું વર્ણન છે. મધ્ય લોકમાં જ્યોતિષ્ક દેવો છે. તેમનાં વિમાન, વૈભવ, પરિવાર, આયુષ્ય, કાયા આદિનું અને સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રોના માર્ગ, ગતિ, સંયોગ આદિનું વર્ણન છે. ઊર્ધ્વલોકનાં ત્રેસઠ પટલો સહિત સ્વર્ગનું, અહમિંદ્રના પટલોનું, ઇંદ્રાદિ દેવોના વૈભવ, પરિવાર, આયુષ્ય, કાયા, શક્તિ, ગતિ, સુખ આદિનું તેમાં વર્ણન છે. આ પ્રકારે સર્વજ્ઞે પ્રત્યક્ષ દેખેલા ત્રણે લોકનાં સમસ્ત દ્રવ્યોના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનું વર્ણન પ્રવચનમાં કરેલું છે. કર્મોની પ્રકૃતિઓના બંધ, ઉદય, સત્તા, સંક્રમણ આદિનું સર્વ વર્ણન આગમમાં છે.'' (પૃ.૨૩૩)

**'સહજ સુખ-સાધન'માંથી :–** ''શ્રુતજ્ઞાન જ એવું જ્ઞાન છે જેનાથી શાસ્ત્રજ્ઞાન થાય છે અને આત્માનું ભેદવિજ્ઞાન થાય છે. આ આત્મા રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મથી ભિન્ન છે, સિદ્ધસમ શુદ્ધ છે. જેને આત્માનુભવ થાય છે તે જ ભાવશ્રુતજ્ઞાન પામી જાય છે. એ આત્માનુભવ જ કેવલજ્ઞાનનો પ્રકાશ કરી દે છે. કોઈ યોગીને અવધિજ્ઞાન કે મનઃપર્યય જ્ઞાન ન પણ હોય તો પણ શ્રુતજ્ઞાનના બળથી કેવળજ્ઞાન થઈ શકે છે. અવધિ અને મનઃપર્યયજ્ઞાનનો વિષય કંઈ શુદ્ધાત્મા નથી, એ તો રૂપી પદાર્થને જ જાણે છે જ્યારે શ્રુતજ્ઞાન અરૂપી પદાર્થોને પણ જાણી શકે છે. એટલા માટે શ્રુતજ્ઞાન પ્રધાન છે. માટે આપણે આટલું કરવા યોગ્ય છે કે આપણે શાસ્ત્રજ્ઞાનનો વિશેષ અભ્યાસ કરતા રહેવું કે જેથી આત્માનુભવ પ્રાપ્ત થાય. એ જ સહજ સુખનું સાધન છે અથવા એ જ કેવળજ્ઞાનનો પ્રકાશ કરનાર છે.'' (પૃ.૪૭૩) માટે આગમ દ્વારા ભગવંતે બોધેલા તત્ત્વજ્ઞાનની શુક્લ હૃદયે વૃદ્ધિ કરું.



## ૨૫૭. મનને સ્થિતિસ્થાપક રાખું.

આત્મજ્ઞાની મહાત્માઓ પોતાના મનને પોતાના સ્વરૂપમાં સ્થિર રાખે છે, તેમ હું પણ મારા મનને જ્ઞાનીપુરુષના વચનના આધારે સ્થિર રાખવાનો પ્રયત્ન કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''અમારું જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્યભાવને વિષે સ્થિર થતું નથી; સ્વરૂપને વિષે સ્થિર રહે છે. એવું જે અમારું આશ્ચર્યકારક સ્વરૂપ તે હાલ તો ક્યાંય કહ્યું જતું નથી. ઘણા માસ વીત્યાથી તમને લખી સંતોષ માનીએ છીએ.'' (વ.પૃ.૩૨૮)

**જ્ઞાનીપુરુષને આત્મધ્યાનમાં વિઘ્ન તે અપ્રિય –** પરમકૃપાળુદેવ દુકાન ઉપર ધ્યાનમાં બેઠા હતા. ત્યાં એક જણ પેપરનો નમૂનો લઈને આવ્યો અને કહ્યું કે લ્યો સાહેબ! તે સાંભળી આત્મધ્યાન ભંગ થવાથી બોલ્યા કે એના કરતાં માથું લઈ લીધું હોત તો? એમ તેમના મનની કેવી સ્થિતિસ્થાપક દશા એટલે સ્વરૂપ મગ્નતા હશે? તે જણાઈ આવે છે.

## ૨૫૮. વચનને રામબાણ રાખું.

રામ જે બાણ છોડે તે નિષ્ફળ જાય નહીં. તેમ જ્ઞાનીપુરુષો એવું વચન બોલે કે જે સામા વ્યક્તિના અંતરમાં રામના બાણની જેમ સોંસરુ ઊતરી જાય. તેમ આપણે પણ વચન આપીને ફરવું નહીં. પણ રામના બાણની જેમ તેને સફળ કરવું અથવા તેનું માહાત્મ્ય સમજી વચનને હૃદયમાં ઉતારવું.

**'ઉપદેશામૃત'માંથી :–** ચક્રવર્તી વચન બોલે, વાસુદેવ વચન બોલે કે કોઈ રાજા વચન બોલે તે સૌ સૌનાં પુણ્ય પ્રમાણે માન્ય કરાય છે–મહત્તા લાગે છે, સરખાં ગણાતાં નથી. તો જ્ઞાનીના વચન તો તેથી પણ અપૂર્વ માહાત્મ્યવાળાં છે. માહાત્મ્ય લાગ્યું નથી. પ્રત્યક્ષ પુરુષનું સામાન્યપણું થઈ ગયું છે. કલ્પના થાય કે કંઈ તીર્થંકરનાં વચન છે? કંઈ ગણધરનાં છે? પણ તેની ખબર નથી; બધુંય છે. ગણધર શું, તીર્થંકર શું, આત્મા શું તે જાણ્યું છે?'' (ઉ.પૃ.૩૪૫)

## ૨૫૯. કાયાને કૂર્મરૂપ રાખું.

કાયાને કૂર્મ એટલે કાચબારૂપ રાખું. કાચબો સંકટ પડ્યે પોતાના અંગોને પોતાની કડક પીઠની ઢાલમાં સંકોચી રાખે છે તેમ હું પણ પાંચ ઇન્દ્રિયોને સંકોચી રાખું; જેથી આ સંસારના દુઃખોથી બચી જાઉં.

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :–** ઇન્દ્રિયો ગોપવવાના વિષયમાં 'જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર'ને વિષે કાચબાનું દૃષ્ટાંત આપેલું છે. તે આ પ્રમાણે –

**બે કાચબાનું દ્રષ્ટાંત –** વારાણસી પુરીને વિષે ગંગાનદીને કાંઠે મૃદંગ નામના દ્રહમાં ગુસેન્દ્રિય અને અગુસેન્દ્રિય નામના બે કાચબાઓ રહેતા હતા. તે બન્ને સ્થલચારી કીડાઓનું માંસ ખાવામાં પ્રીતિવાળા હતા. તેથી એકદા તેઓ દ્રહની બહાર નીકળ્યા હતા, તેવામાં બે શિયાળીયાએ તેમને જોયા. તે કાચબાઓ પણ શિયાળને જોઈને ભય પામ્યા. તેથી તેમણે પોતાના ચારે પગ તથા ગ્રીવાને સંકોચીને પૃષ્ઠની ઢાલમાં ગોપવી દીધા, અને કાંઈ પણ ચેષ્ઠા કર્યા વિના જાણે મરી ગયેલા હોય તેમ પડ્યા રહ્યા. બન્ને શિયાળે પાસે આવીને તે કાચબાઓને વારંવાર ઊંચા ઉપાડીને પછાડ્યા, ગુલાંટો ખવરાવી તથા ઘણા પાદપ્રહાર કર્યા, પરંતુ તે કાચબાને કાંઈ પણ ઈજા થઈ નહીં. પછી થાકી ગયેલા બન્ને શિયાળ થોડે દૂર જઈને સંતાઈ રહ્યા એટલે પેલા અગુસેન્દ્રિય કાચબાએ ચપળતાને લીધે એક પછી એક એમ ચારે પગ તથા ગ્રીવાને બહાર



કાઢી. તે જોઈ બન્ને શિયાળે તત્કાળ દોડી આવી તેની ડોક પકડીને મારી નાંખ્યો. બીજો ગુપ્તેન્દ્રિય કાચબો તો અચપળ હોવાથી ચિરકાળ સુધી તેમને તેમ પડી રહ્યો. પછી ઘણીવાર સુધી રોકાઈને થાકી ગયેલા તે શિયાળ જ્યારે ત્યાંથી જતા રહ્યા, ત્યારે તે કાચબો ચોતરફ જોતો જોતો કુદીને ઝડપથી દ્રહમાં જતો રહ્યો અને તે સુખી થયો. પાંચે અંગોને ગોપવનાર કાચબાની જેમ રાગદ્વેષથી રહિત થઈને જે પ્રાણી પાંચે ઇન્દ્રિયોને ગોપવશે તે સુખી થશે. અને જે ઇન્દ્રિયોને ગોપવશે નહીં તે પ્રાણી બીજા કાચબાની જેમ દુઃખી થશે; એ આ દૃષ્ટાંતનું તાત્પર્ય છે. (પૃ.૯૮)

## ૨૬૦. હૃદયને ભ્રમરરૂપ રાખું.

ભમરો જુદા જુદા ફૂલો ઉપરથી રસ ચૂસે તેમ જ્યાં જ્યાં ગુણો જોઉં તેને હૃદયમાં ધારણ કરું. જેમ શ્રી કૃષ્ણે દુર્ગંધમય કૂતરામાંથી પણ તેની દાંતની શ્રેષ્ઠ પંક્તિ જોઈ ગુણ ગ્રહણ કર્યો હતો તેમ.

**'પ્રજ્ઞાવબોધ' માંથી :– "ગુણગ્રાહી દત્તાત્રય અનેક -ગુરુ-ગુણાલય,**
**ગુણધામ લોકત્રય ગુણાનુરાગવાનને." મૈત્રી૦** (પૃ.૨૭)

**'મોક્ષમાળા વિવેચન' માંથી :– "ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ."** "જેમને શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત થયું છે એવા આત્મજ્ઞાની તે ખરા ગુણી છે. તેમના ગુણોમાં અનુરક્ત થવું એ ખરી ભક્તિ છે. રાગને જીતવા પ્રશસ્ત રાગની જરૂર છે. "પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણ-ચિંતન કરો." (૮૫) મુખ્યત્વે સમ્યક્દર્શનજ્ઞાનચરિત્ર એ ગુણ છે. માર્ગાનુસારીમાં પણ સરળતા, પવિત્રતા વગેરે ગુણો હોય. ગુણ જોતાં આવડે તો ગુણ પ્રાપ્ત થાય. મોક્ષે ગયા છે તેના ગુણો યાદ આવે તો બધા દોષો ધોવાઈ જાય." (પૃ.૨૨૭)

## ૨૬૧. હૃદયને કમળરૂપ રાખું.

હૃદયને કમળ જેવું કોમળ દયામય રાખું. અથવા કમળ પાણીમાં હોવા છતાં જળથી અલિપ્ત રહે છે તેમ સંસારમાં રહ્યા છતાં મનને અલિપ્ત રાખું. જલકમલવત્ રહું.

**પરમકૃપાળુદેવનું દ્રષ્ટાંત –** કૃપાળુદેવમાં એવી કમળ જેવી કોમળ દયા હતી. એમના બાએ શાક સમારવા જણાવ્યું. તે સમારતાં વનસ્પતિકાયના જીવોની દયા આવવાથી એમના આંખમાંથી આંસુ આવવા લાગ્યા. એમ હૃદયને કમળરૂપ-કોમળ દયામય રાખું.

કાવિઠામાં કોઈ ભાઈને ઘાસના ભારા ઉપર બેઠેલા જોઈ પરમકૃપાળુદેવ બોલ્યા કે - ભાઈ! નીચે બેસો, જીવો દબાય છે. એવી સર્વ જીવો પ્રત્યે એમના હૃદયમાં કોમળતા વર્તતી હતી. તેવી રાખવા પ્રયત્ન કરું.

**"કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર."** -શ્રીમદ્ રાજચંદ્ર

**'મોક્ષમાળા વિવેચન'માંથી :– દયાના પ્રભાવે બનેલ શાંતિનાથ ભગવાન**

**શ્રી શાંતિનાથ ભગવાનનું દૃષ્ટાંત –** " દયા-ધર્મનું સ્વરૂપ યથાર્થ જે ઓળખે તે શાશ્વત સુખે એટલે મોક્ષે જાય. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે શાંતિનાથ ભગવાન દયાના પ્રભાવે સિદ્ધ થયા એ વાત પ્રસિદ્ધ છે. ત્રીજે ભવે મેઘરથરાજાના ભવમાં કબૂતર પ્રત્યે દયા દર્શાવી, તેના જેટલું પોતાના શરીરમાંથી માંસ આપવા માંડ્યું પણ કબૂતરને મારવા દીધું નહીં. એ દયાના પ્રભાવથી મેઘરથરાજા શાંતિનાથ ભગવાન થઈ મોક્ષે પધાર્યા." (પૃ.૬)


મેઘરથ રાજા દયાના પ્રભાવથી બનેલ શ્રી શાંતિનાથ



## ૨૬૨. હૃદયને પથ્થરરૂપ રાખું.

જ્ઞાની પુરુષો દોષોને દળવા કે કર્મોને કાપવા માટે હૃદયને પથ્થર જેવું કઠણ બનાવી દે છે. તેમ હું પણ દોષોને દંડવા અને કર્મોને હણવા માટે હૃદયને પથ્થરરૂપ રાખું અથવા ગમે તેવા દુઃખ આવી પડે તો પણ ચલાયમાન ન થાઉં, પણ મનને પથ્થરતુલ્ય રાખું. મન જે ઇચ્છે તે આપું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''મન અકસ્માત્ કોઈથી જ જીતી શકાય છે. નહીં તો અભ્યાસ કરીને જ જિતાય છે. એ અભ્યાસ નિર્ગ્રંથતામાં બહુ થઈ શકે છે; છતાં ગૃહસ્થાશ્રમે સામાન્ય પરિચય કરવા માગીએ તો તેનો મુખ્ય માર્ગ આ છે કે, તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહીં. તે જ્યારે શબ્દસ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવાં નહીં. ટૂંકામાં આપણે એથી દોરાવું નહીં પણ આપણે એને દોરવું; અને દોરવું તે પણ મોક્ષમાર્ગમાં. જિતેન્દ્રિયતા વિના સર્વ પ્રકારની ઉપાધિ ઊભી જ રહી છે. ત્યાગે ન ત્યાગ્યા જેવો થાય છે, લોક-લજ્જાએ તેને સેવવો પડે છે. માટે અભ્યાસે કરીને પણ મનને જીતીને સ્વાધીનતામાં લઈ અવશ્ય આત્મહિત કરવું.'' (વ.પૃ.૧૦૮)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''મનોવૃત્તિનો જય કરવા જીવે પ્રયત્ન કરવો જોઈએ. સંકલ્પ-વિકલ્પોમાં મન જાય તેને રોકવાનો ઉપાય-પ્રથમ સમજાવવું અને પર ભાવમાં જતું રોકવું, સ્વભાવમાં વાળવું. જો તેમ સમજાવતાં ન માને તો ભક્તિમાં જોડવું. મનમાં બોલતાં બહાર વૃત્તિ જાય તો મોટેથી બોલવું. તેમ છતાં ન માને તો તેનાથી રિસાવું. બહાર જતી વૃત્તિઓ જ્યાં જાય ત્યાં જતી જોયા કરવી તો ધીરજથી મન ઠેકાણે આવી જશે.'' (બો.૧ પૃ.૨૬)

## ૨૬૩. હૃદયને લીંબુરૂપ રાખું.

લીંબુ, પાણી વગેરેમાં ભળી એકમેક થઈ જાય છે; તેમ બધાની સાથે હળીમળીને રહું.

**'ઉપદેશામૃત'માંથી :–** ''જેમ બને તેમ સંપ કરવો. લીંબુના પાણીની ગોડે (પેઠે) સર્વની સાથે મળી જવું. મૈત્રી ભાવના, કારુણ્ય ભાવના, પ્રમોદ ભાવના અને માધ્યસ્થ ભાવના એવી ચાર ભાવનાઓ છે તે વાંચવી. 'વિનય વેરીને વશ કરે છે' માટે સૌનો વિનય કરી છૂટવું એ અભ્યાસ પાડવો. જેમ બને તેમ કોઈનું વચન સહન કરી જવું. ક્રોધ આવે તો ક્ષમા પકડવી, કોઈને ક્રોધ આવે તેમ ન કરવું. કોઈને ક્રોધ આવ્યો એમ લાગે તો મીઠાં વચન અને નરમાશથી તેમનું હિત થાય, તેમને સારું લાગે એવો મૈત્રી ભાવ રાખવો. મોટાની મુલાકાતે આપણને બહુ લાભ થાય છે.'' (ઉ.પૃ.૯૯)

''નમી જવું. સૌને સારું લાગે તેવો સ્વભાવ કર્તવ્ય છે. 'શેઠની શિખામણ ઝાંપા સુધી' તેમ કરવું નહીં. આ વચન લક્ષમાં રાખી સૌથી હું નાનો છું, મારામાં અલ્પ બુદ્ધિ છે એમ ગણી સામાનો કંઈ પણ ગુણ લેવો. આપણો કોઈ તિરસ્કાર કરે તો પણ તેને ધીરજથી સારું લાગે તેમ વર્તવું.'' (ઉ.પૃ.૧૦૮)

''અમને બ્યાસી વરસ થયાં. હવે આ છેલ્લી શિખામણ લક્ષમાં લેશો તો હિત થશે. અમારી પેઠે શેઠજીને પણ ઉમ્મર થઈ છે, તેમણે પકડ કરી છે તે તમારે સર્વેને કરવાની છે. સંપીને રહેશો તો સુખી થશો. 'સંપ ત્યાં જંપ'. કષાયનો અભાવ તેટલો ધર્મ સમજવા યોગ્ય છે. ભાઈઓમાં તેમજ બાઈઓમાં જેટલો એકબીજા તરફ સદ્ભાવ રહેશે, આજ્ઞાંકિતપણું રહેશે, વડીલોની મર્યાદા રહેશે તેટલો સંપ રહેશે. અને ઐક્યનું બળ વહેવાર-પરમાર્થમાં જરૂરનું છે. આપણને ન ગમતું હોય તો પણ વડીલોનો વાંક આપણા



દિલમાં ન વસે તેમ વર્તવું. તે કાંઈ કહી જાય તો તે મોટા છે, કઠણ વચન કહેનાર જગતમાં કોઈ મળે તેમ નથી, ભલે! બોલી ગયા. માટે માઠું લગાડવું નહીં. આમ ગંભીરતા રાખીને સહનશીલતા અને વિનય સાચવીને વર્તશો તો સુખી થશો.'' (ઉ.પૃ.૧૪૧)

**પરદેશી માણસોનું દૃષ્ટાંત – પાણીમાં લીંબુની જેમ હળીમળીને રહીશું.** એક શહેરમાં પરદેશથી કેટલાક માણસો આવ્યા. તેમણે એ શહેરમાં રહેવાની ઇચ્છા રાજાને જણાવી. તેના પ્રત્યુત્તરમાં મંત્રીએ પરીક્ષા કરવા પાણીનો ભરીને એક ગ્લાસ મોકલ્યો. તે જોઈ આવનાર માણસો સમજી ગયા કે અહીં શહેરમાં રહેવા માટે જગ્યા નથી. તે ઉપરથી આવનાર માણસોએ વિચાર કરીને તે પાણીમાં લીંબુ નિચોવી ગ્લાસ પાછો મોકલ્યો. તે જોઈ મંત્રીએ વિચાર્યું કે આ લોકો બહુ હોશિયાર છે તેથી એમને શહેરમાં રહેવાની જગા આપવી. કેમકે જેમ લીંબુનો રસ પાણીમાં ભળી ગયો તેમ અમે પણ શહેરમાં



સમાઈ જઈશું, અને હળીમળીને રહીશું, એમ પરદેશથી આવનાર માણસોનો અભિપ્રાય જણાય છે.

## ૨૬૪. હૃદયને જળરૂપ રાખું.

હૃદયને પાણી જેવું નિર્મળ રાખું. જેમ નિર્મળ જળમાં વસ્તુનું પ્રતિબિંબ પડે તેમ નિર્મળ હૃદયમાં જ્ઞાની પુરુષનો બોધ પરિણામ પામી શકે. માટે પ્રથમ ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ વડે હૃદયને પાણી જેવું નિર્મળ કરું. જેથી ભગવાને છ પદ વગેરે જે સિદ્ધાંત બોધ કહ્યો છે, તે અંતરમાં પરિણામ પામી શકે. શ્રી રામનું હૃદય નિર્મળ હોવાથી તેમના ગુરુ શ્રી વસિષ્ઠ ઋષિએ દેહથી આત્મા ભિન્ન છે વગેરે જે ઉપદેશ આપ્યો તે તેમના હૃદયમાં સોંસરો ઊતરી ગયો તેમ હું પણ હૃદયને નિર્મળ રાખું.

## ૨૬૫. હૃદયને તેલરૂપ રાખું.

તેલમાં ચિકાશ છે. આ જીવને સંસારમાં રાગરૂપ ચિકાશ છે. તે રાગ સત્પુરુષ ઉપર કરવા પરમકૃપાળુદેવે કહ્યું કે - **'રાગ કરવો નહીં કરવો તો સત્પુરુષ ઉપર કરવો'** તે રાગરૂપ ચિકાશને કાઢવા માટે પ્રથમ ગૌતમ સ્વામીની જેમ સત્પુરુષ ઉપર પ્રેમ કરવો તો અશુભ રાગ નાશ પામશે અને શુભરાગ થશે. ગૌતમસ્વામીના ભગવાન મહાવીર પ્રત્યેના શુભ રાગનું પરિણામ અંતે કેવળજ્ઞાન આવ્યું.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''પ્રશ્ન – ''પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં'' એટલે શું?

ઉત્તર – જીવની પાસે પ્રેમરૂપી મૂડી છે, તે શરીરમાં, કુટુંબમાં વેરી નાખી છે; તે બધેથી ઉઠાવી સત્પુરુષ પ્રત્યે પરમ પ્રેમ કરવાનો છે. પ્રેમ સંસારમાં રોકાયો છે. પ્રેમની જેટલી શક્તિ છે તે બધી પ્રભુ પ્રત્યે વપરાય તો તે પરપ્રેમ એટલે પરમ પ્રેમ છે. પ્રેમ એ આત્મા છે.'' (બો.૧ પૃ.૩૫૧)

અથવા તેલ જેમ પાણીની ઉપર તરે છે તેમ હૃદયને સંસારમાં ડૂબે નહીં તેવી રીતે ઉપર તરતું રાખું અર્થાત્ મનને સંસારમાં લેપાવા દઉં નહીં.

**'ઉપદેશામૃત'માંથી :–** ''આ જગતમાં પ્રેમ એ મહાન વસ્તુ છે. પરંતુ શુદ્ધ આત્મા દ્વારા આત્મા માટે થાય તે જ ઉત્તમ છે. એવો પ્રેમ જ્ઞાનીને પોતાના આત્મા પ્રત્યે હોય છે. તેથી તેઓ આત્માનું



ધ્યાન છોડીને બહાર જતા નથી.'' (ઉ.પૃ.૪૩૯)

''ભૂંડું કર્યું હોય તો તે પ્રેમ-વહાલપ છે તેણે જ કર્યું છે. તે પ્રેમ જગતમાં જ્યાં ત્યાં વેરી નાખ્યો છે. ત્યાંથી પાછો વાળી કોઈ એક જ જગાએ જ્ઞાનીમાં કરવો યોગ્ય છે.'' (ઉ.પૃ.૩૪૪)

''કૃપાળુદેવ ઉપર પ્રેમ ઢોળવો. આપણે બધા સાધક છીએ. વિકથામાં ન રોકાવું. એ કર્મ તો મોહનીય કર્મનો છાક છે.'' (ઉ.પૃ.૨૬૯)

**'ચોસઠપ્રકારની પૂજા'માંથી :– ભાવ બડો સંસારમેં**

**જીરણશેઠનું દૃષ્ટાંત** – વિશાળા નગરીમાં વીરપ્રભુએ છદ્મસ્થાવસ્થામાં ચોમાસી તપ કરેલું. તેઓએ શું તપ કર્યું તે કોઈને કહેતા નહીં. તેથી દરરોજ જીરણશેઠ પોતાને ત્યાં વહોરવા માટે પધારવાની વિનંતિ કરી આવતા. આજે તો ચોમાસું પૂર્ણ થવાથી-ચોમાસી તપ પણ પૂર્ણ થશે અને પ્રભુ મારી વિનંતિ સ્વીકારી મારે ત્યાં વહોરવા જરૂર પધારશે. તેથી પૂજામાં જણાવ્યા પ્રમાણે તેમણે બધી તૈયારી કરી અને રસ્તા તરફ પ્રભુની રાહ જોતાં ભાવના ભાવવા લાગ્યા. તેઓ ભાવનામાં ધીરે ધીરે વધતા ગયા. પ્રભુ વહોરવા નીકળ્યા અને પારણું પૂરણશેઠના ઘરે થઈ ગયું. પંચ દિવ્ય પ્રગટ થયા. દેવ દુંદુભિનો શબ્દ સાંભળતાં જીરણશેઠને થયું કે ભગવાનનું પારણું બીજે થઈ ગયું. મારે ત્યાં પ્રભુ પધાર્યા નહીં. પ્રભુ પ્રત્યેની ઉત્કૃષ્ટ પ્રેમની ધારા ચઢતાં ચઢતાં બારમા દેવલોક સુધીનું પુણ્ય ઉપાર્જન કર્યું. જો દેવદુંદુભિનો શબ્દ ન સાંભળ્યો હોત તો ત્યાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાત. (પૃ.૨૨)

માટે હૃદયને તેલરૂપ એટલે ભગવાનની ભક્તિના રસમાં રાગવાળું રાખું.

## ૨૬૬. હૃદયને અગ્નિરૂપ રાખું.

જ્ઞાનીપુરુષો અંતરાત્મામાં ધ્યાનરૂપ અગ્નિ પ્રગટાવી બધા કર્મો બાળીને ભસ્મીભૂત કરી દે છે, તેમ હું પણ હૃદયમાં પ્રશસ્તરાગરૂપ અગ્નિ પ્રગટાવી, વિકારી ભાવોને બાળી ભસ્મીભૂત કરું. અગ્નિમાં સુવર્ણને તપાવવાથી સુવર્ણ શુદ્ધ થાય છે. તેમ હૃદયમાં ઇચ્છાઓને રોકી તપરૂપ અગ્નિ પ્રગટાવી, કર્મોને બાળી આત્માને સુવર્ણ જેવો શુદ્ધ કરું.

**'શુક્લ ધ્યાન હોરીકી જ્વાલા, જાલે કર્મ કઠોર રે, નિજ સુખ કે સધૈયા.'**

-શ્રી દેવચંદ્રજી સ્તવન

હૃદયમાં ઊગતા કામના ભાવો કે ક્રોધાદિ અશુભભાવોને ધર્મધ્યાન વડે બાળી ભસ્મ કરું. પછી શુક્લધ્યાનરૂપ હોળીની જ્વાળાઓથી બધા કર્મોને બાળી નષ્ટ કરું. માટે કૃપાળુદેવ કહે છે કે હૃદયને અગ્નિરૂપ રાખું. શુક્લધ્યાનરૂપ અગ્નિ એવી છે કે જેમાં ત્રણે લોકના સર્વ જીવોના બધા કર્મો બાળીને ભસ્મ કરી દે એવી શક્તિ છે, પણ બીજા જીવોના કર્મ કોઈ લઈ શકવાને સમર્થ નથી.

## ૨૬૭. હૃદયને આદર્શરૂપ રાખું.

હૃદયને આદર્શ એટલે અરીસા જેવું નિર્મળ રાખું તો તેમાં શુદ્ધ આત્માનું પ્રતિબિંબ પડે. અરીસા ઉપર ધૂળ હોય તો સ્પષ્ટ પ્રતિબિંબ પડે નહીં, તેમ આત્મા વિષયકષાયથી મલિન થયેલો હોય તો તેમાં આત્માનું અનંત સુખ અનુભવાય નહીં. માટે આત્માને ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ વડે નિર્મળ કરું.



## ૨૬૮. હૃદયને સમુદ્રરૂપ રાખું.

અંતઃકરણને સમુદ્ર જેવું વિશાળ રાખું. જેથી આખું જગત પોતાના કુટુંબ જેવું લાગે. **'વસુધૈવ કુટુંબકમ્'** અથવા સમુદ્રમાં બધી નદીઓ સમાવેશ પામે છે તો પણ એ ગંભીર છે. તેમ હું પણ હૃદયને સમુદ્ર જેવું ગંભીર રાખું કે કોઈ કંઈ કહે તેને અંતઃકરણમાં સમાવી દઉં અર્થાત્ કોઈની આગળ કહું નહીં. કહેવાથી મરણનું કારણ પણ થઈ જાય. આચાર્ય ભગવંત સાગર જેવા ગંભીર હોય છે. તેમની આગળ પોતાના દોષના પ્રાયશ્ચિત્ત માટે લોકો વાત કરે, તે વાત કોઈને કહે નહીં. એમ હું પણ હૃદયને સમુદ્રરૂપ રાખવા પ્રયત્ન કરું. કોઈના દોષો પ્રગટ કરવાથી કેવું ભયંકર પરિણામ આવે તે જણાવે છે –

**'ઉપદેશામૃત'માંથી :– અન્યના દોષો કોઈને જણાવવા નહીં**

**એક આચાર્યનું દૃષ્ટાંત –** ''કોઈ આચાર્યનો શિષ્ય એક બાઈના પ્રસંગમાં આવ્યો. પોતાને વિકાર થવાથી તે શિષ્યને પોતાની સાથે સંબંધ રાખવા તે બાઈએ માગણી કરી. પણ શિષ્ય અડગ રહેવાથી બાઈને બેઆબરૂનો ભય થયો અને શિષ્યને કટારથી મારી નાખ્યો અને છૂપી રીતે તેને જમીનમાં દાટી દીધો. આચાર્યને કોઈ રીતે શિષ્યનો પત્તો લાગ્યો નહીં. બાઈને પાછળથી પોતાના કાર્ય માટે પશ્ચાત્તાપ થયો, એટલે આચાર્ય પાસે પ્રાયશ્ચિત્ત લેવા ગઈ. બાઈને બીજે દિવસે આવવા આચાર્યે જણાવ્યું.

શિષ્યનો પત્તો લાગવાનો પ્રસંગ આવ્યો છે એમ કહી બીજે દિવસે બાઈના આવવા વખતે આચાર્યે સંઘવીને આવવા જણાવ્યું. બીજે દિવસે સંઘવી આવ્યા ત્યારે તેને પેટીમાં પૂરી આચાર્યે પેટી પોતાની પાટ પાસે રાખી. પછી બાઈ આવી. પ્રાયશ્ચિત્ત લેવા બાઈએ શિષ્યને મારવાનો પોતાનો ગુનો કબૂલ કર્યો. આચાર્યે તૂર્ત જ પેટી ઉપર હાથ ઠોકી સંઘવીને સાંભળવા ઈશારો કર્યો. સંઘવી-પોતાનો સસરો–ત્યાં હોવાની શંકા બાઈને થવાથી તે શરમાઈને ચાલી ગઈ. બાઈએ આપઘાત કર્યો. અપકીર્તિના ડરે તેના સસરાએ, સાસુએ અને પતિએ આપઘાત કર્યો. આમ બધાના આપઘાતનું પાપ આચાર્યને શિરે આવી પડ્યું. આચાર્યે પણ આપઘાત કર્યો. અન્યના છિદ્રો બહાર પાડવામાં આ પ્રમાણે મહા જોખમ છે.''

(ઉ.પૃ.૪૮૭)

## ૨૬૯. વચનને અમૃતરૂપ રાખું.

વચન અમૃત જેવા મીઠા બોલવા. જેથી સામા માણસોને લાગે કે ફરી બોલે તો સારું. હિત મિત અને પ્રિય વચન બોલવાં. જેથી સામાને હિતનું કારણ થાય. મીત એટલે માપસર. વધારે પડતું બોલબોલ કરવું નહીં. તેમજ પ્રિય એટલે કાનમાં જાણે અમૃત રેડાતું હોય તેવાં મધુર વચન બોલવા.

કૃપાળુદેવ ઉપદેશ આપતા ત્યારે મુમુક્ષુઓને એમ લાગતું કે જાણે એ બોલ્યા જ કરે અને આપણે સાંભળ્યા જ કરીએ એવું મીઠું લાગતું; કારણ એમની વાણી કષાયરહિત હતી. જેટલા પ્રમાણમાં કષાયો ઓછા તેટલા પ્રમાણમાં વાણીમાં મીઠાશ આવે છે.

**'મૂંગો કોણ? જે અવસર આવ્યે પ્રિય વચન ન બોલી શકે તે.'** –શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૧૫)

## ૨૭૦. વચનને નિદ્રારૂપ રાખું.

જ્યાં બીજાની નિંદા થતી હોય ત્યાં વચનને નિદ્રાવત્ રાખું. જેમ ઊંઘમાં બોલાય નહિ તેમ



મૌનપણું રાખું. કૃપાળુદેવે એક મુમુક્ષુને કહેલું કે કોઈ અમારી આગળ બીજાની નિંદા કરે ત્યારે અમને ઊંઘ આવે છે.

**''નિંદા મ કરજો કોઈની પારકી રે, નિંદાના બોલ્યાં મહાપાપ રે;**
**વેર વિરોધ વાધે ઘણો રે, નિંદા કરતાં ન ગણે માય બાપ રે. નિંદા૦**
**નિંદા કરે તે થાયે નારકી રે, તપ-જપ કરેલું સહુ જાય રે;**
**નિંદા કરો તો કરજો આપણી રે; જેથી છૂટક બારો થાય રે.' નિંદા૦** -શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર

**''પરનિંદા એ જ સબળ પાપ માનવું.''** શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૧૪)

**'બોધામૃત ભાગ-૨' માંથી :–** ''પરનિંદા એ બહુ જ હલકો સ્વભાવ છે. મારો વખત બગાડું છું એ સમજણ નથી. એથી પોતામાં અવગુણ પેસે અને પાપ બંધાય.'' (બો.૨ પૃ.૧૨)

## ૨૭૧. વચનને તૃષારૂપ રાખું.

જ્ઞાનીપુરુષની ભક્તિ કે ગુણગાન કરવામાં સર્વદા તૃષા રાખું. ગમે તેટલી ભક્તિ કરી હોય તો પણ સંતોષ ન માનું. પરમાત્મા અને પોતાના સ્વરૂપનું ઐક્યપણું ન થાય ત્યાં સુધી તૃપ્તિ માનું નહીં.

## ૨૭૨. વચનને સ્વાધીનરૂપ રાખું.

વચન ગમે તેમ બોલું નહીં. વિચારીને યોગ્ય હોય તેટલું જ બોલું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''વાણીનું સંયમન શ્રેયરૂપ છે. તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સુપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેયરૂપ થવું સંભવે છે.'' (વ.પૃ.૩૮૯)

''ઘણું કરીને પ્રયોજન વિના બોલવું જ નહીં તેનું નામ મુનિપણું. રાગદ્વેષ ને અજ્ઞાન વિના યથાસ્થિત વસ્તુનું સ્વરૂપ કહેતાં બોલતાં છતાં પણ મુનિપણું મૌનપણું જાણવું. પૂર્વ તીર્થંકરાદિ મહાત્માઓએ આમ જ વિચાર કરી મૌનપણું ધારણ કરેલું; અને સાડાબાર વર્ષ લગભગ મૌનપણું ધારણ કરનાર ભગવાન વીરપ્રભુએ આવા ઉત્કૃષ્ટ વિચારે કરી આત્મામાંથી ફેરવી ફેરવીને મોહનીયકર્મનો સંબંધ કાઢી નાંખી કેવળજ્ઞાનદર્શન પ્રગટ કર્યું હતું.'' (વ.પૃ.૬૭૬)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''એક ભાઈ - ''વાણીનું સંયમન શ્રેયરૂપ છે'' (૪૭૯) એટલે શું?

પૂજ્યશ્રી - મન, વચન, કાયા એ કર્મ બાંધવામાં મુખ્ય કારણ છે. તેમાં વચન છે તે વિશેષ કર્મ બાંધવાનું કારણ છે. વચનને દૂરથી સાંભળીને પણ જીવ કર્મ બાંધે છે. વચનનો સંયમ રાખવા જેવો છે. જરૂર પડે તેટલું જ બોલવું. ઘણા લોકોને ટેવ હોય છે કે નકામું બોલ્યા કરે, જેમાં કંઈ માલ ન હોય તેવું પ્રયોજન વિના બોલ્યા કરે. વચનવર્ગણા છે તે જ્ઞાનને આવરણ કરનાર છે માટે જરૂર પૂરતું બોલવું. હું કંઈ જાણતો નથી, મારે સમજવાનું છે એમ રાખવું. વ્યવહારમાં પણ કહેવાય છે કે બોલવા માટે જીભ તો એક જ આપી છે, પણ સાંભળવા માટે કાન બે આપ્યા છે. બોલવા કરતાં વધારે સાંભળવું. મને સમયે સમયે અનંત કર્મ બંધાય છે એવો ભય લાગ્યા વિના ન થાય. જેને હું કંઈ જાણતો નથી, મારે ડહાપણ નથી કરવું, મારી મેળે ડહાપણ કરવા જઉં તો અવળું થશે, એમ લાગ્યું હોય તેને સમજાય. જ્ઞાનીપુરુષોનાં વચનોમાં જેટલો કાળ જાય તેટલો લાભ છે. મોટા ભાગ્યવાળાને જ્ઞાનીનાં વચન ઉપર વિશ્વાસ હોય છે. ડહાપણ



કરવાવાળો પોતે પરિભ્રમણ કરે અને બીજાને પણ કરાવે; માટે ડાહ્યા ન થવું, હું જાણતો નથી એમ રાખવું અને વધારે ન બોલતાં જેટલું બને તેટલું સ્મરણ કરવું. સિદ્ધ ભગવાન બધુંય જાણે છે છતાં નથી બોલતા. જે સમજે તે બોલે નહીં. સમજીને શમાઈ જવું.'' -બો.૧ (પૃ.૬૭)

## ૨૭૩. કાયાને કમાનરૂપ રાખું.

કાયાને ધનુષ્યની જેમ હમેશાં ટટ્ટાર રાખું, અર્થાત્ સ્ફુર્તિલી રાખું.

સૈનિકોને પણ કાયાને સ્ફુર્તિલી રાખવા માટે પ્રતિદિન વ્યાયામ કરાવે છે. ઘોડાઓ વગેરેને પણ ફેરવે છે કે જેથી તે અક્કડ ન થઈ જાય. તેમ હું પણ કાયાને કમાનરૂપ રાખું.

પ્રશ્ન — **'પાન સડે, ઘોડો અડે, વિદ્યા વિસર જાય;**
**કાચી બાટી ખીરા જલે, કહો ચેલા કિમ થાય?'**

ઉત્તર — ફેરવ્યું નહીં.

**અર્થ** — જો ફેરવે નહીં તો નાગરવેલના પાન સડવા માંડે, ઘોડો પણ અક્કડ થઈ જાય. તેમ શીખેલી વિદ્યા પણ ભૂલી જવાય. તેમજ કાચી બાટીને ખીરા એટલે દેવતા ઉપર મૂકીને ફેરવે નહીં તો બળી જાય. તેમ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પ્રતિદિન ન રાખે અર્થાત્ તેનું પુનરાવર્તન ન કરે તો ભૂલી જવાય. માટે હમેશાં નિયમિતપણે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જારી રાખું તથા કાયાને પણ ફેરવીને સ્ફુર્તિલી રાખું.

## ૨૭૪. કાયાને ચંચળરૂપ રાખું.

કાયાને હમેશાં પુરુષાર્થી રાખું જેથી તે પ્રમાદી ન થઈ જાય. માણસ આળસુ થઈ જાય તો કંઈ કામ ન થાય. જે પુરુષાર્થી છે તે નવા નવા આવિષ્કારો પણ કરે, છતાં એ બધું સંસારનું કારણ છે. પણ આત્માર્થ સાધવા માટે આ દેહ વડે ઘણા પુરુષાર્થની જરૂર છે. માટે કાયાને સત્ય પુરુષાર્થ વડે ચંચળ રાખું.

**'જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ'** -શ્રીમદ્ રાજચંદ્ર

## ૨૭૫. કાયાને નિરપરાધી રાખું.

કાયાથી કોઈ પણ દોષ ન થવા દઉં. કોઈ જીવને કાયા વડે મારું નહીં, દુઃખી કરું નહીં.


**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :—** ''ચાલવામાં, બેસવામાં, ઊઠવામાં, જમવામાં અને બીજા હરેક પ્રકારમાં યત્નાનો ઉપયોગ કરવો. એથી દ્રવ્યે અને ભાવે બન્ને પ્રકારે લાભ છે. ચાલ ધીમી અને ગંભીર રાખવી, ઘર સ્વચ્છ રાખવાં, પાણી વિધિસહિત ગળાવવું, કાષ્ઠાદિક ઇંધન ખંખેરીને નાખવાં એ કંઈ આપણને અગવડ પડતું કામ નથી, તેમ તેમાં વિશેષ વખત જતો નથી. એવા નિયમો દાખલ કરી દીધા પછી પાળવા મુશ્કેલ નથી. એથી બિચારા અસંખ્યાત નિરપરાધી જંતુઓ બચે છે.'' (વ.પૃ.૭૮)

## ૨૭૬. કોઈ પ્રકારની ચાહના રાખું નહીં. (પરમહંસ)

જગતની કોઈપણ વસ્તુની અંતરથી ઇચ્છા રાખું નહીં. જેને કિંચિત્ પણ જગતના પદાર્થોની ઇચ્છા કે સ્પૃહા નથી તે નિસ્પૃહી મહાત્મા પરમહંસ કહેવાય છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :—** ''આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે, તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૭૦)

''જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને



૧
રાજકુમાર
શુભચંદ્ર
અને
ભર્તૃહરિ
૨
જંગલમાં ધ્યાન કરતા
શ્રી શુભચંદ્રાચાર્ય
૩
સુવર્ણરસ બનાવતા ભર્તુહરિ
શ્રી શુભચંદ્રાચાર્ય
શ્રી શુભચંદ્રાચાર્યે ઢોળી
નાખેલ સુવર્ણરસ
પત્થર ઉપર ધૂળ નાખતા
સોનું બનેલ શીલા
૬
શ્રી શુભચંદ્રાચાર્ય
અને
ભર્તૃહરિ
૪
૫



માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.'' (વ.પૃ.૬૨૦)

**'બોધામૃત ભાગ-૩'માંથી :– આત્માના માહાત્મ્ય આગળ બધી વસ્તુઓ તુચ્છ**

**શ્રી શુભચંદ્રાચાર્ય અને ભર્તૃહરિનું દૃષ્ટાંત –** ''ભર્તૃહરિ અને તેમના મોટા ભાઈ શુભચંદ્રાચાર્ય બન્ને માળવાના રાજકુમાર હતા. નિમિત્ત પામીને વૈરાગ્ય પ્રાપ્ત થતાં બન્ને ત્યાગી થયા. ભર્તૃહરિ કોઈ તાપસ બાવાની સેવામાં ઘણા વર્ષ રહ્યા અને રસાયનવિદ્યા શીખી, એવો રસ એક તુંબડી ભરીને બનાવ્યો કે તે લોઢા ઉપર નાખે તો બધું સોનું થઈ જાય. તાપસ મરી ગયા પછી તેમને પોતાના ભાઈ સાંભર્યા કે તેમને શોધીને હું સુખી બનાવું. નિશાની આપીને એક શિષ્યને પ્રથમ મોકલ્યો, સાથે અડધી તુંબડી રસ પણ આપ્યો અને કેમ સોનું બનાવવું તે સમજાવવા કહ્યું. ઘણી શોધ કરતાં એક જંગલમાં નગ્ન બેઠેલા તે દિગંબર મુનિને તેણે દીઠા અને ઓળખ્યા. ભર્તુહરિના સમાચાર કહી પેલી રસવાળી તુંબડી તેમના ચરણમાં મૂકી. તેમણે તો પથરા ઉપર ઢોળી દીધી. પેલા શિષ્યને તો ઘણો ખેદ થયો અને તે મૂર્ખ જેવા જણાયા. પાછો તે ભર્તૃહરિ પાસે જઈ કહે, તમારા ભાઈ તો બહુ દુઃખી છે; પહેરવાને કપડાં નથી; રહેવા ઝૂંપડી સરખી નથી. નથી કોઈ ચેલો કે સેવક; બિચારા ગાંડાની પેઠે નાગા ફરે છે. ભર્તૃહરિને બહુ દયા આવી, તેથી જાતે બાકી અડધી તુંબડી રસ હતો તે લઈને તેણે જણાવ્યું તે જંગલમાં ગયા, ને તેમને ઓળખી સમાચાર પૂછી તુંબડી પાસે મૂકી બધી હકીકત કહી કે બાર વર્ષ મહેનત કરીને બનાવેલો આ રસ ચમત્કારી છે. તે તુંબડી લઈ ફરી પણ તેમણે ઢોળી નાખી. તેથી ભર્તૃહરિ તો નિરાશ થઈ ગયો. ભાઈને સુખી કરવામાં પોતે ગરીબ થઈ ગયો.

તે ખેદ તેના મુખ ઉપરથી પારખી શુભચંદ્રાચાર્ય મુનિ કહે, ''ભાઈ, આવી ખટપટમાં પડ્યાથી આત્માનું શું હિત થનાર છે? જો સોનું જ જોઈતું હતું તો રાજ્યમાં ક્યાં ઓછું હતું? તે છોડીને પાછા માયામાં કેમ ફસાઓ છો? મોટા આશ્રમો કરવામાં, શિષ્યો વધારવામાં કે લોકોને ધન આપી મોટા ગણાવામાં કે લોકોની દવા કરી તેમનાં શરીરનાં સુખની ઇચ્છા કરવામાં હિત માનો તે કરતાં તમારા આત્માને માયામાંથી છોડાવવાનું ભૂલી જાઓ છો તે કેમ લક્ષમાં આવતું નથી? તમારી શી ગતિ થશે? આ વનસ્પતિના રસમાં બાર વર્ષ ગાળ્યાં તેટલા વર્ષ આત્માને સ્થિર કરવામાં ગાળ્યાં હોત તો અત્યારે નજીવી તુચ્છ માયિક વસ્તુનો ખેદ થાય છે તે ન થાત; કોઈ માથું કાપી નાખે તો પણ રોમ ન ફરકે તેવા બન્યા હોત. તમે જે રસ લાવ્યા તેને તો લોઢું શોધીને તેના ઉપર નાખે તો સોનું થાય, પણ જુઓ.'' એમ કહી પોતાના પગ તળેથી ધૂળ લઈ પાસેની શિલા ઉપર નાખતાં બધી શિલા સોનાની થઈ ગઈ. પછી કહ્યું –''આત્માના માહાત્મ્ય આગળ આ બધી તુચ્છ વસ્તુઓ છે. આત્માનું સુખ તે જ સાચું સુખ છે, તે સિવાયનું બધું દુઃખ છે. સંસાર બધો દુઃખથી ભરેલે છે. તેમાં સુખ શોધવા જશો તો નહીં જડે. ખારા સમુદ્રમાં ગમે ત્યાં જઈ પાણી ભરો તો ખારું જ મળશે. માટે સાચે માર્ગે વળો તો આત્મહિત થશે.'' તે બોધ લાગતાં ભર્તૃહરિ મોટાભાઈ પાસે રહી આત્માને ઓળખી આત્મધ્યાનમાં લીન થયા. તેમને વૈરાગ્ય વધવા 'જ્ઞાનાર્ણવ' નામનું શાસ્ત્ર શુભચંદ્રાચાર્યે લખ્યું છે. (બો.૩ પૃ.૧૯૭)



## ૨૭૭. તપસ્વી છું; વનમાં તપશ્ચર્યા કર્યા કરું. (તપસ્વીની ઇચ્છા)

'इच्छा निरोधस्तपः' -મોક્ષશાસ્ત્ર

ઇચ્છાનો નિરોધ કરવો એ જ તપ છે. માટે વનમાં આત્મધ્યાનના બળે ઇચ્છાઓનો નિરોધ કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''તપાદિ આત્માને અર્થે કરવાનાં છે, લોકોને દેખાડવા અર્થે કરવાનાં નથી. કષાય ઘટે તેને 'તપ' કહ્યું છે. લૌકિક દૃષ્ટિ ભૂલી જવી. (વ.પૃ.૭૧૮)

**'સમાધિસોપાન'માંથી :–** તપરૂપી વનમાં વાસ પામવો દુર્લભ છે. કોઈ મહા ભાગ્યશાળી પુરુષ જ પાપથી ત્રાસ પામીને તપરૂપ ધર્મનું શરણ ગ્રહણ કરે છે. સર્વ સ્ત્રી, પુત્ર આદિ પરિગ્રહની મમતા તજી કોઈક વિરલા પુરુષ પરમ ધર્મના ધારક, વીતરાગ, નિર્ગ્રંથ, સદ્ગુરુ ભગવાનના ચરણનું શરણ પામે છે. સદ્ગુરુનો યોગ પામીને જેને મહા પુણ્યના ઉદયે અશુભ કર્મ અતિ મંદ થતાં સમ્યક્દર્શનરૂપી સૂર્ય પ્રગટ્યો છે તથા સંસાર, દેહ અને વિષયભોગો પ્રત્યે વૈરાગ્ય જાગ્યો છે તે તપ-સંયમ ગ્રહણ કરે છે.

આવું દુર્લભ ભારે તપ ધારણ કરવા છતાં કોઈ પાપી વિષયોની લાલસાએ તપનો ભંગ કરે તેને અનંતાનંત કાળ સુધી ફરી તપની પ્રાપ્તિ થતી નથી. તેથી મનુષ્યભવ પામીને, આત્માદિનું સ્વરૂપ જાણી, પાંચ ઇન્દ્રિયો અને મનને વશ કરીને વૈરાગ્યરૂપ થઈ સર્વસંગ ત્યાગી, વનમાં એકલા આત્મ-ધ્યાનમાં લીન થઈ રહેવું તે તપ છે. પરિગ્રહની મમતા તજી, તૃષ્ણાનો ત્યાગ કરવો તથા મહા બળવાન કામવિકાર ઉપર વિજય મેળવવો તે ભારે તપ છે. આકરાં મુનિનાં વ્રતો ધારણ કરીને ટાઢ, તડકો, પવન, વરસાદ તથા ડાંસ, મચ્છર, માખો, મધમાખો, સાપ, વીંછી ઇત્યાદિથી થતી ઘોર વેદના ઉઘાડે ડિલે સહન કરવી તે તપ છે. નિર્જન પર્વતોની નિર્જન ગુફાઓમાં, ભયંકર પર્વતની ખીણોમાં તથા સિંહ, વાઘ, રીંછ, વરુ, ચિત્તા અને હાથીવાળા ઘોર વનમાં વાસ કરવો તે તપ છે. દુષ્ટ વેરી, મ્લેચ્છ, ચોર, શિકારી, મનુષ્ય, તિર્યંચ અથવા દુષ્ટ વ્યંતર આદિ દેવોના કરેલા ઘોર ઉપસર્ગોથી કંપાયમાન ન થવું; ધીરવીરપણાથી, કાયરતા રહિત, વેર વિરોધ રાખ્યા વિના સમભાવથી પરમાત્માના ધ્યાનમાં લીન થઈને ખમી ખૂંદવું તે તપ છે.

સર્વ જીવોને પ્રવર્તાવનાર - વશ કરનાર રાગ-દ્વેષને જીતવા, ક્ષય કરવા તે તપ છે. વગર માંગ્યે, ભિક્ષા વખતે શ્રાવકે નવધા ભક્તિ સહિત દાનમાં આપેલો ખારો, મોળો, કડવો, ખાટો, લૂખો,ચીકણો, સરસ, નીરસ, નિર્દોષ પ્રાસુક આહાર એકવાર દિવસમાં લોલુપતા તજી, સંક્લેશ રહિત થઈ ભક્ષણ કરવો તે તપ છે. પાંચ સમિતિ પાળવી અને મન, વચન, કાયાની ગુપ્તિ કરવી, રાગદ્વેષ રહિત આત્માનો અનુભવ કરવો તે તપ છે. સ્વપરના સ્વરૂપનો નિર્ણય કરવો, ચાર અનુયોગના અભ્યાસ વડે ધર્મ સહિત કાળ વ્યતીત કરવો તે તપ છે. અભિમાન તજી વિનયવાન થવું, કપટ તજી સરળભાવી થવું, ક્રોધ તજી ક્ષમાવાન થવું અને લોભ તજી સંતોષી થવું તે તપ છે. જેથી કર્મસમૂહને હણી આત્મા સ્વતંત્ર, મુક્ત થાય તે તપ છે. સત્શાસ્ત્રના અર્થ પ્રકાશવા, વ્યાખ્યાન કરવું; પોતે નિરંતર અભ્યાસ કરે અને બીજાને અભ્યાસ કરાવે તે તપ છે. તપસ્વીની ઇંદ્ર પણ સ્તુતિ કરે છે. ભક્તિ પ્રગટ કરે છે. તપથી કેવળજ્ઞાન પ્રગટે છે. તપનો મહિમા અચિંત્ય છે. તપ કરવાનાં પરિણામ થવાં બહુ દુર્લભ છે. નરક, તિર્યંચ કે દેવ ગતિમાં તપની યોગ્યતા જ નથી; એક મનુષ્ય ગતિમાં હોય છે. મનુષ્ય ગતિમાં પણ ઉત્તમ કુળ, જાતિ, બળ, બુદ્ધિ અને સંપૂર્ણ ઇંદ્રિયો જેને હોય તથા રાગાદિની મંદતા જેને હોય તથા વિષયોની લાલસા જેની નાશ પામી છે તે મનુષ્ય તપ ધર્મ આરાધી શકે છે. (પૃ. ૨૯૬)



**'પ્રજ્ઞાવબોધ'માંથી :**

**''વીનવું સદ્ગુરુ રાજચંદ્ર પ્રભુ, સત્ય તપસ્વી-સ્વામીજી,**
**નમીં નમીં પ્રભુને પાયે લાગું, આપ અતિ નિષ્કામીજી. વીનવું.**
**ઇચ્છા-રોધન તપનું લક્ષણ, સમતાની એ માતાજી,**
**કર્મ કાપવાની ફરસી એ, મોક્ષ-માર્ગ-વિધાતાજી.'' વીનવું. ''**(પૃ.૧૪૫,૧૪૬)

## ૨૭૮. શીતળ છાયા લઉં છું.

સત્પુરુષ એ કલ્પવૃક્ષ જેવા છે. એમની પાસે બેસવાથી આત્મશાંતિરૂપ શીતળછાયા મળે, તથા એમની આજ્ઞા પ્રમાણે પ્રવર્તવાથી ઇચ્છિત વસ્તુ જે મોક્ષ તે પણ મળે છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સત્પુરુષનો યોગ તથા સત્સમાગમ મળવો બહુ કઠણ છે, એમાં સંશય નથી. ગ્રીષ્મ ઋતુના તાપથી તપાયમાન થયેલા પ્રાણીને શીતળ વૃક્ષની છાયાની પેઠે મુમુક્ષુ જીવને સત્પુરુષનો યોગ તથા સત્સમાગમ ઉપકારી છે. સર્વ શાસ્ત્રોમાં તેવો યોગ મળવો દુર્લભ કહ્યો છે.'' (વ.પૃ.૬૧૩)

**''શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;**
**જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો.''** (વ.પૃ.૬૮)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–**

**ભાવાર્થ –**''જિનેશ્વરની ભક્તિ કલ્પવૃક્ષ જેવી છે. જેમ કલ્પવૃક્ષની શીતળ છાયા પડે તેમ ભક્તિથી શાંત પરિણામ થાય, ક્રોધ માન માયા લોભ શમાઈ જાય. જેમ કલ્પવૃક્ષ ઇચ્છિત ફળો આપે તેમ ભક્તિથી વગર ઇચ્છ્યે પણ પુણ્ય ઘણું બંધાય, તેના ફળરૂપે ભવિષ્યમાં જે ઇચ્છે તે મળે. પુણ્યાનુબંધી પુણ્યથી ફરી ભક્તિ થાય એવો મનુષ્યભવ મળે અને મોક્ષ થાય. માટે હે ભવ્યો! જિનભક્તિ કરીને તમે ભવંત (ભવ+અંત) એટલે સંસારનો અંત પામો અર્થાત્ મોક્ષ પામો. (પૃ.૩૬)

**'ગ્રંથયુગલ'માંથી :–**

**''કલ્પવૃક્ષ સમ સંત છે, ફળ સહ શીતળ છાંય;**
**સંત વિનાનો દેશ જ્યાં, રહો ન દિન-ભર ત્યાંય.''** (પૃ.૩૮)

**'બોધામૃત ભાગ-૧' માંથી :–** ''સંત એ ઝાડરૂપ છે. એ સંત ન હોય ત્યાં દિનભર રહેવું નહીં. ઝાડને જેમ ફળ અને છાયા છે તેમ સત્સંગ છે એ છાયા છે. એનું ફળ આવે તે ફળ છે. જીવને સદ્ગુરુયોગે કષાય શમી જાય છે.'' (બો.૧ પૃ.૧૯૪)

''સરોવરની નજીકમાં રહેલા માણસને ઉનાળાના તાપની વ્યાકુળતામાં ઠંડો પવન આવે તો કેટલો આનંદ થાય? અને સરોવરના ઠંડા પાણીથી નાહવાવાળાને કેટલો આનંદ થાય? તેમ સત્પુરુષોનાં વચનોથી થાય છે. પરમકૃપાળુદેવનાં વચનો કેટલાં શીતળ લાગે છે! તો તેઓશ્રીનો આત્મા કેટલો શીતળ હશે?'' (બો.૧ પૃ.૬)

## ૨૭૯. સમભાવે સર્વ સુખ સંપાદન કરું છું.

જેને કોઈપણ પ્રકારની ઇચ્છા નથી એવા નિસ્પૃહ પુરુષો સમભાવ વડે સર્વ પ્રકારના મોક્ષ સંબંધી સુખો કે ચક્રવર્ત્યાદિ સાંસારિક સુખોને સંપાદન કરે છે. તેમ હું પણ સત્પુરુષના બોધે, આત્માના કલ્યાણ



અર્થે સુખદુઃખના પ્રસંગોમાં સમભાવ રાખવા પ્રયત્ન કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સુખદુઃખ પર સમભાવ કરું.'' (વ.પૃ.૧૩૮)

''પૂર્વકર્મને અનુસરી જે કંઈ પણ સુખદુઃખ પ્રાપ્ત થાય તે સમાનભાવથી વેદવું એ જ્ઞાનીની શિખામણ સાંભરી આવી છે, તે લખી છે. માયાની રચના ગહન છે.'' (વ.પૃ.૩૨૦)

''કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ તમને યોગ્ય છે; ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે તે થશે, તે અનિવાર્ય છે, એમ ગણી પરમાર્થ-પુરુષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે.'' (વ.પૃ.૩૩૧)

''કુટુંબાદિનું મમત્વ રાખશો તો પણ જે થવાનું હશે તે થશે. તેમાં સમપણું રાખશો તો પણ જે થવા યોગ્ય હશે તે થશે; માટે નિઃશંકપણે નિરભિમાની થવું યોગ્ય છે.'' (વ.પૃ.૩૩૧)

''સમપરિણામે પરિણમવું યોગ્ય છે અને એ જ અમારો બોધ છે. આ જ્યાં સુધી નહીં પરિણમે ત્યાં સુધી યથાર્થ બોધ પણ પરિણમે નહીં.'' (વ.પૃ.૩૩૧)

''કુટુંબાદિક સંગ વિષે લખ્યું તે ખરું છે. તેમાં પણ આ કાળમાં એવા સંગમાં જીવે સમપણે પરિણમવું મહા વિકટ છે, અને જેઓ એટલું છતાં પણ સમપણે પરિણમે, તે નિકટભવી જીવ જાણીએ છીએ.'' (વ.પૃ.૩૦૫)


''વ્યવહારના પ્રસંગને સાવધાનપણે, મંદ ઉપયોગે, સમતાભાવે નિભાવ્યો આવજે. બીજા તારું કેમ માનતા નથી એવો પ્રશ્ન તારા અંતરમાં ન ઊગો. બીજા તારું માને છે એ ઘણું યોગ્ય છે, એવું સ્મરણ તને ન થાઓ.'' (વ.પૃ.૨૧૪)

''જેમાં ક્ષણવારમાં હર્ષ અને ક્ષણવારમાં શોક થઈ આવે એવા આ વ્યવહારમાં જે જ્ઞાનીપુરુષો સમદશાથી વર્તે છે, તેને અત્યંત ભક્તિથી ધન્ય કહીએ છીએ; અને સર્વ મુમુક્ષુ જીવને એ જ દશા ઉપાસવા યોગ્ય છે, એમ નિશ્ચય દેખીને પરિણતિ કરવી ઘટે છે.'' (વ.પૃ.૪૯૫)

**'ઉપદેશામૃત'માંથી :– મરણની વ્યાધિને પણ સમભાવે સહન કરવાથી કલ્યાણ**

**ચોરના સમભાવનું દ્રષ્ટાંત –** એક ચોરને ફાંસીની શિક્ષા થઈ. પ્રધાન વિચક્ષણ હતો. તેણે શૂળી ઉપર મરણની સન્મુખ થયેલા ચોરને પૂછ્યું, ''તને કોઈનું શરણ છે? સંસારમાં જે કાંઈ તારું માનતો હતો તેમાંનુ કોઈ અત્યારે શરણ છે?'' ચોરે કહ્યું, ''અત્યારે તો મને કોઈનું શરણ નથી.'' પ્રધાને કહ્યું, ''હું એક વાત કહું તે લક્ષમાં લઈશ? લઈશ તો તારું કામ થઈ જશે.'' ચોરે કહ્યું, ''જરૂર લક્ષમાં લઈશ, મને કૃપા કરીને કહો.'' દુઃખના વખતમાં હિતશિક્ષા ઘણી આતુરતાથી ગ્રહણ થઈ શકે છે. એટલે પ્રધાને કહ્યું, ''સમભાવ'' ગમે તેટલું દુઃખ આવે તો આવો, મરણ આવે તો આવો, પણ હું તેને સમભાવથી સહન કરીશ. તે દુઃખ નાશ પામશે, પણ મારું સ્વરૂપ નાશ પામે તેવું નથી, માટે સમભાવમાં રહેવું. ચોરે સમભાવનું શરણ ગ્રહણ કર્યું. તે મરણ પામી દેવગતિ પામ્યો. પ્રધાને શૂળી ઉપર ચડેલા ચોર સાથે વાત કરી, એમ રાજાએ જાણ્યું ત્યારે તેને કેદ પકડવા તથા તેનાં ઘર લૂંટાવી મંગાવવા સિપાઈઓ મોકલ્યા.

સિપાઈઓ પ્રધાનને ઘેર લૂંટવા આવ્યા. ત્યાં કોઈ અજાણ્યો રક્ષક થઈ બેઠો હતો. તેણે બધા સિપાઈઓને મારી હઠાવી કાઢી મૂક્યા. પછી રાજા પોતે આવ્યો. તેણે જોયું કે આ રક્ષક જણાતો માણસ તે મનુષ્ય નથી, પણ દેવ છે. તેણે પૂછ્યું, ''તું કોણ છે? રક્ષકે કહ્યું, ''હું ચોર તે મરીને દેવ થયો છું. તે પ્રતાપ


૧ ચોરને સમભાવનો ઉપદેશ આપતા મંત્રી
૨ સમભાવના ફળમાં ચોરે પામેલ દેવગતિ
સમભાવનું ફળ
૩
દેવે રૂપ બદલી
સિપાઈઓને હરાવ્યા
૪
રાજાને રક્ષક કહે—હું ચોર
મરીને દેવ થયો છું



પ્રધાનના છે, માટે તેનું ઘર લૂંટવા નહીં દઉં. રાજા ખુશી થયો, પ્રધાનને માન આપી શિરપાવ આપ્યો.'' (ઉ.પૃ.૩૮૬)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''પૂજ્યશ્રી – સમભાવ કેમ આવે?

**''સમજ સાર સંસારમેં, સમજુ ટાળે દોષ;**
**સમજ સમજ કરી જીવ હી, ગયા અનંતા મોક્ષ.''** – બૃહદ્ આલોચના

સમજ આવે તો સમભાવ સહેજે રહે. સમજ કેવી જોઈએ? સવળી. આ દેહ તે જ હું, આ સ્ત્રી, આ પુરુષ, આ પશુ, આ ઘર, આ ધન એમ દેહદૃષ્ટિ થઈ ગઈ છે. તે જો મટે તો સહજે સમજ પ્રગટે. વિચાર કરે તો પોતાને પ્રગટ લાગે કે શરીર મારું માનું છું. પણ ક્ષણમાં એનું રૂપ બદલાઈ જાય છે. તેમજ એની અંદર શું ભરેલું છે? એમાં કેવી વસ્તુઓ છે? એમ જો વિચાર કરવા બેસે તો બધાનું સ્વરૂપ જેવું છે તેવું જ સદ્ગુરુ આજ્ઞાએ પ્રત્યક્ષ દેખાય. એમ જો વસ્તુનું સાચું સ્વરૂપ દેખાય તો પછી રાગદ્વેષ ન થાય. માટે વિચારે કરી સમજ આવે તો સમભાવ અવશ્ય થાય. મનને બધેથી ખેંચી સદ્ગુરુ આજ્ઞામાં રાખે તો વિચાર પ્રગટે.'' (બો.૧ પૃ.૩૬)

''સમભાવ એ મોટી વસ્તુ છે. સમભાવે કર્મને વેદે તો ઝટ પતી જાય. કર્મની રચના બહુ ગહન છે. પ્રકૃતિ, ઉદય, ઉદીરણા એમ કર્મની રચના અનેક પ્રકારે છે, પણ ભોગવવાવાળો એક આત્મા છે.'' (બો.૧ પૃ.૫૬)

ગજસુકુમારે સમભાવ રાખ્યો તો મોક્ષ પામ્યા. પાંડવોને લોખંડના દાગીના તપાવીને પહેરાવ્યા છતાં પણ સમભાવે સ્થિત રહ્યા તો મોક્ષગતિના ભાજન થયા.

## ૨૮૦. માયાથી દૂર રહું છું.

તપસ્વી છે તે સર્વ પ્રકારની મોહમાયાથી કે માયાકપટથી દૂર રહે છે.

**''માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની.''** –શ્રીમદ્ રાજચંદ્ર

સાક્ષીભાવે માયાને જોવાથી માયામાં લીન થવાય નહીં. મોહમાયાને લઈને જીવને અહંભાવ મમત્વ ભાવ થાય છે. મોહમાયા એટલે સંસારમાં આસક્તિ કે જેના વિના એને ગમે નહીં તે. અથવા માયા કપટથી દૂર રહેવા પ્રયત્ન કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''આત્માનું જ્ઞાન માયાને લઈને દબાઈ રહે છે.'' (વ.પૃ.૭૨૯)

''માયા કપટથી જૂઠું બોલવું તેમાં ઘણું પાપ છે. તે પાપના બે પ્રકાર છે. માન અને ધન મેળવવા માટે જૂઠું બોલે તો તેમાં ઘણું પાપ છે. આજીવિકા અર્થે જૂઠું બોલવું પડ્યું હોય અને પશ્ચાત્તાપ કરે, તો પ્રથમવાળા કરતાં કાંઈક ઓછું પાપ લાગે.'' (વ.પૃ.૭૦૧)

''અત્યંત ઉદાસ પરિણામે રહેલું એવું જે ચૈતન્ય, તેને જ્ઞાની પ્રવૃત્તિમાં છતાં તેવું જ રાખે છે; તો પણ કહીએ છીએ; માયા દુસ્તર છે; દુરંત છે; ક્ષણવાર પણ, સમય એક પણ, એને આત્માને વિષે સ્થાપન કરવા યોગ્ય નથી.'' (વ.પૃ.૩૧૩)

સત્યમાર્ગને આરાધન કરવા માટે માયાથી દૂર રહેવું. ત્યાગ કર્યા જ કરવો. માયા કેવી રીતે ભૂલવે છે તે પ્રત્યે દૃષ્ટાંત :

**એક સંન્યાસીનું દૃષ્ટાંત –** કોઈ એક સંન્યાસી હશે તે એમ કહ્યા કરે કે 'હું માયાને ગરવા દઉં



જ નહીં. નગ્ન થઈને વિચરીશ.' ત્યારે માયાએ કહ્યું કે 'હું તારી આગળ ને આગળ ચાલીશ.' 'જંગલમાં એકલો વિચરીશ' એમ સંન્યાસીએ કહ્યું ત્યારે માયા કહે કે, 'હું સામી થઈશ'. સંન્યાસી પછી જંગલમાં રહેતા. અને કાંકરા કે રેતી બેઉ સરખાં છે એમ કહી રેતી ઉપર સૂતા. પછી માયાને કહ્યું કે 'તું ક્યાં છે?' માયાએ જાણ્યું કે આને ગર્વ બહુ ચઢ્યો છે એટલે કહ્યું કે 'મારે આવવાનું શું કામ છે? મારો મોટો પુત્ર અહંકાર તારી હજૂરમાં મૂકેલો હતો.'

માયા આ રીતે છેતરે છે. માટે જ્ઞાની કહે છે કે, 'હું બધાથી ન્યારો છું, સર્વથા ત્યાગી થયો છું; અવધૂત છું, નગ્ન છું; તપશ્ચર્યા કરું છું. મારી વાત અગમ્ય છે. મારી દશા બહુ જ સારી છે. માયા મને નડશે નહીં, એવી માત્ર કલ્પનાએ માયાથી છેતરાવું નહીં.'

જરા સમતા આવે કે અહંકાર આવીને ભૂલાવે છે કે 'હું સમતાવાળો છું'. માટે ઉપયોગ જાગૃત રાખવો. માયાને શોધી શોધીને જ્ઞાનીએ ખરેખર જીતી છે. ભક્તિરૂપી સ્ત્રી છે. તેને માયા સામી મૂકે ત્યારે માયાને જિતાય. ભક્તિમાં અહંકાર નથી માટે માયાને જીતે.' (વ.પૃ.૭૦૬)

**'સમાધિસોપાન'માંથી :–** ''માયાચાર પ્રગટ થાય ત્યારે પ્રીતિનો ભંગ થાય છે. મીઠાથી દૂધ ફાટી જાય છે તેમ માયાકપટ કરનાર પોતાનું કપટ છુપાવવા બહુ પ્રયત્ન કરે છે તો પણ આખરે ઉઘાડું પડ્યા વિના રહેતું નથી. બીજાની ચાડી ખાય કે છાની નિંદા કરે તે આપોઆપ પ્રગટ થઈ જાય છે. તેથી માયા કપટ કરવું તે પોતાની આબરૂ બગાડવા બરાબર છે; ધર્મ બગાડવારૂપ છે. કપટીના સર્વ મિત્રો આપોઆપ શત્રુ થઈ જાય છે. કોઈ વ્રત પાળનાર, તપ કરનાર ત્યાગી હોય તેનું કપટ એકવાર જગતમાં જાહેર થાય તો તેને સર્વ લોક અધર્મી માની તેનો વિશ્વાસ કોઈ કરતું નથી. કપટીની મા પણ તેનો વિશ્વાસ રાખતી નથી. કપટી માણસ મિત્રદ્રોહી, સ્વામીદ્રોહી, ધર્મદ્રોહી, કૃતઘ્ની છે. વીતરાગ ધર્મ તો છળ-કપટ રહિત છે. વાંકા મ્યાનમાં જેમ સીધી તરવાર પેસી શકે નહીં, તેમ વક્રપરિણામીના હૃદયમાં વીતરાગનો આર્જવ એટલે સરળ ધર્મ પ્રવેશ કરી શકતો નથી. કપટીના બન્ને લોક બગડે છે. તેથી જો યશની ઇચ્છા હોય, આબરૂની ઇચ્છા હોય, ધર્મની ઇચ્છા હોય તો માયા કપટનો ત્યાગ કરી આર્જવ ધર્મ ધારણ કરો. નિષ્કપટીની પ્રશંસા તેના વેરી પણ કરે છે. કપટ રહિત સરળ ચિત્તથી અપરાધ થયો હોય તો પણ દંડ દેવા યોગ્ય નથી. આર્જવ ધર્મનો ધારક તો પરમાત્મસ્વરૂપના અનુભવ માટે સંકલ્પ કરે છે; કષાય જીતવાનો, સંતોષી થવાનો સંકલ્પ કરે છે; જગતના પ્રપંચોનો ત્યાગ કરે છે, આત્માને એક ચૈતન્ય માત્ર જાણે છે. જે ધન, સંપત્તિ, કુટુંબ આદિને પોતાનાં માને છે તે જ છળ, કપટ, ઠગાઈ કરે છે. પરદ્રવ્યથી પોતાને ભિન્ન એકલો જાણે તે ધન કે જીવનને અર્થે કદી કપટ કરે નહીં. તેથી આત્માને સંસાર-પરિભ્રમણથી મુક્ત કરવા ઇચ્છતા હો તો માયાચારનો ત્યાગ કરી આર્જવ ધર્મ ધારણ કરો.'' (પૃ.૨૭૬)

**'શ્રીપાળ રાજાના રાસ'માંથી :– માયાવી ધવળશેઠની નરકગતિ**

**ધવળશેઠનું દૃષ્ટાંત –** ધવળશેઠે વહાણના કિનારે એક માંચડો બાંધ્યો. પછી તે શેઠ માંચડા ઉપર બેસી શ્રીપાળ કુંવરને કહેવા લાગ્યો કે હે સાહેબ! એક અલૌકિક આશ્ચર્ય જોઈને મારું મન ઉત્સાહિત થયું છે. તે આશ્ચર્ય એવું છે કે – મગર એક છે, પણ તેને આઠ મુખ છે. વળી તે દરેક જુદી જુદી જાતના છે. આવા રૂપ અને સ્વરૂપવાળા મગર થશે નહીં અને થયા નથી. તો હે સાહેબ! જો આપ જોવાને ઇચ્છતા હો, તો જલ્દી આવો, નહીં તો પછી મારો વાંક કાઢશો નહીં કે અમને કેમ કંઈ કહ્યું નહીં?

ત્યારે શ્રીપાળ કુંવર કૌતુક જોવા માંચડા ઉપર ચઢ્યો. તે જ વખતે ધવળશેઠ મનમાં માયાકપટ


ધવલશેઠના કપટથી સમુદ્રમાં પડતો શ્રીપાળ કુંવર



ધારણ કરીને માંચડા ઉપરથી નીચે ઊતરી ગયો અને માંચડાની બન્ને બાજુનાં દોરડાં કાપી નાખ્યાં. શ્રીપાળ કુંવર સમુદ્રમાં પડ્યો, સિદ્ધચક્રનું સ્મરણ કરતાં તેનો અધિષ્ઠાયક દેવ મગરમચ્છ બની આવ્યો. તેના પીઠ ઉપર બેસતા. પુણ્ય ઉદયે આધાર મળતાં સમુદ્ર કિનારે આવી ગયો. પણ પાપી મનુષ્યો આવા કાળા કામો કરતા કિંચિત્ માત્ર પણ ડરતા નથી. ફરી શ્રીપાળને મારવા માટે ખુલ્લી કટાર લઈને તેના મહેલ ઉપર ચઢતા નીચે પડી જવાથી તેજ કટાર પોતાના પેટમાં વાગી અને તે ધવળશેઠ મરીને સાતમી નરકે ગયો.

## ૨૮૧. પ્રપંચને ત્યાગુ છું.

છાપા વાંચી કે વિકથા કરી પરની પંચાત કરવી તે બધો પ્રપંચ છે. પૂ પ્રભુશ્રીજી કહે 'આખા ગામની ફોઈ, પંચાતિયાના છોકરાં ભૂખે મરે.' માટે પર પંચાત છોડી આત્માની સંભાળ લઉં.

**'નિત્યનિયમાદિપાઠ'માંથી :–** ''હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું. પ્ર+પંચ - પાંચ ઇંદ્રિયોના વિષયોમાં લાગી રહેવું તે બધો પ્રપંચ છે. જોવા, સાંભળવા વગેરેમાં ખોટી થઈ રહ્યો છે. પરમાત્મા તરફ વળવું હોય તો ઇંદ્રિયોનો સંયમ જોઈએ. પરંતુ હું તો નિરંતર પ્રપંચમાં વર્તું છું.'' (પૃ.૩૮)

## ૨૮૨. સર્વ ત્યાગવસ્તુને જાણું છું.

મહાપુરુષો ત્યાગવા યોગ્ય સર્વ વસ્તુ જાણે છે અને ત્યાગમાં કેવું સુખ રહ્યું છે તે પણ જાણે છે. શાલિભદ્રે જ્ઞાનીપુરુષ દ્વારા ત્યાગના સ્વરૂપને જાણ્યું તો દેવતાઈ રિદ્ધિનો પણ ત્યાગ કર્યો. જ્યારે સંસારી જીવો અજ્ઞાનવશ ત્યાગવા યોગ્ય વસ્તુને ગ્રહણ કરી આનંદ માને છે.

ઝેરને ત્યાગવા યોગ્ય જાણવાથી કોઈ ગ્રહણ કરતું નથી તેમ ત્યાગવા યોગ્ય એવા રાગદ્વેષ, કામ, ક્રોધાદિ ભાવો કે સાત વ્યસન, સાત અભક્ષ્ય, કંદમૂળાદિ વસ્તુઓના સ્વરૂપને હું પણ સારી રીતે જાણું કે જેથી તે તે વસ્તુઓનો જીવનમાં ત્યાગ થાય અને આત્મા પોતાના સમાધિસુખને પામે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સદા ત્યાગવા યોગ્ય શું ? અકાર્ય કામ. (વ.પૃ.૧૫)

''સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.'' (પૃ.૧૫૮)

''બાકી હાલ તો તમે સર્વ પોતપોતાના સફળપણા અર્થે મિથ્યા ધર્મવાસનાઓનો, વિષયાદિકની પ્રિયતાનો, પ્રતિબંધનો ત્યાગ કરતાં શીખજો. જે કંઈ પ્રિય કરવા જેવું છે, તે જીવે જાણ્યું નથી; અને બાકીનું કંઈ પ્રિય કરવા જેવું નથી; આ અમારો નિશ્ચય છે.'' (વ.પૃ.૨૬૨)

''આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે.

તે તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તોપણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.'' (વ.પૃ.૪૫૨)

''અનંતા જ્ઞાનીપુરુષોએ જેનું પ્રાયશ્ચિત્ત કહ્યું નથી, જેના ત્યાગનો એકાંત અભિપ્રાય આપ્યો છે એવો જે કામ તેથી જે મુંઝાયા નથી, તે જ પરમાત્મા છે.'' (વ.પૃ.૭૯૮)

## ૨૮૩. ખોટી પ્રશંસા કરું નહીં. (મુ૰બ્ર૰ઉ૰ગૃ૰ સામાન્ય)

કોઈપણ વ્યક્તિમાં ગુણ ન હોય તો પણ કહેવું કે આ તો મહાત્મા છે, ગુણવાન છે, આ તો બહુ દાનવીર છે; એમની શી વાત કરવી? વગેરે ખોટી પ્રશંસા કરું નહીં. જેનામાં જે ગુણ હોય તેટલા પ્રમાણમાં



પ્રશંસા કરું, પણ ખોટી રીતે કોઈને ચઢાવું નહીં.

મુનિ, બ્રહ્મચારી, ઉપાસક, ગૃહસ્થ કે સામાન્ય બધાએ આ વાત ધ્યાનમાં રાખી કોઈની ખોટી પ્રશંસા કરવી નહીં એમ જણાવ્યું.

**'સમાધિસોપાન'માંથી :–** ''સંસારી જીવ મિથ્યાત્વના પ્રભાવને લીધે રાગી-દ્વેષી દેવની પૂજા પ્રભાવના દેખીને પ્રશંસા કરે છે. દેવીને માટે જીવહિંસા કરી હોય તેની પ્રશંસા કરે છે. ગૌ, કન્યા, સુવર્ણ, હાથી, ઘોડા, ઘર, પૃથ્વી, તલ, રથ અને દાસી એ દશ પ્રકારનાં કુદાનને ભલાં જાણે છે. યજ્ઞ, હોમાદિકની અને ખોટા મંત્ર-તંત્ર, મારણ-વશીકરણ આદિ ક્રિયાઓની પ્રશંસા કરે છે. કૂવા, વાવ, તળાવ ખોદાવ્યાની પ્રશંસા કરે છે. માત્ર કંદમૂળ, શાકપાન આદિ ભક્ષણ કરનારને મોટા ત્યાગી જાણી પ્રશંસા કરે છે. પંચાગ્નિ-ધૂણીઓ તપનાર, વાઘનાં ચામડાં ઓઢનાર, ભસ્મ ચોળનાર અને ઊંચો હાથ રાખનારને બહુ મોટા જાણે છે. ગેરુથી રંગેલા ભગવાં કે રાતાં વસ્ત્ર કે ધોળાં વસ્ત્રાદિ ધારણ કરનાર કુલિંગીના માર્ગની પ્રશંસા કરે છે. ખોટા તીર્થને અને ખોટા રાગી, દ્વેષી, મોહી, વક્રપરિણામી, અને શસ્ત્રધારી દેવોને પૂજ્ય માને છે.

જોગણી, જક્ષણી, ક્ષેત્રપાલ આદિને ધન આપનાર, રોગાદિ મટાડનાર માને છે. તેલ, લાપસી, વડાં, અત્તર, પુષ્પમાળા ઇત્યાદિક વડે દેવતાને રાજી કરવા ધારે છે. દેવતાને લાંચ આપવારૂપ માન્યતા માની, એમ વિચારે છે કે, મારું અમુક કાર્ય સિદ્ધ થશે તો તને છત્ર ચઢાવીશ, તારું મંદિર બંધાવીશ, તને બાધાના અમુક રૂપિયા ચઢાવીશ, કોઈ બકરા, પાડા વગેરે પ્રાણીને મારીને ચઢાવીશ, સવામણનું ચૂરમું ચઢાવીશ, બાળક જીવતું રહે તે માટે ચોટલી કે જટા ઉતરાવીશ ઇત્યાદિ અનેક પ્રકારની માન્યતા માનવી, શરત કરવી તે બધો તીવ્ર મિથ્યાત્વના ઉદયનો મહિમા છે.

જ્યાં જીવોની હિંસા થાય ત્યાં મહા ઘોર પાપ બંધાય છે. દેવને નિમિત્તે કે ગુરુને નિમિત્તે પણ હિંસા કરવામાં આવે તે પણ સંસારસમુદ્રમાં ડુબાડનારી છે. કોઈ દેવતાના ભયથી કે લોભથી કે લજ્જાથી પણ હિંસાનાં કાર્યોમાં કદાપિ ન પ્રવર્તો. દયાવાળાની તો દેવ પણ રક્ષા કરે છે. જે કોઈનો અપરાધ ન કરે, વેર ન બાંધે તેને દેવ પણ દુભાવે નહીં. રાગી, દ્વેષી અને શસ્ત્રધારી દેવ છે તે તો પોતે જ દુઃખી છે, ભયભીત છે, અસમર્થ છે. સમર્થ હોય, ભયરહિત હોય તે શસ્ત્ર શા માટે ધારણ કરે? જે ભૂખ્યો હોય તે જ ભોજન આદિ વડે પૂજાની ઇચ્છા રાખે. કુમાર્ગ છે તે સંસાર વધારવાનું કારણ છે. મિથ્યાદૃષ્ટિનાં ત્યાગ, વ્રત, તપ, ઉપવાસ, ભક્તિ, દાન આદિકની અને તેને ધારણ કરનાર મિથ્યાદૃષ્ટિઓની મન, વચન અને કાયાથી પ્રશંસા ન કરવી તે અમૂઢદૃષ્ટિ અંગ છે. (પૃ.૨૫)

## ૨૮૪. ખોટું આળ આપું નહીં.

કોઈના ઉપર ખોટું આળ એટલે કલંક આપવું તે મહાપાપ છે.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– ખોટું આળ આપનારની દુર્દશા**

''શાસ્ત્રમાં કહ્યું છે કે, ''કોઈને આળ આપવાથી જીવ ગધેડો થાય છે, નિંદા કરવાથી શ્વાન થાય છે, પરસ્ત્રી ભોગવવાથી કૃમિ થાય છે અને મત્સર (દ્વેષભાવ) રાખવાથી કીડો થાય છે.'' વળી કહ્યું છે કે – ''જે દૂષણ તરફ દૃષ્ટિ જ કરે નહીં તે ઉત્તમ, જે સાંભળે જાણે પણ પ્રકાશ ન કરે તે મધ્યમ, જે દૂષણ જોઈને તેની જ પાસે કહે તે અધમ અને જે સર્વ ઠેકાણે પ્રકાશ કર્યા કરે તે અધમાધમ.'' હવે વિચાર્યા વગર કોઈને આળ ચઢાવવા ઉપર એક દૃષ્ટાંત કહે છે —



**એક બ્રાહ્મણીનું દૃષ્ટાંત –** કોઈ ગામમાં સુંદર નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તે ઘણો દાતા હોવાથી લોકપ્રિય થઈ પડ્યો હતો. કહ્યું છે કે, ''જે દાતાર હોય તે પ્રજાને પ્રિય થાય છે, કોઈ ધનાઢ્ય પ્રિય થતો નથી. લોકો વરસાદને ચાહે છે, કોઈ સમુદ્રને ચાહતા નથી.'' આવા દાતા શેઠની માત્ર એક બ્રાહ્મણી નિંદા કરતી હતી. તે કહેતી કે, 'જે પરદેશીઓ આવે છે, તે આ શેઠને ધર્મી જાણી તેને ઘેર દ્રવ્યની થાપણ મૂકે છે, અને તેઓ પરદેશમાં જઈને મૃત્યુ પામે છે. તેની દોલત શેઠને રહે છે. તેથી શેઠ ઘણો હર્ષ પામે છે, માટે એનું બધું કપટ છે.' એક વખત કોઈ કાપડી એટલે સંન્યાસી તે શેઠને ઘેર આવ્યો. તે ક્ષુધાવડે બહુ પીડિત હતો તેથી તેણે ખાવાનું માંગ્યું. તે સમયે શેઠના ઘરમાં કાંઈ ભોજન કે પેય પદાર્થ હતા નહીં, તેથી દયાને લીધે શેઠે કોઈ આહીરની સ્ત્રીને ઘેરથી છાશ લાવી આપી. તે પીતાંજ તે કાપડી મરણ પામ્યો. કારણ કે તે છાશની દોણી માથા પર રાખી ઢાંક્યા વિના આહીરની સ્ત્રી ક્યાંય જતી હતી, તેવામાં એક સર્પને લઈ આકાશે સમડી ઊડતી હતી. તે સર્પના મુખમાંથી ઝેર નીકળીને છાશમાં પડ્યું હતું. હવે પ્રભાતે એ કાપડીને મરેલો જાણી ખુશી થઈ સતી તે બ્રાહ્મણી કહેવા લાગી કે, 'જુઓ, આ દાતારનું ચરિત્ર! તેણે દ્રવ્યના લોભથી બીચારા કાપડીને વિષ આપીને મારી નાખ્યો.' એ સમયે કાપડીના મરવાથી જે પાપરૂપ હત્યા પ્રગટ થઈ તે સ્ત્રીરૂપે ભમતી હતી અને વિચારતી હતી કે 'હું કોને લાગુ પડું, આ દાતા તો અતિ શુદ્ધ મનવાળો છે, તેનો આમાં કોઈ દોષ નથી. વળી સર્પ તો પરાધીન હતો અને તેને લઈ જનારી સમડી તો સર્પનો આહાર કરનારી જ છે. તેમજ આ આહીરની સ્ત્રી તો તદ્દન અજાણી છે. હવે હું કોને વળગું? આવું વિચારતી ફરતી તે પેલી નિંદા કરનારી બ્રાહ્મણીને લાગુ પડી; કારણ કે શેઠને ખોટું આળ દેવાથી ખરી રીતે તે જ દોષવાન્ હતી. હત્યાના સ્પર્શથી તે સ્ત્રી તત્કાલ શ્યામ, કુબડી અને કુષ્ઠ રોગિણી થઈ ગઈ. સર્વ તેની નિંદા કરવા લાગ્યા. કહ્યું છે કે, ''માતા પોતાના બાળકની વિષ્ઠા ફુટેલા ઘડાની ઠીબવડે લે છે ,પણ દુર્જન માણસ તો પોતાના કંઠ, તાળું અને જિહ્વાવડે લોકોની નિંદા કરવાને મિષે તેની વિષ્ઠા ગ્રહણ કરે છે, એથી દુર્જને તો માતાને પણ હરાવી દીધી.'' ઉપર કહેલા બ્રાહ્મણીના દૃષ્ટાંતથી એટલું સમજવું કે,કોઈનો પણ અવર્ણવાદ લોકસમક્ષ બોલવો નહીં. તો પછી રાજા, અમાત્ય, દેવ અને ગુરુના અવર્ણવાદ વિષે તો શું કહેવું. તેમાં પણ સાધુ મુનિરાજના અવર્ણવાદ બોલવાથી ભવાંતરમાં નીચ ગોત્રની તથા કલંકની પ્રાપ્તિ થાય છે.'' (પૃ.૫૩) માટે કોઈના ઉપર કદી ખોટું આળ આપું નહીં.

## ૨૮૫. ખોટી વસ્તુ પ્રણીત કરું નહીં.

**'આત્મા સત્ જગત મિથ્યા'**

ભગવાને કહેલ તત્વથી વિપરીત કંઈપણ પ્રતિપાદન કરું નહીં. ભગવાને સ્યાદ્વાદથી જે પદાર્થોનું સ્વરૂપ નિરૂપણ કર્યું છે તેમજ માનું અને તેમજ પ્રણીત કરું, પણ બીજી રીતે નહીં. ભગવાનની કહેલી વાત નહીં માનીને ભગવાનની વિરુદ્ધ ખોટી રીતે વસ્તુનું પ્રતિપાદન કરવાવાળો તે નિહ્નવ કહેવાય છે.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :–**

**તિષ્યગુપ્ત નિહ્નવનું દૃષ્ટાંત – લોકાકાશના જેટલા પ્રદેશ તેટલા એકેક જીવના.** રાજગૃહી નગરીના ગુણશીલ નામના ચૈત્યમાં એકદા ચૌદ પૂર્વધારી વસુ નામના આચાર્ય પધાર્યા. તેમને તિષ્યગુપ્ત નામે એક શિષ્ય હતો. એકદા આત્મપ્રવાદ નામના પૂર્વનો અભ્યાસ કરતાં તેના ભણવામાં આ પ્રમાણે આવ્યું કે, ''હે ભગવન! જીવના એક પ્રદેશમાં જીવ એવી સંજ્ઞા થઈ શકે?'' પ્રભુ કહે ''ના, એ



અર્થ સમર્થ - યોગ્ય નથી.'' આ રીતે ''બે પ્રદેશમાં, ત્રણ પ્રદેશમાં, સંખ્યાતા પ્રદેશમાં, અસંખ્યાત પ્રદેશમાં, છેવટ એક પ્રદેશ ઊણા એવા સર્વ પ્રદેશમાં જીવ કહેવાય નહીં?'' પ્રભુ કહે ''ના, એ અર્થ પણ સમર્થ નથી, અર્થાત્ તે જીવ કહેવાય નહીં.'' ત્યારે 'જીવ ક્યારે કહેવાય?' પ્રભુ કહે છે કે ''પરિપૂર્ણ લોકોકાશના પ્રદેશ જેટલા પ્રદેશ એકેક જીવના છે, તે સમગ્ર પ્રદેશને 'જીવ' કહીએ ઇત્યાદિ. આ પ્રમાણે ભણતાં તિષ્યગુપ્તને એવી શંકા થઈ કે - 'જીવના એક છેલ્લા પ્રદેશમાં જ જીવ સંજ્ઞા રહેલી જણાય છે, બાકીના સર્વ પ્રદેશમાં જીવ સંજ્ઞા નથી. એવું આ સૂત્ર સ્પષ્ટ બતાવે છે'' આવા પોતાના મતને તે બીજાઓ પાસે પણ કહેવા લાગ્યો. તે જાણીને ગુરુએ મિત્રરૂપ થઈ તેને કહ્યું કે ''હે શિષ્ય! જો તું જીવના એક બે વિગેરે પ્રદેશોમાં જીવપણું નથી સ્વીકારતો અને માત્ર એક છેલ્લાજ પ્રદેશમાં જીવપણું માને છે, તો છેલ્લા પ્રદેશમાં પણ જીવપણું સિદ્ધ થશે નહીં; કેમકે સર્વનું પ્રદેશપણું તો સરખું જ છે. તેથી જેમ રેતીના હજારો કણીયામાં તેલ નથી, તો તે તેલ એક છેલ્લા કણીયામાં પણ શી રીતે આવે? માટે તારા માનવા પ્રમાણે તો જીવનો અભાવ જ સિદ્ધ થશે. તે અભાવ તો તું માનતો નથી, તેથી એવો અર્થ તારે પણ ઇષ્ટ નથી.'' શિષ્યે પ્રશ્ન કર્યો કે ''હે ગુરુ! આપે જે આ યુક્તિ કહી, તેથી તો આગમને બાધ આવે છે. કેમકે હમણાં જ આવેલા સૂત્રમાં એક બે વિગેરે પ્રદેશમાં જીવનો નિષેધ કરીને છેલ્લા જ પ્રદેશમાં જીવપણું કહેલું છે; તો આપ જગતબંધુ જિનેશ્વરે કહેલા સૂત્રનો કેમ નિષેધ કરો છો. ?'' ગુરુ બોલ્યા કે ''હે શિષ્ય! જો તું સૂત્રને પ્રમાણ માનતો હો તો સાંભળ-તેમાં જ કહ્યું છે કે 'પરિપૂર્ણ લોકાકાશ પ્રદેશ તુલ્ય જીવમાં જીવ સંજ્ઞા છે.' તેથી શ્રુતને પ્રમાણ માનનારાએ તો આમાં નવી કુયુક્તિઓ કરવી જ ન જોઈએ. સર્વે સમુદાયરૂપ જીવના પ્રદેશો જીવ છે. જેમ તંતુના સમુદાયને જ પટ કહીએ છીએ, પણ એક બે વિગેરે તંતુમાં સમસ્ત પટ રહેલો નથી, માટે તારી શંકાને સ્થાન રહેતું નથી.'' એ પ્રમાણે ગુરુએ સમજાવ્યા છતાં પણ તે તિષ્યગુપ્ત સમજ્યો નહીં, ત્યારે તેને ગુરુએ ગચ્છ બહાર કર્યો.

પછી તે તિષ્યગુપ્ત વિહાર કરતાં એકદા આમલકલ્પા નામની નગરીમાં ગયો. ત્યાં ગામની બહાર ઉદ્યાનમાં રહ્યો. ત્યાં મિત્રશ્રી નામનો એક શ્રાવક રહેતો હતો. તેણે તેને નિહ્નવ જાણીને પ્રતિબોધ કરવાના હેતુથી તેની પાસે જઈ નિમંત્રણ આપ્યું કે ''આજે આહાર લેવા માટે તમારે જાતે જ મારે ઘેર આવવું.'' તે અંગીકાર કરીને તિષ્યગુપ્ત મિત્રશ્રીને ઘેર ગયો. મિત્રશ્રીએ તેને બહુમાનપૂર્વક આસનપર બેસાડી તેની સન્મુખ ઘણા ઉત્સાહ અને આડંબરથી ઉત્તમ પ્રકારનાં અનેક ભક્ષ, ભોજ્ય, અન્ન, પાન, વસ્ત્ર વિગેરેનો સમૂહ ધર્યો. પછી તે સર્વમાંથી છેલ્લો એક એક અવયવ લઈને પાત્રમાં મૂક્યો;એટલે કે પકવાન, શાક વિગેરેનો એક એક કણીયો આપ્યો. દાળ, કઢી, જળ વિગેરેનું એકેક જ બિંદુ આપ્યું અને વસ્ત્રોમાંથી એક એક છેલ્લો તંતુ કાઢીને આપ્યો. પછી તે શ્રાવકે તેને નમસ્કાર કરી પોતાના સર્વ બંધુજનોને કહ્યું કે, ''તમે સર્વ આ સાધુને વંદના કરો. મેં આજે તેમને પરિપૂર્ણ પ્રતિલાભ્યા છે. હું આજે મારા આત્માને ધન્ય અને પુણ્યવાન માનું છું. કેમકે ગુરુ પોતે જ મારે ઘેર પધાર્યા છે.'' તે સાંભળીને તિષ્યગુપ્ત બોલ્યો કે ''હે શ્રાવક! આવો એક એક કણ આપીને તેં આજે મારી હાંસી કરી છે, તે તેં યોગ્ય કર્યું નથી.'' શ્રાવક બોલ્યો કે - ''હે પૂજ્ય! તમારો જ આ મત છે, તે જો સત્ય જ હોય તો આ લાડું તથા ભાત વિગેરેના છેલ્લા અવયવથી આપની તૃપ્તિ થવી જોઈએ અને આ એક છેલ્લો વસ્ત્રતંતુ શીતનું રક્ષણ કરનારો થવો જોઈએ. જો તેમ ન થાય તો આપે કહેલું સર્વ જૂઠું પડશે.'' તે સાંભળીને પ્રતિબોધ પામેલો તિષ્યગુપ્ત બોલ્યો કે - '' હે શ્રાવક! તેં મને સારો બોધ આપ્યો. શ્રીવીરભગવાનના વાક્યમાં પડેલી શંકા અત્યારે દૂર થઈ.'' પછી તે શ્રાવકે



ભક્તિપૂર્વક સારી રીતે તેમને પ્રતિલાભ્યા. તિષ્યગુપ્ત ગુરુ પાસે જઈ આલોચણ પ્રતિક્રમણ કરી શ્રીજિનેશ્વરની આજ્ઞાનુસાર વિચરવા લાગ્યો. ગુરુના ચરણમાં વર્તતાં સમ્યક્ માર્ગને પામી તેનું પ્રતિપાલન કરી તે સ્વર્ગે ગયો. (પૃ.૬૬)

## ૨૮૬. કુટુંબ ક્લેશ કરું નહીં. (ગૃ૦ઉ૦)

બારમું પાપસ્થાનક કલહ છે. એને ક્લેશ, કંકાસ કે કજીયો પણ કહે છે. કોઈ ભાગ્યશાળી જીવો આ કલહથી મુક્ત હશે. બાકી તો રાજકારણમાં ક્લેશ, જ્ઞાતિઓમાં ક્લેશ, સગાંવહાલામાં ક્લેશ, કુટુંબમાં ક્લેશ, બાપ દિકરા વચ્ચે ક્લેશ, ભાઈ ભાઈમાં ક્લેશ અને ધાર્મિક બાબતોમાં પણ ક્લેશ; એમ જ્યાં જોઈશું ત્યાં આ કલિયુગમાં મોટે ભાગે ક્લેશ જોવા મળે છે. ક્લેશથી આર્ત્તધ્યાન, રૌદ્ર ધ્યાન કરી જીવો કર્મ બાંધી ચારગતિરૂપ સંસારમાં રઝળ્યા કરે છે. માટે દુઃખના કારણરૂપ એવો કુટુંબ ક્લેશ કરું નહીં. પણ સત્પુરુષના બોધ બળે તે ક્લેશને શમાવું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''પૃથ્વી સંબંધી ક્લેશ થાય તો એમ સમજી લેજે કે તે સાથે આવવાની નથી; ઊલટો હું તેને દેહ આપી જવાનો છું; વળી તે કંઈ મૂલ્યવાન નથી. સ્ત્રી સંબંધી ક્લેશ, શંકાભાવ થાય તો આમ સમજી અન્ય ભોક્તા પ્રત્યે હસજે કે તે મળમૂત્રની ખાણમાં મોહી પડ્યો, (જે વસ્તુનો આપણે નિત્ય ત્યાગ કરીએ છીએ તેમાં!) ધન સંબંધી નિરાશા કે ક્લેશ થાય તો તે ઊંચી જાતના કાંકરા છે એમ સમજી સંતોષ રાખજે; ક્રમે કરીને તો તું નિઃસ્પૃહી થઈ શકીશ.'' (વ.પૃ.૧૬૫)

''કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું, અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર, અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.'' (વ.પૃ.૩૭૯)

''જેને ઘેર આ દિવસ ક્લેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.'' (વ.પૃ.૭)

**'ઉપદેશામૃત'માંથી :–** સારા ડાહ્યા ગણાતા માણસે કુટુંબમાં સંપ રાખવો જોઈએ, માતાને સમજાવીને ધીરજ આપીને પોતાના સદાચરણ વડે તેમને સંતોષવાં જોઈએ. પોતાના મોટાભાઈ પિતા તુલ્ય છે. તેમને પણ કુટુંબનો બધો ભાર ઉપાડવો પડતો હોય તો તેમને મદદ કરીને તથા તેમની આમન્યા તથા વિનય સાચવી તેમને રાજી રાખવા એ આપણું મુખ્ય કર્તવ્ય છે. આપણી કમાણીમાંથી બને તેટલી બચત કુટુંબનાં માણસોના નિભાવમાં વપરાય તો આપણું અહોભાગ્ય સમજવું.

એમ સર્વને સુખી કરવા આપણે વર્તીએ તો ઘણું પુણ્ય બંધાય અને કુટુંબમાં સંપ વધે તો લોકમાં પણ કુટુંબનાં વખાણ થાય. પોતાના વિચારમાં આવે તેમ વરતે તે સ્વચ્છંદી કહેવાય. સ્વચ્છંદે વર્તનાર આ લોકમાં કુટુંબ-ક્લેશથી દુઃખી થાય છે અને પરલોકમાં પણ પાપનું ફળ ભોગવવા અધોગતિએ જાય છે. તેથી સુખી થવાની જેની ઇચ્છા હોય તેણે માતાપિતા, મોટાભાઈ આદિનો વિનય કરવો અને ધર્મની ઇચ્છા હોય તેણે સત્પુરુષની શિખામણ સાંભળી વિનયસહિત વર્તવા યોગ્ય છે. ન્યાયનીતિપૂર્વક વર્તે છે તેનાં જગતમાં વખાણ થાય છે અને ધર્મ પાળવા યોગ્ય તે બને છે. પણ દુરાચરણવાળા કદી ધર્મ પામી શકતા નથી, તેમ લોકમાં પોતે નિન્દાય છે અને કુટુંબની નિંદાનું કારણ થાય છે. કુટુંબનાં માણસ ગમે તેવા અણસમજુ હોય તો પણ સમજુ માણસ તેમનાં મન વિનય વડે જીતી લે છે. પોતે દુઃખ વેઠીને પણ સર્વના



ચિત્તને સંતોષ ઊપજે તેવાં મીઠાં વચન વડે તેમની સેવા કરીને રાજી રાખે તે ખરો ડાહ્યો ગણાય. કુટુંબમાં જે સમજુ હોય તેણે પોતે સર્વનું કહેલું સહન કરવું જોઈએ. ગમે તેવા કડવાં વેણ કહી જાય તો પણ જાણે સાંભળ્યું જ નથી એમ ગણીને તે ભૂલી જાય અને સર્વનું ભલું કેમ થાય તેવો વિચાર રાખી સર્વની સેવા કરી છૂટે.

પોતાની ભૂલથી કોઈને ખોટું લાગ્યું હોય તો તેવી ભૂલ ફરી ન થવા દે અને જેને ખોટું લાગ્યું હોય તેને રાજી કરે. તે બધાં આપણને રાજી રાખી વર્તવાનું કરે તો તેથી આપણે ફુલાઈ જવું નહીં; પણ આપણા દોષો હોય તે દૂર કરવા તરફ લક્ષ રાખવો. સર્વની પ્રકૃતિ સરખી હોતી નથી તેથી ડાહ્યા માણસે સર્વની પ્રકૃતિ જાણી કુટુંબમાં ક્લેશ ન થાય તેમ પ્રવર્તવું અને ક્લેશનાં કારણ હોય તે દૂર કરી દે તે ડાહ્યો ગણાય. પોતાના દોષની માફી માગી સર્વને સારા કહી કંકાસ મટાડે તે કુશળ કહેવાય. સંસારના ભોગ બધા દુઃખનું કારણ છે અને જીભ છે તે વેરણ જેવી છે, તેને વશ કરે તે સુખી થાય છે. સર્વને નમીને ચાલે તેના ઉપર સર્વની પ્રીતિ રહે છે. 'નમ્યો તે પરમેશ્વરને ગમ્યો' એમ કહેવાય છે. માટે નમનતા બહુ રાખવી અને 'તમે ડાહ્યા, તમે મોટા; હું તો છોકરું છું' મારા વાંક સામું ન જોશો, આપ કહેશો તેમ હું કરીશ.' એમ કહીને સર્વની સાથે હળીમળીને રહેવાથી પુણ્ય વધે છે અને જીવનું હિત થાય છે. કોઈના ઉપર દ્વેષ ન રાખવો. બીજાનું ભૂંડુ ઇચ્છીએ તો આપણું જ ભૂંડુ થાય. માટે સર્વને સારું લાગે તેવું બોલવું તેમજ વર્તન રાખવું. માયાકપટ ન રાખવું. નિખાલસ દિલથી સર્વનું સારું થાય તેમ વર્તવાથી આપણું જ સારું થાય. પ્રારબ્ધ પ્રમાણે જે સગાંવહાલાં મળી આવ્યાં છે તેમાં સંતોષ રાખવો. જો મન ઊંચું રાખે અને કુટુંબમાં કંકાસ કરે તો કંકાસથી લક્ષ્મીનો નાશ થાય છે; માટે સર્વની સાથે હળીમળીને પ્રેમથી રહેવું.'' (ઉ.પૃ.૯૭)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ક્લેશના કારણો નિર્મૂળ કરવા તરફ દરેક મુમુક્ષુએ લક્ષ રાખવા યોગ્ય છેજી. કુટુંબમાં, મંડળમાં, ગામમાં, નાતમાં, દેશમાં જેમ ક્લેશ ઓછો થાય તેમ કરવાની વૃત્તિ રાખવાથી ધર્મ પ્રગટવાનું કારણ બને છેજી. પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ નાસિકના બોધમાં છેલ્લી એ જ શિખામણ દીધી છે – ''સંપ રાખવો અને સત્સંગ કર્યા કરવો.'' (બો.૩ પૃ.૩૫૮)

**'દૃષ્ટાંતશતક'માંથી :– જ્યાં સંપ ત્યાં લક્ષ્મીનો વાસ**

**એક શેઠનું દૃષ્ટાંત –** એક શેઠ રાત્રે સૂતા હતા. તેના સ્વપ્નમાં લક્ષ્મીએ આવીને કહ્યું કે, 'હે શેઠ! હવે તારું પુણ્ય પરવાર્યું છે માટે હું તારા ઘરમાંથી થોડા દહાડામાં જઈશ; માટે તારે મારી પાસે કંઈ માંગવું હોય તો માંગી લે.' શેઠે કહ્યું કે, 'ઠીક કાલે સવારે હું મારા કુટુંબને પૂછીને વિચાર કરીને માગીશ.' લક્ષ્મી બોલી, ભલે, એમ કરજે!'

બીજે દહાડે શેઠે પોતાના બધાં કુટુંબીજનોને એકઠા કરીને રાતના સ્વપ્નની વાત કહી અને આપણે લક્ષ્મી પાસેથી શું માંગી લેવું તે દરેકને પૂછ્યું. તેમાંના દરેક જણે પોતપોતાનો મત દર્શાવી પોતાની બુદ્ધિ પ્રમાણે લક્ષ્મી પાસેથી જુદી જુદી વસ્તુઓ માગી લેવાનું જણાવ્યું. કોઈ હીરા-માણેક-મોતી વગેરે ઝવેરાત, કોઈકે ખાવાને માટે અનાજ, એકે વળી રહેવા માટે ઘર, બીજાએ બેસવા માટે વાહન વગેરે ભિન્ન ભિન્ન પ્રકારની માગણી કરવા કહ્યું, પણ તે કાંઈ શેઠની નજરમાં ઊતર્યું નહીં.

છેવટે સૌથી નાના છોકરાની વહુ બોલ્યા વગર બેઠી બેઠી સાંભળ્યા કરતી હતી, તેના ભણી ફરીને શેઠે તેને પૂછ્યું, 'બાપુ! તું પણ તારો મત આપ.' તે સાંભળી તે બોલી કે 'બાપા, હું તો જાણું છું કે લક્ષ્મી જવાની સાથે લક્ષ્મીના અંગની તમામ વસ્તુઓ માગશો તો પણ મળશે નહીં; માટે આપણા કુટુંબમાં



સ્નેહસંપ રહે એવું માંગો; કેમકે ભલે લક્ષ્મી જાય પણ સ્નેહસંપ હશે તો લક્ષ્મીવાનના ઘરમાં જે સુખ નથી તે આપણે ભોગવી શકીશું. આ વાત શેઠને અને બધાને પણ પસંદ પડી, તેથી તે માગવા ઠરાવ્યું.

બીજી રાતે શેઠ સૂતા ત્યારે વળી લક્ષ્મીએ સ્વપ્નમાં આવી પહેલાની પેઠે પૂછ્યું. એટલે શેઠે કહ્યું કે, 'હે લક્ષ્મીદેવી! તમે જ્યારે જવા જ તૈયાર થયા છો, ત્યારે કૃપા કરીને અમને અમારા કુટુંબમાં સ્નેહ-સંપ આપો, બીજું મારે કાંઈ જોઈતું નથી. તે સાંભળી લક્ષ્મી બોલી : 'શેઠ એમ છે તો ઊલટી તેં મને તારા ઘરમાં જકડીને બાંધી દીધી. મતલબ કે સ્નેહ-સંપ એ જ લક્ષ્મીને સ્થિર કરનારાં સાધનો છે.

આ દૃષ્ટાંત વિષે કહ્યું કે : **''શેઠે સંપ જ માગિયો, કમલા કહે કર જોડિ;**
**જતાં જઈ શકિએ નહીં, રાખી મારી મરોડિ.''**

વળી અન્યત્ર લક્ષ્મીએ ઇન્દ્ર પ્રત્યે કહ્યું કે —''હે ઇન્દ્ર! જે ઘરમાં વૃદ્ધ અને ગુરુજનોનો સત્કાર કરવામાં આવે છે, જે ઘરમાં બીજાને સારી રીતે માન આપીને બોલાવવા ચલાવવાનો રિવાજ છે અને જે ઘરમાં મોઢે બોલી કલહ-કંકાસ કરવામાં આવતો નથી, ત્યાં હું નિવાસ કરું છું.'' (પૃ.૧૦૬)

**'હિતશિક્ષાના રાસના રહસ્ય'માંથી :–** ''સંપમાંજ સુખ રહ્યું છે. સંપથીજ આપણી વૃદ્ધિ અને પ્રગતિ થઈ શકે છે; તેથી સંપના ઇચ્છકે પોતાના વર્ગમાં કોઈ નબળું પાતળું હોય તો પણ તેનો સંગ ન છોડવો - તેને તજી ન દેવો. આપણી પાસે દ્રવ્ય વિશેષ હોય અને બીજા નિર્ધન હોય તો તેનો નિરાદર ન કરવો, પણ તેને ઘટિત સહાય આપવી.

**ચોખાનું દૃષ્ટાંત –** એક વખત ચોખાએ અભિમાન લાવીને ફોતરાનું અપમાન કર્યું અને કહ્યું કે-તમે નિઃસાર છો, તમારામાં શું છે? માટે તમે મને મૂકીને ચાલ્યા જાઓ. તમે મારી સાથે હોવાથી મારી શોભામાં ખામી આવે છે, અને તમારા જવાથી મારી શોભામાં વધારો થાય છે. વરરાજા પણ મને કપાળે ચોડે છે, જિનેશ્વર આગળ મને ધરવામાં આવે છે, મારો સ્વસ્તિક કરે છે, ગુરુ પાસે મારા વડે ગહુંળી કરે છે, મને હાથમાં લઈને આવનારના શુકન જોવાય છે, અને સજ્જનો પણ મારા વડે પોતાનું પોષણ કરે છે. આ બધી વાત તમારા ગયા પછી બને છે, તેથી તમે (ફોતરા) ચાલ્યા જાઓ.''

આ પ્રમાણેની ચોખાની અભિમાનયુક્ત વાણી સાંભળીને ફોતરા બોલ્યા કે-''રે ચોખા! સાંભળ. અમે તારી રક્ષા કરીએ છીએ. અમારાથી જુદા પડશો તો પછી મુશળે ખંડાશો, ઘંટીમાં દળાશો, ચુલે ચડીને રંધાશો અને કેટલાક કાચા ને કાચા પાણીમાં પલાળશે કે ખાઈ જશે. અમને તજવાથી તમને પ્રાયે દુઃખજ થશે.

આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું એ છે કે - 'સુખ, સંપીને રહેવામાં છે. પોતાના વર્ગને જે તજી દે છે, તે ચોખાની જેમ કુટાય છે. જો પાણી સંપ કરે છે તો તે મોટા પર્વતોને અને પૃથ્વીને ફાડી નાખે છે, પર્વતમાંથી માર્ગ કરે છે અને પૃથ્વીના પેટમાં પેસે છે. મજબૂત પાળ બાંધી હોય તો તેને તોડી નાખે છે. આ બધો સંપનો પ્રતાપ છે. વળી જુઓ! તરણા પણ બહુ એકઠા મળે છે અને સંપ કરે છે તો આવા જળના પ્રવાહને પણ રોકી રાખે છે.'' આ દૃષ્ટાંત હૃદયમાં ધારણ કરીને શ્રાવકવર્ગે એકઠા રહેવું, સંપીને રહેવું, અંદર અંદર ક્લેશ, કંકાસ ન કરવો પણ સ્વજનનું ઉચિત સાચવવું. (પૃ.૨૧૩)

## ૨૮૭. અભ્યાખ્યાન ધારું નહીં. (સા૦)

અભ્યાખ્યાન ધારું નહીં એટલે કોઈના પર આળ ચઢાવું નહીં. કોઈના ઉપર ખોટું આળ ચઢાવવું



તે અભ્યાખ્યાન કહેવાય. પારકી નિંદા કે પારકું બુરું બોલવું એ માણસને ઘણું મીઠું લાગે, પરંતુ તેનું કેવું ભયંકર પરિણામ આવશે તેનો જીવને વિચાર આવતો નથી. જીભથી આ પાપ બંધાય છે. જીભ જીવને અનંત કાળે પ્રાપ્ત થઈ છે, તે જ જીભથી પારકું બુરું બોલવામાં, ખોટી નિંદા કરવામાં કે ખોટાં આળો ચઢાવવા માણસ તૈયાર થઈ જાય છે એ બધું અજ્ઞાનનું ફળ છે. ખોટા આળથી કોઈ વખતે પ્રાણની હાનિ થઈ જાય. પાપી માણસો પારકાં છિદ્રો જોવામાં આનંદ માને છે પણ સુજ્ઞ પુરુષોએ આવા પાપના બંધથી બચવું જોઈએ.

**'શ્રી યશોવિજયજી કૃત અઢાર પાપસ્થાનકની સજ્ઝાય'માંથી :–**

**''પાપ સ્થાનક તે તેરમું છાંડીએ, અભ્યાખાન દુરંતોજી;**
**અછતાં આલ જે પરનાં ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી.''**

**અર્થ –** તેરમું પાપસ્થાનક અભ્યાખ્યાન છે. તેનો અંત લાવવો મુશ્કેલ છે. છતાં તેને છાંડવું જોઈએ. દોષ ન હોય તો પણ કોઈના ઉપર દોષનું આરોપણ કરવાથી પ્રાણી અનંત દુઃખને પામે છે.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– ઈર્ષ્યાથી કોઈના વગોવણા કરવાનું ફળ.** ''પૂર્વ ભવમાં મુનિને આળ આપવાથી સીતા સતીની જેમ કલંક પ્રાપ્ત થાય છે અને ઘણું દુઃખ પામે છે.''

**વેગવતીનું દૃષ્ટાંત –** આ ભરતક્ષેત્રને વિષે મિણાલકુંડ નામના નગરમાં શ્રીભૂતિ નામે પુરોહિત રહેતો હતો. તેને સરસ્વતી નામે સ્ત્રી હતી. તેઓને વેગવતી નામે એક પુત્રી થઈ હતી. એક વખતે તે ગામમાં કોઈ મુનિ આવ્યા. તે ઉદ્યાનમાં કાયોત્સર્ગ કરીને રહ્યા. લોકો તેમને વાંદવા અને પૂજવા જવા લાગ્યા. તે જોઈ ખોટી ઈર્ષ્યા કરનારી પુરોહિતની પુત્રી વેગવતી લોકોને કહેવા લાગી કે, 'અરે! આ મુંડો તો પાખંડી છે, બ્રાહ્મણોને છોડીને તેને શા માટે પૂજો છો? આ સાધુ તો કોઈ રમણીની સાથે ક્રીડા કરતો મારા જોવામાં આવ્યો હતો.' આ પ્રમાણે તેણે સાધુને ખોટું આળ દીધું. તે સાંભળી કેટલાક લોકો તે મુનિ પાસે જતાં અટકી ગયા. આ ખબર મુનિને થયા, એટલે તેમના મનમાં ઘણું ખોટું લાગ્યું. તેમણે ચિંતવ્યું કે, 'મારા નિમિત્તે જિનશાસનની હિલના થવી ન જોઈએ.' આવું ધારી તેમણે અભિગ્રહ કર્યો કે, 'જ્યાંસુધી મારા ઉપરથી આ કલંક ઊતરે નહીં ત્યાંસુધી મારે આહાર પાણી લેવાં નહી.' આવી પ્રતિજ્ઞા કરીને તેઓ કાયોત્સર્ગમાં રહ્યા. આવી દૃઢ પ્રતિજ્ઞાથી શાસનની અધિષ્ઠાયિકા દેવી તેમને સાનિધ્ય થયા. તત્કાળ તેણે પુરોહિતની પુત્રી વેગવતીને શરીરે તીવ્ર વેદના ઉત્પન્ન કરી. આથી વેગવતીને ઘણો પશ્ચાત્તાપ થયો; તેથી તેણે તે મુનિની પાસે જઈ સર્વ લોકોની સમક્ષ ક્ષમા માગી અને કહ્યું કે, 'હે ભગવન્! મેં ઈર્ષ્યાથી આપની ઉપર ખોટું આળ ચઢાવ્યું છે, તે ક્ષમા કરો.' એમ કહીને ચરણમાં પડી. તેનો અંતરંગ પશ્ચાત્તાપ જોઈ શાસનદેવીએ તેને સાજી કરી. પછી તે ધર્મદેશના સાંભળી દીક્ષા લઈને સૌધર્મ દેવલોકમાં દેવી થઈ. ત્યાંથી ચ્યવીને તે જનકરાજાની પુત્રી સીતા થઈ. સીતાના ભવમાં પૂર્વે મુનિને મૃષા આળ ચઢાવવાના પાપથી તેને કલંક પ્રાપ્ત થયું. પેલા મુનિ તો કલંકમુક્ત થઈ લોકોમાં અતિશય પૂજ્ય થયા.

## ૨૮૮. પિશુન થઉં નહીં.

પિશુન થઉં નહીં અર્થાત્ ચુગલી ચાડી કરનારો થઉં નહીં.

ચૌદમું પાપ સ્થાનક પૈશૂન્ય કે પિશુનતા છે. પારકા અવર્ણવાદ બોલવા, પારકી સાચી ખોટી કથા કરવી, કોઈની ચાડી ખાવી, કોઈના ખોટા દુર્ગુણો પ્રકાશવા એ પિશુનતા છે. આ કાર્ય સજ્જનનું નથી.



દુર્જન મનુષ્યો અનર્થ દંડથી કેવા ભારે કર્મ બાંધે છે તે વિચારતા નથી. ખરી રીતે આ દુર્ગુણ તેને પોતાને જ નુકશાન કરે છે. આવા દુર્ગુણો બુદ્ધિનો નાશ કરે છે, ધર્મથી ભ્રષ્ટ કરે છે, સમાજમાં અપકીર્તિ પમાડે છે અને કર્મના બંધથી બાંધી જીવને દુર્ગતિમાં નાખે છે. જે સજ્જનો આવા દુર્ગુણથી રહિત છે, તેની શાસ્ત્રકાર સ્તુતિ કરે છે કે —

''दान शील तपो भावै - रस्यै धते वृषो भुवि ।
यस्य मनोवचः कायैः पैशून्यं नाभि संश्रयेत ।। '' -हिंगुल प्रकरण

**અર્થ** - જે માણસોના મન, વચન અને કાયા; ચાડીનો આશ્રય કરીને રહેલા નથી, તે શ્રેષ્ઠ માણસોના દાન, શીલ, તપ અને ભાવ રૂપ ધર્મ વૃદ્ધિ પામ્યા કરે છે.

**'સમાધિ સોપાન'માંથી :—** ''પરમાં હોય કે ન હોય તેવા દોષો તેની પૂઠ પાછળ કહેવા, તથા કોઈના ધનનો, આજીવિકાનો કે પ્રાણનો નાશ થાય, તથા જગતમાં કોઈની નિંદા, અપવાદ ફેલાય એવાં વચનો કહેવા તે પૈશુન્ય નામે ગર્હિત વચન છે.''

**શ્રી યશોવિજયજી કૃત અઢાર પાપસ્થાનકની સજ્ઝાય'માંથી —**

**''બહું ઉપકરિયે હો કે પિશુનને પરેં પરેં, કલહનો દાતા હો કે હોય તે ઉપરે;**
**દૂધે ધોયો હો કે વાયસ ઉજલો, કિમ હોય પ્રકૃતેં હો કે જે છે શામળો.''**

**અર્થ** – જેને નિંદા કરવાની ટેવ પડી છે તેના ઉપર ગમે તેટલો ઉપકાર કરીએ તો પણ તે ક્લેશને જ આપનાર થાય છે. જેમકે વાયસ એટલે કાગડાને દૂધથી ગમે તેટલો ધોઈએ તો પણ તે ઉજળો થાય નહીં. કેમકે તે પ્રકૃતિથી જ કાળો છે.

**''ચાડી કરતાં હો કે વાડી ગુણ તણી, સૂકે ચૂકે હો કે પાજ પુણ્ય તણી;**
**કોઈ નવિ દેખે હો કે વદન તે પિશુનતણું, નિજકુળને હો કે લાગે કલંક ઘણું. ''**

**અર્થ** – બીજાની ચાડી-નિંદા કરતાં પોતાની ગુણોરૂપી વાડી સૂકાઈ જાય છે અને પુણ્ય બાંધવાનો જે રસ્તો તેને ચૂકી પાપના માર્ગમાં પ્રવર્તે છે. જે મનુષ્ય બીજાની નિંદા કરે છે તેનું મોઢું જોવા કોઈ તૈયાર નથી. તેવો જીવ પોતાના કુળને પણ કલંક લગાડે છે. તેના વિષે એક દૃષ્ટાંત છે -

**ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨' માંથી :— 'પરનિંદા એ સબળ પાપ માનવું'**

**રોહિણીનું દૃષ્ટાંત —** કુંડનપુરી નામની નગરીમાં સુભદ્ર નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તેને રોહિણી નામે એક બાળ વિધવા પુત્રી હતી. તેણીએ ગુરુ પાસે અધ્યયન કરીને કમ્મપયડી વિગેરે ગ્રંથો પોતાના નામની જેવા કંઠે કર્યા હતા. તે હમેશાં ત્રિકાળ જિનપૂજા અને બે કાળ આવશ્યક કરવા છોડતી નહોતી અને નિત્ય ભણવાથી તે એક લાખ કરતાં વિશેષ સ્વાધ્યાયનો પાઠ કરનારી થઈ હતી.

વિકથાએ રોહિણીના મુખમાં અને ચિત્તમાં પ્રવેશ કર્યો. તે વખતથી રોહિણી તત્કાળ ધર્મનાં સર્વ કાર્યમાં વિકથા કરવા લાગી અને બીજાની પાસે કરાવવા લાગી. એક વખતે સાધુઓએ અને સાધ્વીઓએ તેને શિક્ષા આપી કે, હે શ્રાવિકે ! તને સુજ્ઞાતને પરનિંદા ને વિકથા કરવી યોગ્ય નથી. કહ્યું છે કે, ''જો એક જ કર્મથી આ જગતને વશ કરવાને તું ઇચ્છતી હો તો પરનિંદારૂપ ઘાસને ચરતી એવી તારી વાણીરૂપ ગાયને તેમાંથી નિવૃત્ત કર.'' તે સાંભળી રોહિણીને ક્રોધ ચઢ્યો; એટલે હળવે હળવે મોહરાજાનું સર્વ સૈન્ય તેની પાસે આવ્યું અને વિકથાની પ્રશંસા કરવા લાગ્યું. પછી તો રોહિણી વિકથા કરવામાં એટલી બધી



મશગૂલ થઈ ગઈ કે તેણીએ સર્વ પઠન પાઠનાદિ પણ છોડી દીધું.

એક વખત રાજમાર્ગે જતાં રોહિણી રાજાની રાણીના દોષ કહેતી હતી. તે રાણીની દાસીએ સાંભળ્યા, એટલે તેણીએ રાજાને આ વાત કહી. રાજાએ રોહિણીના પિતાને બોલાવીને પૂછ્યું કે, 'હે શ્રેષ્ઠી! તારી પુત્રીએ મારી રાણીનું કુશીલપણું ક્યાં જોયું અને શી રીતે જાણ્યું? શ્રેષ્ઠી બોલ્યો - 'હે સ્વામિન્! એ પુત્રીનો સ્વભાવ દુષ્ટ છે.' પછી કોપ પામેલા રાજાએ તેને નગરમાંથી કાઢી મૂકી. અરણ્યમાં દુઃખનો અનુભવ કરીને તે મૃત્યુ પામી અને અપરિગ્રહિતા વ્યંતરદેવી થઈ. ત્યાં બીજા દેવતાઓએ આપેલું દુઃખ અનુભવી ત્યાંથી ચ્યવીને એકેંદ્રિયાદિકમાં અનંતકાળ ભમી. છેવટે તેનો જીવ ભુવનભાનુ કેવળી થઈ મોક્ષને પામ્યો. (પૃ.૨૧૬)

## ૨૮૯. અસત્યથી રાચું નહીં. (૨)

અસત્ય વચન બોલવામાં પ્રીતિ રાખું નહીં, પણ સત્ય બોલવાનો જ આગ્રહ રાખું. વસુરાજા અસત્યમાં રાચ્યો તો નરકે ગયો.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''શેષનાગ ઉપર પૃથ્વી રહેલી છે એમ વૈષ્ણવોની માન્યતા છે. પણ ખરો પૃથ્વીનો આધાર સત્ય છે. કારણ કે ધર્મ, નીતિ, રાજ અને વ્યવહાર એ સંસારના ચાર મુખ્ય પાયા સત્યને આધારે ટક્યા છે.

**ધર્મ** - સત્ય વિના ધર્મ પ્રગટ થતો નથી. વ્યવહારસત્ય પછી પરમાર્થસત્ય આવે. પરમાર્થ સત્યમાં આત્માનો લક્ષ રાખીને બોલે. ભગવાને જે જોયું અને કહ્યું તે સત્ય છે.

**નીતિ** - નીતિને માનનાર અસત્ય બોલતા નથી. સત્યને આધારે પ્રામાણિકપણું, ન્યાય વગેરે નીતિના નિયમો ટકી રહે છે.

**રાજ** - રાજાનું વચન માન્ય હોય છે કે તે પળશે જ. પહેલાના જમાનામાં રાજાઓ તાંબાના પતરા પર લખી આપતા તે તેના દીકરાના દીકરા બધા માન્ય રાખતા.

**વ્યવહાર** - અમુક આપીશ એમ કહે એટલે આપે. લેવડદેવડ સત્યને આધારે ચાલે છે. એક બીજાના વિશ્વાસે વ્યવહાર ચાલે છે. હાસ્યથી જૂઠું બોલે તો પણ કર્મ બંધાય છે, જૂઠનો ભય નીકળી જાય છે. પછી આગળ વ્યવહાર વગેરેમાં જૂઠું બોલતો થઈ જાય છે. ટેવ પડી હોય એટલે જ્યાં સ્વાર્થ હોય ત્યાં જૂઠું બોલતા પાછો ન પડે. જેમ ચોરી, જુગાર વગેરે શરૂઆતમાં રમતરૂપે કરે, પછી વ્યસનરૂપે સેવે.

**ગાંધારીનું દૃષ્ટાંત :–** દુર્યોધનની મા ગાંધારી હતી તેને દુર્યોધન નમસ્કાર કરવા આવ્યો. ત્યારે તેણે કહ્યું – ''સત્યનો જય થાઓ'' પણ ''તારો જય થાઓ'' એમ ન કહ્યું. એમ આપણે પણ કોઈનો ખોટો પક્ષ ન કરવો.

અહિંસા એ જ મુખ્ય ધર્મ છે. તેની રક્ષા માટે બાકીના ચાર વ્રત વાડરૂપે છે. અહિંસા પછી સત્ય એ બીજું મહાવ્રત છે. એનાથી અહિંસાવ્રત રક્ષાય છે. સત્ય, હિત, મિત અને પ્રિય શાસ્ત્ર અનુસાર, ક્રોધ માન માયા લોભ રહિત વચન બોલવું. સાચું બોલે તેને માયા વગેરે કરવી ન પડે, બેફિકર રહે.'' (પૃ.૫૬)

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :– સંકટ સમયે પણ અસત્ય બોલ્યું નહીં.**

**ભીમ સોનીનું દૃષ્ટાંત :–** ''ખંભાતમાં ભીમ નામનો સોની હતો. તેણે સત્ય જ બોલવું એવો નિયમ લીધો હતો. તે શ્રાવક હતો. તેની પાસે દ્રવ્ય પણ ઘણું હતું. એક દિવસ મલ્લિનાથજીને દહેરે જતાં


૧
ભીમ સોની
ભીમ સોનીના પુત્રે લાવેલ સોનૈયા


ભીમે કહ્યું - આ બધા ખોટા સોનૈયા છે, માટે પાછા આપી દો
૨



માર્ગમાંથી ચોરોએ તેને પકડ્યો અને પોતાના સ્થાનમાં લઈ જઈ ચાર હજાર સોનૈયા માગ્યા. ભીમે પોતાના પુત્રને ચાર હજાર સોનૈયા લઈને આવવાનું કહેવરાવ્યું. ભીમપુત્ર ચાર હજાર ખોટા સોનૈયા લઈને ચોરોના સ્થાનમાં ગયો અને કહ્યું કે – 'આ સોનૈયા પારખીને ગણી લ્યો ને મારા પિતાને છોડી દ્યો.' ચોરોમાં મુખ્ય જે ક્ષત્રી હતો તેણે વિચાર્યું કે – 'આ સોનૈયાની આપણને પરીક્ષા નથી કે એને સાચા ખોટા જાણી શકીએ, પણ ભીમ સત્યવાદી કહેવાય છે, માટે તેની પાસે જ પરખાવીએ.' પછી ભીમ પાસે લઈ જઈ તેને પારખવાનું કહેતાં તેણે સોનૈયા તપાસીને કહ્યું કે – ' આ બધા ખોટા સોનૈયા છે, માટે પાછા આપી દ્યો.' આવો જવાબ સાંભળી મુખ્ય ચોર બહુ ખુશી થયો અને વિચારવા લાગ્યો કે – 'આવા પુરુષો પણ જગતમાં વસે છે કે જે સંકટમાં પણ અસત્ય બોલતા નથી. સત્ય જ બોલે છે. સત્યની ખાતર ગમે તેટલું કષ્ટ પડે તો પણ સહેવા તૈયાર છે. વળી પોતાના પુત્રને પણ ખોટો ઠરાવતા ડરતા નથી કે ભય પામતા નથી. આમ કહેવાથી મારો પુત્ર હલકો પડશે એવો ભય પણ ધરાવતા નથી. કળિકાળમાં આવા પુરુષો રત્નતુલ્ય છે. તો આવા પુણ્યશાળીનું દ્રવ્ય કોણ લે? તેમ વિચારીને તેમણે તે સોનીને કાંઈ પણ લીધા વિના છોડી દીધો. સત્ય વડે આવી સિદ્ધિ થાય છે. જો કે સત્યમાં કષ્ટ પણ રહેલ છે, પરંતુ તે ધીરજથી સહન કરવામાં આવે તો સર્વ કાર્યની તેથી સિદ્ધિ થાય છે.'' (પૃ.૧૩૫)

## ૨૯૦. ખડખડ હસું નહીં. (સ્ત્રી)

સ્ત્રીએ ખડખડ હસવું નહીં. મર્યાદામાં રહી જ્યાં જેટલી જરૂર હોય તેટલું જ મોં મલકાવવું.

**'સ્ત્રી નીતિ બોધક'માંથી :–**

**''ખડ ખડ હસજે નહીં તું ડાહી દીકરી, મર્યાદા વણ જાણું હું તો ધિક્કાર જો;**
**ચાલ કુચાલે કો દી તું ચાલીશ નહીં, થાજે ત્યાં તો ડાહીને તું ઠીક જો,**
**સાંભળ શાણી પુત્રી, શીખ આ માહરી. હસવું નહીં ઝાઝું કદી, હે ! સજ્જની મુજ બેન;**
**હસવાથી કિમ્મત ઘટે, એહ દુઃખરૂપ ચેન.''**

**'મોહનીય કર્મની પૂજાના અર્થ' માંથી :– અવધિજ્ઞાનનું પણ હાસ્યથી વિસર્જન**

**એક શિષ્યનું દૃષ્ટાંત –** ''એક આચાર્ય ભગવંતને ઘણા શિષ્યો હતા. તેમાંથી એક શિષ્યે ભણવા માટે ઘણો પ્રયત્ન કર્યો તો પણ ચઢે નહીં; તેથી શિષ્યે ગુરુને કહ્યું કે હું શું કરું જેથી મને વિદ્યા ચઢે. ત્યારે ગુરુએ તેને કહ્યું : તું સાધુ પુરુષોની સેવા કર. તેથી તે ઉત્સાહપૂર્વક બધાની સેવા કરવા લાગ્યો. કોઈને આહાર, પાણી લાવી આપે, કોઈના પગ દબાવે વગેરે સેવામાં તત્પર રહેતો. જ્યારે સેવાથી નિવૃત્ત થાય ત્યારે એકાંતમાં બેસી વિચાર કરતો કે મને જ્ઞાન ક્યારે ચઢશે? એમ રોજ વિચારતાં એક દિવસ નિર્મળતા થવાથી અવધિજ્ઞાન પ્રગટ થયું. તે અવધિજ્ઞાનના બળે તેને પહેલું દેવલોક દેખાવા લાગ્યું. દેવલોકમાં સૌધર્મેન્દ્રને આઠ મુખ્ય દેવીઓ હતી. તેમાંથી એક દેવી રિસાઈ જવાથી સૌધર્મેન્દ્ર તેને મનાવતો હતો. દેવીએ ખીજાઈને ઇન્દ્રને લાત મારી ત્યારે ઇન્દ્ર કહે : તારા પગને વાગ્યું તો નથીને. તે જોઈ મુનિને હસવું આવ્યું કે તરત જ અવધિજ્ઞાન જતું રહ્યું. માટે ગંભીરતા રાખવી. ગંભીરતા એ મોટો ગુણ છે. હસવાની ટેવ સજ્જન પુરુષોએ રાખવા યોગ્ય નથી.



## ૨૯૧. કારણ વિના મોં મલકાવું નહીં.

કોઈને એવી ટેવ હોય છે કે કારણ વિના હસહસ કરે. પરમકૃપાળુદેવ કહે છે કે કારણ વિના મોં મલકાવવું નહીં. હાસ્ય એ કષાયનું કારણ છે. કારણ વિના કોઈની સામે મોં મલકાવવાથી કોઈ દિવસ તેનો ઊંધો અર્થ થઈ જાય અને વ્યક્તિ આપત્તિમાં આવી પડે.

## ૨૯૨. કોઈ વેળા હસું નહીં.

મોહનીય કર્મના ૨૮ ભેદ છે. તેમાં હાસ્ય પણ એક મોહનીય છે, માટે કોઈ વેળા હસું નહીં એવો અભ્યાસ કરું. ગંભીરતા ગુણ પ્રગટાવવા પ્રયાસ કરું.

## ૨૯૩. મનના આનંદ કરતાં આત્માનંદને ચાહું.

મનનો આનંદ નાટક, સિનેમા, ટી.વી., સંગીત વગેરે કરતાં આત્માનો આનંદ વિશેષ છે. ઇન્દ્રિયોથી મળતો આનંદ તે ક્ષણિક છે, પરાધીન છે તથા જીવને આકુળતા ઉત્પન્ન કરાવનાર છે; જ્યારે આત્માનો આનંદ સ્વાધીન છે, નિર્દોષ છે તથા સદા શાંતિ આપનાર છે.

**'ઉપદેશામૃત'માંથી :–** ''શ્રી લલ્લુજીમુનિ વનમાં એકલા જઈ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનો સ્વાધ્યાય કરતા તે વખતની વાત કરતા પોતે જણાવ્યું છે કે, ''તે વાંચતા અને કોઈ કોઈ ગાથા બોલતાં મારા આત્મામાં આનંદના ઊભરા આવતા. એક એક પદમાં અપૂર્વ માહાત્મ્ય છે એમ મને લાગ્યા કરતું. 'આત્મસિદ્ધિ'નું મનન, સ્વાધ્યાય નિરંતર રહ્યા કરી આત્મોલ્લાસ થતો. કોઈની સાથે વાત કે બીજી ક્રિયા કરતાં 'આત્મસિદ્ધિ'ની સ્મૃતિ રહેતી. પરમકૃપાળુદેવની શાંત મુખમુદ્રા કિંવા 'આત્મસિદ્ધિ'ની આનંદ આપનારી ગાથાનું સ્મરણ સહજ રહ્યા કરતું. અન્ય કશું ગમતું નહીં. બીજી વાતો પર તુચ્છ ભાવ રહ્યા કરતો. માહાત્મ્ય માત્ર સદ્ગુરુ અને તેના ભાવનું આત્મામાં ભાસ્યમાન થતું હતું.'' (ઉ.પૃ.૧૧)

''અત્રે સુખશાતા ગુરુપ્રતાપે છેજી. ''જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ'' ઘણા દિવસથી વૃત્તિ હતી કે એકાંત નિવૃત્તિ લેવી; તે જોગ ગુરુપ્રતાપે બની આવ્યો છેજી. જો કે સત્સંગ એ ઠીક છે; પણ જ્યારે પોતીકો આત્મા આત્મવિચારમાં આવશે ત્યારે જ કલ્યાણ થશે. નીકર હજાર-લાખ સત્સંગ કરે, પ્રત્યક્ષ સદ્ગુરુ પાસે પડ્યો રહે; પણ કલ્યાણ ન થાય. અત્રે કોઈ અદ્ભુત વિચારો અને આત્મિક સુખ અનુભવમાં આવે છે તે કહી શકાતું નથી. અનંત શક્તિ છે, સિદ્ધિઓ છે, પૂર્વ ભવ પણ જણાય છે, આનંદ આનંદ વર્તે છે, એક જ શ્રદ્ધાથી! કહ્યું-લખ્યું જતું નથી. આપના ચિત્તમાં શાંતિ થવાનો હેતુ જાણી જણાવ્યું છે. કોઈને જણાવવાની જરૂર નથી.'' (ઉ.પૃ.૧૬)

### ગુણસેનકુમારનું દૃષ્ટાંત – મનનો આનંદ બીજાને દુઃખનું કારણ

ગુણસેનકુમાર એક રાજાનો પુત્ર હતો. તેણે મનના આનંદ માટે પુરોહિત પુત્ર અગ્નિશર્મા કે જેના શરીરના અવયવો બરાબર નથી, તેને ગધેડા ઉપર બેસાડી માથા ઉપર છત્રના સ્થાને સુપડું મૂકી ગામમાં ફેરવે અને બધા મળી આનંદ માને. અગ્નિશર્માના મનમાં ઘણું દુઃખ થાય પણ ગુણસેન રાજાનો પુત્ર હોવાથી તેને કોણ કહી શકે! અંતે રાજકુમારથી થાકી-કંટાળી અગ્નિશર્માએ તાપસના આશ્રમમાં જઈને તાપસી દીક્ષા લીધી. પછી ગુણસેન રાજા થયો. તેણે સર્વ હકીકત જાણી તાપસના આશ્રમમાં ગયો. ત્યાં તે તાપસને એક માસના ઉપવાસી જાણી માસખમણના પારણા માટે વિનંતી કરીને પોતાના ઘેર આવ્યો. પણ પારણાના દિવસે પોતે બિમાર પડી જવાથી તાપસને માસિક ઉપવાસને પારણે આહાર પાણી આપવાનું



ભૂલી ગયો. તાપસે આશ્રમમાં આવી ફરી બીજા મહિનાના ઉપવાસ કર્યા. આમ ત્રણવાર બીજા બીજા કારણોથી તાપસને રાજા ગુણસેન આહાર પાણી માટે આમંત્રણ આપવા છતાં તે આહાર પાણી આપી શક્યો નહીં. તેથી તાપસે નિયાણું કર્યું કે આને હું ભવોભવમાં મારનારો થાઉં. કારણ કે જ્યારે હું ઘરમાં હતો ત્યારે પણ મને હેરાન કરતો હતો અને હવે અહીં તાપસ થયો છતાં પણ મને આવી રીતની કદર્થના કરે છે. આવા નિયાણાથી અગ્નિશર્મા પુરોહિત પુત્ર અને ગુણસેન રાજાનો જીવ પિતા પુત્રરૂપે, માતા અને પુત્રરૂપે, પતિ પત્નીરૂપે અને ભાઈ ભાઈરૂપે થઈને નવભવ સુધી વેર લે છે. ગુણસેન રાજાનો જીવ તે તે ભવોમાં વિશેષ વિશેષ આરાધના કરીને ઊંચા ઊંચા દેવલોકમાં જાય છે અને અગ્નિશર્મા દરેક ભવમાં તેને મારી નીચે નીચે નરક ભૂમિઓમાં જન્મે છે. અંતમાં ગુણસેનરાજાનો જીવ નવમા ભવે સમરાદિત્ય કેવળી બની મોક્ષે જાય છે. પણ મનનો આનંદ લેવા જતાં તેને પણ નવભવ સુધી દુઃખ ભોગવવું પડ્યું. માટે મનના આનંદ કરતાં આત્માનંદને જ ચાહું.

આત્માનો આનંદ શાથી પ્રગટ થાય? તો કે વિષયકષાયની વૃત્તિઓ જેમ જેમ મંદ થાય તેમ તેમ આત્માનો આનંદ પ્રગટ થાય છે. -સમરાદિત્ય કેવળીના આધારે

## ૨૯૪. સર્વને યથાતથ્ય માન આપું. (ગૃહસ્થ)

સર્વને યથાતથ્ય માન આપું. માતાપિતા, વડીલ સર્વનો યથાયોગ્ય વિનય કરું. આત્મજ્ઞાની મહાત્મા પધાર્યા હોય ત્યારે અંતરના ઉલ્લાસપૂર્વક અને બહુમાનપૂર્વક તેમને માન આપું. જેથી ઘણો લાભ થાય. સાધર્મીભાઈ-મુમુક્ષુભાઈને પણ યથાયોગ્ય માન આપું. કારણ તેઓ પરમાર્થમાર્ગના ખરા સ્નેહી છે.

**''સગાઈ સાચી સૃષ્ટિમાં, છે સદ્ગુરુની એક;**
**બીજી તેના ભક્તની, બાકી જૂઠી અનેક. ''**

પૂ.પ્રભુશ્રીજી કહે - મુમુક્ષુઓ તો અમારા માથાના મુકુટ છે. તેમને જોઈ અમને પૂજ્યભાવ થાય છે.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :– વિનય વડે સર્વ સિદ્ધિ –** ''ગુરુનો વિનય કરે તેથી શાસ્ત્રાભ્યાસ થાય, જ્ઞાન થાય, તેથી વિરતિ આવે, તેથી ચારિત્રમોહ ટળે અને કેવળજ્ઞાન પામી મોક્ષે જાય. એમ વિનયથી તત્ત્વની એટલે શુદ્ધાત્માની સિદ્ધિ અથવા મોક્ષ થાય છે.

**ચંડાળનું દૃષ્ટાંત –** એક ચંડાળની સ્ત્રીને કેરી ખાવાનો દોહદ થયો. રાજાની રાણીના બાગમાં વાળવા જાય ત્યાં આંબો દીઠો હશે. ત્યાંથી રોજ એક એક કેરી મંગાવે તે ચંડાળ લઈ આવે. કેરીઓની ચોરી કરનારની તપાસ કરવા શ્રેણિક રાજાએ અભયકુમારને આજ્ઞા કરી. અભયકુમારે યુક્તિથી તે ચંડાળને શોધી કાઢ્યો.

શ્રેણિક રાજા ચંડાળને ક્ષમા કરી શકે પણ વિદ્યા શીખવે તો ક્ષમા કરે. સિંહાસન ઉપર બેઠા રાજાને વિદ્યા સાધ્ય ન થઈ. પછી સિંહાસન તેને આપી સામે આવી ઊભા રહ્યા ત્યારે વિદ્યા સિદ્ધ થઈ. શ્રેણિકની આ કથા બોધ લેવા માટે છે. કથામાંથી બધું ગ્રહણ કરવાનું નથી. વાત ખરી છે કે ખોટી એ જરૂરનું નથી. ઝાડ નમાવવાની વિદ્યા માટે પ્રયોજન નથી. પરંતુ આત્મવિદ્યા પામવા નિર્ગ્રંથ ગુરુનો વિનય કરીએ તો કેવું મંગળદાયક થાય? વિ+નય=કર્મને વિશેષપણે દૂર કરવાં તે વિનય. ગુરુનો વિનય કરે, બીજાને માન આપે તેથી કર્મ છૂટે છે. વિનય એ ઉત્તમ વશીકરણ છે. 'વનો વેરીને વશ કરે' એમ પ્રભુશ્રીજી કહેતા.



**"એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;**
**મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય."** -શ્રીમદ્ રાજચંદ્ર

વિનય મૂળ કારણ છે અને વિવેક એટલે આત્મજ્ઞાન એ તેનું કાર્ય અથવા ફળ છે.

ગુરુનો આત્મપ્રત્યયી ઉપકાર છે, તે અપેક્ષાએ પહેલા ગુરુનો વિનય કરવા કહ્યું. મુનિનો ચારિત્રની અપેક્ષાએ, વિદ્વાનનો જ્ઞાનની અપેક્ષાએ, માતાપિતાનો મનુષ્યજન્મ પામવામાં અને સંસારપ્રત્યયી ઉપકારની અપેક્ષાએ, બીજા મોટા કાકા, દાદા વગેરે મોટાનો વયની અપેક્ષાએ એમ બધાનો યથાયોગ્ય વિનય કરવો એ આત્માને ઉત્તમ થવાનું કારણ છે. જીવ અનાદિકાળથી રખડ્યો છે, તેનું કારણ માન છે. વિનય કરે તો માન ઓછું થાય." (પૃ.૭૮)

## ૨૯૫. સ્થિતિનો ગર્વ કરું નહીં. (ગૃ૰મુ૰)

ગૃહસ્થ અવસ્થામાં પુણ્યબળે પૈસા કમાઈ ગયો હોઉં તો પણ તેનું અભિમાન કરું નહીં. એ ચંચળ લક્ષ્મીનું કાંઈ ઠેકાણું નથી. ક્યારે જતી રહે તેની ખબર નથી. **'મોક્ષમાળા'**માં **'સુખ વિષે વિચાર'** નામના પાઠમાં આ વાત દૃષ્ટાંત સાથે વિસ્તારથી સમજાવેલ છે.

રાવણે પોતાની સ્થિતિનો ગર્વ કર્યો અને બોલ્યો કે રામ લક્ષ્મણ કોણ માત્ર છે. હું તો વિદ્યાધર છું, ત્રણ ખંડનો અધિપતિ છું. આમ ગર્વ કર્યો તો શું પરિણામ આવ્યું? અથવા સુભૂમ ચક્રીએ પોતાની સ્થિતિનો ગર્વ કર્યો કે છ ખંડ તો બધાએ સાધે પણ હું તો બાર ખંડ સાધું. તો તેનું શું પરિણામ આવ્યું? તો કે સાતમી નરક. તે આ પ્રમાણે–

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– વિશેષ મેળવવાની તૃષ્ણાનું ફળ સાતમી નરક**

**સુભૂમ ચક્રવર્તીનું દૃષ્ટાંત –** "છ ખંડ સાધી આજ્ઞા મનાવનાર રાજાધિરાજ, ચક્રવર્તી કહેવાય છે. એ સમર્થ ચક્રવર્તીમાં સુભૂમ નામે એક ચક્રવર્તી થઈ ગયો છે. એણે છ ખંડ સાધી લીધા એટલે ચક્રવર્તીપદથી તે મનાયો; પણ એટલેથી એની મનોવાંછા તૃપ્ત ન થઈ; હજુ તે તરસ્યો રહ્યો. એટલે ધાતકી ખંડના છ ખંડ સાધવા એણે નિશ્ચય કર્યો. બધા ચક્રવર્તી છ ખંડ સાધે છે; અને હું પણ એટલા જ સાધું, તેમાં મહત્તા શાની? બાર ખંડ સાધવાથી ચિરકાળ હું નામાંકિત થઈશ; સમર્થ આજ્ઞા જીવનપર્યંત એ ખંડો પર મનાવી શકીશ; એવા વિચારથી સમુદ્રમાં ચર્મરત્ન મૂક્યું; તે ઉપર સર્વ સૈન્યાદિકનો આધાર રહ્યો હતો. ચર્મરત્નના એક હજાર દેવતા સેવક કહેવાય છે; તેમાં પ્રથમ એકે વિચાર્યું કે કોણ જાણે કેટલાંય વર્ષે આમાંથી છૂટકો થશે? માટે દેવાંગનાને તો મળી આવું, એમ ધારી તે ચાલ્યો ગયો; પછી બીજો ગયો; ત્રીજો ગયો; અને એમ કરતાં કરતાં હજારે ચાલ્યા ગયા; ત્યારે ચર્મરત્ન બૂડ્યું; અશ્વ, ગજ અને સર્વ સૈન્યસહિત સુભૂમ નામનો ચક્રવર્તી બૂડ્યો; પાપભાવનામાં ને પાપભાવનામાં મરીને તે અનંત દુઃખથી ભરેલી સાતમી તમતમપ્રભા નરકને વિષે જઈને પડ્યો. (વ.પૃ.૭૬)

અથવા મુનિપણામાં લોકો માન આપે, પૂજા કરે કે આચાર્યપદ મળી જાય તો પણ ગર્વ કરું નહીં.

**'સમાધિ સોપાન'માંથી :–** "આ સંસારમાં સ્વર્ગલોકના મહાઋદ્ધિવાળા દેવો મરીને એક સમયમાં એકેન્દ્રિયમાં આવીને ઊપજે છે કે કાગડા, કૂતરા, ચંડાળ આદિના ભવ પામે છે. નવ નિધાન, ચૌદ રત્નના ધારક ચક્રવર્તી મરીને એક સમયમાં સાતમી નરકને વિષે નારકી થાય છે. બળભદ્ર-નારાયણનાં ઐશ્વર્ય પણ નાશ પામ્યાં તો સામાન્ય માણસની વાત જ શી કરવી? જેની હજારો દેવો સેવા



કરે તેવાનું પુણ્ય ક્ષય થયું ત્યારે પાણી પાનાર પણ એકે માણસ ન રહ્યું તો બીજા પુણ્યહીન જીવો કેમ મદોન્મત્ત બની રહ્યા છે?

ઉત્તમ જ્ઞાન વડે જગતમાં પ્રધાન ગણાતા, ઉત્તમ તપશ્ચર્યા કરવામાં ઉદ્યમી અને મહા દાનવીર પુરુષો પણ પોતાના આત્માને અતિ નીચો માને છે, તેમને માર્દવ ધર્મ પ્રગટે છે. વિનયભાવ, નિર્માનીપણું એ સર્વ ધર્મનું મૂળ છે, સર્વ સમ્યક્જ્ઞાનાદિ ગુણોનો આધાર છે. જો સમ્યક્દર્શનાદિ ગુણો પ્રાપ્ત કરવા હોય, પોતાનો ઉજ્જ્વળ યશ વિસ્તારવો હોય અને વેરનો નાશ કરવો હોય તો ગર્વ તજી, નમ્રતા ગ્રહણ કરો. ગર્વ ગાળ્યા વિના વિનયાદિ ગુણ, વચનની મધુરતા, પૂજ્ય પુરુષોનો આદર-સત્કાર, દાન, સન્માન આદિ એકે ગુણ પ્રાપ્ત નહીં થાય.'' (પૃ.૨૭૩)

''અભિમાનીના વગર વાંકે સર્વ વેરી બને છે, તેની સર્વ નિંદા કરે છે, સર્વ લોક તેની પડતી થાય એમ ઇચ્છે છે. શેઠ અભિમાની નોકરને કાઢી મૂકે છે. ગુરુજનો અભિમાનીને વિદ્યા આપવા તત્પર થતા નથી. અભિમાનીથી નોકરો પણ વિમુખ રહે છે. મિત્ર, ભાઈ, વડીલ, પડોશી વગેરે તેની પડતી ઇચ્છે છે. પિતા, ગુરુ, ઉપાધ્યાય તો પુત્ર કે શિષ્યને વિનયી દેખીને આનંદ પામે છે. અવિનયી, અભિમાની પુત્ર કે શિષ્ય મોટા પુરુષના મનમાં સંતાપ પેદા કરે છે. પુત્ર, શિષ્ય તથા સેવકનો તો એ જ ધર્મ છે કે નવું કાર્ય કરતા પહેલાં પિતા, ગુરુ કે શેઠને જણાવવું, આજ્ઞા માગવી. પણ આજ્ઞાનો અવસર ન મળે તો અવસર દેખે કે તરત જ જણાવે, તે જ વિનય છે, તે જ ભક્તિ છે.

જેને માથે ગુરુ બિરાજે છે તે ભાગ્યશાળી છે. વિનયવંત, માનરહિત પુરુષ સર્વ કાર્ય ગુરુને જણાવી દે છે. આ કળિકાળમાં મદ રહિત કોમળ પરિણામ સહિત સર્વત્ર પ્રવર્તે છે તેને ધન્ય છે. ઉત્તમ પુરુષો બાળક, વૃદ્ધ, નિર્ધન, રોગી, મૂર્ખ, નીચ પ્રત્યે પણ યથાયોગ્ય પ્રિય વચન, આદર સત્કાર, સ્થાન, દાન આપવાનું કદી ચૂકતા નથી. ઉત્તમ જનો ઉદ્ધતતા જણાય તેવાં વસ્ત્ર, આભરણ પહેરે નહીં. ઉદ્ધતપણે બીજાનું અપમાન થાય તેમ લેણ દેણ, વિવાહ આદિ વ્યવહાર કાર્ય કરે નહીં.'' (પૃ.૨૭૪)

**'દૃષ્ટાંત શતક'માંથી :– ધનનો ગર્વ કરવો નહીં**

**ધનવાનનું દૃષ્ટાંત –** ''એક ધનવાન પુરુષ રસ્તે જતો હતો. તેના જોવામાં કોઈ દરિદ્રી પુરુષ આવ્યો. તેની સ્થિતિ જોઈ મદાંધ ધનવાન પુરુષ હસવા લાગ્યો. તે વખતે કોઈક વિદ્વાન પુરુષ ત્યાં થઈને જતો હતો, તેનાથી આ ધનના મદથી છકેલા શ્રીમંતનો અવિનય સાંખી શકાયો નહીં તેથી બોલ્યો :

'અરે ભલા માણસ! તારા ધનનો શો ગર્વ કરે છે ? શું તેં ગુરુનું વાક્ય સાંભળ્યું નથી કે કોઈએ આ લોકની અસ્થિર વસ્તુઓનો ગર્વ કરવો નહીં. તું જો જાણતો ન હોય તો જે સ્થળે પાણીનો રહેંટ ફરતો હોય ત્યાં જઈને જો, એટલે તારા જોવામાં આવશે કે કેટલાંક ઢોલવાં (રહેંટમાળના પતરાના ડાબડા) ભરાઈને ઉપર આવે છે અને પાછાં ખાલી થઈ નીચે જાય છે. તે જ પ્રમાણે આ સંસારમાં ધનસંપત્તિ વગેરે કોઈ વખત મળે છે અને માણસ વૈભવને શિખરે ચઢે છે, પણ વખત જતાં તે જ ધનસંપત્તિ જતી રહે છે અને માણસ નીચી દશામાં આવી પડે છે. માટે સ્થિતિનો ગર્વ કરવા યોગ્ય નથી.

## ૨૯૬. સ્થિતિનો ખેદ કરું નહીં.

કર્માધીન નબળી સ્થિતિ આવી પડી હોય, તો પણ ખેદ કરું નહીં.

પૂ. પ્રભુશ્રીજી પાસે માણેકજી શેઠ બેઠા હતા. ત્યાં મુંબઈથી તાર આવ્યો કે લાખોનું નુકસાન ગયું.



તે વાંચી શેઠ બોલ્યા : પ્રભુ! કચરો ગયો. આવા શબ્દો નીકળવા તે સત્પુરુષના સમાગમનું ફળ છે. ગમે તેવી સ્થિતિ આવી હોય પણ મુમુક્ષુ ખેદ કરે નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્ભુત અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં તે નિઃસ્પૃહા હતી. પણ તેમણે એવી દુઃખી સ્થિતિ છતાં આજીવિકા અર્થે, વ્યવહારાર્થે પરમેશ્વર પ્રત્યે દીનપણું કર્યું નથી; તેમ કર્યા સિવાય જોકે ઈશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો ગયો છે, તથાપિ તેમની દારિદ્ર્યાવસ્થા હજુ સુધી જગત-વિદિત છે; અને એ જ એમનું સબળ માહાત્મ્ય છે. પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે એ ભક્તોની ઇચ્છાથી ઉપરવટ થઈને. ભક્તોની એવી ઇચ્છા ન હોય, અને તેવી ઇચ્છા હોય તો રહસ્યભક્તિની તેમને પ્રાપ્તિ પણ ન હોય. આપ હજારો વાત લખો પણ જ્યાં સુધી નિઃસ્પૃહ નહીં હો, (નહીં થાઓ) ત્યાં સુધી વિટંબના જ છે.'' (વ.પૃ.૨૭૯)

''આપને પ્રશ્ન કરવું યોગ્ય છે કે ચિત્તની માયાના પ્રસંગોમાં આકુળવ્યાકુળતા હોય, અને તેમાં આત્મા ચિંતિત રહ્યા કરે, એ ઈશ્વરપ્રસન્નતાનો માર્ગ છે કે કેમ? અને પોતાની બુદ્ધિએ નહીં, તથાપિ લોકપ્રવાહને લઈને પણ કુટુંબાદિકને કારણે શોચનીય થવું એ વાસ્તવિક માર્ગ છે કે કેમ? આપણે આકુળ થવાથી કંઈ કરી શકીએ છીએ કે કેમ? અને જો કરી શકીએ છીએ તો પછી ઈશ્વર પર વિશ્વાસ શું ફળદાયક છે? (વ.પૃ.૨૮૦)

''વ્યવહારચિંતાથી અકળામણ આવતાં, સત્સંગના વિયોગથી કોઈ પ્રકારે શાંતિ નથી હોતી એમ આપે લખ્યું તે યોગ્ય જ છે. તથાપિ વ્યવહારચિંતાની અકળામણ તો યોગ્ય નથી. સર્વત્ર હરિઇચ્છા બળવાન છે, એ દૃઢ કરાવવા માટે હરિએ આમ કર્યું છે, એમ આપે નિઃશંકપણે સમજવું; માટે જે થાય તે જોવું; અને પછી જો આપને અકળામણ જન્મ પામે, તો જોઈ લઈશું. હવે સમાગમ થશે ત્યારે એ વિષે વાતચીત કરીશું. અકળામણ રાખશો નહીં. અમે તો એ માર્ગથી તર્યા છીએ.'' (વ.પૃ.૨૮૭)

''માગી ખાઈને ગુજરાન ચલાવશું; પણ ખેદ નહીં પામીએ; 'જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર છે.' આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારા નમસ્કાર હો! એવું જે વચન તે ખરી જોગ્યતા વિના નીકળવું સંભવિત નથી.'' (વ.પૃ.૩૧૫)

''પ્રાણીમાત્ર પ્રાયે આહાર, પાણી પામી રહે છે. તો તમ જેવા પ્રાણીના કુટુંબને માટે તેથી વિપર્યય પરિણામ આવે એવું જે ધારવું તે યોગ્ય જ નથી. કુટુંબની લાજ વારંવાર આડી આવી જે આકુળતા આપે છે, તે ગમે તો રાખીએ અને ગમે તો ન રાખીએ તે બન્ને સરખું છે, કેમ કે જેમાં પોતાનું નિરુપાયપણું રહ્યું તેમાં તો જે થાય તે યોગ્ય જ માનવું એ દૃષ્ટિ સમ્યક્ છે. જે લાગ્યું તે જણાવ્યું છે.'' (વ.પૃ.૩૧૫)

**'નીતિ વિચાર રત્નમાળા'માંથી :–** ''સુખ અને દુઃખનો આધાર મનની સ્થિતિ ઉપર રહેલો છે. બહારના સંયોગોને આપણા મનની રુચીને અનુકૂળ બનાવવાની કોશીશ કરવા કરતાં આપણા મનને બાહ્ય સ્થિતિને અનુકૂળ બનાવવાનો અભ્યાસ પાડવો, એ સુખ પ્રાપ્તિનો ઉપાય છે.''

**'ગૌતમ પૃચ્છા'ના આધારે :– પુણ્ય પુરુ થયે બધું જતું રહે**

**સુધનશેઠનું દૃષ્ટાંત –** ''દક્ષિણ મથુરા નગરીમાં ધનદત્ત શેઠનો સુધન નામનો એક પુત્ર રહેતો હતો. તે વેપાર કરવામાં બહુ કુશળ હતો. ઉત્તર મથુરામાં રહેનાર સમુદ્રદત્ત નામના શેઠ સાથે તે વેપાર કરતો તથા પાંચસો ગાડા પ્રમાણ કરિયાણું વહાણમાં ભરીને સમુદ્રમાર્ગે પણ વેપાર કરતો અને પૈસા પણ વ્યાજે આપતો, તેમજ કેટલુંક ધન ઘરમાં પણ દાટેલું હતું.



સુધનના પિતા ધનદત્ત મરણ પામ્યા. તેથી ઘરનો, કુટુંબનો બધો ભાર સુધન ઉપર આવ્યો. તે સારી રીતે વહન કરવા લાગ્યો. યથાશક્તિ ધર્મધ્યાન પણ કરતો હતો.

પાપ કર્મના ઉદયે એક દિવસ સુધન સોનાના સિંહાસન ઉપર બેસી સોનાની કુંડીમાં પાણી લઈ સ્નાન કરવા લાગ્યો. તે વખતે સુવર્ણની કુંડી તથા સુવર્ણનું સિંહાસન આકાશમાં ઊડીને જવા લાગ્યું. તે સુધન જોતો જ રહી ગયો. સ્નાન કરીને સુધન ઘરમાં રહેલ મંદિરમાં દેવપૂજા કરવા લાગ્યો. દેવપૂજા થઈ રહ્યા પછી દેવમંદિર તથા ભગવાનની પ્રતિમા પણ પરિકર સાથે આકાશમાં ઊડીને ચાલ્યા ગયા. આપત્તિ આવે છે ત્યારે ચારે બાજુથી સામટી આવે છે. વળી એક માણસે આવીને સુધનને ખબર આપ્યા કે ''આપણા પાંચસો વહાણ સમુદ્રમાં તોફાન આવવાથી ભાંગી ગયા છે.'' આફત ઉપર આફત આવી પડી. વળી સુધન ભોજન કરી રહ્યો કે સોનાનો થાળ વાડકાઓ સાથે આકાશમાં ઊડવા લાગ્યો. ત્યારે સુધને જોરથી તે થાળ પકડ્યો. તે વખતે થાળનો એક કટકો તેના હાથમાં રહી ગયો. જોતજોતામાં થાળ પણ ઊડીને ક્યાંય ચાલી ગયો. બધી લક્ષ્મી જવાથી સુધન નિર્ધન થઈ ગયો.

વળી ઓછામાં પુરુ, એક માણસે આવીને સુધનને કહ્યું કે મારું એક લાખ રૂપિયાનું લેણું છે તે આપો. ત્યારે સુધન જમીનમાં દાટેલું ધન લેવા ગયો. ત્યાં ખોદીને જોયું તો તે દ્રવ્ય પણ ભસ્મ થઈ ગયેલું જોયું. ધનને અગિયારમો પ્રાણ કહેવામાં આવે છે, તે ચાલ્યો ગયો.

ધન હતું તો માન હતું. હવે ધન વિના મારાથી કેમ જીવાશે? એમ વિચારી તે પર્વત ઉપર ચઢીને ઝંપાપાત કરવા તૈયાર થયો. તે વખતે ત્યાં રહેલા મુનિ મહારાજ બોલ્યા – હે સુધન! તું આત્મઘાત કર નહીં. કુમરણથી તું વ્યંતર થઈશ.

મુનિના આ વચન સાંભળીને સુધન મુનિરાજ પાસે આવ્યો. મુનિને વંદના કરી તેમની સામે બેઠો. મુનિરાજે તેને ઉપદેશ આપતા કહ્યું કે કર્મ ભોગવ્યા વિના કોઈનો છૂટકારો થતો નથી. કર્મનું પ્રધાનપણું જાણવું. કર્મ આગળ શુભગ્રહો પણ શું કરી શકે? વસિષ્ઠ જેવા ઋષિએ રામચંદ્રજીને ગાદીએ બેસાડવાનું મુહૂર્ત આપ્યું, તે જ મુહૂર્તમાં રામચંદ્રજીને વનમાં જવું પડ્યું. લક્ષ્મી સ્થિર થઈને એક ઠેકાણે રહેતી નથી. તેમાં આશ્ચર્ય શું ? લક્ષ્મી ચાલી ગઈ તેનો તું શોક કરીશ નહીં. લક્ષ્મી અનર્થનું મૂળ છે. આ પ્રમાણે મુનિરાજના ઉપદેશથી બોધ પામી સુધને દીક્ષા લીધી. છતાં સોનાના થાળનો તે કટકો પોતાની પાસે રાખ્યો હતો. સુધન મુનિ ગુરુ પાસે શાસ્ત્રનો અભ્યાસ કરી ગીતાર્થ થયા. તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. વિહાર કરતાં કરતાં ઉત્તર મથુરા નગરીમાં સમુદ્રદત્તને ત્યાં વહોરવા આવ્યા. ત્યાં સોનાની કુંડી, સિંહાસન વગેરે જોયા. સમુદ્રદત્તને તુટેલી સોનાની થાળીમાં જમતા જોયો. તે જોઈને સુધન મુનિ બોલ્યા, શેઠ! આ બધી વસ્તુઓ તમે કરાવેલી છે કે તમારા પૂર્વજોએ? સમુદ્રદત્તે કહ્યું કે તે સઘળું મેં જ કરાવેલ છે. આ ભાંગેલી થાળીમાં કેમ જમો છો? શેઠે કહ્યું કે આ થાળીની કોર સાંધવા ઘણી મહેનત કરી પણ કોઈ કટકો ચોંટતો નથી.

તે વખતે મુનિએ પોતાની ઝોળીમાં સંતાડેલો થાળીનો ટૂકડો કાઢી તે થાળીને જોડ્યો કે તરત જ ચોંટી ગયો. સમુદ્રદત્ત શેઠને નવાઈ લાગી. તેથી મુનિને નમીને કહ્યું કે – હે મુનિ! આમ બનવાનું કારણ શું?

ત્યારે મુનિએ કહ્યું : શેઠ તમે જૂઠું બોલ્યા છો. આ ઋદ્ધિ તમારી નથી, મારી છે. સમુદ્રદત્તે સાચું બોલતા કહ્યું કે આ ઋદ્ધિને મારે ઘરે આવ્યાને આઠ વર્ષ થયા છે.

પછી સુધનમુનિએ પોતાના પૂર્વભવ કહ્યા. તે સાંભળી સમુદ્રદત્તે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તેથી



તેનો પુત્ર મદન ઘરનો સ્વામી થયો. મુનિએ કહ્યું - મેં પૂર્વભવમાં દાન આપીને પશ્ચાત્તાપ કર્યો હતો તેથી મારી લક્ષ્મી મારા ઘરમાંથી ચાલી ગઈ તથા પૂર્વભવમાં આ મદન મારો ભાઈ હતો. તેણે પોતે ભાવથી સુપાત્ર દાન આપ્યું હતું તથા બીજા પાસે પણ અપાવ્યું હતું. તેથી આ ભવમાં તે આ સઘળી સંપત્તિનો સ્વામી થયો. મદને પોતાનો પૂર્વભવ જાણી મુનિરાજ પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો અને આયુષ્ય પૂર્ણ કરી તે દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી મનુષ્ય જન્મ પામી આરાધના કરી મોક્ષે ગયો. આમ બેય ભાઈ ધર્મની આરાધના કરવાથી અગાધ સંસારસમુદ્રને તરી ગયા. (પૃ.૧૭૦)

## ૨૯૭. ખોટો ઉદ્યમ કરું નહીં.

કોઈપણ કાર્યનો ઉદ્યમ કરતાં પહેલા વિચારવું જોઈએ કે આ કામ કરીશ તો મને લાભ છે કે નુકશાન છે? એમ વિચાર કરીને કામ કરે તો કોઈ દિવસ પસ્તાવાનો વખત ન આવે. મહેનત ઘણી કરી હોય છતાં સરવાળે કંઈ પ્રાપ્તિ ન થાય તો બધી મહેનત પાણીમાં જાય. માટે ઉદ્યમ કરતાં પહેલા વિચાર કરીને કામ કરવું જોઈએ.

**એક બાળકનું દૃષ્ટાંત – બીજાને નુકસાન થાય એવું કોઈ કામ કરું નહીં.** ''એક કુંભાર હતો. તે ઘડા બનાવી મૂકે. ત્યાં એક બાળક કાંકરા વડે નિશાન તાકી તેને ફોડી દે. કુંભારે કહ્યું : ભાઈ આમ કર નહીં. ત્યારે બાળક કહે માફ કરજો. ફરી ઘડો તૈયાર થાય કે તેને પણ કાંકરો ફેંકી ફોડી દે. ફરી કુંભારે ચેતવ્યું તો કહે માફ કરજો. તેથી કુંભાર પણ એક કાંકરો લઈ તેના કાન સાથે રાખી મરડવા લાગ્યો.ત્યારે તે બાળક બોલ્યો કે મને દુઃખે છે. ત્યારે કુંભારે કહ્યું : માફ કરજો. એમ કહી ફરી કાન મરડવા લાગ્યો. એમ વારંવાર કરતાં તે બાળકની અક્કલ ઠેકાણે આવી. આમ ખોટો ઉદ્યમ કરું નહીં કે જેથી બીજાને નુકસાન થાય અને પોતાને પણ તેની સજા ભોગવવી પડે.

**બ્રાહ્મણનું દૃષ્ટાંત –** એક બ્રાહ્મણના કહેવાથી એક ભરવાડે બે કાંકરા ફેંકી બ્રહ્મદત્ત ચક્રવર્તીની બેય આંખો ફોડી નાખી. આવો ખોટો ઉદ્યમ કરવાથી સામા જીવને કેટલું નુકશાન થશે તેનું ભાન નથી. માટે જ્ઞાની પુરુષો કહે છે કે સત્પુરુષાર્થ કરવો પણ ખોટો ઉદ્યમ કદી કરવો નહીં.

**ઉંદરનું દૃષ્ટાંત – વિપરીત પુરુષાર્થનું ફળ મૃત્યુ.** ''એક મંત્રવાદીએ સાપને પકડી કરંડીયામાં પૂર્યો. સર્પ કરંડિયામાં ભૂખથી પીડાવા લાગ્યો. પણ તે બહાર નીકળી શક્યો નહીં. રાત્રે અગિયાર વાગે તે કરંડીયો મંત્રવાદીએ લાવી ઘરમાં મૂક્યો. ઘરમાં ઉંદર ઘણા હતા. તેમાંથી એક ઉંદરે તે કરંડિયાને દીઠો. તેને વિચાર આવ્યો કે આ કરંડિયામાં કંઈ ખાવાનું હશે. એમ ધારી તે કરંડિયાને કાણું પાડવાનો પુરુષાર્થ કરવા મંડ્યો. જેવું કાણું પડ્યું કે ભૂખ્યા સાપે તેને પકડી લીધો. ઉંદરે પુરુષાર્થ કર્યો પણ તે વિપરીત હોવાથી તેના મરણને માટે થયો. તેમ આત્મહિત કરનારે સત્પુરુષાર્થ કરવો. અસત્ પુરુષાર્થ કરવો નહીં.

**''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિં આત્માર્થ.''** -શ્રીમદ્ રાજચંદ્ર

## ૨૯૮. અનુદ્યમી રહું નહીં.

ઉદ્યમ કર્યા વગર ભાગ્યની શી ખબર પડે કે મારા ભાગ્યમાં શું છે. પ્રયત્ન કરતાં પણ ન મળે તો શોક કરવો નહીં એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે. ઉદ્યોગરૂપી દીવાથી નસીબને શોધો. પુરુષાર્થ કરવાથી જ ભાગ્યની ખબર પડે છે. માટે આળસ કરી અનુદ્યમી રહું નહીં.



**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''તીર્થંકરનો યોગ થયો હશે એમ શાસ્ત્રવચન છે છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરુષાર્થરહિતપણાનું છે. પૂર્વે જ્ઞાની મળ્યા હતા છતાં પુરુષાર્થ વિના જેમ તે યોગ નિષ્ફળ ગયા, તેમ આ વખતે જ્ઞાનીનો યોગ મળ્યો છે ને પુરુષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે. માટે પુરુષાર્થ કરવો; અને તો જ કલ્યાણ થશે. ઉપાદાનકારણ-પુરુષાર્થ શ્રેષ્ઠ છે.'' (વ.પૃ.૭૦૩)

''જ્ઞાનીપુરુષોએ લૌકિક ભાવ મૂકી દઈ જે વિચારથી પોતાના દોષો ઘટાડેલા, નાશ કરેલા તે વિચારો, અને તે ઉપાયો જ્ઞાનીઓ ઉપકાર અર્થે કહે છે. તે શ્રવણ કરી આત્મામાં પરિણામ પામે તેમ પુરુષાર્થ કરવો.'' (વ.પૃ.૭૧૧)

''આત્મા પુરુષાર્થ કરે તો શું ન થાય? મોટા મોટા પર્વતોના પર્વતો છેદી નાંખ્યા છે; અને કેવા કેવા વિચાર કરી તેને રેલ્વેના કામમાં લીધા છે! આ તો બહારનાં કામ છે છતાં જય કર્યો છે. આત્માને વિચારવો એ કાંઈ બહારની વાત નથી. અજ્ઞાન છે તે મટે તો જ્ઞાન થાય.'' (વ.પૃ.૭૨૪)

''તમારે કોઈ પ્રકારે ડરવા જેવું નથી; કારણ કે તમારે માથે અમારા જેવા છે; તો હવે તમારા પુરુષાર્થને આધીન છે. જો તમે પુરુષાર્થ કરશો તો મોક્ષ થવો દૂર નથી. મોક્ષ પ્રાપ્ત કર્યો તે બધા મહાત્મા પ્રથમ આપણા જેવા મનુષ્ય હતા; અને કેવળજ્ઞાન પામ્યા પછી પણ (સિદ્ધ થયા પહેલાં) દેહ તો તે ને તે જ રહે છે; તો પછી હવે તે દેહમાંથી તે મહાત્માઓએ શું કાઢી નાખ્યું તે સમજીને કાઢી નાખવાનું કરવાનું છે. તેમા ડર શાનો? વાદવિવાદ કે મતભેદ શાનો? માત્ર શાંતપણે તે જ ઉપાસવા યોગ્ય છે.'' (વ.પૃ.૭૭૨)

''અનંતકાળનાં કર્મ અનંતકાળ ગાળ્યે જાય નહીં, પણ પુરુષાર્થથી જાય. માટે કર્મમાં બળ નથી પણ પુરુષાર્થમાં બળ છે. તેથી પુરુષાર્થ કરી આત્માને ઊંચો લાવવાનો લક્ષ રાખવો.'' (વ.પૃ.૬૯૭)

''સંસારી કામમાં કર્મને સંભારવાં નહીં, પણ પુરુષાર્થને ઉપર લાવવો. કર્મનો વિચાર કર્યા કરવાથી તે જવાનાં નથી, પણ હડસેલો મૂકીશ ત્યારે જશે માટે પુરુષાર્થ કરવો.'' (વ.પૃ.૬૯૭)

''અનાદિકાળના અજ્ઞાનને લીધે જેટલો કાળ ગયો તેટલો કાળ મોક્ષ થવા માટે જોઈએ નહીં. કારણ કે પુરુષાર્થનું બળ કર્મો કરતાં વધુ છે. કેટલાક જીવો બે ઘડીમાં કલ્યાણ કરી ગયા છે! સમ્યગ્દૃષ્ટિ જીવ ગમે ત્યાંથી આત્માને ઊંચો લાવે, અર્થાત્ સમ્યક્ત્વ આવ્યે જીવની દૃષ્ટિ ફરી જાય. (વ.પૃ.૬૯૭)

**'ઉપદેશામૃત'માંથી :–** ''ચાર પ્રકારના જે પુરુષાર્થ કહ્યા છે તેમાંથી ધર્મ અને મોક્ષને માટે કોઈક વિરલા જીવ જ પ્રયત્ન કરતા હશે. આત્માનું ખરું સુખ-વાસ્તવિક શાંતિ તો ધર્મ અને મોક્ષમાં રહી છે. માટે આપને ત્યાં સત્સંગનો જોગ ન હોય તો નિવૃત્તિ કાળે સત્શાસ્ત્રનું વાંચન રાખશો.'' (ઉ.પૃ.૫૭)

''આત્મા જોવાય શી રીતે? પૂર્વકર્મ અને પુરુષાર્થથી. પૂર્વકર્મ છે તો આ મનુષ્યભવ મળ્યો છે; સત્સંગ, સત્પુરુષનો જોગ આ બધું મળ્યું છે તેથી હવે લાગ આવ્યો છે. તૈયાર થઈ જાઓ. પુરુષાર્થ કરો. સત્ અને શીલ એ પુરુષાર્થ છે.'' (ઉ.પૃ.૩૬૪)

''કૃપાળુદેવની શક્તિ અનંતી હતી અને અમે એમને પકડી બેઠા હતા. પરંતુ તેમણે કહ્યું કે પોતે જ બળ કરવું પડશે. બીજાને આધારે કંઈ નહી થાય. પોતાનો આત્મા છે તે જ આધારરૂપ છે; તે જ સર્વ સુખદુઃખ પ્રાપ્ત કરાવનાર છે. બીજા પર આધાર રાખી બેસી રહ્યે કંઈ નહીં વળે. 'આપ સમાન બળ નહીં, મેઘ સમાન જળ નહીં.' 'જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ' એમ કહ્યું છે તે બહુ સમજવાનું છે. બળ, પુરુષાર્થ, વિચાર, સમજણ કરી પોતે જ પોતાને છોડાવવાનો છે. સંસારના સુખ પણ આત્મા કંઈક



પુરુષાર્થ કરે છે ત્યારે પામે છે. કોઈ બીજાના બળથી નથી મળતું. તેમજ મોક્ષને માટે પણ પોતે પુરુષાર્થ કરવાનો છે. કૃપાળુદેવે પોતે કેવો પુરુષાર્થ કર્યો હતો! અન્ય જ્ઞાનીઓએ શું શું કર્યું ! તેમણે કહ્યું તેમ દેહાધ્યાસ મૂકો. મન, વચન, કાયાના યોગથી નિવર્તો. સંકલ્પ વિકલ્પ રહિત થાઓ. રાગદ્વેષ, ઇષ્ટાનિષ્ટ છોડો.'' (ઉ.પૃ.૪૪૧)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''પ્રશ્ન – પૂર્વકર્મથી પણ પ્રમાદ તો આવે ને?

ઉત્તર – આવે તો પૂર્વકર્મથી, પણ પુરુષાર્થ કરે નહીં તો પ્રમાદ જાય નહીં. પુરુષાર્થ માત્ર દેહથી તે નહીં; પણ ભાવના ઊંચી રાખવી તે. સત્સંગ સર્વથી બળવાન સાધન છે. પોતે પુરુષાર્થ ન કરે અને કહે કે કર્મ છે, કર્મ છે તો તો કોઈ મોક્ષે જાય નહીં. કર્મ તો જડ વસ્તુ છે. કર્મને કોણે બોલાવ્યાં? આત્માએ બોલાવ્યાં છે, અને જો આત્મા કહે કે મારે નથી જોઈતાં તો કર્મ આવીને કંઈ વળગતાં નથી. મહાવીર સ્વામીને ત્રેવીસ તીર્થંકર જેટલાં કર્મ હતાં, લાગલગાટ સાડાબાર વર્ષ પુરુષાર્થ કરીને ઘનઘાતી કર્મોને ક્ષય કરી નાખ્યા. પુરુષાર્થની જરૂર છે. ''પૂર્વકર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો.'' (૮૪) જ્યારથી સત્પુરુષની આજ્ઞા મળી ત્યારથી ચેતી લેવું. (બો.૧ પૃ.૪૦)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''પ્રારબ્ધાધીન દેહ છે. પુરુષાર્થ આધીન આત્મકલ્યાણ છેજી. આળસ અને પ્રમાદ જેવા કોઈ શત્રુ નથી, તેમને સોડમાં રાખી સૂવું ઘટતું નથી, દુશ્મન જાણી દૂર કરવા છે. જિંદગીના પાછલા ભાગમાં જેટલું બળ કરી કમાણી થાય તેટલી કરી લેવી ઘટે છેજી.'' (બો.૩ પૃ.૭૯૩)

''પ્રશ્ન – પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંબંધ સવિસ્તર સમજાવશોજી.

ઉત્તર – મનુષ્યભવ મળ્યો છે તે પ્રારબ્ધ છે. ''બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો.'' ત્યાં પુરુષાર્થની ખામી બતાવી. જીવે પૂર્વે પુરુષાર્થ કરેલો, પુણ્યાદિ બાંધેલાં તે અત્યારે પ્રારબ્ધના નામથી ઓળખાય છે. તે તે ભવમાં તેનું નામ પુરુષાર્થ હતું. માત્ર કાળભેદ છે. બીજા ભવોમાં પુણ્ય બાંધવાનો પુરુષાર્થ કર્યો તો મનુષ્યભવ મળ્યો. જેણે પુરુષાર્થ નહોતો કર્યો તે કીડી, કાગડા, કૂતરારૂપે અવતર્યા છે. પહેલાના પુરુષાર્થના ફળને અહીં પ્રારબ્ધ કહે છે. જે મોક્ષ થાય તેવો પુરુષાર્થ અત્યારે કરે છે તે ખરા પુરુષાર્થી છે, તેના ભવ કપાય છે. જે પ્રમાદ સેવે, પાપ બાંધે તે અવળો પુરુષાર્થ કરી મનુષ્યભવ હારી બેસે છે અને ચાર ગતિમાં ભટકે છે. ત્યાં તેને કાગડા-કૂતરાના ભવરૂપે પ્રારબ્ધ ભોગવવું પડે છે. 'પ્રવેશિકા'માં રાત્રિભોજન વિષેના પાઠમાં શિયાળનું દૃષ્ટાંત છે; તેમાં રાત્રે પાણી નહીં પીવાનો એટલે પાપમાં નહીં પ્રવર્તતાં વ્રત પાળવાનો પુરુષાર્થ તેણે કર્યો તો મનુષ્યભવ તે પામ્યું અને ત્યાં મોક્ષપુરુષાર્થથી મુક્ત થયું. આવું પ્રારબ્ધ-પુરુષાર્થનું સ્વરૂપ છે. જેણે પ્રારબ્ધ બાંધ્યું છે તે તેને ફેરવી શકે, નાશ કરી શકે છે. નાશ ન થઈ શકે તો કોઈ મોક્ષે જાય જ નહીં. માટે જ્ઞાનીની આજ્ઞા આરાધવાથી મુક્તિ મળે છે એમ દૃઢ કરી આજ્ઞા-આરાધનનો પુરુષાર્થ મનવચનકાયાના ત્રણે યોગે કર્તવ્ય છે.'' (બો.૩ પૃ.૭૭૮)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''અંગ્રેજોની ભૂમિ તે આંગ્લભૂમિ. તેમાં વસેલા તે આંગ્લભૌમિઓ. તેઓ રાજ્ય, વ્યાપાર, ઉદ્યોગ, હુન્નર વગેરે અનેક સંસાર સંબંધી કળા કૌશલ્યમાં વિજય પામ્યા છે, તેનું કારણ શું? ઉત્તર : તેઓ જે કામ હાથમાં લે તેમાં ખૂબ ઉત્સાહ રાખે અને બધા ભેગા મળીને સંપથી કરે. ઘણા માણસો સાથે મળીને સભા-સમાજ કે કંપની સ્થાપીને કામ ઉપાડે. તેમાં સારું કામ કરનારને ઉત્તેજન આપે, અને નવીન નવીન શોધ કરવાનો ઉત્સાહ રાખે. તેથી તેઓએ પૈસા મેળવ્યા, ન્યાયનીતિથી



કીર્તિ મેળવી અને રાજ્યો જીતી અધિકાર મેળવ્યો.

કૃપાળુદેવ કહે છે કે એ એમના ઉદાહરણ ઉપરથી ધનાદિ માટે કંપની કાઢવાનો હું અહીં બોધ કરતો નથી પણ ધર્મને માટે કહેવું છે કે સર્વજ્ઞ ભગવાને જે ગુપ્તતત્ત્વ એટલે આત્મા સંબંધી બોધ કર્યો છે તે અજ્ઞાત દશામાં આવી પડ્યો છે. તે બોધ સર્વના જાણવામાં આવે તે સારું મહાન આચાર્યોનાં રચેલાં શાસ્ત્રો જે ભંડારોમાં પડ્યાં છે તે એકત્ર કરી છપાવી પ્રકાશિત કરવાં, તેમજ ગચ્છમતભેદ ટાળવાં અને ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા માટે સદાચાર સેવનારા શ્રીમંત એટલે ધનવાન અને ધીમંત એટલે બુદ્ધિમાનોએ મળી એક મહાન સમાજની સ્થાપના કરવી, અને જૈન શાસનની ઉન્નતિ કરવા ભગવાને ઉપદેશેલો ધર્મ સ્યાદ્વાદ શૈલીથી પ્રસિદ્ધિમાં આણવો. સ્યાદ્વાદમતનું ઢંકાયેલું તત્ત્વ એટલે તેના અપ્રગટ શાસ્ત્રો પ્રગટ થાય તો જૈન સમાજ જાણી શકે કે જૈનમાં શું તત્ત્વ છે. એ હેતુથી પરમ કૃપાળુદેવના હાથે સ્થપાયેલ પરમશ્રુત પ્રભાવક મંડળ તરફથી સત્શાસ્ત્રોના પ્રકાશનની શરૂઆત થઈ હતી.

લક્ષ્મી, કીર્તિ, અધિકાર તો લૌકિક છે. પરંતુ ધર્મકળાકૌશલ્યથી તો સર્વ સિદ્ધિ એટલે મોક્ષ મળશે. મુખ્ય સમાજની અંદર પાછા ઉપસમાજ સ્થાપવા. પ્રકાશન વગેરેના કામો માટે સમિતિઓ સ્થાપે તે ઉપસમાજ. મતમતાંતર-મતભેદની ખેંચાખેંચ તજી દેવી. વાડામાં મતભેદ છે અને સમાજમાં એકતા છે માટે સમાજમાં આવવું યોગ્ય છે. હું ઇચ્છુ છું કે એમ થાય તો આખા મનુષ્યમંડળનું લક્ષ સત્ય પ્રત્યે દોરાય અને મમત્વ જાય. અર્થાત્ 'મારું તે સાચું' એમ ન કરતાં 'સાચું તે મારું' એવી ભાવનાથી ઘણા જીવોનું કલ્યાણ થાય.'' (પૃ.૨૧૪)

**'સ્ત્રીનીતિ બોધક'માંથી :– શાણી સુણ તું ઉદ્યમ કેરી વાતડી**

**''ઉદ્યમનો કરનારો ભૂખે નહીં મરે, ઉદ્યમથી તો સુધરે ડાહી કાજ જો;**
**ઉદ્યમ કરતાં શું નહીં પામે માનવી, દે પ્રત્યુત્તર તેનો તું તો આજ જો.'' શાણી સુણ૦**

**'શ્રી યશોવિજયજી કૃત ચોવીશી'માંથી :–**

**પ્રમાદીઓના દૃષ્ટાંત :–** ''ગામ બહાર ગંગાજી પ્રગટે પણ ત્યાં જવા જેટલો શ્રમ ન ઉઠાવાય અથવા વૃક્ષ ઉપર ફળ પરિપક્વ થયેલું હોય પણ તેને તોડીને ખાવા જેટલી પણ મહેનત ન થાય, તેમ ભૂખ્યાં માણસને કોઈ દયાળુ પુરુષ સુંદર ઘેવર આપવાનું કરે તે વખતે અક્કલહીન માણસ હાથ લાંબો ન કરે, તો એના કરતાં બીજી મોટી મૂર્ખતા કઈ હોઈ શકે? તેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો વખત પ્રાપ્ત થયા છતાં પ્રમાદ કરવામાં આવે તો મળેલી તક પણ ચાલી જાય, ફરી એવી તક મળવી દુર્લભ થાય અને છેવટે ઘણો પશ્ચાત્તાપ થાય. આવી રીતે પ્રમાદ કરનારને મૂર્ખ શિરોમણિનું ઉપનામ અપાય છે. કારણકે ધાર્મિક કાર્યો કરવામાં આજ કરીશું ! પાંચ દિવસ પછી કરીશું ! વૃદ્ધાવસ્થામાં કરીશું ! હાલ શી ઉતાવળ છે? એમ વાયદા કરી અમૂલ્ય સમય ગુમાવનાર પામર જીવો, જ્યારે અચાનક કાળના હાથમાં સપડાઈ જાય છે ત્યારે તે વખતે તેઓને બહુ પશ્ચાત્તાપ થાય છે, અને માઠી ગતિના ભાજન થવું પડે છે; માટે આત્માર્થી જીવોએ પ્રમાદનો જેમ બને તેમ પરિહાર કરી સ્વહિત કરવામાં વિના વિલંબે ઉદ્યમવંત થઈ જવું. ભાગ્યવંત જીવો જ સુખે આત્મહિત સાધી શકે છે અને તેઓને પસ્તાવાનો વખત આવતો નથી. (પૃ.૭૨)

## ૨૯૯. ખોટી સલાહ આપું નહીં. (ગૃ૦)

બીજાને દુઃખ થાય એવી સલાહ આપું નહીં.



**ગજસુકુમારના પૂર્વભવનું દૃષ્ટાંત –** એક શેઠ હતો. તેને બે સ્ત્રીઓ હતી. એક સ્ત્રીને પુત્ર થયો. એક દિવસે તે બાળકને માથું દુઃખવા આવ્યું. તેથી શોક્યને પૂછ્યું કે બેન આ છોકરાને માથું દુઃખે છે તો શું કરું? તેણે વિચાર્યું કે મારે પુત્ર નથી માટે એનો પુત્ર પણ મરી જાય તો સારું. એમ વિચારી તેણે કહ્યું : બેન ગરમ ગરમ રોટલો બનાવી એના માથા ઉપર મૂક, તેથી દુઃખાવો મટી જશે. તેણે બાળકના માથા ઉપર ગરમાગરમ રોટલો બાંધ્યો તેથી તે બાળક મરણ પામ્યો.

તે કર્મ ગજસુકુમારના ભવમાં ઉદય આવ્યું. તેના ફળમાં તેમના માથા ઉપર માટીની પાળ બાંધીને અંગારા ભરવામાં આવ્યા. માટે કોઈને ખોટી સલાહ આપું નહીં.

## ૩૦૦. પાપી સલાહ આપું નહીં.

જે સલાહ વડે જીવોની હિંસા થાય એવી પાપી સલાહ આપું નહીં. જેમકે આ કચરો પડ્યો છે તેને સળગાવી દો, અથવા બેઠા બેઠા શું કરો છો, કંઈ કારખાના વગેરે નાખો અથવા પંદર કર્માદાની ધંધા છે તે કરવા વગેરેની પાપી સલાહ આપું નહીં.

**'ઉપદેશપ્રાસાદભાષાંતર ભાગ-૧'માંથી :– પાપનું ફળ નરકગતિ**

**સુલસનું દૃષ્ટાંત –** ''રાજગૃહી નગરમાં અત્યંત નિર્દય, અભવ્ય અને હમેશાં પાંચસો પાડાનો વધ કરનાર કાલસૌકરિક નામનો કસાઈ રહેતો હતો. એકદા શ્રેણિક રાજાએ પોતાની નરકગતિનું નિવારણ કરવા માટે તેને એક કુવામાં ઊંધો લટકાવ્યો. તો ત્યાં પણ તેણે માટીના પાંચસો પાડા બનાવી તેનો વધ કર્યો. ત્યારે રાજાએ તેના હાથપગ બાંધી કુવામાં લટકાવ્યો. તે વખતે તેણે મનની કલ્પનાવડે સેંકડો પાડાઓ પાણીમાં દોરી તેનો વધ કર્યો. એ પ્રમાણે હમેશાં જીવહિંસા કરતાં તેણે અત્યંત પાપકર્મ ઉપાર્જન કરી સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું. મૃત્યુ સમય નજીક આવતાં તે કાલસૌકરિક રોગથી અત્યંત પીડા પામવા લાગ્યો. ત્યારે તેના પુત્ર સુલસે પિતાને શાંતિ થવા માટે મનોવાંછિત ખાનપાન, સુંદર ગીતગાન, સુકુમાર પુષ્પશય્યા અને સુગંધી ચંદનનો લેપ વગેરે ઘણા ઉત્તમ ઉપચારો કર્યા. તો પણ તેનાથી તેને જરા પણ સુખ થયું નહીં; પરંતુ ઊલટો વધારે દાહ થવા લાગ્યો. તેથી સુલસે અભયકુમાર પાસે જઈ તે વૃત્તાંત જણાવ્યું. તે સાંભળી અભયકુમારે કહ્યું : ''તારો પિતા નરકમાં જવાનો છે, માટે સુખના ઉપચારો તેને દુઃખના જ કારણભૂત થાય છે. માટે હવે તેને નીરસ ભોજન આપવું, ખારું જળ પીવા દેવું, ગધેડા અને કૂતરાના શબ્દો સંભળાવવા, ખરબચડી શય્યા પર સુવાડવો અને અશુચિનું વિલેપન કરવું; ઇત્યાદિ વિરુદ્ધ ઉપચાર કરવાથી તેને સુખ થશે.'' આ પ્રમાણે અભયકુમારના કહેવાથી સુલસે તેવા ઉપચાર કર્યા, તેથી કાલસૌકરિકને કાંઈક સુખ ઉત્પન્ન થયું. છેવટે તે મૃત્યુ પામી સાતમી નરકે ગયો. તેના પુત્ર સુલસે પાપનુ ફળ પ્રત્યક્ષ જોયું તેથી અને અભયકુમારના ઉપદેશથી તે શ્રી મહાવીર સ્વામીનો બાર વ્રતધારી શ્રાવક થયો.

એકદા સુલસને તેની માતા, બહેન વિગેરે સ્વજનોએ મળીને કહ્યું કે 'તું તારા પિતાની જેમ પાપકર્મ કર.'' ત્યારે તે બોલ્યો કે 'હું તેવું પાપકર્મ કદી પણ કરીશ નહીં, કેમકે તે પાપનો ભોક્તા હું જ થાઉં.' તે સાંભળીને તેઓ બોલ્યા કે 'ધનની જેમ તે પાપસમુહને પણ અમે વહેંચી લેશું.' ત્યારે સુલસે એક કુહાડાથી પોતાના પગ પર ઘા કર્યો અને તેની પીડાથી પૃથ્વી પર પડી ગયો. પછી તે બોલ્યો કે 'તમે પાપ


સુલસ
હું પાપનો ધંધો કરીશ નહીં


મારી પીડાને તમે બધા વહેંચી લો



વહેંચી લેવા કહો છો તો હમણાં આ મારી પીડા વહેંચી લ્યો, કેમકે મને ઘણું દુઃખ થાય છે.' ત્યારે તેઓ બોલ્યા કે 'તે કાંઈ વહેંચી લેવાય નહીં, તે તો જે કરે તે જ ભોગવે.' ત્યારે સુલસ બોલ્યો—'જ્યારે તમે આ પ્રત્યક્ષ પીડાને પણ વહેંચી લઈ શકતા નથી તો પાપ શી રીતે વહેંચી લેશો?' એમ તેઓને નિરુત્તર કરી દીધા અને જીંદગી પર્યંત જીવવધ કર્યો નહીં.

કાલસૌકરિકના પુત્ર સુલસની જેમ જેઓને સુગતિનો માર્ગ સુવિદિત છે, તેઓ મરણને ઇચ્છે પરંતુ મનથી પણ પરને પીડા કરે નહીં. અનુક્રમે સુલસ શ્રાદ્ધધર્મનું પ્રતિપાલન કરીને સ્વર્ગે ગયો. આમ કોઈને પાપી સલાહ આપું નહીં અને કોઈ આપે તો તે માનું નહીં. (પૃ.૧૭૩)

## ૩૦૧. ન્યાય વિરુદ્ધ કૃત્ય કરું નહીં. (૨-૩)

મુનિ કે ગૃહસ્થને પોતાના યોગ્ય આચાર પાળવા તે ન્યાય છે. તેથી વિરુદ્ધ વર્તવું તે અન્યાય છે. મુનિએ પાંચ મહાવ્રત લઈ તેમાં દોષ લગાડવા તે અન્યાય છે. જેમકે મુનિ વ્રત ગ્રહણ કરતાં ભગવાન પાસે આજ્ઞા લે છે કે હું જીવનપર્યંત સામાયિક એટલે સમભાવમાં રહીશ. પણ તે આજ્ઞા લઈ સમભાવમાં રહે નહીં તે અન્યાય છે. રાજાની આજ્ઞા વિરુદ્ધ કૃત્ય કરે તો તેને રાજા પણ શિક્ષા કરે છે, તો ત્રણલોકના નાથની આજ્ઞા શિરોધાર્ય કરી તેથી વિરુદ્ધ વર્તન કરવું તે ન્યાય નથી પણ અન્યાય છે. માટે ન્યાય વિરુદ્ધ કાર્ય કરું નહીં. ગૃહસ્થ હોય કે બ્રહ્મચારી હોય તે પોતાના આચાર પ્રમાણે પ્રવર્તે તે ન્યાય છે. તેથી વિપરીત વર્તન તે અન્યાય છે.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''અન્યાય ન કરે તો નીતિ કહેવાય. આ પ્રકારનો વ્યવહાર મને ન ઘટે એમ લાગતું હોય, તેમ છતાં લોભને લઈને એવો વ્યવહાર કરે તે અનીતિ જ છે. પ્રાણ જાય પણ મારે નીતિ છોડવી નથી, દુરાચાર સેવવો નથી, એમ જેને હોય તેને જ્ઞાનીનો બોધ પરિણામ પામે. પ્રાણ જાય પણ ધર્મ ન છોડવો એવું થાય ત્યારે ધર્મ પરિણમે. આ કાળમાં બહુ સાવચેતી રાખવાની જરૂર છે. સાતેય વ્યસન અનીતિ છે. એ સાત વ્યસનોનો ત્યાગ જીવ બરાબર પાળતો નથી. પાળે તો એમાં નીતિ બધી આવી જાય છે. આ વિપરીત કાળ વર્તે છે, માટે ક્ષણે ક્ષણે સાવચેતી રાખવાની છે.'' (બો.૧ પૃ.૩૩૦)

**'બોધામૃત ભાગ-૩'માંથી :– ન્યાય વિરુદ્ધ કૃત્ય કરનાર દુઃખ પામે**

**શ્રી રામનું દૃષ્ટાંત –** ''અત્યારે ન્યાયનીતિ પ્રમાણે પ્રવર્તન રાખવા ભલામણ છેજી. પ્રસિદ્ધ દૃષ્ટાંત રામાયણનું વિચારવા સૂચવું છું. રામે સીતાની સાથે લગ્ન કર્યું. પછી રામને વનવાસ જવું પડ્યું, તો સીતાજી સાથે પતિસેવા માટે ગયાં. રાવણે સીતાના રૂપની વાત સાંભળી અને રામને ઠગીને દૂર કર્યા. સીતાજીને હરી ગયો. સીતાજીનું શીલભંગ કરવા રાવણે માગણી કરી, પણ રાવણનું મન દુભાય છે એમ જાણવા છતાં અન્યાયમાર્ગ જાણી તેમણે તેની માગણી સ્વીકારી નહીં. રામે સીતાની શોધ કરી. હનુમાન આદિ દ્વારા સીતા પાછી મળે તો યુદ્ધ કરવું નથી એમ જણાવ્યું. પણ રાવણે માન્યું નહીં, તેથી લડાઈ કરી. જગતમાં ન્યાયમાર્ગ પ્રવર્તાવવા રાવણના આખા વંશનું નિકંદન કરવાનું કામ શ્રીરામને કરવું પડ્યું. આ બધું બહુ વિચારવું ઘટે છેજી.'' (બો.૩ પૃ.૨૯૧)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''પરધન ને પરસ્ત્રી એ નીતિની વિરુદ્ધ છે. ધર્મનો પાયો નીતિ છે, તેથી એ બન્નેનો લોભ મૂકે.'' (વ.પૃ.૧૦૨)

**'હિતશિક્ષાના રાસના રહસ્ય'માંથી :– ગમેતેવા સંકટમાં પણ ન્યાય સર્વોપરી માનું**

**યશોબ્રહ્મ રાજાનું દૃષ્ટાંત –** ''કલ્યાણકટકના સ્વામી યશોબ્રહ્મ રાજાએ પોતાના રાજ્યમાં



તુરંત ન્યાય અપાય છે તેવી પ્રસિદ્ધિને માટે એક ન્યાયઘંટ બાંધ્યો હતો. જેને ન્યાય જોઈતો હોય તે ત્યાં આવીને એ ઘંટ વગાડે, એટલે રાજા તેને તુરંત રાજસભામાં પોતાની સમક્ષ બોલાવી ન્યાય આપે. એકવાર રાજ્યની અધિષ્ટાયિકા દેવી રાજાના ન્યાયની પરીક્ષા કરવા માટે ત્યાં આવી અને વાછરડા સહિત ગાયનું રૂપ ધારણ કરીને રાજમાર્ગમાં ઊભી રહી. એવામાં રાજપુત્ર રથમાં બેસી તે રસ્તે નીકળ્યો. તેણે પ્રમાદથી ગાય પાસે બેઠેલ તેના વાછરડાનો પગ રથના પૈંડાવડે કચર્યો; જેથી તે વત્સ તરત જ મરણ પામ્યો, એટલે ગાય રુદન કરવા લાગી. તે સાંભળી લોકો તેને કહેવા લાગ્યા કે - 'તું રાજા પાસે ન્યાય કરાવવા જા.' ગાય ત્યાંથી રાજમંદિર પાસે ગઈ અને પોતાના શૃંગ વડે તેણે નીતિઘંટ વગાડ્યો. તે વખતે રાજા જમતો હતો. પોતાની અચળ પ્રતિજ્ઞા હોવાથી રાજા ઘંટનો અવાજ સાંભળી જમવાનું અધુરૂં મૂકી ઊઠ્યો. બહાર આવી જોયું તો એક ગાય ઘંટ વગાડે છે. રાજાએ તેને પૂછ્યું 'તારો કોણે પરાભવ કર્યો જેથી તું ન્યાય માગે છે.' ગાયે પોતાનો વાછરડો રાજાને બતાવ્યો. રાજાએ જાણ્યું કે 'આ વાછરડાનો પગ કોઈ વાહનવાળાએ કચર્યો છે, તેથી તે મરી ગયો છે, તે માટે ગાય ફરિયાદ કરે છે.'' રાજાએ જાહેર કર્યું કે - 'આ ગુનાનો ગુનેગાર હાથ લાગશે ત્યારપછી હું જમીશ. આ વાક્ય સાંભળીને રાજકુમાર કે જે નજીકમાંજ ઊભો હતો તેણે કહ્યું કે - 'મારા પ્રમાદથી આ વત્સ મરી ગયો છે, માટે મને યોગ્ય દંડ આપો.'

રાજાએ તરત જ સ્મૃતિશાસ્ત્રના જાણવાવાળા અને દંડનીતિમાં કુશળ એવા વિદ્વાનોને બોલાવ્યા અને રાજકુમારને શો દંડ આપવો તે પૂછ્યું. તેઓ બોલ્યા કે - હે રાજન! તમારે રાજને યોગ્ય આ એક જ પુત્ર છે તો તેને માટે શું દંડ બતાવીએ? રાજા બોલ્યા કે - 'રાજ્ય કોનું ને પુત્ર કોનો? મારે તો ન્યાય કરવો છે, માટે ન્યાય બતાવો. રાજા તો તે જ કહેવાય કે જે દુષ્ટનું દમન કરે, સંતનું પોષણ કરે, ન્યાય વડે રાજ્યભંડાર ભરે, કોઈનો પણ પક્ષપાત ન કરે અને મિત્રોને સંભાળે. આવા પાંચ બોલ સાધે તે જ રાજા કહેવાય-બીજો નહીં, માટે મારે તો ન્યાય કરવો છે. એટલે પંડિતો બોલ્યા કે - જેણે જેવું કામ કર્યું હોય તેને તેવો બદલો આપવો તે નીતિ છે.' એટલે તરત જ રાજાએ રથ મંગાવ્યો અને રાજપુત્રને રાજમાર્ગે સુવાડ્યો. પછી સેવકોને હુકમ કર્યો કે - 'રાજપુત્રના પગ ઉપર થઈને રથ ચલાવો.' પણ કોઈએ રથ ચલાવ્યો નહીં, એટલે મંત્રીના વાર્યા છતાં રાજા પોતે રથ ઉપર બેઠો અને કુમારના પગ પર રથ ચલાવ્યો. તે જ વખતે રાજ્યની અધિષ્ઠાયિકા દેવી પ્રગટ થઈ, રાજાની ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને પોતે રાજાની પરીક્ષા કરવા માટે આવી હતી એ હકીકત કહીને રાજાને ધન્યવાદ આપ્યા કે - 'તેં પુત્રની પણ દરકાર ન કરતાં ન્યાય કર્યો, માટે તું ખરેખરો રાજા છે.' આ પ્રમાણે કહીને દેવી અંતર્ધાન થઈ ગઈ' અને રાજાની સર્વત્ર પ્રશંસા થઈ. આવા ન્યાય કરનારા રાજા તે ખરા રાજા સમજવા.'' (પૃ.૯૫) આમ ગમે તેવી આપત્તિ આવી પડે તો પણ ન્યાય વિરુદ્ધ કૃત્ય કરું નહીં.

## ૩૦૨. ખોટી આશા કોઈને આપું નહીં. (ગૃ૦મુ૦બ્ર૦ઉ૦)

ગૃહસ્થ હોય અને કહે કે હું બધું તમારું કામ કરી આપીશ. આમ પ્રથમ બહુ આશા આપી પછી કંઈ કરે નહીં અથવા હું તમને પાંચ દશ હજાર રૂપિયા આપીશ એમ કહે પણ આપે નહીં તેથી સામો માણસ નિરાશ થાય અને કહેનારનો વિશ્વાસ ઊઠી જાય.

તેમ કોઈ મુનિ હોય અને કહે કે તમે અમુક જાપ જપો, પદ્માવતીની માળા ફેરવો વગેરે. તેથી તમારું કામ બધું થઈ જશે. તે જો ન થાય ત્યારે તેને એમ થાય કે આ બધું જાૂઠાણું છે. ધર્મ વગેરે કંઈ કરવા



જેવું નથી. એમ ધર્મ પ્રત્યેથી કદાચ તેની આસ્થા ઊઠી જાય. પણ તેને સ્પષ્ટ કહેવું જોઈએ કે એ તો તમારા પૂર્વે બાંધેલા કર્મના ઉદય છે. એમાં કોઈ ફેરફાર કરી શકે નહીં. પોતાના બાંધેલા પોતાને જ ભોગવવા પડે છે. હવે જો દુઃખ ન ગમતું હોય તો નવું પાપ ન બંધાય તેમ કરો અને ભક્તિ સત્સંગમાં કાળ ગાળો તો ભવિષ્યમાં બધું સારું થઈ જશે.

પોતે કંઈ કરવા સમર્થ હોય નહીં અને બીજાને તત્કાળ રાજી કરવા આશા આપે; પછી તેમ કરે નહીં અથવા તેનાથી થાય નહીં. તેથી સામા માણસનું દિલ દુભાવવાનું કારણ થાય; માટે કોઈને એવી ખોટી આશા આપું નહીં.

## ૩૦૩. અસત્ય વચન આપું નહીં.

અસત્ય એટલે જાુઠું વચન આપું નહીં. કોઈને વચન આપતા પ્રથમ વિચારું કે તે પ્રમાણે હું કરી શકીશ કે નહીં? સમય, શક્તિ અને સાથીદાર જોતાં લાગે કે તે પ્રમાણે હું કરી શકીશ, તો જ વચન આપું. વચન પ્રમાણે ન વર્તાય તો અવિશ્વાસ, અપકીર્તિ આદિ અનેક દોષો ઊભા થાય. માટે કોઈને અસત્ય વચન આપું નહીં. પણ શક્તિ પ્રમાણે વિચારીને જ વાત કરું.

**'સમાધિસોપાન'માંથી :–** ''વિષ ભળવાથી મિષ્ટ ભોજનનો નાશ થાય છે, તેમ અસત્ય વચનથી અપ્રતીતિ, અપકીર્તિ, અપવાદ, પોતાને અને પરને દુઃખ, અરતિ, કલહ, વેર, શોક, વધ, બંધન, મરણ, જિહ્વાછેદન, સર્વસ્વહરણ, કેદની સજા, દુર્ધ્યાન, અકાળ મૃત્યુ, વ્રત-તપ-શીલ-સંયમનો નાશ,નરક આદિ દુર્ગતિ, ભગવાનની આજ્ઞાનો ભંગ, પરમાગમથી વિમુખતા, ઘોર પાપ ઇત્યાદિ હજારો દોષો પ્રગટ થાય છે.'' (પૃ.૨૮૫)

## ૩૦૪. સત્ય વચન ભંગ કરું નહીં.

વસુરાજાએ સત્ય વચનનો ભંગ કર્યો તો તેનું પરિણામ નરકગતિ આવ્યું તે દૃષ્ટાંત નીચે પ્રમાણે છેઃ

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''વસુરાજાનું એક શબ્દનું અસત્ય બોલવું કેટલું દુઃખદાયક થયું હતું. તે તત્ત્વવિચાર કરવા માટે અહીં હું કહું છું.''

**વસુરાજાનું દૃષ્ટાંત –** ''વસુરાજા, નારદ અને પર્વત એ ત્રણે એક ગુરુ પાસેથી વિદ્યા ભણ્યા હતા. પર્વત અધ્યાપકનો પુત્ર હતો; અધ્યાપકે કાળ કર્યો. એથી પર્વત તેની મા સહિત વસુરાજાના દરબારમાં આવી, રહ્યો હતો. એક રાત્રે તેની મા પાસે બેઠી છે; અને પર્વત તથા નારદ શાસ્ત્રાભ્યાસ કરે છે. એમાં એક વચન પર્વત એવું બોલ્યો કે, 'અજાહોતવ્યં'. ત્યારે નારદ બોલ્યો, ''અજ તે શું પર્વત?'' પર્વતે કહ્યું, ''અજ તે બોકડો.'' નારદ બોલ્યો : ''આપણે ત્રણે જણ તારા પિતા કને ભણતા હતા ત્યારે તારા પિતાએ તો 'અજ' તે ત્રણ વર્ષની 'વ્રીહિ' કહી છે; અને તું અવળું શા માટે કહે છે?'' એમ પરસ્પર વચનવિવાદ વધ્યો. ત્યારે પર્વતે કહ્યું : ''આપણને વસુરાજા કહે તે ખરું'' એ વાતની નારદે પણ હા કહી અને જીતે તેને માટે અમુક શરત કરી. પર્વતની મા જે પાસે બેઠી હતી તેણે આ સાંભળ્યું. 'અજ' એટલે 'વ્રીહિ' એમ તેને પણ યાદ હતું. શરતમાં પોતાનો પુત્ર હારશે એવા ભયથી પર્વતની મા રાત્રે રાજા પાસે ગઈ અને પૂછ્યું; ''રાજા! 'અજ' એટલે શું?'' વસુરાજાએ સંબંધપૂર્વક કહ્યું : ''અજ એટલે વ્રીહિ''. ત્યારે પર્વતની માએ રાજાને કહ્યું : ''મારા પુત્રથી બોકડો કહેવાયો છે માટે તેનો પક્ષ કરવો પડશે; તમને પૂછવા માટે તેઓ આવશે.'' વસુરાજા બોલ્યો : ''હું અસત્ય કેમ કહું? મારાથી એ બની શકે નહીં.'' પર્વતની



માએ કહ્યું : ''પણ જો તમે મારા પુત્રનો પક્ષ નહીં કરો તો તમને હું હત્યા આપીશ.'' રાજા વિચારમાં પડી ગયો કે, સત્ય વડે કરીને હું મણિમય સિંહાસન પર અદ્ધર બેસું છું. લોકસમુદાયને ન્યાય આપું છું. લોક પણ એમ જાણે છે કે, રાજા સત્યગુણે કરીને સિંહાસન પર અંતરીક્ષ બેસે છે; હવે કેમ કરવું? જો પર્વતનો પક્ષ ન કરું તો બ્રાહ્મણી મરે છે; એ વળી મારા ગુરુની સ્ત્રી છે. ન ચાલતાં છેવટે રાજાએ બ્રાહ્મણીને કહ્યું : ''તમે ભલે જાઓ. હું પર્વતનો પક્ષ કરીશ.'' આવો નિશ્ચય કરાવીને પર્વતની મા ઘેર આવી. પ્રભાતે નારદ, પર્વત અને તેની મા વિવાદ કરતાં રાજા પાસે આવ્યાં. રાજા અજાણ થઈ પૂછવા લાગ્યો કે ''પર્વત, શું છે?'' પર્વતે કહ્યું : ''રાજાધિરાજ! 'અજ' તે શું? તે કહો.'' રાજાએ નારદને પૂછ્યું : ''તમે શું કહો છો? નારદે કહ્યું : 'અજ' તે ત્રણ વર્ષની 'વ્રીહિ', તમને ક્યાં નથી સાંભરતું ? વસુરાજા બોલ્યા : 'અજ' એટલે 'બોકડો', પણ 'વ્રીહિ' નહીં. તે જ વેળા દેવતાએ સિંહાસનથી ઉછાળી હેઠો નાખ્યો; વસુ કાળ પરિણામ પામ્યો.

આ ઉપરથી આપણે 'સઘળાએ સત્ય, તેમજ રાજાએ સત્ય અને ન્યાય બન્ને ગ્રહણ કરવારૂપ છે,' એ મુખ્ય બોધ મળે છે. જે પાંચ મહાવ્રત ભગવાને પ્રણીત કર્યાં છે; તેમાંના પ્રથમ મહાવ્રતની રક્ષાને માટે બાકીના ચાર વ્રત વાડરૂપે છે; અને તેમાં પણ પહેલી વાડ તે સત્ય મહાવ્રત છે. એ સત્યના અનેક ભેદ સિદ્ધાંતથી શ્રુત કરવા અવશ્યના છે.'' (વ.પૃ.૭૪)

**'સમાધિસોપાન'માંથી :–** ''સત્યવાદીમાં સર્વ ગુણ વસે છે; કપટ આદિ દોષરહિત તે જગતમાં અહીં માન પામે છે અને પરલોકમાં અનેક દેવ, મનુષ્યો આદિ તેની આજ્ઞા ઉઠાવે છે. અસત્યવાદી આ લોકમાં જ નિંદાને પાત્ર થાય છે, કોઈ તેનો વિશ્વાસ કરતું નથી; તેનાં સગાં, મિત્રો વગેરે પણ તેનું અપમાન કરી સર્વ ધન હરણ કરી લે છે. વળી પરભવમાં તિર્યંચ ગતિમાં વચન રહિત એકેંદ્રિય, બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય આદિના ભવમાં અસંખ્યાત દેહ ધારણ કરે છે. તેથી સત્ય-ધર્મનું ધારણ કરવું શ્રેષ્ઠ છે.'' (પૃ. ૩૧૫)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''સત્યને આધારે ધર્મ રહ્યો છે. ધર્મ, રાજ, નીતિ અને વ્યવહાર સત્યને આધારે ચાલે છે. સત્ય બધાનો થાંભલો છે. દયા પળે છે તે સત્યને લઈને પળે છે. જ્યાં હિંસા થાય, પાપ થાય ત્યાં સત્ય હોય નહીં. સત્યવચન દયાધર્મનું મૂળ કારણ છે. સત્ય વગર વિશ્વાસ ન થાય. સત્ય પરમ ધ્યેય છે. કૃપાળુદેવ કહે છે કે 'પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ!' જેને સત્ય આવ્યું તેને મોક્ષ છે.'' (બો.૧ પૃ.૧૦૪)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''વચન સત્ય, શૌચ, શાંત, મધુર, કોમળ બોલવું. આત્માર્થીને કષાયની ઉપશાંતતા હોય છે. સત્ય જગતનો આધાર છે. જેવું હોય તેવું બોલવું એ ઉત્તમ ગુણ છે. ક્રોધથી, માનથી, માયાથી, લોભથી વચન બોલીશ નહીં. કષાયરહિત વચન બોલવું. મધુરતા એ આત્માનો ગુણ છે. આત્મા ભણી વૃત્તિ રહે તો મીઠાશ રહે, શાંતિ રહે. ભગવાનનાં વચન મીઠાં લાગે છે. અંદરથી માન સહિત બોલે તો સાંભળનારને કાંટો વાગે તેવું લાગે. કોમળ વચન બોલવું. સત્યને લઈને વિશ્વાસે વહાણ ચાલે છે. કર્મ ન બંધાય એવો લક્ષ રાખી બોલવું પડે તો બોલવું.'' (બો.૨ પૃ.૬)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'ના આધારે :–**

**હંસરાજાનું દૃષ્ટાંત – સત્યનો સદા જય.** ''રાજપુરીમાં હંસ નામે એક રાજા હતો. એક વખતે તે ઉપવનની શોભા જોવા માટે નગર બહાર ગયો. ત્યાં વનમાં એક મુનિ તેના જોવામાં આવ્યા.



રાજા તેમની પાસે બેઠો એટલે મુનિએ આ પ્રમાણે ધર્મદેશના આપી.

"સત્ય યશનું મૂળ છે. સત્ય વિશ્વાસનું પરમ કારણ છે. સત્ય સ્વર્ગનું દ્વાર છે અને સત્ય સિદ્ધિનું સોપાન એટલે પગથિયું છે. વળી જેઓ અસત્ય બોલે છે તેઓ ભવાંતરે દુર્ગંધી મુખવાળા, અનિષ્ટ વચનના બોલનારા, કઠોરભાષી, બોબડા અને મુંગા થાય છે. આ સર્વ અસત્ય વચનના પરિણામ છે." આવી ધર્મદેશના સાંભળી હંસરાજાએ સત્યવ્રત ગ્રહણ કર્યું. એકવાર યક્ષે તેના સત્યવ્રતની પરીક્ષા કરવા માટે ઘોડે સવાર થઈ આવીને પૂછ્યું કે , 'અરે પાંથ! અમારા શત્રુ હંસરાજાને તેં કોઈ ઠેકાણે જોયો છે? એ અમારે કટ્ટો શત્રુ છે. તેથી અમારે તેનો વિનાશ કરવો છે.' રાજા હંસ અસત્યના ભયથી બોલ્યો કે – 'હું પોતે જ હંસ છું.' આ સાંભળી તેઓએ ક્રોધથી રાજાના મસ્તક ઉપર ખડ્ગનો પ્રહાર કર્યો. પરંતુ તે જ વખતે ખડ્ગના સેંકડો કટકા થઈ ગયા અને રાજાની ઉપર પુષ્પવૃષ્ટિ થઈ. તત્કાળ તે યક્ષ પ્રત્યક્ષ થઈને બોલ્યો કે – 'હે સત્યવાદી રાજા! તમે ચિરકાળ જય પામો.'

## ૩૦૫. પાંચ સમિતિને ધારણ કરું. (મુ૦)

આજ્ઞા સહિત ,ઉપયોગપૂર્વક, પ્રમાદ રહિતપણે વર્તન કરવું તેનું નામ સમિતિ છે. એ પાંચ સમિતિ મહાવ્રતી તથા અણુવ્રત ધારીને પાળવાની હોય છે. તે નીચે પ્રમાણે છે :

**'સહજસુખ સાધન'માંથી :– પાંચ સમિતિ :** પાંચ મહાવ્રતોની રક્ષા માટે પાંચ સમિતિનું પાલન કરવું. પ્રમાદ રહિત વર્તનને સમિતિ કહે છે.

**ઈર્યા સમિતિ :** જંતુ રહિત પ્રાસુક, પહેલાં બીજા જીવો ચાલ્યા હોય તેવી ભૂમિ ઉપર દિવસનાં પ્રકાશમાં ચાર હાથ આગળ નજર રાખીને ચાલવું.

**ભાષા સમિતિ :** શુદ્ધ મિષ્ટ (મધુર) હિતકારી ભાષા બોલવી.

**એષણા સમિતિ :** સાધુને માટે ન બનાવ્યું હોય તેવું શુદ્ધ ભોજન ભિક્ષાવૃત્તિથી લેવું.

**આદાનનિક્ષેપણ સમિતિ :** કોઈ વસ્તુને દેખીને રાખવી ઉઠાવવી.

**પ્રતિષ્ઠાપના અથવા ઉત્સર્ગ સમિતિ :** મળમૂત્ર, નિર્જંતુક જમીન ઉપર જોઈને કરવાં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** "જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું પડે તો બોલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો. એ પ્રકારે પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ કહી છે. જે જે સંયમમાં પ્રવર્તવાના બીજા પ્રકારો ઉપદેશ્યા છે, તે તે સર્વ આ પાંચ સમિતિમાં સમાય છે; અર્થાત્ જે કંઈ નિર્ગ્રંથને પ્રવૃત્તિ કરવાની આજ્ઞા આપી છે, તે પ્રવૃત્તિમાંથી જે પ્રવૃત્તિ ત્યાગ કરવી અશક્ય છે, તેની જ આજ્ઞા આપી છે; અને તે એવા પ્રકારમાં આપી છે કે મુખ્ય હેતુ જે અંતર્મુખ ઉપયોગ તેને જેમ અસ્ખલિતતા રહે તેમ આપી છે. તે જ પ્રમાણે વર્તાવામાં આવે તો ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે; અને જે જે સમયે જીવની જેટલી જેટલી જ્ઞાનશક્તિ તથા વીર્યશક્તિ છે તે તે અપ્રમત્ત રહ્યા કરે." (વ.પૃ.૫૯૬)

**'ઉપદેશામૃત'માંથી :–** "(પાંચ સમિતિ વિષે પત્રાંક ૭૬૭ વંચાતા) આમાં અપૂર્વ વાત જણાવેલી છે.

**"પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે દેખે પરમ નિધાન, જિનેશ્વર."**



એમાં પ્રવચન અંજન કહ્યું છે તે આ પત્રમાં છે. ત્રણ ગુપ્તિ-મન, વચન, કાયાની અને પાંચ સમિતિ-આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું, ચાલવું, આહાર ગ્રહણ કરવો, વસ્ત્રાદિ લેવાં મૂકવાં અને નિહારક્રિયા (મળ-ત્યાગ વગેરે) આમ આઠે બાબતોમાં આજ્ઞાનો ઉપયોગ રાખીને વર્તે તે 'પ્રવચન અંજન'. ઘટપટ વિષે બોલતા પહેલાં આત્મા તરફ ઉપયોગ રહે. પહેલો આત્મા અને પછી બીજું. જ્યાં જુએ ત્યાં આત્મા, આત્મા, આત્મા. રોમેરોમ એ સાચો, સાચો, સાચો થઈ રહ્યું છે. (ઉ.પૃ.૨૮૧)

**'બોધામૃત ભાગ-૧'માંથી –**''જ્ઞાનનું ફળ વિરતિ આવવું જોઈએ. જાણીને પાછું અનુસરવું જોઈએ.

**''આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી;**
**તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી.''**

એટલે શું ? આઠ સમિતિઓ કઈ કઈ ? પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ એ આઠ સમિતિ છે. આઠ સમિતિનું જો યથાર્થ જ્ઞાન થાય તો એટલામાં બધા પ્રવચનનો સાર આવી જાય છે. મન, વચન અને કાયાને યથાર્થ પ્રવર્તાવવાં એટલે અશુભમાં ન પ્રવર્તાવવાં અને ઈર્યાસમિતિ એટલે ચાલવું પડે તો જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલવું. વચન બોલવું પડે તો તે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે બોલવું. મળમૂત્ર વિસર્જન કરવાં પડે તો જ્ઞાનીની આજ્ઞાએ કરવાં. વસ્તુ લેવી મૂકવી પડે તો જ્ઞાનીની આજ્ઞાએ લેવી મૂકવી. આહાર લેવો પડે તો જ્ઞાનીની આજ્ઞાએ લેવો. આટલામાં બધું આવી જાય છે. આજ્ઞાએ વર્તે તો ધર્મ થાય. એ ચારિત્ર છે. મોક્ષનો ઉપાય સુધર્મ છે, યથાર્થ વર્તન છે. જે જ્ઞાન મોક્ષને માટે થાય તે જ્ઞાન છે.'' (બો.૧ પૃ.૩૩૩)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, એને આઠ સમિતિ કહેવાય છે. આઠ સમિતિ જેટલું જ્ઞાન જો જ્ઞાનીપુરુષ પાસેથી શીખી લે તો એને સમ્યગ્જ્ઞાન કહેવાય. 'માષતુષ' જપનાર મુનિને બીજું વિશેષ જ્ઞાન નહોતું. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જેટલું જ્ઞાન હતું. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જ્ઞાન છે, તે મોક્ષ અપાવે એવું છે. સમિતિ ગુપ્તિ જાણી તેથી એ માર્ગાનુસારી થયો, મોક્ષમાર્ગે વળ્યો.'' (બો.૨ પૃ.૭૦)

**'ધર્મામૃત'માંથી :–** ''જે સમિતિના યોગે સાધુ, પાણી વડે કમળ લેપાય નહીં તેમ, અન્ય જીવોનો વધ થવા છતાં પાપથી લેશમાત્ર પણ લેપાતા નથી, જે સમિતિનો અનાદર કરવાથી સાધુ પરની હિંસા ન થાય તો પણ કર્મથી અતિશય બંધાય છે, જે સમિતિના યોગથી અણુવ્રત અને મહાવ્રત એ બન્ને સંયમપદમાં આરૂઢ થઈને શોભે છે તથા ગુપ્તિઓ દેદીપ્યમાન થાય છે તે સમિતિઓ સજ્જનપુરુષોએ નિત્ય સેવવા યોગ્ય છે. કહ્યું છે કે –

संजमविरईणं को भेदो ? ससमिदि महव्वयाणुव्वयाइं ।
संजमो समिदीहिं विणा महव्वयाणुव्वयाइं विरदी ।।

**અર્થ** –સંયમ અને વિરતિમાં શો ભેદ? તેના ઉત્તરમાં કહે છે કે સમિતિસહિત અણુવ્રત કે મહાવ્રતમાં પ્રવર્તવું તે સંયમ છે અને સમિતિરહિત અણુવ્રત કે મહાવ્રત ધારવાં તે વિરતિ છે. અર્થાત્ વ્રત લેવાં તે વિરતિ અને તેને સમિતિપૂર્વક આચરવાં તે સંયમ છે. સંયમને મોક્ષનો ઉપાય કહેલ છે.'' (પૃ.૨૦૨)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર-૪'માંથી :– ગુરુ કહે તેમ કરવામાં જીવનું કલ્યાણ**

**સોમિલ બ્રાહ્મણનું દૃષ્ટાંત –** ''શરીરની પ્રમાર્જના કરવામાં પણ પ્રમાદરહિત થવું. પ્રસન્નચંદ્ર રાજાના ભાઈ વલ્કલચિરિ ધૂળથી ભરાયેલાં વસ્ત્રોની પ્રમાર્જના કરતાં કેવળજ્ઞાન પામ્યા હતા. તથા કોઈ



સોમિલ નામના બ્રાહ્મણે દીક્ષા લીધી હતી. તેને એકદા ગુરુએ ગ્રામાંતર જવાના વિચારથી કહ્યું કે 'પાત્રાદિકની પડિલેહણા કર' એટલે તે સોમિલે પડિલેહણા કરી. પછી કાંઈ કારણ બનવાથી ગુરુએ વિહાર કર્યો નહીં, એટલે ફરીથી ગુરુએ તેને કહ્યું કે ''પાત્રાદિક પ્રમાર્જના એટલે ઉપયોગપૂર્વક સાફ કરીને તેને સ્થાને પાછા મૂક.'' ત્યારે સોમિલ શિષ્ય બોલ્યો કે ''હમણાં જ પડિલેહણ કરી છે, શું પાત્રાદિકમાં સર્પ પેસી ગયો છે કે વારંવાર પડિલેહણ કરવાનું કહો છો?'' આ પ્રમાણે તેનું અયોગ્ય વચન સાંભળીને શાસનદેવતાએ ક્રોધથી પાત્રમાં સર્પ વિકુર્વ્યો. તે જોઈને સોમિલ ભય પામ્યો અને ગુરુ પાસે ક્ષમા માગી. ત્યારે ગુરુ બોલ્યા કે ''તે કાંઈ મારું કાર્ય નથી.'' પછી દેવ બોલ્યો કે ''તે સાધુને બોધ કરવા માટે મેં સર્પ વિકુર્વ્યો છે, કેમકે સર્વ કાર્યો મુનિએ પ્રમાર્જનાપૂર્વક કરવાનાં છે.'' તે સાંભળીને સોમિલે આદાન નિક્ષેપ સમિતિ ધારણ કરી. અનુક્રમે તે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો.

'પારિષ્ઠાપનિકા સમિતિ' શ્રી જ્ઞાતાસૂત્રના છઠ્ઠા અંગમાં વર્ણવેલા શ્રી ધર્મરુચિસાધુની જેમ પાળવી.

**ધર્મરુચિમુનિનું દૃષ્ટાંત –** ''એકદા ધર્મઘોષસૂરિના શિષ્ય શ્રી ધર્મરુચિમુનિ ગોચરી માટે ગયા હતા. તેમાં એક નાગશ્રી નામની બ્રાહ્મણીએ કડવી તુંબડીનું શાક વહોરાવ્યું, તે તેણે ગુરુને બતાવ્યું. ગુરુએ તે શાક અયોગ્ય અને પ્રાણનાશક જાણીને શિષ્યને કહ્યું કે ''આ શાકને શુદ્ધ સ્થંડિલે પરઠવી આવો.'' એટલે શિષ્યે ઉપર કહી તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિએ જઈને વિચાર્યું કે '' આ શાકમાં એવો શો દોષ હશે કે તેને પરઠવા માટે ગુરુએ આજ્ઞા આપી?'' પછી તેના દોષની પરીક્ષા કરવા માટે શિષ્યે તે શાકમાંથી એક બિંદુ પૃથ્વી ઉપર મૂક્યું, તેના ગંધથી લુબ્ધ થઈને અનેક કીડીઓ ત્યાં આવી, અને તેનો રસ લેતાં જ તત્કાળ મૃત્યુ પામી. તે જોઈને તે સાધુને દયા આવવાથી તેણે વિચાર્યું કે ''નિર્દોષ ભૂમિમાં પણ કીડીઓ વિગેરે દૂરથી આવે છે, તો તેવું શુદ્ધ સ્થંડિલ તો કોઈ પણ ઠેકાણું જણાતું નથી, અને ગુરુએ તો શુદ્ધ સ્થંડિલમાં જઈને પરઠવવાની આજ્ઞા આપી છે તેથી મારા શરીર જેવું બીજું કોઈ સ્થંડિલ હું શુદ્ધ જોતો નથી, માટે આ શાક તેમાં જ પરઠવવું યોગ્ય છે.'' એમ વિચારીને તે શાક તેણે પોતે જ વાપર્યું અને તે જ વખતે અનશન લઈને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવતા થયાં.

## ૩૦૬. અવિનયથી બેસું નહીં.

ગુરુ આગળ કે વડીલો સમક્ષ વિનય, વિવેક કે સભ્યતાથી બેસું. પણ અવિનયથી બેસું નહીં.

**'ઉપદેશામૃત'માંથી :–** સર્વ શાસ્ત્રોનો સાર અને મોક્ષ પામવાનો માર્ગ કે સમકિતનું કારણ એ વિનય છે. વિનયથી પાત્રતા યોગ્યતા આવે છે. ધર્મનું મૂળ વિનય છે. સેવાની ભાવના રાખવી, લઘુતા રાખવી, ગુરુથી અતિ દૂર નહીં તેમ અતિ પાસે નહીં તેમ બેસવું, નીચે આસને બેસવું, આજ્ઞા સિવાય શરીરે પણ અડવું નહીં. એ બધા વિનયના રસ્તા છે. પ્રાયશ્ચિત્ત વડે દોષોની શુદ્ધિ કરવી. ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવ તજવાં. (ઉ.પૃ.૨૯૫)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :–** ગુરુના ડાબે તથા જમણે પડખે બેસવું નહીં; તેમ બેસવાથી ગુરુના સરખા આસને બેસવા રૂપ અવિનય થાય. સન્મુખ બેસવું નહીં; તેમ કરવાથી વંદના કરનાર લોકોને ગુરુનું મુખ દેખાય નહીં; તેથી તેમને અપ્રીતિ થાય. તેમજ ગુરુની પાછળ બેસવું નહીં; તેમ



કરવાથી બન્નેનું મુખ જોવાય નહીં, તેથી રસ આવે નહીં. પોતાનાં ઢીંચણ સાથે ગુરુનો ઢીંચણ અડકાવવો નહીં, તથા શય્યામાં સૂતા અથવા બેઠા ગુરુનું વાક્ય સાંભળવું નહીં; પણ ગુરુ બોલે કે તરત જ તેમની પાસે જઈને તેના ચરણકમળમાં નમીને 'મારા પર ગુરુની બહુ કૃપા છે' એમ મનમાં માનીને **'ભગવન્! ઇચ્છામો અનુશિષ્ટિં'** હે ગુરુ! શી આજ્ઞા છે? એમ પૂછવું. તેમજ શિષ્યે વિનયગુણવડે ગુરુને પ્રસન્ન કરવા. (પૃ.૧૯૯)

## ૩૦૭. ખોટા મંડળમાં જઉં નહીં. (ગૃ૦મુ૦)

નવરાત્રિમાં સ્ત્રી પુરુષો સાથે ગરબા કરે, કે ક્લબોમાં કે પાર્ટીઓમાં જાુગાર રમે, દારૂ પીએ; એવા મંડળોમાં ઉત્તમ ગૃહસ્થે જવું નહીં. કારણ એ કુસંગતિ છે. તેમાં જવાથી ધર્મ ભાવનાને હાનિ પહોંચે છે. જ્યાં વિષય કષાયને પોષણ મળે તે બધા ખોટા મંડળ છે. તેથી ઉત્તમ ગૃહસ્થોએ આત્માના હિત માટે અવશ્ય આવા મંડળોનો ત્યાગ કરવો. મુનિઓને તો તેનો નિષેધ છે જ.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જેનાથી હંમેશનો પરિચય રહી રાગ, રંગ, ગાન, તાન અને સ્વાદિષ્ટ ભોજન સેવાતાં હોય તે તમને ગમે તેવો પ્રિય હોય તો પણ નિશ્ચય માનજો કે તે સત્સંગ નથી પણ કુસંગ છે.'' (પૃ.૭૫)

## ૩૦૮. વેશ્યા સામી દૃષ્ટિ કરું નહીં.

માંસ મદિરાથી ગંધાતી અને નરકમાં લઈ જનાર એવી વેશ્યા સામી દૃષ્ટિ કરું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :– સંગ તેવો રંગ**

**કૃતપુણ્યનું દૃષ્ટાંત –** ''રાજગૃહી નગરીમાં શ્રેણિક નામે રાજા હતો. તે નગરમાં ધનેશ્વર સાર્થવાહને કૃતપુણ્ય નામે પુત્ર થયો. માતાપિતાએ ધન્યા સાથે તેને પરણાવ્યો. યૌવનવય છતાં સત્પુરુષોના સમાગમથી તે વૈરાગ્યવાળો થયો. તે જોઈ માતાપિતાએ જારપુરુષો સાથે સંગતિ કરાવી. તેથી તે પણ વ્યસની થઈ ગયો. પછી વેશ્યાને ત્યાં જ રહેવા લાગ્યો. માતાપિતા મૃત્યુ પામ્યા તો પણ ઘરે આવ્યો નહીં. સર્વ ધન ખલાસ થઈ ગયું. એમ જાણીને વેશ્યાની માતાએ તેનો તિરસ્કાર કરી ઘરની બહાર કાઢી મૂક્યો. કૃતપુણ્યને પોતાના ઘર તરફ આવતો જોઈ તેની સ્ત્રી સામે આવીને આસન આપી તેનો યોગ્ય સત્કાર કર્યો. ધન્યાએ પોતાના ઘરનો સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળી કૃતપુણ્ય ચિંતવવા લાગ્યો-'અહો મારા જીવિતને ધિક્કાર છે. મેં મારા માતાપિતાને દુઃખસાગરમાં ફેંકી દીધા. સર્વ ધનનો પણ નાશ કર્યો. આ પ્રમાણે પોતાના પતિને પશ્ચાત્તાપ કરતાં જોઈ ધન્યાએ તેને સંતોષ પમાડી કહ્યું કે જે ભાવી હોય તે થાય છે.

એક વખત ભગવાન મહાવીરપ્રભુ સમવસર્યા. ભગવાનની દેશના સાંભળીને કૃતપુણ્યે પૂછ્યું-ભગવંત! મને કયા કર્મના ઉદયથી સંપત્તિ અને વિપત્તિ પ્રાપ્ત થઈ? પ્રભુ બોલ્યા-તારો પૂર્વભવ સાંભળ :

શ્રીપુર નગરમાં એક નિર્ધન ગોવાળનો પુત્ર રહેતો હતો. તેણે યાચના કરી ખીર બનાવરાવી. માતા ખીરને થાળીમાં પીરસી બહાર ગઈ. ત્યાં માસખમણના પારણે બે મુનિ પધાર્યા. તેમને ઉલ્લાસથી પુત્રે અર્ધી ખીર આપી, પછી તે થોડી જાણી ફરી આપી, ફરી ત્રીજીવાર આપી. કાળયોગે તે મૃત્યુ પામી સાર્થવાહનો તું પુત્ર થયેલ છે. પૂર્વભવે તેં ત્રણવાર રહી રહીને દાન આપ્યું, તેથી તને આ ભવમાં આંતરે આંતરે સંપત્તિ અને વિપત્તિ પ્રાપ્ત થયેલ છે.આ પ્રમાણે પૂર્વભવ સાંભળી તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી તત્કાળ વૈરાગ્ય પામી મોટા પુત્રને ગૃહનો ભાર આપી તેણે દીક્ષા લીધી. પછી તપતપીને પાંચમા દેવલોકમાં



ગયો. ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામીને મોક્ષે જશે. માટે સર્વ દુઃખના મૂળરૂપ વેશ્યા સામી દૃષ્ટિ કરું નહીં.

## ૩૦૯. એનાં વચન શ્રવણ કરું નહીં.

જેની નિશદિન ખોટી લેશ્યા છે. જે બન્ને લોક બગાડનાર છે. એવી વેશ્યાના હાવભાવયુક્ત વચનો પણ શ્રવણ કરું નહીં.

**કામવિજેતા સ્થૂલિભદ્રમુનિનું દૃષ્ટાંત –** શ્રી સંભૂતવિજય સૂરિના ચાર શિષ્ય હતા. તેમાંના એક સ્થૂલિભદ્ર મુનિએ કોશા વેશ્યાના ઘેર ચોમાસું કર્યું. ષટ્રસવાલા ભોજન, વેશ્યાના હાવભાવવાળા નૃત્ય વગેરેથી કિંચિત્માત્ર પણ તેઓ ચળ્યા નહીં. પણ મેરૂ પર્વત સમાન અડગ જિતેન્દ્રિય રહ્યાં. તેમજ કોશા વેશ્યાને પણ શ્રાવક-ધર્મનો બોધ આપી, બારવ્રત અંગીકાર કરાવી શ્રાવિકા બનાવી.

બાકીના ત્રણ શિષ્યો પૈકી એકે સિંહની ગુફા પાસે, બીજાએ સર્પના બિલ આગળ તેમજ ત્રીજાએ કૂવાના તટ ઉપર રહી ચાર માસના ઉપવાસ કરી ચોમાસું પૂર્ણ કર્યું.

ક્રમપૂર્વક ગુરુ આગળ આવતાં શ્રીગુરુએ કંઈક ઊભા થઈ ત્રણ શિષ્યોને કહ્યું કે હે વત્સ! તેં દુષ્કર કાર્ય કર્યું. તુ ભલે આવ્યો. પણ જ્યારે શ્રી સ્થૂલિભદ્ર ગુરુ આગળ પધાર્યા ત્યારે શ્રી ગુરુ ઊભા થઈને બોલ્યા કે હે મહાત્મા! હે દુષ્કર દુષ્કર કાર્ય કરનાર! તું ભલે આવ્યો.

''જેવી રીતે સ્થૂલિભદ્ર મુનિ વ્રતનો ભંગ કર્યા વિના ચાર માસ સુધી સ્ત્રી સમીપ રહ્યાં, તેવી રીતે બીજો કયો પુરુષ એક દિવસ પણ રહેવાને સમર્થ છે! કોઈ જ નથી.''

''આ સ્થૂલિભદ્ર મુનિના ગુણનું વર્ણન ચોરાશી ચોવીસી સુધી સર્વ તીર્થંકરો કરશે.''

**સિંહ ગુફાવાસી મુનિનું દૃષ્ટાંત – સિંહ ગુફાવાસી મુનિ વેશ્યાથી ચલિત.** સિંહ ગુફાવાસી મુનિ સ્થૂલિભદ્રની ઈર્ષાથી કોશા વેશ્યાને ત્યાં ચોમાસું કરવા ગયા. ત્યાં રહેવા માટે ચિત્રશાળા માંગી. પણ પ્રથમ વેશ્યાને જોતાં જ તેઓ મોહ પામી ગયા. ભોગ માટે આમંત્રણ કર્યું. વેશ્યાએ કહ્યું : અમે તો ધનના અર્થી છીએ. તેથી ધન લેવા ચોમાસામાં નેપાલ ગયા. કારણ ત્યાંનો રાજા સાધુને એક રત્નકંબલ આપતો હતો. તે લઈને સાધુ આવતા હતા. પણ રસ્તામાં ચોરોએ તે લઈ લીધી. તેથી ફરીવાર નેપાલ જઈને રત્નકંબલ લાવી વેશ્યાને આપી. તેણે પગથી લુંછી ખાળમાં નાખી દીધી. તે જોઈ મુનિ બોલ્યા-અરે નિર્ભાગીણી! આ તે શું કર્યું? આ રત્નકંબલ તો અતિ દુર્લભ છે. તે સાંભળી વેશ્યાએ જવાબમાં કહ્યું : તારાથી વળી બીજો કોણ નિર્ભાગીમાં શિરોમણિ છે? મેં તો આ લક્ષ મૂલ્યનું રત્નકંબલ જ ખાળમાં નાખ્યું, પણ તેં તો અમૂલ્ય એવા જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નત્રયને કામવાસનારૂપ ગટરમાં નાખી દીધા. વગર વિચાર્યું કરનાર એવા તને લાખવાર ધિક્કાર છે. એવા વચનો સાંભળી મુનિ પુનઃ ભાનમાં આવ્યા અને ગુરુ પાસે જઈ પોતાના થયેલા દોષની ક્ષમા માગી અને આલોચના કરીને ફરીથી ચારિત્ર ગ્રહણ કર્યું. પછી નિરતિચાર પણે તેને પાળી સદ્ગતિને પામ્યા. માટે રખેને મને મોહ થઈ જાય, તેથી વેશ્યાના વચન પણ શ્રવણ કરું નહીં.

## ૩૧૦. વાજિંત્ર સાંભળું નહીં.

મોહ ઉત્પન્ન કરે એવા વાજિંત્ર સાંભળવાથી કર્ણેન્દ્રિયનો વિષય પોષાય છે. તેમજ આત્મા પોતાના



સ્વરૂપને ભૂલી, પરમાં રંજાયમાન થઈ, નવીન કર્મો બાંધી સંસારમાં રઝળ્યા કરે છે. માટે એવા વાજિંત્ર સાંભળુ નહીં.

**'ઇન્દ્રિય પરાજય દિગ્દર્શન'માંથી :–** ''એક શ્રવણેન્દ્રિયનો વિષય માત્ર બિચારા ગરીબ હરિણની હત્યા કરાવે છે. હરિણ સ્વભાવથી જ ગાયનમાં આસક્ત હોય છે. શિકારી જ્યારે તેનો શિકાર કરવા જાય ત્યારે વનમાં મનોહર રાગમાં તે ગાવું શરૂ કરે છે, તે સાંભળવા માટે હરિણ બરાબર કાન દઈને ચિત્રવત્ સ્થિર થઈ જાય છે. પછી તે પારધી એકાએક બાણ કે ગોળીથી તે હરિણનો સંહાર કરી લે છે.

**શ્રવણેન્દ્રિના બળનું દૃષ્ટાંત –** શ્રવણેન્દ્રિયના વિષયનું જોર ઘણું હોય છે. મનુષ્ય ગમે તેવા કાર્યમાં પ્રવૃત્ત થયેલો હોય, પ્રભુની ભક્તિમાં લીન હોય, અથવા ગુરુ મહારાજના મુખની વાણી સાંભળવા એકચિત્ત થયો હોય, પરંતુ તેની પણ ચિત્તવૃત્તિ લગાર સ્ત્રીના પગના ઝાંઝરનો રણકાર સાંભળતાં અસ્થિર બની જાય છે અને જ્યાં ચિત્તવૃત્તિ અસ્થિર બની કે, આંખમાં પણ ચપળતા આવી જાય છે.

બે માણસો ગમે તેવી વાતો કરતા હોય, પરંતુ પાસે બેઠેલો ત્રીજો માણસ તે સાંભળવાનું મન કરે છે. આ બધું શ્રવણેન્દ્રિયના વિષયનું જોર છે. આજ કારણથી ધ્યાન કરવાવાળા યોગિઓ જંગલ કે પર્વતની ગુફાઓ વધારે પસંદ કરે છે; કે જ્યાં શબ્દ સાંભળવામાં આવતા નથી. શ્રવણેન્દ્રિયના વિષયની ચપલતા ઘણી જ હોય છે. આ ઇંદ્રિયને વશ કરવી દુર્ઘટ છે. શ્રવણેન્દ્રિયનો વિષય શબ્દ છે. આ શબ્દ જ્યારે ગાયનરૂપે બહાર આવે છે, ત્યારે તે યોગી, ભોગી, રોગી, સોગી, સંતાપી તમામ જીવોને સુખકર માલુમ પડે છે. આથી જોગી પણ જોગને ભૂલી જઈ તેમાં તલ્લીન થઈ જાય છે. ભોગી બમણો કામી થાય છે, રોગી ક્ષણભર સાતાવેદનીયવાળાની માફક કાલ વ્યતીત કરે છે. સોગી વિયોગજન્ય દુઃખને ભૂલી જાય છે અને સંતાપી મનુષ્ય આધિ, વ્યાધિ, ઉપાધિને એક સ્થાનમાં મૂકી શ્રવણેન્દ્રિયના વિષયનો રસ લેવા લુબ્ધ બની જાય છે. અહો ! આ શ્રવણેન્દ્રિયનો વિષય, બીજી ઇન્દ્રિયોના વિષયથી કોઈ જુદા જ પ્રકારનો છે. આ વિષયને જીતનાર સાચો ધીર,વીર અને ગંભીર છે. એમાં જરા પણ સંશય નથી.''

## ૩૧૧. વિવાહવિધિ પૂછું નહીં.

વિવાહ કેમ થાય, એની વિધિ પૂછવાથી જીવને મોહ થવાનું કારણ છે. તેથી મુનિ હોય કે બ્રહ્મચારી હોય અથવા ગૃહસ્થ હોય, પણ સંસારની ઉપાધિમાંથી જે મુક્ત થયા હોય તેવા લોકોએ વિવાહ સંબંધી પૂછપરછ કરવી નહીં. જેનો આપણે ત્યાગ કર્યો છે તે વસ્તુને યાદ કરવાથી ફરી તેની સ્મૃતિ થાય અને કર્મબંધનું કારણ બને છે; માટે વિવાહવિધિની પૂછપરછ કરવી નહીં.

## ૩૧૨. અને વખાણું નહીં.

જેમાં માત્ર મોહનું જ પ્રાબલ્ય છે, એવા વિવાહ સંબંધીના કોઈપણ કાર્યના વખાણ કરું નહીં. નહીં તો 'કરણ કરાવણ ને અનુમોદન, સરીખો ફળ નીપજાયો.' તેમ કરવાથી પોતે પણ અનાયાસપણે તે જ મોહનીય કર્મના બંધવાળો થાય. માટે વિવાહસંબંધી પ્રવૃત્તિના કદી વખાણ કરું નહીં.

## ૩૧૩. મનોરમ્યમાં મોહ માનું નહીં.

લૌકિક દૃષ્ટિએ મનને આનંદ પમાડનાર એવા રેડિયો, ટી.વી., સિનેમા, નાટક કે સરકસ વગેરે છે. તે જીવોને મોહ પમાડનાર છે. તેમાં મોહ થતો હોય છતાં મોહ કર્તવ્યરૂપ નથી; ખોટો છે એમ વિચારી



મોહનો પક્ષ કરું નહીં અથવા મનોરમ્યના સાધનોમાં મોહ કરવા યોગ્ય વાતને માનું નહીં.

## ૩૧૪. કર્માધર્મી કરું નહીં. (ગૃ૦)

કર્મ અધર્મી કરું નહીં. અધર્મને પોષે તેવા કોઈ કર્મો-કામો કરું નહીં અથવા પંદર કર્માદાની ધંધા છે તે કરું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'ના આધારે –** ''હિંસા હમેશાં દુઃખ આપે છે અને અહિંસા પરમ સુખ આપે છે, તે વિષે સૂર અને ચંદ્રનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે –

**સૂર અને ચંદ્રનું દૃષ્ટાંત –** ''જયપુર નગરમાં શત્રુંજય નામે રાજા હતો. તેને સૂર અને ચંદ્ર નામે બે પુત્રો હતા. પિતાએ જ્યેષ્ઠ કુમાર સૂરને યુવરાજપદ આપ્યું, તેથી પોતાનું અપમાન થયું જાણી ચંદ્રકુમાર નગર છોડી વિદેશમાં ગયો. ત્યાં મુનિના મુખથી ત્રસ જીવોને હણવા નહીં વગેરે દેશના સાંભળી, ચંદ્રે લડાઈ સિવાય કોઈ જીવને હણવો નહીં એવો નિયમ કર્યો. પછી કોઈ બીજા રાજાની તે સેવા કરવા લાગ્યો. ત્યાં કોઈ ચોર પકડાયો તેને રાજાએ મારવા કહ્યું. ત્યારે તેણે કહ્યું યુદ્ધ સિવાય કોઈ પણ પ્રાણીને નહીં મારવાનો મારો નિયમ છે. તે સાંભળી રાજાએ ખુશ થઈ પોતાનો અંગરક્ષક બનાવ્યો અને એક દેશનો સ્વામી કર્યો.

યુવરાજ સુરકુમાર રાજ્યના લોભથી રાત્રે પોતાના પિતા ઉપર શસ્ત્રનો ઘા કરી ભાગી ગયો. તેથી રાજાએ સૂરને દેશપાર કર્યો અને ચંદ્રકુમારને બોલાવી પોતાનું રાજ્ય સોંપ્યું. રાજા આર્તધ્યાનથી મરી ચિત્તો થયો. જંગલમાં ફરતો ફરતો સૂરકુમાર આવ્યો તેને જોતાં જ વૈરના સંસ્કારથી ચિત્તાએ તેને મારી નાખ્યો. સૂરકુમાર મરીને ભિલ્લ થયો. તે જ વનમાં શિકાર કરતાં તે ભિલ્લને ચિત્તાએ પુનઃ મારી નાખ્યો. તેથી તેના સગાંઓએ મળી તે ચિત્તાને મારી નાખ્યો. બન્ને આર્તધ્યાનથી મરી ડુક્કર થયા. પરસ્પર વૈર રાખતાં તે ડુક્કરોને પારધીએ મારી નાખ્યા. ત્યાંથી મરી બન્ને ગજેન્દ્ર થયાં. કોઈએ તેઓને પકડી ચંદ્રરાજાને અર્પણ કર્યા. ત્યાં પણ બન્ને યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે રાજાએ સુદર્શન કેવળીને તેમના વૈરનું કારણ પૂછ્યું. એટલે કેવળીએ તેમના પૂર્વભવો કહ્યાં. તે સાંભળી ચંદ્રરાજાએ ચિંતવ્યું કે 'અહો! વિચિત્ર કર્મરૂપ નટે ભજવેલું આ ભવનાટક છે. આ પ્રમાણે વિચારી પોતે પુત્રને રાજ્ય આપી દીક્ષા ગ્રહણ કરી એકાવતારીપણું પામી દેવ થયો. તે બન્ને હાથી મરી પહેલી નરકે ગયા.'' માટે અધર્મને પોષે એવા કર્મો કદી કરું નહીં.

## ૩૧૫. સ્વાર્થે કોઈની આજીવિકા તોડું નહીં. (ગૃ૦)

પોતાના સ્વાર્થ ખાતર બીજાની આજીવિકા તોડું નહીં. એમ કરવાથી તેને નુકશાન થાય, દુઃખ થાય. જેમકે કોઈ નોકરી કરતો હોય અને તેને કાઢી મૂકવો હોય તો તેના ઉપર કંઈ કલંક આપી દે કે આણે ચોરી કરી છે વગેરે કહી તેની આજીવિકા તોડું નહીં.

**'ઉપદેશામૃત'માંથી :–**

**ગામના પટેલનું દૃષ્ટાંત –** ''એક ગામના પટેલ ઉપર દરબારની ઈતરાજી થવાથી એક જોડી બળદ, ગાડું અને દાણા આપી કુટુંબ સાથે તેને રાજ્યની હદબહાર કાઢી મૂક્યો. ત્યાં જંગલમાં તેની સ્ત્રીએ બાળક જણ્યું. વરસાદ વરસવા લાગ્યો અને લૂંટારા લૂંટવા આવ્યા. એટલે ગાડા ઉપર ચઢી ફાળિયું વીંઝતાં વીંઝતાં તે બોલાવવા લાગ્યો કે આવજો, આવજો-જેનાથી અવાય તે આવજો. લૂંટારાઓએ કહ્યું, ''કોને



બોલાવે છે? ઉત્તર, નહીં તો ડાંગ મારી મારી નાખીશું.'' એટલે તેણે પોતાને વીતેલી વાત કહી, ''હું તો આખા ગામનો ધણી હતો. ઈર્ષ્યાવાળાએ દરબારમાં જણાવ્યું કે મારા ગામમાંથી ફરિયાદ દરબાર કને જતી નથી. એટલે તેમને પૈસા મળતા નથી. તેથી મને આમ કાઢી મૂક્યો. વરસાદ આવ્યો. સ્ત્રીએ છોકરું જણ્યું અને તમે આવ્યા. તો જેટલાં દુઃખ આવવાનાં હોય તે બધાંને બોલાવું છું તે આવી જાય.'' (ઉ.પૃ.૨૭૯)

## ૩૧૯. વધબંધનની શિક્ષા કરું નહીં.

જેથી કોઈનો વધ થાય અથવા બંધનમાં પડે એવી શિક્ષા કરું નહીં.


**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :–** ''ક્રોધથી આકરું બંધન બાંધવું, કર્ણાદિકનો છેદ કરવો, અધિક ભાર મૂકવો, પ્રહાર કરવો અને અન્ન તથા જલનો નિરોધ કરવો–એ પ્રાણાતિપાત વિરમણ વ્રતના પાંચ અતિચાર છે.

તેનું વિવેચન કરે છે કે, રજ્જુ વગેરેથી ગાય વા મનુષ્યને બાંધવા, પોતાના પુત્રોને પણ વિનય શિખવવા માટે તેવી શિક્ષા કરવી, તેમાં ક્રોધથી એટલે પ્રબળ કષાયથી જે બંધન બાંધવું તે પહેલો અતિચાર છે. શરીરની ત્વચાનો અથવા કાન વિગેરેનો ક્રોધથી જે છેદ કરવો તે બીજો અતિચાર છે. ક્રોધથી વા લોભથી વહન કરી શકાય નહીં તેટલા પ્રમાણથી અધિક બોજો વૃષભ, ઊંટ, ગધેડા તથા મનુષ્યાદિકની પીઠ પર આરોપણ કરવો તે ત્રીજો અતિચાર છે. ક્રોધથી નિર્દયપણે ચાબુકાદિ વડે પ્રહાર કરવો તે ચોથો અતિચાર છે અને ક્રોધાદિકથી ભાતપાણીનો અથવા ઘાસચારાનો અટકાવ કરવો તે પાંચમો અતિચાર છે.''

**'ચોસઠ પ્રકારી પૂજા'માંથી :– કરેલા કર્મ સર્વને ભોગવવા પડે**

**શ્રી ઋષભપ્રભુના પૂર્વભવનું દૃષ્ટાંત –** ''આ ચોવીશીમાં થયેલા આ પ્રથમ તીર્થંકરે પાછલા ભવમાં જ્યારે તેઓ પાંચશેં ખેડૂતોના ઉપરી હતા ત્યારે ખેતરના ખળામાં ફરતા બળદો ધાન્ય ખાઈ જતા હતા તે જોઈ તેને મોઢે શીંકળી બાંધવા કહ્યું. તેઓને તે ન આવડવાથી પોતે બાંધી આપી. તે વખતે બળદોએ ૩૬૦ નિસાસા મૂક્યા. તે ઉપરથી બાંધેલ લાભાંતરાય કર્મનો આદિશ્વર પ્રભુના ભવમાં દીક્ષા લીધી ત્યારે ઉદય થયો, તેથી દીક્ષા લીધા પછી એક વર્ષ પર્યંત આહાર મળી શક્યો નહીં. પ્રભુ વહોરવા તો નીકળતા, પણ લોકો તરતમાં જ જુગળિક ધર્મમાંથી વ્યવહારમાં આવેલા હોવાથી એમ ધારતાં કે 'પ્રભુને રાંધેલ અન્ન જેવી તુચ્છ વસ્તુ કેમ અપાય?' એટલે તેઓ હાથી, ઘોડા, કન્યા, વસ્ત્ર, આભૂષણો વિગેરે ધરતા હતા. પ્રભુ તો તેના સર્વથા ત્યાગી હોવાથી તેમાંથી કાંઈ સ્વીકારતા નહીં. એમ કરતાં કરતાં વર્ષ પુરુ થયું.

વર્ષને અંતે પ્રભુ બાહુબળીના પુત્ર સોમયશાની રાજધાની હસ્તિનાપુરમાં વહોરવા નીકળ્યા. તે વખતે 'પ્રભુ કાંઈ લેતા નથી' એવો ઘોષ સોમયશાના પુત્ર શ્રેયાંસે સાંભળ્યો, એટલે તે પ્રભુ પાસે દોડી આવ્યો. પ્રભુને જોતાં ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેણે પ્રભુને આગ્રહપૂર્વક પોતાને ત્યાં પધારવા વિનંતી કરી. પ્રભુ તેના મહેલે પધાર્યા. તે જ વખતે શેરડીનાં રસનાં ૯૯ ઘડાં લઈને એક શ્રેયાંસનો આશ્રિત ખેડૂત ભેટ કરવા આવ્યો. તે સ્વીકારીને તે જ વસ્તુ ગ્રહણ કરવા શ્રેયાંસે ભગવંતને પ્રાર્થના કરી. ભગવંતે બે હાથ ભેળા પસાર્યા, એટલે શ્રેયાંસે તેમાં રસ રેડવા માંડ્યો. પ્રભુ પાણિપાત્ર લબ્ધિવાળા હોવાથી શ્રેયાંસે નવાણુએ ઘડાનો રસ હાથમાં રેડ્યો. પ્રભુ તો 'બીજા આહાર નિહાર કરતાં





તેમને ન જાુએ' એવા અતિશય-વાળા હોવાથી તે રસ પી ગયા, તે કોઈએ દીઠો નહીં ને એક ટીપું પણ નીચે પડ્યું નહીં. તે વખતે ત્યાં પાંચ દિવ્ય પ્રગટ થયા. સુગંધી જળની, સુગંધી પુષ્પોની અને ૧૨ા ક્રોડ દ્રવ્યની વૃષ્ટિ થઈ, દેવદુંદુભિ વાગી અને આકાશમાં 'અહો દાન, અહો દાન' એવી દેવોએ ઉદ્‌ઘોષણા કરી. પ્રભુ ત્યાંથી નીકળ્યા પછી બધા લોકોએ મળીને શ્રેયાંસને પૂછ્યું કે – 'તમને આ પ્રમાણે આહાર આપવાની ખબર ક્યાંથી પડી? એટલે શ્રેયાંસે જાતિસ્મરણજ્ઞાન થયાની અને તે ઉપરથી પ્રભુ સાથે પૂર્વના આઠ ભવના સંબંધની હકીકત કહી બતાવી. લોકો પ્રસન્ન થયા. ત્યારથી મુનિદાનની પ્રવૃત્તિ શરૂ થઈ.'' માટે કોઈને વધબંધનની શિક્ષા કરું નહીં.

## ૩૧૭. ભય, વાત્સલ્યથી રાજ ચલાવું. (રા૦)

હું રાજા છું. રાજ્ય ભોગવું છું. પણ જો એશઆરામ કે પાંચ ઇન્દ્રિયના વિષયોમાં લીન રહ્યો તો મરીને દુર્ગતિએ જવું પડશે, એમ ભય રાખી રાજ્ય ચલાવું. ભરત મહારાજાએ પણ પોતાને જાગૃતિ રહે તે માટે 'ભરત ચેત કાળ ઝપાટા દેત' એમ કહેવડાવવા માણસો રાખ્યા હતા.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :–**

**ભરતરાજાનું દૃષ્ટાંત –** ''તું જિતાયો છે, ભય વધે છે; માટે હણીશ નહીં, હણીશ નહીં' એમ ભરતના કહેવાથી પ્રતિદિન શ્રાવકો કહેતા હતા. ભરત સુખમાં લીન હોવા છતાં હમેશાં શ્રાવકોના આ વચન સાંભળ્યા પછી વિચારતો કે 'હું કોનાથી જિતાયો છું?' અજ્ઞાન અને કષાયોથી જિતાયો છું. વળી 'ભય વધે છે' એટલે તેઓથી જ ભય વધે છે. માટે આત્માને હણીશ નહીં, હણીશ નહીં. એમ ચિંતવી ભાવ વડે નિઃસ્પૃહ એવા દેવગુરુની સ્તુતિ કરતો હતો.'' (પૃ.૮૬)

રાજા છું તો જનતા પ્રત્યે વાત્સલ્યભાવ રાખું તથા મનમાં હું તો પ્રજાનો સેવક છું, મારાથી પ્રજાનું કંઈ અહિત ન થઈ જાય એવો ભય રાખી વાત્સલ્યભાવપૂર્વક રાજ્ય ચલાવું. **''રાજા છે તે પ્રજાનો માનીતો નોકર છે.''** –શ્રીમદ્ રાજચંદ્ર

## ૩૧૮. નિયમ વગર વિહાર કરું નહીં. (મુ૦)

ભગવાને સ્થવિર કલ્પી મુનિઓ માટે જે નિયમો કરેલા હોય તે પ્રમાણે વિહાર કરું.

સ્થવિર કલ્પી મુનિ એક મહિનાથી વધારે એક જગ્યાએ રહી શકે નહીં, વિહાર કરવો જ પડે. ૨-૪-૫-૧૫ દિવસ રહીને પણ વિહાર કરી શકે. પણ ચોમાસામાં ચાર મહિના એક જ જગ્યાએ રહે. એક ગામ છોડી બીજા ગામે જાય નહીં. તેમજ અજવાળું થયા પછી વિહાર કરે એવું મુનિઓનું વિધાન છે. માટે



જિન આજ્ઞાપૂર્વક વિહાર કરું. પણ નિયમને ઓળંગી વિહાર કરું નહીં. જે મુનિ વૃદ્ધ થઈ ગયા હોય, વિહાર કરી શકે નહીં તેઓ એક ગામમાં નવ ભાગ પાડીને અલગ અલગ જગ્યાએ રહે. કારણ કે જેથી ક્યાંય મમત્વ થાય નહીં.

## ૩૧૯. વિષયની સ્મૃતિએ ધ્યાન ધર્યા વિના રહું નહીં. (મુ૦ગૃ૦બ્ર૦ઉ૦)

અનાદિકાળથી વિષયમાં સુખબુદ્ધિ હોવાને લીધે વિષયોનું આકર્ષણ થાય, સ્મૃતિ થાય; ત્યારે આત્માનું શુદ્ધ સ્વરૂપ જ અનંત સુખરૂપ છે એમ સંભારી જ્ઞાનીપુરુષના સહજાત્મસ્વરૂપનું ચિંતવન કરું કે જેથી વિષયની વિસ્મૃતિ થાય. રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ પુદ્ગલના ધર્મ છે, જ્યારે મારો ધર્મ તો માત્ર તેને જાણવા જોવાનો છે. માટે વિષયોની સ્મૃતિ થયે તેમાં લેપાઉં નહીં, પણ સ્વરૂપ ચિંતન કરવારૂપ ધ્યાન કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષયકષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે. ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે.'' (વ.પૃ.૬૧૬)

**'સમાધિશતક' માંથી :– ''તપસ્વીને કદી મોહે, રાગ-દ્વેષ જણાય જો;**
**ભાવજો સ્વસ્થ આત્મા તો, ક્ષણમાં શાંતિ પામશો.''**

## ૩૨૦. વિષયની વિસ્મૃતિ જ કરું. (મુ૦ગૃ૦બ્ર૦ઉ૦)

મનુષ્યભવ પામીને વિષયોની વિસ્મૃતિ જ કરું. મનુષ્યભવ વિષયો ભોગવવા માટે મળ્યો નથી; માત્ર આત્માર્થ કરવા માટે મળ્યો છે. તેથી તેનો ઉપયોગ મોક્ષ પ્રાપ્તિ માટે કરું. એવો જોગ ફરી ફરી મળે એમ નથી. વિષયો તો બીજા ભવમાં પણ મળે પણ આત્માર્થ પ્રાપ્ત કરવાની વિશેષ સામગ્રી તો મનુષ્યભવમાં જ મળે. તેનો ઉપયોગ જો નહીં કરું તો સોનાની થાળીમાં ધૂળ ભરવા બરાબર છે. તેનું દૃષ્ટાંત –

**'દૃષ્ટાંત શતક'માંથી :– સોનાની થાળીમાં ધૂળ**

**'એક મૂર્ખ શેઠનું દૃષ્ટાંત –** ''એક મૂર્ખ શેઠિયાએ પોતાના ઘરમાં સોનાની થાળી કરાવી, પછી રૂપાનો બાજઠ બનાવડાવી તે થાળીને તેના ઉપર મૂકી. પછી દરરોજ તે થાળીમાં મુઠ્ઠી ભરીને ધૂળ નાખવા લાગ્યો. તે જોઈ બીજા લોકો કહેવા લાગ્યા કે, 'આ શેઠ મૂર્ખ છે; કેમકે સોનાની થાળીનો ઉપયોગ ધૂળ ભરવામાં કરે છે.' આવી રીતે મનુષ્યનું શરીર તથા ધર્મનું શ્રવણ વગેરે સઘળું પામીને જડ જેવા જીવો રૂપાના બાજઠ જેવા આર્યદેશમાં સોનાની થાળી જેવા મનુષ્યભવનો ઉપયોગ કામભોગની આસક્તિરૂપ ધૂળ ભરવામાં કરે છે; પરંતુ મોક્ષસુખ આપનાર એવા ધર્મને આચરતા નથી, તેમને આ શેઠના જેવા મૂર્ખ જાણવા. જેણે મનુષ્યભવ પામીને ધર્મ ન આચર્યો તેનું જીવતર વૃથા ગયું જાણવું''.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''વિષયો ક્ષય થયા નથી છતાં જે જીવો પોતાને વિષે વર્તમાનમાં ગુણો માની બેઠા છે તે જીવોના જેવી ભ્રમણા ન કરતાં તે વિષયો ક્ષય કરવા ભણી લક્ષ આપવું.'' (વ.પૃ.૭૬૬) ''વિષયકષાયાદિ દોષ ગયા વિના સામાન્ય આશયવાળાં દયા વગેરે આવે નહીં; તો પછી ઊંડા



આશયવાળાં દયા વગેરે ક્યાંથી આવે? વિષયકષાયસહિત મોક્ષે જવાય નહીં. અંતઃકરણની શુદ્ધિ વિના આત્મજ્ઞાન થાય નહીં.'' (વ.પૃ.૭૧૦)

''મન વડે ઇંદ્રિયોની લોલુપતા છે. ભોજન, વાજિંત્ર, સુગંધી, સ્ત્રીનું નિરીક્ષણ, સુંદર વિલેપન એ સઘળું મન જ માગે છે. એ મોહિની આડે તે ધર્મને સંભારવા પણ દેતું નથી. સંભાર્યા પછી સાવધાન થવા દેતું નથી. સાવધાન થયા પછી પતિતતા કરવામાં પ્રવૃત્ત, લાગુ થાય છે. એમાં નથી ફાવતું ત્યારે સાવધાનીમાં કંઈ ન્યૂનતા પહોંચાડે છે. જેઓ એ ન્યૂનતા પણ ન પામતાં અડગ રહીને મન જીતે છે તે સર્વ સિદ્ધિને પામે છે.'' (વ.પૃ.૧૦૮)

**'ઉપદેશામૃત'માંથી :– જ્ઞાની ગુરુના બોધે વિષયો ક્ષણભુંગર અને દુઃખદાયી ભાસ્યા**

**બે બ્રાહ્મણભાઈઓનું દૃષ્ટાંત –** ''પ્રભુશ્રી—બે સગાં બ્રાહ્મણ ભાઈઓ હતા. તેમાંથી મોટો ભાઈ પરણેલો નહીં. તેને ધર્મ ઉપર વિશેષ પ્રેમ. તેથી નાના ભાઈને કહીને ઘર છોડીને તીર્થયાત્રાએ જવા અને કોઈ સંતને શોધીને આત્માના કલ્યાણ અર્થે ઉદ્યમ કરવા ચાલી નીકળ્યો. ખોળે તેને જગતમાં મળી આવે છે, તેમ કોઈ પહાડી મુલકમાં એક સાચા મહાત્મા આત્મજ્ઞાન પામેલા તેને મળ્યા, તેની સેવામાં તે રહ્યો. તે મહાત્માની કૃપાથી તેને આત્મજ્ઞાન થયું; એટલે તેને બધું સ્વપ્નવત્ જણાયું.

એક વખત તેને વિચાર આવ્યો કે ગુરુકૃપાથી મને લાભ થયો; પણ મારો નાનો ભાઈ બિચારો મોજશોખમાં પડી ગયો છે. બાઈડીનું ચામડું ધોળું હોવાથી તેના મોહમાં જ તેની સાથે ને સાથે બેસવા-ઊઠવામાં બધો કાળ ગાળે છે. તેથી દયાભાવે તેણે એક વૈરાગ્યભર્યો પત્ર લખ્યો અને ટપાલમાં નાખ્યો. તેના ભાઈએ ભાઈનો પત્ર જાણી ઉપર ઉપરથી જોયો, પણ વિષયમાં રચીપચી રહેલાને વૈરાગ્યની વાત કેમ રુચે? એટલે તાકામાં કાગળ નાખ્યો. એક એનો મિત્ર આવતો તેને તે પત્ર બતાવેલો. એમ તેના ભાઈએ અઢાર પત્ર ઉપરાઉપરી લખ્યા; પણ નાના ભાઈને તો એ તો એવું લખ લખ જ કરે છે એમ થઈ ગયું તેથી આવે તે બધા પત્રો તાકામાં પધરાવતો ગયો. પછી કાળ જતાં બધા જોગ કંઈ પાંશરા રહે છે? તેની સ્ત્રી મરણ પામી એટલે તે તો ગાંડો થઈ ગયો. બધા લોકો સમજાવે પણ તે તો ખાય નહીં, પીવે નહીં અને 'મરી જ જવું છે', એમ બોલ બોલ કરે. તેનાં સગાંવહાલાંને ચિંતા થઈ એટલે તેના મિત્રને જઈને કહ્યું



કે સોમલ અઠવાડિયાથી ખાતો નથી, તમે જરા સમજાવોને. તેથી તેનો મિત્ર આવ્યો એટલે સોમલ રડી પડ્યો અને બધી વૈભવની વાત વર્ણવવા લાગ્યો. તેના મિત્રે કહ્યું, તમારા ભાઈના કાગળોનું કંઈ ઠેકાણું છે? તેણે તાકું બતાવ્યું. તેમાંથી તેના મિત્રે કાગળ કાઢીને એકે એક વાંચવા માંડ્યા. કંઈક નિમિત્ત બદલાય એટલે ચિત્ત તેમાં રોકવું પડે. એક સમયે કાંઈ બે ક્રિયા થાય છે? તે પત્રો સાંભળવામાં તેનું મન રોકાયું એટલીવાર તેની સ્ત્રીની ચિંતા તે ભૂલી ગયો. અને બધા પત્રો વંચાતાં તેને સમજાયું કે તેનો ભાઈ કહે છે તેમજ સંસાર ક્ષણભુંગર અને દુઃખદાયી છે. એટલું થયું એટલે બધું મેલ્યું પડતું અને કાગળમાંના સરનામા પ્રમાણે ભાઈને



શોધવા નીકળી પડ્યો. તેનો ભાઈ જંગલમાં પહાડી જગામાં રહેતો હતો. ત્યાં જઈ તેના ચરણમાં મસ્તક મૂકી મોક્ષનો માર્ગ બતાવવા વિનંતિ કરી. તે બન્ને ભાઈએ ધર્મ આરાધ્યો અને એ સોમલ બ્રાહ્મણ મરીને દેવ થયો. શુક્રનો તારો ઉગમણી આથમણી દિશામાં ચકચકતો દેખાય છે ત્યાં જ એનો જીવ છે એ તેનું વિમાન છે.'' (પૃ.૩૧૧)

''વિષય-કષાય મોટા શત્રુ છે. વિષયો બહારથી ત્યાગ્યા તેનું ફળ છે. પણ અંતરથી ત્યાગ ન થાય ત્યાં સુધી કામ થાય નહીં. ઝાડ ઉપર ઉપરથી કાપવામાં આવે તો મૂળ રહે ત્યાં સુધી ફરી ઊગે, નાશ ન પામે; પણ મૂળમાંથી છેદ થાય તો જ ફરી ઊગે નહીં. તેમ વિષયકષાય અંતરના નિર્મૂળ કરવા, વૃત્તિનો ક્ષય કરવા પુરુષાર્થ કરવો.'' (પૃ.૩૬૨)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''ઇન્દ્રિયના વિષયોમાં ઇષ્ટ અનિષ્ટ થાય છે, ત્યાંથી જ કષાયની શરૂઆત થાય છે. ઇન્દ્રિયો રોકવા માટે મનને મંત્રમાં જોડે તો આડાઅવળી જોવા કરવામાં ન જાય. મન રોકાય તો ઇન્દ્રિયો જિતાય. ''જ્ઞાને બાંધ્યું મન રહે.'' (બો.૧ પૃ.૨૯૮)

''ઇન્દ્રિયો તો એક એક એવી છે કે નરકે લઈ જાય. કાચબો પોતાના અંગોપાંગને ઢાલમાં સંકોચી રાખે છે તેથી એને કંઈ બાધા ન થાય, તેમ જે પુરુષ પાંચ ઇન્દ્રિયોને વિષયોથી સંકોચી લે, તેને કર્મબંધન ન થાય. પાંચ ઇન્દ્રિયો છે તે પાંચ તરવારો છે. માથું કાપી નાખે એવી છે.'' (બો.૧ પૃ.૨૯૮)

''ઇન્દ્રિયોના વિષયો નાશવંત અને કર્મ બંધાવનારા છે. ક્ષણિક સુખ માટે જીવો કેટલું કષ્ટ વેઠે છે! નાશવંત વસ્તુઓને માટે મનુષ્યભવ ગુમાવવો નથી. એથી સંતોષ થાય એવું નથી. જ્યારે આત્માનું સુખ અનુભવાય ત્યારે ઇન્દ્રિયોનાં સુખ એને ઝેર જેવાં લાગે.'' (બો.૧ પૃ.૨૯૮)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''આખા દિવસમાં આવતા વિચારોની એક નોંધ કરીએ તો આપણને જરૂર લાગશે કે આપણે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જ હજી ડૂબી રહ્યા છીએ અને જે ઇન્દ્રિયોને જીતીને આત્માનો બોજો હલકો કરવો છે તે ઇન્દ્રિયોના તો આપણે ગુલામ જેવા બની ગયા છીએ. ખરી રીતે એ પાંચ ઇન્દ્રિયો તો જન્મમરણ કરાવનારાં કર્મબંધ પાડવામાં આગેવાન છે તેથી મહાપુરુષોએ તેમને વિષધર સાપની ઉપમા આપી છે. ઘરમાં સાપ હોય ત્યાં સુધી ઘરધણી નિશ્ચિંતે ઊંઘતો નથી, તેને મરણનો ડર રહ્યા કરે છે; તો આ તો પાંચે સાપને સોડમાં રાખી આપણે સુખી થવા ઇચ્છીએ છીએ તે કેમ બને? જ્યાં સુધી ઇંદ્રિયો વશ ન થાય ત્યાં સુધી સુખે સુવા યોગ્ય નથી. તેમાં પ્રથમ જીભ જીતવા યોગ્ય છે. જે આહાર ભાણા વખતે આવે તે ઉપર તુચ્છ બુદ્ધિ રાખી, જેમ ગમે તેવો કચરો નાખી ખાડો પડેલો પૂરી દઈએ તેમ ભૂખ શમાવવા અને દેહ ટકાવવા પૂરતો આહાર લેવાની ટેવ પાડવી–એ પહેલી જરૂર છે.'' (બો.૩ પૃ.૪૪)

## ૩૨૧. સર્વ પ્રકારની નીતિ શીખું. (મુ૦ગૃ૦બ્ર૦ઉ૦)

(૧) ધર્મ વિરુદ્ધ વર્તન ન કરવું તે નીતિ છે. (૨) સાત વ્યસનોનો ત્યાગ કરવો એ પણ નીતિ છે. (૩) દ્રવ્ય ઉપાર્જન નીતિથી કરું. (૪) વ્યવહારનીતિ શીખું. તેની મર્યાદામાં રહી વ્યવહાર ચલાવું. (૫) રાજનીતિના કાયદાનું લક્ષ રાખી તે પ્રમાણે વર્તું. ટૂંકામાં આત્માને જે હિતરૂપ થાય, કલ્યાણરૂપ થાય તે સર્વ નીતિ છે અને આત્માને બંધનરૂપ થાય તે સર્વ અનીતિ છે.

**'ઉપદેશામૃત'માંથી :– અનીતિથી લોકોને ઠગવાનું ફળ તિર્યંચગતિ**

**એક વણિકનું દૃષ્ટાંત –** ''એક પૈસાદાર વાણિયો ગરીબ થઈ જતાં ગામડામાં જઈ વસ્યો અને



ત્યાં અનીતિથી પૈસા મેળવી લોકોને રીબતો. તેથી મરીને બોકડો થયો. તે ગામડિયામાંનો એક કસાઈ થયો. તે કસાઈ તે બોકડાને લઈ જતો હતો ત્યાં એક મુનિની નજર પડી એટલે તેમને હસવું આવ્યું. તે જોઈ તે વાતનો ખુલાસો પૂછવા લોકો અપાસરે ગયા. તેમને મુનિએ કહ્યું કે આ જ ગામનો વાણિયો જે પરગામથી અહીં આવીને રહ્યો હતો તે જ આ બોકડો થયો છે. આ તો તેનો હજી પહેલો ભવ છે. પણ તેવા તો કેટલાય ભવ લેવા પડશે, ત્યારે લોકોનું લોહી ચૂસ્યું હતું તે પુરું પતી રહેશે. આવાં પાપથી ત્રાસ છૂટવો જરૂરનો છે.'' (ઉ.પૃ.૩૦૯)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''જીવને સંસાર વધારવો છે અને જ્ઞાની કહે કે સંસાર છોડવાનો છે, તે એને ગમે? દિવસે દિવસે લોભ વધારતો હોય તેને લોભ છોડવાનું ક્યાંથી ગમે? અન્યાય ન કરે તો નીતિ કહેવાય. આ પ્રકારનો વ્યવહાર મને ન ઘટે એમ લાગતું હોય, તેમ છતાં લોભને લઈને એવો વ્યવહાર કરે તે અનીતિ જ છે. પ્રાણ જાય પણ મારે નીતિ છોડવી નથી, દુરાચાર સેવવો નથી, એમ જેને હોય તેને જ્ઞાનીનો બોધ પરિણામ પામે. પ્રાણ જાય પણ ધર્મ ન છોડવો એવું થાય ત્યારે ધર્મ પરિણમે. આ કાળમાં બહુ સાવચેતી રાખવાની જરૂર છે. સાતેય વ્યસન અનીતિ છે. એ સાત વ્યસનનો ત્યાગ જીવ બરાબર પાળતો નથી. પાળે તો એમાં નીતિ બધી આવી જાય છે.'' (બો.૧ પૃ.૩૩૦)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ન્યાયનીતિથી વર્તવું એ ધર્મનો પાયો છે. પ્રાણ જાય પણ સત્ય આદિ નીતિનો ભંગ ન થાય એમ વર્તે તેને સત્પુરુષનો બોધ પરિણામ પામે છે. માટે નુકશાન વેઠીને પણ આત્માને લૂંટાતો અટકાવવો. અનીતિથી કોઈ સુખી થયું નથી.'' (બો.૩ પૃ.૭૪૯)

''બીજા જીવો પ્રત્યેનું વર્તન સારું રાખવું એ નીતિ છે અને તે ધર્મનો પાયો છે, તેમજ પોતાના આત્મા પ્રત્યે પણ બેદરકારી ન રાખતાં તેની દયા ખાઈ તેને જ્ઞાનીની આજ્ઞામાં પ્રવર્તાવવાનો લક્ષ રહે, તે ધર્મસ્વરૂપ છે.'' (બો.૩ પૃ.૨૧૪)

## ૩૨૨. ભય ભાષા ભાખું નહીં.

કોઈને ભય ઉત્પન્ન થાય તેવું બોલું નહીં.

**'સમાધિસોપાન'માંથી :–** ''જે વચનથી પ્રાણીઓની ઘાત થાય, દેશમાં ઉપદ્રવ થાય, દેશ લૂંટાઈ જાય, કલહ, કંકાસ, લડાઈ મંડાય, ખેદ પામીને મરી જાય કે મારી જાય, વૈર બંધાય, છકાય જીવની ઘાતનો પ્રારંભ થાય, મહા હિંસામાં પ્રવૃત્તિ થાય તે સાવદ્ય વચન કહેવાય છે. કોઈને ચોર, વ્યભિચારી વગેરે સાવદ્ય વચન કહેવાં એ દુર્ગતિનું કારણ છે, તેથી તજવા યોગ્ય છે.'' (પૃ.૨૮૨)

**'સહજ સુખ સાધન'માંથી :–** ''**સત્ય અણુવ્રત** - જે અસત્યથી રાજ્ય તરફથી શિક્ષા થાય, જે બીજાઓને ઠગવા અર્થે વિશ્વાસઘાત માટે બોલવામાં આવે, એવાં વચન ન કહેવાં અને પ્રિય હિતકારી સજ્જનોને યોગ્ય વચન કહેવાં તે સત્ય અણુવ્રત છે. એવા શ્રાવક, જે વચનથી કલહ થાય, હિંસાની પ્રવૃત્તિ થાય, બીજાનું અહિત થાય, તેવું સત્ય વચન પણ બોલતા નથી. ન્યાય અને ધર્મની પ્રવૃત્તિમાં હાનિ ન આવે, તેમજ વૃથા કોઈ પ્રાણીનો વધ ન થાય, તેને કષ્ટ ન પહોંચે, એ સર્વ વાતનો વિચાર કરીને મુખમાંથી વચન કાઢે છે.'' (પૃ.૫૪૬)

## ૩૨૩. અપશબ્દ બોલું નહીં.

જે વચન વડે બીજાને દુઃખ થાય તેવું વચન બોલું નહીં.



**'સમાધિ સોપાન'માંથી :–** ''સત્યવાદી નીચે જણાવેલા દશ ભેદવાળી, અપ્રિય વચન નામની અસત્ય ભાષા પણ તજે છે.

અપ્રિય વચનના દશ ભેદ : **કર્કશ, કટુક, પરુષ, નિષ્ઠુર, પરકોપણી, મધ્યકૃષ, અભિમાની, અનયંકર, છેદંકર અને ભૂતવધકર.**

તું મૂર્ખ છે, આખલો છે, ઢોર છે, હે મૂર્ખ! તું શું સમજે, ઇત્યાદિ **કર્કશ ભાષા** છે.

તું કજાત છે, હલકી વર્ણનો છે, અધર્મી છે, મહાપાપી છે, અસ્પૃશ્ય છે, અપશુકનિયાળ છે ઇત્યાદિ ઉદ્વેગકારી વચનોને **કટુક ભાષા** કહે છે.

તું આચારભ્રષ્ટ છે, ભ્રષ્ટાચારી છે, મહા દુષ્ટ છે ઇત્યાદિ મર્મછેદક **પરુષ ભાષા** છે.

તને મારી નાખીશું, તારુ નાક કાપીશું, તને ડામ દઈશું, તારું માથું કાપીશું, તને ખાઈ જઈશું ઇત્યાદિ **નિષ્ઠુર ભાષા** છે.

હે નિર્લજ્જ! વર્ણશંકર! તારી જાતિ, કુળ, આચારનું ઠેકાણું નથી, જોયું તારું તપ, તું કુશીલ છે, લંપટ છે, હસવા યોગ્ય છે, મહા નિંદ્ય છે, અભક્ષ્ય ભક્ષણ કરનાર છે, તારું નામ લેતાં લાજી મરાય છે ઇત્યાદિ **પરકોપણી ભાષા** છે.

જે વચન સાંભળતા જ સાંધા ગગડી જાય તે **મધ્યકૃષ ભાષા** છે.

પોતાને મોઢે પોતાના ગુણ ગાવા, પરના દોષ પ્રગટ કરવા, પોતાના કુળ, જાતિ, બળ, રૂપ, વિજ્ઞાન આદિ મદ દર્શાવવા વચન બોલવાં તે **અભિમાની ભાષા** છે.

શીલખંડન કરાવનારી અને વેર બંધાવનારી **અનયંકર ભાષા** છે.

વીર્ય, શીલગુણ આદિને નિર્મૂળ કરનારી, જૂઠા દોષ પ્રગટ કરનારી, જૂઠાં આળ ચઢાવનારી **છેદંકર ભાષા** છે.

જે વચન સાંભળી અસહ્ય ઘા લાગી જાય અથવા પ્રાણ છૂટી જાય તે **ભૂતવધકર ભાષા** છે. આ દશ પ્રકારનાં નિંદ્ય વચન ત્યાગવા યોગ્ય છે.'' (પૃ.૨૮૨)

## ૩૨૪. કોઈને શીખડાવું નહીં.

મારા નિમિત્તે કોઈ અપશબ્દ બોલતાં શીખે એમ કરું નહીં. અથવા કોઈને ચોરી કરવાનું, જૂઠ બોલવાનું, હિંસામય પાપ કરવાનું શીખવાડું નહીં. કોઈને એવી વાત કરવી કે પેલો વ્યક્તિ આમ બોલે તો તમારે આમ કહેવું, એમ કહી ઝઘડો ઊભો કરાવું નહીં. સાસુની વાત વહુને કહે, વહુની વાત સાસુને કહે એમ અંદરોઅંદર શીખડાવીને કંકાસ ઊભો કરું નહીં. એના વિષે સતી સુભદ્રાની કથા છે તે નીચે પ્રમાણે –

**'ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ'ના આધારે :– સતીત્વની પરીક્ષા**

**સુભદ્રા સતીનું દૃષ્ટાંત –** ''વસંતપુર નગરમાં પ્રસિદ્ધ શેઠ જિનદાસ નામનો શ્રાવક વસતો હતો. તેની પત્ની જિનમતિ તે શીલગુણયુક્ત અને તત્ત્વને જાણનારી હતી. તેની સુભદ્રા નામની એક પુત્રી હતી. સુભદ્રા પણ જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળી તથા તત્ત્વને જાણનારી હતી. ગામના લોકોએ તેની માગણી કરી ત્યારે શેઠે કહ્યું કે હું મિથ્યાદૃષ્ટિઓને મારી પુત્રી આપતો નથી.

ચંપાનગરીથી બૌદ્ધ ધર્મમાં કુશલ એવો બુદ્ધદાસ નામનો એક વણિકપુત્ર વસંતપુર નગરમાં વેપાર માટે આવ્યો. કામપ્રસંગે જિનદાસને ત્યાં તે બુદ્ધદાસને જવું થયું. ત્યાં તેણે સુભદ્રાને દીઠી. તેની



સાથે લગ્ન કરવાના ભાવ થયા. પણ લોકો પાસેથી સાંભળ્યું કે એ જૈનધર્મીને જ પોતાની પુત્રી આપશે. તેથી બુદ્ધદાસ દંભથી જૈનસાધુઓનું સેવન કરવા લાગ્યો. સત્પુરુષના સંગથી તેને બોધબીજની પ્રાપ્તિ થઈ અર્થાત્ સમ્યક્‌દર્શન પામ્યો. તેથી જિનદાસે તેની પુત્રી પરણાવી.

થોડા દિવસ ત્યાં રહી બુદ્ધદાસે ચંપાનગરીએ જવાની ઇચ્છા જણાવી, ત્યારે જિનદાસે કહ્યું કે તમારા માતાપિતા મિથ્યાદૃષ્ટિ છે તો તેમની સાથે મારી પુત્રીનો નિર્વાહ કેમ થશે? બુદ્ધદાસે કહ્યું : હું તેને જુદા ઘરમાં રાખીશ. પછી ત્યાંથી રવાના થયા. ચંપાનગરીમાં આવ્યા પછી સુભદ્રા જુદા ઘરમાં રહેવાથી હમેશાં મુનિ ભગવંતોને આહાર પાણી આપતી તથા દેવ પૂજા ભક્તિ વગેરે પણ કરતી હતી.

સુભદ્રાની સાસુ અને નણંદ રોજ તેના છિદ્રો જોતી અને બુદ્ધદાસને કહેતી કે તારી સ્ત્રી તો કુલટા છે. બુદ્ધદાસ કહે : સુભદ્રા તો સતી છે. પણ રોજ રોજ કાનમાં ભરભર કરે અને શીખવાડ શીખવાડ કરે તેથી બુદ્ધદાસના મનમાં પણ થયું કે સુભદ્રા કુલટા છે અને તેનું પ્રમાણ પણ નીચે પ્રમાણે મળી આવ્યું.

સુભદ્રા જૈનધર્મી હતી. તેથી એક વખત કોઈ માસખમણના પારણા અર્થે તેના ઘરે મુનિ મહાત્મા પધાર્યા. સુભદ્રાએ તેમને આહાર પાણી આપ્યા પછી તેમની સામે દૃષ્ટિ પડી. ત્યારે તેમની આંખમાંથી પાણી નીકળતું જોયું. તે જોઈ તેણે જીભ વડે આંખમાં પડેલ તૃણને બહાર કાઢી લીધું. તે સમયે મુનિના કપાળમાં ચાંદલાનું કુમકુમ ચોંટી ગયું. મુનિ તો નિસ્પૃહપણે ચાલ્યા ગયા. પણ તે વખતે સુભદ્રાની સાસુ તથા નણંદ બહાર ઊભા હતા તેમણે આ જોયું. તેથી તેના પતિ બુદ્ધદાસને કહ્યું કે તારી સ્ત્રી કુલટા છે તેનું આ પ્રમાણ. એ વાત બધે ફેલાઈ ગઈ. સુભદ્રાએ પણ સાંભળી. તેથી સુભદ્રા કાયોત્સર્ગ કરીને ઊભી રહી. ત્યારે શાસનદેવીએ આવીને કહ્યું કે હે વત્સે! શું કામ છે? તેણે કહ્યું જૈન શાસન ઉપર આવેલ કલંકને દૂર કરો. દેવીએ કહ્યું કે કાલે સવારે ઉપાય વડે ધર્મ પ્રભાવના કરીશ; એમ કહી તે અંતર્ધ્યાન થઈ ગઈ.

બીજે દિવસે સવારે ચંપાનગરીના ચારે દરવાજા રક્ષકો ખોલવા લાગ્યા ત્યારે ખૂલે નહીં. તેથી લોકો મુંઝાઈ ગયા. ત્યારે રાજાએ કહ્યું કે કોઈપણ દેવી દેવતા ક્રોધ પામ્યા હો તો મારા ઉપર પ્રસન્ન થાઓ. ત્યારે આકાશવાણી થઈ કે જે કોઈ શીલવતી હોય તે કાચા તાંતણા ચાલણીને બાંધી કૂવામાંથી પાણી કાઢી



આ દરવાજાઓને છાંટશે ત્યારે જ દ્વાર ઉઘડશે. નગરની સર્વ સ્ત્રીઓએ પ્રયત્ન કર્યો, પણ તે ઉઘડ્યાં નહીં. સુભદ્રાએ સાસુને કહ્યું કે હે માતા! તમે મને રજા આપો તો મારા આત્માની પરીક્ષા કરવા જાઉં. ત્યારે સાસુ હસીને બોલી કે તારું સતીપણું તો પહેલેથી જાણેલું છે. છતાં સુભદ્રા સ્નાન વગેરે કરીને કૂવા પાસે જઈ કાચા તાંતણા ચાલણીને બાંધી પાણી બહાર કાઢ્યું. તે જોઈ રાજા વગેરે આનંદ પામ્યા. પછી સર્વ લોકોની સાથે જઈને ચંપાનગરીના દરવાજાઓ ઉપર તે જળ છાંટ્યું કે દરવાજાઓ ઉઘડી ગયા. બુદ્ધદાસને રોજ એની માતા તથા બેન શિખવાડતી હતી તેમ કોઈને શીખવાડું નહીં.



હવે દેવીએ પ્રગટ થઈને સર્વને કહ્યું કે જે કોઈ આ સતી સુભદ્રા વિરુદ્ધ ચિંતવન કરશે, તેને હું શિક્ષા કરીશ. તે સાંભળી રાજા વગેરે લોકોએ ચમત્કાર પામી જૈનધર્મ ગ્રહણ કર્યો. સાસુએ વહુની ક્ષમા માગી તથા સર્વ જૈનધર્મી થયા. અનુક્રમે સુભદ્રા પણ ગુરુ પાસે દીક્ષા લઈ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષને પામી.

## ૩૨૫. અસત્ય મર્મ ભાષા ભાખું નહીં.

ખોટા મર્મભેદક વચનો કોઈને કહું નહીં કે જેથી બીજાને દુઃખ ભોગવવા પડે. લોકોના મુખે અસત્ય મર્મભાષા રામના સાંભળવામાં આવી. તેથી સતી સીતાને શ્રીરામે જંગલમાં મૂકાવી.

આમ અસત્ય અને મર્મભેદક વચનો કહેવાથી સતી જેવી સીતાને જંગલમાં કેવા દુઃખ ભોગવવા પડ્યા. માટે આવી અસત્ય મર્મભાષા બોલું નહીં કે જેથી બીજાને નુકશાન થાય.

## ૩૨૬. લીધેલો નિયમ કર્ણોપકર્ણી રીતે તોડું નહીં.

કર્ણોપકર્ણી એટલે એક કાનેથી બીજા કાને વાત જાય તે. એવી કોઈ વાત સાંભળીને આપણે જે નિયમ લીધો હોય તેમાં ઢીલાશ લાવું નહીં અથવા નિયમ તોડવાનો ભાવ કરું નહીં. તેના ઉપર રજ્જા સાધ્વીનું દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે –

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– આજ્ઞા વિરુદ્ધ વચન બોલવું તે મહાપાપ**

**રજ્જા સાધ્વીનું દૃષ્ટાંત –** ''શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે શ્રી મહાવીરસ્વામી એકદા દેશનામાં બોલ્યા કે ''એક જ માત્ર કુવાક્ય બોલવાથી રજ્જા નામની આર્યા મહાદુઃખ પામી.'' તે સાંભળીને ગૌતમ ગણધરે વિનંતીપૂર્વક પૂછ્યું કે ''હે ભગવન્! તે રજ્જા સાધ્વી કોણ? અને તેણે વાણીમાત્રથી શું પાપ ઉપાર્જન કર્યું? કે જેનો આ પ્રમાણેનો દારૂણ વિપાક આપ વર્ણન કરો છો?'' ભગવાન બોલ્યા કે ''હે ગૌતમ! આ ભરતક્ષેત્રમાં પૂર્વે ભદ્ર નામે એક આચાર્ય હતા. તેના ગચ્છમાં પાંચસો સાધુઓ અને બારશો સાધ્વીઓ હતી. તેના ગચ્છમાં ત્રણ ઉછાળા આવેલું, આયામ (ઓસામણ) અને સૌવીર (કાંજી) એ ત્રણ જાતનું જ જળ વપરાતું હતું. ચોથી જાતનું પાણી પીવાતું નહોતું. એકદા રજ્જા આર્યાના શરીરમાં પૂર્વ કર્મના અનુભાવથી કુષ્ટ વ્યાધિ ઉત્પન્ન થયો, તે જોઈને બીજી સાધ્વીઓએ તેને પૂછ્યું કે ''હે દુષ્કર સંયમ પાળનારી! આ તને શું થયું?'' તે સાંભળી પાપકર્મથી ઘેરાયેલી રજ્જા બોલી કે ''આ પ્રાસુક જળ પીવાથી મારું શરીર નષ્ટ થયું.'' તે સાંભળીને ''આપણે પણ આ પ્રાસુક જળ વરજીએ.'' એમ સર્વ સાધ્વીઓના હૃદયમાં વિચાર થઈ ગયો, તેમાંના એક સાધ્વીએ વિચાર્યું કે ''જો કદાપિ મારું શરીર હમણાં જ આ મહા વ્યાધિથી નાશ પામે, તો પણ હું તો પ્રાસુક જળ તજીશ નહીં. ઉકાળેલું જળ વાપરવાનો અનાદિ અનંતધર્મ કૃપાળુ જિનેશ્વરોએ કહેલો છે તે મિથ્યા નથી. આનું શરીર તો પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મથી વિનષ્ટ થયું છે. અહો! તે નહીં વિચારતાં આ રજ્જા અનંત તીર્થંકરોની આજ્ઞાનો લોપ કરનારું અને મહા ઘોર દુઃખ આપનારું કેવુ દુષ્ટ વચન બોલી? ઇત્યાદિ શુભ ધ્યાન કરતાં વિશેષ શુદ્ધિના વશથી તે સાધ્વીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તરત જ દેવોએ કેવળીનો મહિમા કર્યો. પછી ધર્મદેશનાને અંતે રજ્જાએ કેવળીને પ્રણામ કરીને પૂછ્યું કે ''હે ભગવન્! કયા કર્મથી હું કુષ્ટાદિક વ્યાધિનું પાત્ર થઈ? કેવળીએ કહ્યું કે ''સાંભળ, તને રક્તપિત્તનો દોષ છતાં તેં સ્નિગ્ધ આહાર કંઠ સુધી ખાધો. તે આહાર કરોળિયાની લાળથી મિશ્ર થયેલો હતો. વળી તેં આજે એક શ્રાવકના છોકરાના મુખ ઉપર વળગેલી નાકની લીંટ મોહના વશથી સચિત



જળથી ધોઈ હતી. તે શાસનદેવીથી સહન થયું નહીં; તેથી તારી જેમ બીજાઓ પણ તેવું અકાર્ય ન કરે તેવા હેતુથી શાસનદેવીએ તને તે કર્મનું ફળ તત્કાળ બતાવ્યું; તેમાં પ્રાસુક જળનો દોષ કિંચિત્ પણ નથી.'' તે સાંભળીને રજ્જાએ પૂછ્યું કે ''હે ભગવન્! જો હું યથાવિધિ તેનું પ્રાયશ્ચિત્ત લઉં તો મારું શરીર સારું થાય કે નહીં?'' કેવળીએ કહ્યું કે ''જો કોઈ પ્રાયશ્ચિત્ત આપે તો સારું થાય.'' રજ્જા બોલી કે ''તમેજ આપો. તમારા જેવો બીજો કોણ મહાત્મા છે?'' કેવળીએ કહ્યું કે ''તું બાહ્ય રોગની શાંતિ માટે ઇચ્છા કરે છે, પણ તારા આત્માના ભાવરોગ વૃદ્ધિ પામ્યા છે, તે શી રીતે જશે? તોપણ હું તો તને પ્રાયશ્ચિત્ત આપું. પરંતુ તેવું કોઈ પ્રાયશ્ચિત્ત જ નથી કે જેથી તારી શુદ્ધિ થાય. કેમકે તેં પૂર્વે સર્વ સાધ્વીઓને કહ્યું છે કે 'પ્રાસુક જળ પીવાથી મારું શરીર બગડ્યું.' આવું મહાપાપી વાક્ય બોલીને તેં સર્વ સાધ્વીઓના મનને ક્ષોભ પમાડ્યો છે, તેવા વચનથી તેં મોટુ પાપ ઉપાર્જન કર્યું છે, તેથી તારે કુષ્ટ, ભગંદર, જળોદર, વાયુ, ગુલ્મ, શ્વાસનિરોધ, અર્શ, ગંડમાલ વિગેરે અનેક વ્યાધિવાળા દેહ વડે અનંતા ભવોમાં દીર્ઘકાળ સુધી નિરંતર દારિદ્ર, દુઃખ, અપયશ, સંતાપ અને ઉદ્વેગનું ભાજન થવાનું છે.'' આ પ્રમાણે કેવળીનું વચન સાંભળી બીજી સર્વે સાધ્વીઓએ મિથ્યા દુષ્કૃત આપીને પોતાનું પાપ તજી દીધું. માટે હે ગૌતમ! જેઓ ભાષાસમિતિ વડે શુદ્ધ એવું વાક્ય બોલે છે તે કેવળજ્ઞાન પામે છે, અને જે ભાષાસમિતિ જાળવ્યા સિવાય જેમ તેમ બોલી જાય છે તે આચારથી ભ્રષ્ટ થયેલી રજ્જા આર્યા જેમ કુગતિઓમાં અનેક પ્રકારનાં દુઃખસમૂહ ને પામશે, તેમ દુઃખ પામે છે. (પૃ.૨૯૩)

## ૩૨૭. પૂંઠચૌર્ય કરું નહીં.

પૂંઠચૌર્ય એટલે કોઈની પીઠ પાછળ નિંદા કરવી તે. નિંદા કરવાથી આપણને કર્મબંધનનું કારણ થાય અને સામા વ્યક્તિને મનદુઃખ થાય. માટે પૂંઠચૌર્ય કરું નહીં.

**'જૈન હિતોપદેશ ભાગ-૧'માંથી :— દુર્જનની પણ કદી નિંદા કરવી નહીં**

પરનિંદા કરવાથી કાંઈપણ ફાયદો નથી, પણ ઊલટો નિંદા કરનાર - નિંદકને ભારે મોટો ગેરફાયદો થાય છે. પોતાનો અમૂલ્ય વખત ગુમાવે છે અને તેના બદલમાં પોતે જ મલિન થાય છે. નિંદા એ સામાને સુધારવાનો રસ્તો નથી, પરંતુ કદાચ બગાડવાનો રસ્તો છે. જો કે સજ્જનો તો તેવા નિંદકોથી વધારે વધારે જાગ્રત રહી ગુણ ગ્રહે છે, પણ દુર્જનો તેનાથી પ્રકોપ પામી દુર્જનતાની જ વૃદ્ધિ કરે છે; માટે દુર્જનની નિંદામાં પણ હાનિ જ છે. સંત-સજ્જનોની નિંદાથી, સજ્જનોને તો કાંઈ પણ અવગુણ થતો નથી, તો પણ તેવા ઉત્તમ પુરુષોની નાહક નિંદા કરતાં આશયની મહા મલીનતાથી નિકાચિત્ કર્મ બાંધી નિંદકો નરકાદિ અધોગતિને પામે છે. નિંદા, ચાડી, પરદ્રોહ તથા ખોટાં આળ ચઢાવનારાં, તેમજ હિંસા, અસત્ય ભાષણ, પરદ્રવ્યહરણ તથા પરસ્ત્રી ગમનાદિ અનીતિ કે અન્યાયાચરણ કરનારા અને ક્રોધાંધ કે રાગાંધના જે જે માઠા હાલ શાસ્ત્રકારે વર્ણવ્યા છે, તે સંબંધી હિતબુદ્ધિથી જે કાંઈ કહેવું તે કાંઈ નિંદા કહેવાય નહીં. હિતબુદ્ધિ વિના માત્ર દ્વેષથી પરને વગોવવાં તે નિંદા કહેવાય છે. માટે નામ લઈને પરને વગોવવા મિથ્યા પ્રયાસ કરવો નહીં. છતાં નિંદા કરવાનું મન થાય તો સાચા મને આપણા દોષોની જ નિંદા કરવી. પરનિંદા કરતાં સ્વનિંદા ઘણે દરજ્જે સારી છે.

## ૩૨૮. અતિથિનો તિરસ્કાર કરું નહીં. (ગૃ૰ઉ૰)

અતિથિ આપણા ઘરે આવ્યો હોય તો આનંદથી તેમની ભોજન વગેરેની વ્યવસ્થા કરું, પણ



મનમાં બીજો ભાવ લાવું નહીં કે આ ક્યાંથી આવ્યા? ''અતિથિ દેવો ભવ'' અતિથિને દેવ સમાન માનું.


પરમકૃપાળુદેવ પણ કોઈ મહેમાન આવ્યા હોય તો તેમને પાસે બેસીને જમાડતા અને આગ્રહપૂર્વક પીરસાવતા હતા.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''અતિથિ એટલે મહેમાન અથવા આગંતુકનું યથાયોગ્ય સન્માન કરે. અતિથિ પ્રત્યે સારા ભાવથી વર્તે તે સન્માન કહેવાય છે. ઓળખાણ ન હોય તો પણ મહેમાનગિરિ કરે, માન, પાન, આસન, શયન અને સંપત્તિ પ્રમાણે અન્ન આપે.'' (પૃ.૩૦)

**'પ્રવેશિકા'માંથી :–** ''ભોજનકાળે આવેલા સાધુઓને ન્યાયથી પેદા કરેલ તથા નિર્દોષ ચતુર્વિધ આહાર, પાત્ર,વસ્ત્ર અને રહેઠાણ વગેરેનું દાન કરવું તે 'અતિથિ સંવિભાગ' વ્રત કહેવાય. મહાવ્રતી ઉત્તમ પાત્ર છે, અણુવ્રતી મધ્યમ પાત્ર છે અને જે શ્રદ્ધાવંત છે, પણ વ્રત ધારી શકતા નથી તે કનિષ્ઠ પાત્ર છે. કુતપ કરનાર કુપાત્ર છે અને શ્રદ્ધા તથા વ્રત વિનાના દાનને પાત્ર નથી; અપાત્ર ગણાય છે.'' (યોગશાસ્ત્ર) (પૃ.૩૮)

**'શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧૦'માંથી :– અતિથિ સત્કારનું ફળ સમકિત**

**નયસારનું દૃષ્ટાંત :–** ''પૃથ્વીપ્રતિષ્ઠાન નામના ગામમાં નયસાર નામે એક સ્વામીભક્ત ગ્રામચિંતક હતો. તે સાધુજનના સંબંધ વિનાનો હતો. તથાપિ અપકૃત્યથી પરાङ્મુખ, બીજાના દોષને જોવામાં વિમુખ અને ગુણ ગ્રહણમાં તત્પર હતો. એક વખતે રાજાની આજ્ઞાથી તે મોટા કાષ્ઠો લેવા માટે પાથેય (ભાતું) લઈ કેટલાક ગાડાં સાથે એક મહાટવીમાં ગયો. ત્યાં વૃક્ષો છેદતાં તેને મધ્યાહ્ન સમય થયો, એટલે ઉદરમાં જઠરાગ્નિની જેમ સૂર્ય આકાશમાં અધિક પ્રકાશવા લાગ્યો. તે વખતે તે નયસારના સમય જાણનારા સેવકો મંડપાકાર વૃક્ષની નીચે તેને માટે ઉત્તમ રસવતી લાવ્યા. પોતે ક્ષુધા તૃષાથી આતુર હતો છતાં પણ 'કોઈ અતિથિ આવે તો હું તેને ભોજન કરાવીને પછી જમું' એમ ધારી નયસાર આમતેમ જોવા લાગ્યો. તેવામાં ક્ષુધાતુર, તૃષાતુર, શ્રાંત, પોતાના સાર્થને શોધવામાં તત્પર અને પસીનાથી જેમના સર્વ અંગ વ્યાપ્ત થઈ ગયા છે, એવા કેટલાક મુનિઓ તે તરફ આવી ચડ્યા. 'આ સાધુઓ મારા અતિથિ થયા તે બહુ સારું થયું' એમ ચિંતવતા નયસારે તેમને નમસ્કાર કરીને પૂછ્યું કે, 'હે ભગવંત! આવી મોટી અટવીમાં તમે ક્યાંથી આવી ચડ્યા? કેમકે શસ્ત્રધારી પણ એકાકીપણે આ અટવીમાં ફરી શકે તેમ નથી.' તેઓ બોલ્યા-'અમે પૂર્વે અમારા સ્થાનથી સાર્થની સાથે ચાલ્યા હતા પણ માર્ગમાં કોઈ ગામમાં ભિક્ષા લેવાને પેઠા, તેવામાં સાર્થ ચાલ્યો ગયો; અમને ભિક્ષા કંઈ મળી નહીં, તેથી અમે તે સાર્થની પછવાડે પછવાડે ચાલ્યા પણ તે સાર્થ તો મળ્યો નહીં અને આ અટવીમાં આવી ચડ્યા.' નયસાર બોલ્યો-'અહો! એ



સાર્થ કેવો નિર્દય! કેવો પાપથી પણ અભીરૂ! કેવો વિશ્વાસઘાતી! કે તેની આશાએ સાધુઓ સાથે ચાલેલા તેમને લીધા વગર તે પોતાના સ્વાર્થમાંજ નિષ્ઠૂર બનીને ચાલ્યો ગયો; પરંતુ આ વનમાં મારા પુણ્યથી તમે અતિથિરૂપે પધાર્યા તે બહુ ઠીક થયું.' આ પ્રમાણે કહીને નયસાર તે મહામુનિઓને જ્યાં પોતાનું ભોજનસ્થાન હતું ત્યાં લઈ ગયો. પછી પોતાને માટે તૈયાર કરી લાવેલા અન્નપાનથી તેણે તે મુનિઓને પ્રતિલાભિત કર્યા



એટલે મુનિઓએ ત્યાંથી બીજે જઈને વિધિવડે તેનો આહાર કર્યો. ભોજન કરીને નયસાર મુનિઓની પાસે આવ્યો. પ્રણામ કરી કહ્યું કે, 'હે ભગવંત! ચાલો હું તમને નગરનો માર્ગ બતાવું.' પછી તેઓ તેની સાથે ચાલ્યા અને નગરીને માર્ગે આવ્યા; એટલે એક વૃક્ષની નીચે બેસીને તેઓએ નયસારને ધર્મ સંભળાવ્યો. તે સાંભળીને આત્માને ધન્ય માનતા નયસારે તેજ વખતે સમકિત પ્રાપ્ત કર્યું. પછી તેમને વાંદીને તે પાછો વળ્યો અને બધા કાષ્ઠો રાજાને મોકલાવી પોતે પોતાના ગામમાં આવ્યો.



પછી મોટા મનવાળો નયસાર સદા ધર્મનો અભ્યાસ કરતો, સાત તત્વને ચિંતવતો અને સમકિતને પાળતો કાળ નિર્ગમન કરવા લાગ્યો. એ પ્રમાણે આરાધના કરતો નયસાર અંત સમયે પંચ નમસ્કાર મંત્રનું સ્મરણ કરી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં એક પલ્યોપમના આયુષ્યવાળો દેવતા થયો.'' (પૃ.૧)

એ જ નયસાર આગળના સત્તાવીસમાં ભવમાં ભગવાન મહાવીર બની લાખો જીવોનું કલ્યાણ કરી મોક્ષે પધારશે.

**'સમાધિસોપાન'માંથી :– વ્યવહાર વિનય -** ''કોઈ જીવનું મારાથી અપમાન ન થાઓ. જે અન્યનું સન્માન કરે છે તે પોતે જ સન્માન પામે છે. જે પરનું અપમાન કરે છે તે પોતે જ અપમાન પામે છે. સર્વ સાથે મીઠાં વચને બોલવું તે વિનય છે. કોઈ જીવનો તિરસ્કાર ન કરવો તે પણ વિનય જ છે. પોતાને ઘેર આવે તેનો યથાયોગ્ય સત્કાર કરવો. કોઈને સામે જઈ તેડી લાવવા. કોઈને દેખીને ઊભા થવું. કોઈને એક હાથ માથે ચઢાવી સલામ ભરવી. કોઈનું 'આવો, આવો, આવો!' એમ ત્રણવાર કહી સ્વાગત કરવું. કોઈને માન આપીને પાસે બેસારવા. કોઈને બેસવા આસન આપવું. કોઈને 'આવો, બેસો' કહેવું. કોઈને કુશળતા પૂછવી. કોઈને કહેવું કે 'અમે આપના છીએ, કોઈ આજ્ઞા-સેવા ફરમાવો, જમવા પધારો, પાણી લાવું? આ આપનું જ ઘર છે. આ ઘર આપના પધારવાથી પાવન થયું. આપની કૃપા અમારા ઉપર સદાય છે તેવી રહો.' ઇત્યાદિ વ્યવહારવિનય છે.'' (પૃ.૧૭૧)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :–** ''અતિથિને અન્ન, નિવાસ, વસ્ત્ર અને પાત્ર વગેરે વસ્તુઓનું દાન કરવું તે અતિથિસંવિભાગ નામે વ્રત કહેવાય છે.''

અતિથિને ભક્તિપૂર્વક નિર્દોષ અન્નદાન આપે,પણ અનાદરથી આપે નહીં. કહ્યું છે કે –

અનાદર, વિલંબ, મુખ બગાડવું, અપ્રિય વચન બોલવું અને પશ્ચાત્તાપ કરવો – એ પાંચ દાતા સંબંધી દાનના દૂષણો છે.'' તથા –

''ધર્મમાં દાનધર્મ મહા તેજસ્વી છે; તે જો સુપાત્રે આપ્યું હોય તો સ્વાતિનક્ષત્રનું છીપમાં પડેલું જળ જેમ મોતી થાય છે તેમ તે સફળ થાય છે.'' વળી કહ્યું છે કે –

''આનંદના અશ્રુ આવે, રોમાંચ ખડા થાય, બહુમાન કરે, પ્રિય વચન બોલે અને સુપાત્રની અનુમોદના કરે – એ પાંચ દાનનાં આભૂષણ છે.'' આત્માને તારવાની બુદ્ધિથી દાન આપીને પછી જમવું તે દેવભોજન છે અને તે સિવાયનું પ્રેતભોજન છે.

દાનમાં પણ જે સુપાત્રદાન છે તે મોટા ફળને આપનારું છે. કહ્યું છે કે –



"કોઈને વિત્ત (ધન) હોય, કોઈને ચિત્ત હોય અને કોઈને તે બંને વાનાં હોય; પણ ચિત્ત, વિત્ત ને પાત્ર એ ત્રણ વાનાં તો પુણ્યવડે જ પ્રાપ્ત થાય છે."

**કર્ણરાજાનું દૃષ્ટાંત –** કર્ણરાજા ઘણો દાતાર હતો. દાન કરવાથી મોક્ષ વગેરે સુખ મળે છે એવું માની તે હમેશાં પ્રભાતે સો ભાર સુવર્ણ આપીને પછી સિંહાસનથી ઊઠતો હતો. એક વખતે રાજા કર્ણને સત્પાત્રને દાન આપવાની ઇચ્છા થઈ. તે દિવસે પ્રભાતે કોઈ બે ચારણ કે જેમાં એક શ્રાવક હતો અને એક મિથ્યાત્વ ધર્મથી વાસિત હતો તે પ્રથમ આવ્યા. તેમને જોઈ કર્ણે વિચાર્યું કે આજે મારે પ્રથમ સત્પાત્રને દાન આપવું છે; કારણ કે તેથી સદ્ગતિ મળે છે. કહ્યું છે કે –

"અન્ન આપનારના હાથ નીચે તીર્થંકર પણ હાથ ધરે છે. તેવું દાન જો પાત્રને આપેલું હોય તો તે મહાફળ આપે છે." આવા વિચારથી પાત્રની પરીક્ષા કરવા માટે કર્ણે દાન આપ્યું નહીં. એટલામાં તેમાંથી એક ચારણ બોલ્યો –

"રાજા કર્ણ! પાત્રની પરીક્ષા શું કરો છો? જે માગવા આવે તેને આપો; વરસાદ વરસે છે તે શું સારું સ્થાન કે નઠારું સ્થાન જોઈને વરસે છે?" તે સાંભળી કર્ણે કહ્યું –

"વરસાદ ભલે જ્યાં ત્યાં વરસે, પણ તેના ફળ જુઓ. ધંતુરાને વિષે વિષ થાય છે અને શેરડીમાં અમૃત જેવો રસ થાય છે. એટલો અંતર કુપાત્ર અને સુપાત્ર દાનમાં સમજવો."

સર્વ દાનમાં અન્નનું દાન અતિ મોટું છે. કહ્યું છે કે –

"સર્વ પ્રાણીઓના પ્રાણ અન્ન વડે જ રહેલા છે તેથી અન્નદાન કરનાર પૃથ્વીમાં શ્રેષ્ઠ છે અને તેને વિદ્વાનો પ્રાણદાતા કહે છે." વળી "પ્રાણીઓના પ્રાણ અન્ન છે, અન્ન તે જ અનેક સુખનો સાગર છે; તેથી અન્નદાન જેવું કોઈ બીજું દાન થયું નથી અને થશે પણ નહીં" "પાત્રમાં સર્વથી ઉત્તમ પાત્ર મુનિ છે, મધ્યમ પાત્ર ઉત્તમ શ્રાવક છે અને જઘન્ય પાત્ર અવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે." સત્પાત્રનો યોગ થાય તો તેને આપીને પછી જમવું, અને જો તેવો યોગ ન થાય તો ભોજન વખતે ઘરની બહાર આવી દિશાવલોકન કરીને પછી જમવું. આ પ્રમાણે અતિથિને આપેલું સ્વલ્પ દાન પણ ચંદનબાળા, શ્રેયાંસ અને નયસારની જેમ બહુ ફળને આપનારું થાય છે." (પૃ.૬૯,૭૧)

## ૩૨૯. ગુપ્ત વાત પ્રસિદ્ધ કરું નહીં. (ગૃ૰ઉ૰)

કોઈપણ વ્યક્તિની ગુપ્ત વાત હોય તે કોઈને કહું નહીં. ગુપ્તવાત એટલે જે ન કહેવા યોગ્ય એવી વાત. તે કહેવાથી કોઈના મરણનું કારણ પણ થઈ જાય.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– ગુપ્ત વાત પ્રગટ કરવાનું ફળ**

**પુણ્યસારનું દૃષ્ટાંત –** "વર્ણપુર નામના નગરમાં પુણ્યસાર નામે શ્રેષ્ઠી રહેતો હતો. એક વખતે તે પોતાની સ્ત્રીનું આણું વાળવા સસરાને ઘેર ગયો. તે સ્ત્રી કોઈ બીજા પુરુષ સાથે રાગી થયેલી હતી, તેથી જવાને આનાકાની કરતી હતી. તથાપિ પુણ્યસાર શેઠે તેને હઠ કરીને લીધી. માર્ગમાં તે વણિક તૃષાર્ત્ત થવાથી કોઈ કૂવા ઉપર પાણી ભરવા ગયો. તે કૂવામાંથી જળ ખેંચતો હતો એવામાં પછવાડે રહેલી સ્ત્રીએ તેને કૂવામાં નાખી દીધો, અને પોતે પાછી પિતાને ઘેર આવી ગઈ. પિતાએ તરતમાં જ પાછી આવવાનું કારણ પૂછ્યું, એટલે કહ્યું કે, "માર્ગમાં મારા પતિને ચોરોએ લુંટી લીધા અને તેને માર્યા હશે કે શું થયું હશે તેની ખબર નથી. હું તો નાસીને અહીં આવી છું." પછી તે સ્ત્રી પિતૃગૃહમાં રહી સ્વેચ્છાએ વર્તવા લાગી.



અહિં પુણ્યસાર કૂવામાં થોડું જળ હોવાથી ઉપર જ રહ્યો. તેને કોઈ મુસાફરોએ ખેંચીને બહાર કાઢ્યો. તે ફરીવાર પાછો શ્વસુરગૃહે ગયો. સર્વ લોકોએ માર્ગની વાર્તા પૂછી; ત્યારે તેણે કહ્યું કે, 'મને ચોરોએ લૂંટી લીધો પણ જીવતો મૂક્યો અને મારી સ્ત્રી નાસીને અહીં આવતી રહી તે સારું થયું.' આ પ્રમાણે તેણે પોતાની સ્ત્રીનું ગુહ્ય (મર્મ) ઢાંકીને વાર્તા કહી, તેથી તે સ્ત્રી તેના પર વિશેષ રાગવાળી થઈ. પછી તેને લઈને તે વણિક ઘેર આવ્યો. ગાઢ પ્રેમી થયેલા દંપતીને એક પુત્ર થયો. અનુક્રમે પુત્ર મોટો થયો. એક વખતે પુણ્યસાર શેઠ ભોજન કરતા હતા તેવામાં પ્રચંડ પવનનો વંટોળિયો આવવાથી તેના ભાણામાં રજ પડવા માંડી, ત્યારે સ્ત્રીએ આવીને પોતાના વસ્ત્રનો છેડો આડો રાખ્યો. તે વખતે પુણ્યસારને તેનું પૂર્વ ચરિત્ર યાદ આવ્યું, તેથી કાંઈક હાસ્ય થયું. પુત્રે એકાંતે જઈને પિતાને હાસ્યનું કારણ પૂછ્યું. પુત્રનો ઘણો આગ્રહ થવાથી પિતાએ તેની પાસે માતાનું પૂર્વ ચરિત્ર કહી દીધું.

અન્યદા સાસુવહુને પરસ્પર કલહ થયો. એટલે એકબીજાની મર્મની વાતો ઉઘાડી કરવા માંડી. તે પ્રસંગે વહુએ પોતાના પતિ પાસેથી સાંભળેલી વાત મહેણાના રૂપમાં કહી દીધી. તે સાંભળતા જ સાસુના મનમાં વિચાર આવ્યો કે, 'અહો! મારા પતિએ આટલા વખત સુધી મારી ગુહ્ય વાત ગુપ્ત રાખી છેવટે આ વહુ આગળ પ્રગટ કરી, તેથી મારે હવે જીવીને શું કરવું? આવું ચિંતવી ગળે ફાંસો બાંધી તે મૃત્યુ પામી. તે જોઈ પુણ્યસાર શેઠે પણ દેહત્યાગ કર્યો. તેવો બનાવ જોઈ શ્રેષ્ઠીપુત્રને વૈરાગ્ય થયો, તેથી તે પોતાની સ્ત્રીને છોડી દઈ દીક્ષા લઈને ચાલી નીકળ્યો.

ઉપરની કથા સાંભળી કોઈએ કોઈની ગુપ્ત વાત પ્રગટ કરવી નહીં. જેઓ બીજાના ગુહ્યને ઢાંકે છે તેઓ ખરેખર ધન્ય છે.'' (પૃ.૫૫)

**'ધર્મામૃત'માંથી :– જૈન ધર્મની નિંદા અટકાવવા ચોરના પણ દોષો ઢાંક્યા**

**જિનેન્દ્રભક્તનું દૃષ્ટાંત –** ''સૌરાષ્ટ્ર દેશમાં પાટલીપુત્ર નગરમાં રાજા યશોધર અને રાણી સુમિત્રાનો પુત્ર સુવીર નામે હતો. તે સાત વ્યસનનો સેવનારો થયો તેથી પોતાના જેવા વ્યસની અને ચોરોનો આગેવાન થયો. તેવામાં તેના સાંભળવામાં આવ્યું કે પૂર્વ તરફ ગૌડ પ્રાંતમાં તામ્રલિપ્ત નગરીમાં જિનેન્દ્રભક્ત શ્રેષ્ઠીએ એક અત્યંત કિંમતી વૈડૂર્યમણિની પાર્શ્વનાથની પ્રતિમા કરાવીને સાત માળવાળા મકાનમાં ઉપરના માળે ઘણા રક્ષકો સહિત રાખી છે. સુવીરે લોભથી પોતાના માણસોને પૂછ્યું કે કોઈ તે મણિ લાવી આપે તેવો છે? ત્યારે સૂર્ય નામનો ચોર બોલ્યો કે એમાં શું છે? હું તો કહો તો ઇન્દ્રના મુગટનો મણિ પણ લાવી આપું. પછી તે ચોરે કપટથી ક્ષુલ્લકનો વેષ ધારણ કર્યો અને ઘણા કાયક્લેશ પૂર્વક ગામ નગર વટાવતો લોકોમાં પૂજ્યબુદ્ધિ ઉપજાવતો નામાંકિત થતો તામ્રલિપ્ત નગરે પહોંચ્યો. તેની ખ્યાતિ સાંભળીને જિનેન્દ્રભક્ત શેઠ તેને જોવા ગયા અને તેના વચનથી તેના પર શ્રદ્ધા થવાથી જિનેન્દ્રભક્ત શ્રેષ્ઠીએ તેને પોતાને ત્યાં રાખ્યો અને પછી તેણે માયાથી ના પાડવા છતાં પોતાની પાર્શ્વનાથ પ્રતિમાનો રક્ષક બનાવ્યો. એક વખત ક્ષુલ્લકને પૂછીને તે શ્રેષ્ઠી સમુદ્રયાત્રા કરવા માટે જવા તૈયાર થયા, અને એ રીતે ગામ બહાર ઉદ્યાન સુધી પહોંચી ત્યાં રાત્રિ રહ્યા. અહીં ઘરના માણસો સામાન ફેરવવા વગેરેમાં રોકાયેલા જાણી તે ક્ષુલ્લકે અર્ધી રાતે મણિની પ્રતિમા લઈને જવા માંડ્યું. પરંતુ તે મણિના તેજથી રસ્તામાં કોટવાલ તેને પકડવા પાછળ પડ્યો અને બૂમો પાડી. તેથી નાસી જવાનું અશક્ય થવાથી તે જિનેન્દ્રભક્ત હતા ત્યાં જઈ તેમને શરણે ગયો. શ્રેષ્ઠી બધો કોલાહલ સાંભળીને સમજી ગયો અને તેને ચોર જાણીને પણ



દર્શનની નિંદા ન થવા તેનો દોષ ઢાંકવા બોલ્યા કે, આણે મારા કહેવાથી અહીં મણિ આણેલો છે. તમે બધાએ આ મહા તપસ્વીની વિડંબના કરીને ભૂલ કરી છે. ત્યારે તેઓ બધા ક્ષુલ્લકને નમીને જતા રહ્યા; અને શ્રેષ્ઠીએ ત્યાર પછી તે ક્ષુલ્લક ચોરને રાતોરાત રજા આપી. આ મુજબ અન્ય સમ્યક્દૃષ્ટિએ પણ બલહીન અને અજ્ઞાન સાધર્મીઓ વડે ધર્મમાં લગાડેલા દોષોનું પ્રચ્છાદન કરવું જોઈએ.'' (પૃ.૯૩)

## ૩૩૦. પ્રસિદ્ધ કરવા યોગ્ય ગુપ્ત રાખું નહીં.

જેમાં સર્વનું હિત રહ્યું હોય તે વાત પ્રસિદ્ધ કરવી. જેમકે ઘરમાં આગ લાગી હોય અથવા ચોરી થઈ હોય તો એવી વાત શીઘ્ર પ્રસિદ્ધ કરવાથી તેનો ઉપાય થઈ શકે પણ ગુપ્ત રાખવાથી નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'ના આધારે :–**

**ભદ્રિક નોકરનું દૃષ્ટાંત –** ''એક ભદ્રિક છોકરો હતો. તે એક ઠાકોરને ત્યાં નોકરી કરતો હતો. એક દિવસ ઠાકોરની સ્ત્રીએ ઠાકોરને જમવા માટે બોલાવવા તેને મોકલ્યો. તેણે સભામાં આવી જોરથી કહ્યું કે ઘેંસ બની ગઈ છે માટે તમને જમવા બોલાવે છે. તે સાંભળી ઠાકોરને શરમ આવી. તેથી તે છોકરાને ઠાકોરે કહ્યું કે આવી વાત સભામાં મારા કાનમાં કહેવી. પછી એક દિવસ ઘરમાં આગ લાગી. તેથી ઠાકોરની સ્ત્રીએ કહ્યું કે જા ઝટ ઠાકોરને બોલાવી લાવ. ત્યારે સભામાં આવી તે ઠાકોરના કાનમાં કહેવા લાગ્યો કે ઘરમાં આગ લાગી છે માટે બોલાવે છે. ત્યારે ઠાકોરે તેને કહ્યું કે આવી વાત તો દોડીને દૂરથી જ કહેવી. પણ એનામાં બુદ્ધિ નહીં હોવાથી ફરી આવી ભૂલો તે કર્યા કરતો તેથી તેને કાઢી મૂક્યો. એમ પ્રસિદ્ધ કરવા યોગ્ય વાતને ગુપ્ત રાખું નહીં. (પૃ.૧૦૬)

## ૩૩૧. વિના ઉપયોગે દ્રવ્ય રળું નહીં. (ગૃ૦ઉ૦બ્ર૦)

વિના ઉપયોગ એટલે પ્રયોજન વગર દ્રવ્ય રળું નહીં એટલે જો ઉપજીવન સુખે ચાલી શકતું હોય તો આત્માર્થીને તેનું કોઈ વિશેષ પ્રયોજન નથી. માટે વિના ઉપયોગે દ્રવ્ય રળું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''૧. જેને ધર્મ સંબંધી કંઈ પણ બોધ થયો છે, અને રળવાની જેને જરૂર નથી, તેણે ઉપાધિ કરી રળવા પ્રયત્ન ન કરવું જોઈએ.

૨. જેને ધર્મસંબંધી બોધ થયો છે, છતાં સ્થિતિનું દુઃખ હોય તો બનતી ઉપાધિ કરીને રળવા તેણે પ્રયત્ન કરવું જોઈએ.

(સર્વસંગપરિત્યાગી થવાની જેની જિજ્ઞાસા છે તેને આ નિયમોથી સંબંધ નથી.)

૩. ઉપજીવન સુખે ચાલી શકે તેવું છતાં જેનું મન લક્ષ્મીને માટે બહુ ઝાવાં નાખતું હોય તેણે પ્રથમ તેની વૃદ્ધિ કરવાનું કારણ પોતાને પૂછવું. તો ઉત્તરમાં જો પરોપકાર સિવાય કંઈ પણ પ્રતિકૂળ ભાગ આવતો હોય, કિંવા પારિણામિક લાભને હાનિ પહોંચ્યા સિવાય કંઈ પણ આવતું હોય તો મનને સંતોષી લેવું; તેમ છતાં ન વળી શકે તેમ હોય તો અમુક મર્યાદામાં આવવું. તે મર્યાદા સુખનું કારણ થાય તેવી થવી જોઈએ.'' (વ.પૃ.૧૭૯)

''જે પ્રાણીને પરિગ્રહની મર્યાદા નથી, તે પ્રાણી સુખી નથી. તેને જે મળ્યું તે ઓછું છે કારણ જેટલું મળતું જાય તેટલાથી વિશેષ પ્રાપ્ત કરવા તેની ઇચ્છા થાય છે. પરિગ્રહની પ્રબળતામાં જે કંઈ મળ્યું હોય તેનું સુખ તો ભોગવાતું નથી પરંતુ હોય તે પણ વખતે જાય છે.'' (વ.પૃ.૭૬)



''જેઓ કેવળ લક્ષ્મીને ઉપાર્જન કરવામાં કપટ, લોભ અને માયામાં મૂંઝાયા પડ્યા છે તે બહુ દુઃખી છે. તેનો તે પૂરો ઉપયોગ કે અધૂરો ઉપયોગ કરી શકતા નથી, માત્ર ઉપાધિ જ ભોગવે છે. તે અસંખ્યાત પાપ કરે છે. તેને કાળ અચાનક લઈને ઉપાડી જાય છે. અધોગતિ પામી તે જીવ અનંત સંસાર વધારે છે. મળેલો મનુષ્યદેહ એ નિર્મૂલ્ય કરી નાખે છે જેથી તે નિરંતર દુઃખી જ છે. (વ.પૃ.૧૦૬)

**'બોધામૃત'ભાગ-૧'માંથી :– આ ભવનું ભેગું કરેલું અહીં જ પડ્યું રહે**

**સિકંદરનું દૃષ્ટાંત –** ''સિકંદરે ઘણી લડાઈઓ કરી, દેશો જીત્યા, અઢળક ધન એકઠું કર્યું. છેવટે રોગ થયો. કેટલાય વૈદ્યો આવ્યા, કોઈ મટાડી ન શક્યા. પછી તેણે પશ્ચાત્તાપ કર્યો. આવું થવાનું જાણ્યું નહોતું, નહીં તો હું આટલું બધું શા માટે કરત? સાથે આવે એવું કંઈ ન કર્યું! પછી ભંડારીને બોલાવી હીરા માણેક બધું કઢાવ્યું. સિકંદરની આંખોમાંથી આંસુ આવવા લાગ્યાં. પછી તેણે વિચાર્યું કે મારે તો એવું થયું, પણ હવે બીજા જીવો ન ભૂલે એવું કરવું. તે માટે તેણે રાજ્યના માણસોને કહ્યું કે હું મરું ત્યારે મને સ્મશાને લઈ જતી વખતે મારા હાથ બહાર રાખજો, જેથી લોકોને લાગે કે બાદશાહ ખાલી હાથે



આવ્યો અને ખાલી હાથે ગયો. અને વળી કહ્યું કે હકીમો હોય તેનાં ખભા ઉપર મારી ઠાઠડી મૂકજો જેથી લોકોને લાગે કે આટલા બધા હકીમો હોવા છતાં મરી ગયો, હકીમો કંઈ ન કરી શક્યા. એથી વૈરાગ્ય થશે. પણ અનાર્ય દેશ એટલે કોઈને એવું ન લાગ્યું. એવું આપણું ન થાય એ સાચવવું. લક્ષ થઈ જાય કે આ જ કરવું છે, તો ભલે આજીવિકા માટે કરવું પડે, પણ નવરાશ મળે ત્યારે સત્સંગ કરે. મારે મોક્ષે જવું છે એવું ધ્યેય હોય તો એ થાય.'' (બો.૧ પૃ.૧૯૫)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–**

**સરસ્વતીચંદ્રનું દૃષ્ટાંત :–** ''સરસ્વતીચંદ્ર'ના લેખક શ્રી ગોવર્ધનરામે ચાલીશમા વર્ષે વકીલાત છોડવી એમ નક્કી કરેલું. ચાલીશમાં વર્ષે વકીલાત જામી ત્યારે છોડી દીધી. મર્યાદાવાળાને કલ્પના વધે નહીં. મર્યાદા કરી હોય તો વધારેના સંકલ્પ વિકલ્પ અટકી જાય.'' (પૃ.૬૭)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી – પરિગ્રહમાં આસક્ત પ્રાણી કયું પાપ ન કરે!**

**ચાર મિત્રોનું દૃષ્ટાંત –** ''વસંતપુરમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક અને સોની એ ચાર જ્ઞાતિના ચાર મિત્રો હતા. તેઓ દ્રવ્ય મેળવવાને માટે દેશાંતર ચાલ્યા. માર્ગમાં રાત્રિ પડતાં એક ઉદ્યાનમાં વડવૃક્ષની નીચે વિશ્રાંત થયા. ત્યાં તે વૃક્ષની શાખા સાથે લટકતો એક સુવર્ણનો પુરુષ તેઓના જોવામાં આવ્યો. તે સુવર્ણ પુરુષ બોલ્યો કે, 'હું અર્થ છું પણ અનર્થને આપનાર છું.' તે સાંભળી તેઓએ ભય પામીને તેનો ત્યાગ કર્યો. પરંતુ સોનીથી તેનો લોભ મૂકાયો નહીં, એટલે સોનીએ તે પુરુષને 'પડ' એમ કહ્યું, એટલે તે પડ્યો. સોનીએ બીજાઓથી છાનો તેને એક ખાઈમાં ગોપવ્યો, પણ સર્વની દૃષ્ટિ તેના પર પડી. પછી આગળ ચાલતાં બે જણ કોઈ ગામની બહાર રહ્યા અને બે જણને ગામમાં ભોજન લેવા મોકલ્યા. જે બે બહાર રહ્યા હતા તેમણે ચિંતવ્યું કે, 'આપણે ગામમાં ગયેલા બે આવે કે તેમને મારીને પેલું



સુવર્ણ લેવું'. બે જણા જે ગામમાં ગયા હતા તેમણે ચિંતવ્યું કે, 'આપણે અન્નમાં વિષ ભેળવીને લઈ જવું કે જે ખાઈને બહાર રહેલા બે મૃત્યુ પામે તો આપણને બેને બધું સુવર્ણ મળે.' આવા વિચારથી તેઓ વિષાન્ન લઈને બહાર આવ્યા. જેવા તેઓ પેલા બેની પાસે આવ્યા કે તે બંનેએ સંકેત પ્રમાણે તેમને ખડ્ગથી મારી નાખ્યા. પછી પેલું વિષાન્ન તેઓ જમ્યા કે તેઓ પણ મૃત્યુ પામી ગયા. આ પ્રમાણે ચારે મૃત્યુ પામ્યા. આવી જે ઋદ્ધિ તે પાપઋદ્ધિ સમજવી.

ઉપરનું દૃષ્ટાંત સાંભળી ભવિ પ્રાણીઓએ હમેશાં પોતાની સમૃદ્ધિ ધર્મકાર્યમાં વાપરવી. 'મારી પાસે અલ્પ ધન છે.' ઇત્યાદિ કારણને લઈને ધર્મકાર્ય કરવામાં વિલંબ કરવો નહીં. કહ્યું છે કે,

''થોડામાંથી થોડું પણ ધર્મકાર્યમાં વાપરવું. વધારે દ્રવ્ય થવા ઉપર મુલતવી રાખવું નહીં. કારણ કે ઇચ્છા પ્રમાણે દ્રવ્યની શક્તિ ક્યારે થશે તેનો કોઈ નિશ્ચય નથી.'' વળી કહ્યું છે કે,

''આવતી કાલનું કામ આજ કરવું, અને મધ્યાન્હે કરવાનું હોય તે સવારે કરવું, કારણકે મૃત્યુ એવી રાહ જોતું નથી કે આણે સુકૃત્ય કર્યું છે કે નથી કર્યું?''

કેટલાક જીવો કૃપણતાથી દ્રવ્યની હાનિના ભયવડે ધર્મકાર્યમાં દ્રવ્યનો વ્યય કરતા નથી તેમજ પરિગ્રહનું પરિમાણ પણ કરતા નથી, તેઓને મૃત્યુ અચાનક આવીને ઉપાડી જાય છે. તેઓ બધું અહીં જ મૂકી પરિગ્રહની મૂર્ચ્છા વડે દુર્ગતિને સાધે છે. માટે વિના ઉપયોગે દ્રવ્ય રળું નહીં.

## ૩૩૨. અયોગ્ય કરાર કરાવું નહીં. (ગૃ૦)

અયોગ્ય રીતે કોઈની પાસે કરાર એટલે કબુલાત અથવા દસ્તાવેજ વગેરે કરાવું નહીં. જેમ કંસે કર્યું હતું તેમ કબુલાત કરાવું નહીં.

**'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર'ના આધારે :–**

**વસુદેવનું દૃષ્ટાંત :– બનનાર તે ફરનાર નહીં.** ''વસુદેવના લગ્ન દેવકી સાથે થયા પછી કંસે પોતાની નગરીમાં આવી તે નિમિત્તે ઉત્સવ માંડ્યો. દેવકી કંસની બહેન હતી. તે વખતે કંસના ભાઈ અતિમુક્ત મુનિ કંસને ત્યાં વહોરવા પધાર્યા. ત્યારે કંસની સ્ત્રી જીવયશા દારૂ પીધેલી હતી. તેથી બોલી કે આવો દેવરજી નૃત્ય કરો, એમ કહી તે મુનિને ગળે વળગી પડી. ત્યારે મુનિ બોલ્યા જેનો તમે આ ઉત્સવ કરો છો તેનો સાતમો ગર્ભ આ કંસ અને જરાસંઘનો નાશ કરનાર થશે. તે સાંભળીને જીવયશાનો નશો ઉતરી ગયો અને કંસને જઈને કહ્યું કે મુનિએ એમ કહ્યું છે કે દેવકીનો સાતમો ગર્ભ તે તમને મારનાર થશે.

પછી કંસ વસુદેવ પાસે અયોગ્ય કરાર એટલે વચન લેવા માટે આવ્યો અને કહ્યું કે હે મિત્ર! તમારા જે પુત્રો થાય તે મને આપવા. તે સાંભળી વસુદેવને ખબર ન હોવાથી તેમણે વચન આપી દીધું. તેથી છ પુત્રોને કંસે પત્થર ઉપર અફાળીને મારી નાખ્યા. પણ ખરી રીતે તે છએ પુત્રો નાગશેઠને ત્યાં મોટા થયા. દેવતાએ સુલસાના મૃતક પુત્રોને દેવકી પાસે મુક્યા અને દેવકીના જીવંત પુત્રોને સુલસાને ત્યાં મૂક્યા. તેમાં સાતમો પુત્ર શ્રી કૃષ્ણ ગોકુળમાં નંદને ત્યાં મોટો થયો. માટે જે બનનાર છે તે ફરનાર નથી એમ જાણીને કોઈ પાસે અયોગ્ય કરાર કરાવું નહીં.

## ૩૩૩. વધારે વ્યાજ લઉં નહીં.

વધારે વ્યાજ લેવાથી સામાની મૂડી જ ખવાઈ જાય એવું વ્યાજ લઉં નહીં. પૈસાની જરૂર પડ્યે



પોતાના દાગીના કે ઘરના વાસણ મૂકવા આવે તેની પાસેથી વધારે વ્યાજ લઉં તો તે બિચારા ઊંચા જ ન આવી શકે; માટે વધારે વ્યાજ લઉં નહીં. લોકો ગરીબો પાસેથી પાંચ ટકા કે દશ ટકા સુધી વ્યાજ લે છે. આવી રીતે વધારે વ્યાજ લેવાથી તેની આંતરડી કકળે છે. તેની હાયથી વધારે વ્યાજ લેનાર આ ભવમાં કે પરભવમાં સુખ પામતો નથી પણ દુઃખનું કારણ ઊભું કરે છે.

## ૩૩૪. હિસાબમાં ભુલાવું નહીં.

'સોલ પંચ્યા પંચ્યાસી' બે મૂક્યા છૂટના, લાવો ત્યાંશી રૂપિયા.' એવી રીતે હિસાબમાં ભુલાવું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :– ભરવાડણને છેતરી પણ ઘેબર જમાઈ જમ્યા**

**આભિરીવંચક વણિકનું દૃષ્ટાંત –** ''કોઈ ગામમાં એક વણિક હતો, તે દુકાને બેસીને હમેશાં વેપાર કરતો. એકદા તેની દુકાને કોઈ અતિ સરળ સ્વભાવની આભીરી (ભરવાડણ) બે રૂપિયા લઈને કપાસ લેવા આવી. તેણે વણિકના હાથમાં બે રૂપિયા આપી તેનો કપાસ આપવા કહ્યું. એટલે તે વણિકે ''હાલમાં કપાસ બહુ મોંઘો છે'' એમ કહીને અર્ધા અર્ધા રૂપિયાની બે ધારણો તોળીને એક રૂપિયાનો કપાસ તેને આપ્યો. તે અતિ સરળ સ્વભાવવાળી આભીરી ''બે વખત જોખી આપવાથી બે રૂપિયાનો મને કપાસ આપ્યો.'' એમ જાણી તે કપાસ લઈને જલદી પોતાને ઘેર ગઈ. પછી તે વણિકે વિચાર્યું કે ''આજે એક રૂપિયો ફોગટનો મળ્યો છે, માટે આજે તો હું તેનું ઉત્તમ ભોજન જમું''. એમ વિચારીને તે રૂપિયાનું ઘી, ખાંડ, ઘઉં વિગેરે ખરીદીને ઘેર મોકલ્યું અને પોતાની સ્ત્રીને તેના ઘેબર કરવાનું કહેવરાવ્યું. તે સ્ત્રીએ ઘેબર તૈયાર કર્યાં; તેવામાં બીજા કોઈ ગામમાં રહેતો તેનો જમાઈ પોતાના મિત્ર સહિત કાંઈ કામ સારું ત્યાં આવ્યો. તેને જોઈને હર્ષિત થયેલી પેલા વણિકની સ્ત્રીએ તે બન્નેને ઘેબર જમાડ્યા. ''સ્ત્રીઓને જમાઈ ઉપર અતિ સ્નેહ હોય છે.''

તેઓ જમીને ગયા પછી તે વણિક ભોજનને માટે ઘેર આવ્યો, ત્યારે હંમેશની જેવું સ્વાભાવિક ભોજન જોઈને તેણે પોતાની સ્ત્રીને પૂછ્યું કે ''હે પ્રિયા! તેં આજે ઘેબર કેમ કર્યા નહીં? સ્ત્રીએ જવાબ આપ્યો કે ''હે સ્વામી! ઘેબર તો કર્યા હતા, પણ તે સત્પાત્રને જમાડ્યા છે. આજે કાંઈ કામ માટે આપણા જમાઈ તેના મિત્ર સહિત અહીં આવ્યા હતા, તેને જવાની ઉતાવળ હતી, તેથી તેને તે ઘેબર જમાડ્યા છે.'' તે સાંભળીને વણિક ખેદયુક્ત થઈ વિચાર કરવા લાગ્યો કે ''મેં બીજાને માટે થઈને બિચારી આભીરીને નકામી છેતરી. તેને છેતરવાનું પાપ મને લાગ્યું, અને ઘેબર તો બીજાએ ખાધા. મૂર્ખ માણસો સ્ત્રી પુત્રાદિકને માટે અત્યંત પાપ કર્મ કરે છે, પણ તે પાપનું ફળ તો તેને પોતાને જ ભોગવવું પડે છે.'' એમ વિચારી તે ગામ બહાર જઈને દેહચિંતા કરી પાછો વળતાં સૂર્યના તાપ વડે ગ્લાનિ પામવાથી એક વૃક્ષ નીચે વિશ્રાન્તિ લેવા બેઠો; તેવામાં કોઈ મુનિને ગોચરી જતા જોઈને તેણે કહ્યું કે ''હે પૂજ્ય! અહીં આવો. જરા વિશ્રાંતિ લ્યો અને મારી એક વાત સાંભળો.'' તે સાંભળીને જ્ઞાની મુનિએ કહ્યું કે ''હું મારા પોતાના કાર્ય માટે ઉતાવળે જાઉં છું તેથી રોકાઈશ નહીં.'' વણિક બોલ્યો કે ''હે મહારાજ! શું બીજાને કામે પણ કોઈ જતા હશે કે જેથી આપ એવું બોલ્યા કે - હું મારા પોતાના કાર્ય માટે જાઉં છું?'' મુનિ બોલ્યા કે ''બીજાના કાર્ય માટે ઘણા જીવો ક્લેશ પામે છે; તેમાં પ્રથમ તો સ્ત્રીપુત્રાદિકને માટે ક્લેશ પામતો એવો તું જ દૃષ્ટાંતરૂપ છે.'' આ એકજ વાક્યથી પ્રતિબોધ પામીને તે વણિકે મુનિને કહ્યું કે ''આપ તપનું પારણું



વિગેરે કરો, પછી હું આપની પાસે આવીશ.'' પછી મુનિ નિર્દોષ આહારવડે દેહને ભાડું આપીને સ્વાધ્યાય ધ્યાન કરવા લાગ્યા. તે વખતે તે વણિકે તેમની પાસે જઈ ધર્મનું શ્રવણ કર્યું.

ગુરુના ઉપદેશથી પ્રતિબોધ પામેલા વણિકે ગુરુને કહ્યું કે ''હે ગુરુ! બંધુવર્ગની રજા લઈને દીક્ષા લેવા માટે હું અહીં પાછો આવું ત્યાં સુધી આપ અહીં જ રહેજો.'' એમ કહીને ઘેર જઈ તેણે સર્વ સ્વજનોને તથા પોતાની સ્ત્રીને કહ્યું કે ''આ દુકાનના વ્યાપારથી મને ઘણો અલ્પ લાભ મળે છે, માટે ઘણો લાભ મેળવવા સારું મારે પરદેશ વ્યાપાર કરવા જવું છે; તેને માટે અહીં બે સાર્થવાહ છે. તેમાં એક સાર્થવાહ એવો છે કે તે પોતાનું ધન આપીને ઇચ્છિત નગરમાં લઈ જાય છે અને મેળવેલા ધનમાં પોતે ભાગ લેતા નથી; અને બીજો સાર્થવાહ એવો છે કે પોતાનું ધન આપતો નથી અને તેની સેવા કરતાં તે પ્રથમનું ઉપાર્જન કરેલું સર્વ ધન પણ લઈ લે છે, તો તમે સર્વ કહો કે હું કયા સાર્થવાહની સાથે જાઉં? ત્યારે સર્વ બોલ્યા કે ''તમે પહેલા સાર્થવાહની સાથે જાઓ.'' તે સાંભળીને તે વણિક સર્વે બંધુઓને લઈને બહાર ઉદ્યાનમાં આવ્યો. ત્યાં બંધુઓએ ''સાર્થવાહ ક્યાં છે?'' એમ પૂછ્યું ત્યારે તે બોલ્યો કે ''આ વૃક્ષની નીચે બેઠેલા સિદ્ધપુરીના સાર્થવાહ આ સાધુ છે. તે પોતાના ધર્મરૂપી ધનને આપીને હમેશાં વ્યાપાર કરાવે છે, અને તેમાં જે લાભ મળે છે તેમાંથી તે લેશમાત્ર પણ ગ્રહણ કરતા નથી. તેથી આની સાથે ઇચ્છેલી એવી મુક્તિપુરીએ હું જઈશ. બીજો સાર્થવાહ તે સ્ત્રી, સ્વજન વિગરે જાણવા. તે પૂર્વનું ધર્મરૂપી ધન લઈ લે છે, અને નવું ધન બિલકુલ આપતા નથી; માટે તમે જ મને આનંદથી કહ્યું છે કે પહેલા સાર્થવાહની જોડે જાઓ; તેથી હું તમારા સર્વનો સંબંધ મૂકીને આ મુનિનો આશ્રય કરું છું.'' (પૃ.૧૫૩) અંતરાયકર્મની પૂજામાં પણ આ વાત આવે છે કે –

**''નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાગી;**
**જમી જમાઈ પાછો વળીઓ, જ્ઞાનદિશા તવ જાગી.'' ભુલ્યો બાજીં૰**

## ૩૩૫. સ્થૂળ હિંસાથી આજીવિકા ચલાવું નહીં.

'અનાજની દુકાન, દવાઓની દુકાન, કંદોઈની દુકાન વગેરે કરું નહીં. એમાં સ્થૂલ રીતે હિંસા થાય છે. ખેતી કરવી, જંતુનાશક દવાઓ વેચવી, માંસનો વ્યાપાર કરવો, પશુઓની ઘાત થાય તેવા કારખાના નાખવા વગેરે હિંસાના વેપારથી આજીવિકા ચલાવું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– સ્થૂળ હિંસાનું ફળ નરકગતિ**

**મચ્છીમાર ચોરનું દૃષ્ટાંત** – ''કોઈ સાધુ રાત્રે પોતાના શિષ્યોને પૂર્વગત વાચના આપતા હતા. તે પ્રસંગમાં એક વખતે તેમણે પોતાના શિષ્યને 'અમુક ચૂર્ણ ઔષધિ વિગેરેના પ્રયોગથી સમુચ્છિમ મત્સ્યાદિક જીવોની ઉત્પત્તિ થાય છે' એમ કહ્યું. તે વાત ત્યાંથી ચાલ્યા જતા એક ચોરી કરવા નીકળેલા મચ્છીમારે સાંભળી, અને તે ચૂર્ણનો પ્રયોગ મનમાં ધારી લઈને ઘેર ગયો. પછી તેણે તે પ્રમાણે કર્યું, એટલે ઘણા મત્સ્યોની ઉત્પત્તિ થઈ, તેથી હર્ષ પામીને તે માછી નિત્ય તેજ પ્રયોગથી પોતાના કુટુંબનું પોષણ કરવા લાગ્યો. એવી રીતે કરતાં ઘણો કાળ ચાલ્યો ગયો. એક વખતે તે વિદ્યાચોર માછી મુનિ પાસે આવ્યો, અને મુનિને નમસ્કાર કરીને બોલ્યો કે – 'હે સ્વામી! તમારા પ્રસાદથી હું સહકુટુંબ સુખે જીવું છું અને તે રીતે દુકાળ વિગેરે સંકટના વખતમાં અનેક જીવોનો ઉપકાર થશે.' મુનિ બોલ્યા – 'કેવી રીતે?' ચોરે કહ્યું કે –



'પૂર્વે તમે રાત્રે શિષ્યોની આગળ ચૂર્ણપ્રયોગથી જીવોત્પત્તિ કહી હતી, તે મારા સાંભળવામાં આવી હતી. ત્યારથી તે પ્રયોગવડે હું સુખે જીવું છું.' તે સાંભળી મુનિ મનમાં પોતાના પ્રમાદદોષની નિંદા કરતા સતા પરંપરાએ અત્યંત પાપની વૃદ્ધિ થવાનો નિશ્ચય જણાવાથી તે મચ્છીમાર પ્રત્યે બોલ્યા – 'હું તને બીજો તેથી પણ શ્રેષ્ઠ ઉપાય બતાવું તે સાંભળ – અમુક અમુક દ્રવ્યનો યોગ મેળવી, એકાંતે ઓરડામાં બેસી, તેના કમાડ બંધ કરી, મધ્ય ભાગે રાખેલા જળ વિગેરેમાં તે ચૂર્ણ નાખવું, એટલે સુવર્ણ સરખા વર્ણવાળા મત્સ્યો ઉત્પન્ન થશે. તેનું ભક્ષણ કરવાથી તારું શરીર પણ પુષ્ટ થશે.' તે સાંભળી તે માછી પોતાને ઘેર ગયો અને ગુરુના કહેવા પ્રમાણે ચૂર્ણ તૈયાર કરી ઓરડામાં પેઠો. પછી તેનો પ્રયોગ કરતાં તેમાંથી એક વ્યાઘ્ર ઉત્પન્ન થયો. તે તેનું ભક્ષણ કરી ગયો, જેથી તે પાપી મૃત્યુ પામીને નરકે ગયો અને મુનિ તે પાપની આલોચના કરી સ્વર્ગે ગયા. (પૃ.૪૨)

''પવિત્ર દેહવાળા ગૃહસ્થે અપરાધી એવા પણ ત્રસ જીવોને હણવા નહીં, તો નિરપરાધી જીવોને તો કેમ જ હણાય? કોઈ બુદ્ધિમાન ઢીમરે મત્સ્યનો વધ કરતાં પોતાની અંગુલિનો છેદ થયો, તે ઉપરથી શસ્ત્રવડે હિંસા કરવી જ તેણે છોડી દીધી'' તે કથા આ પ્રમાણે છે –

**ઢીમરનું દૃષ્ટાંત –** ''પૃથ્વીપુર નગરમાં એક ઢીમર રહેતો હતો, તે મત્સ્ય મારવાને ઇચ્છતો નહોતો, તથાપિ તેના સ્વજનવર્ગે તેને જાળ વિગેરે આપીને મત્સ્ય મારવા બળાત્કારે મોકલ્યો. તે જાળમાં મત્સ્યો લઈને આવ્યો. સ્વજનોએ તેને મત્સ્ય ચીરવાને તીક્ષ્ણ શસ્ત્ર આપ્યું. તે શસ્ત્રથી મત્સ્યોનો વધ કરતાં તેની આંગળી કપાઈ ગઈ. તેની વેદનાથી પરાભવ પામતાં તેણે ચિંતવ્યું કે, ''હિંસાપ્રિય જીવોને ધિક્કાર છે. કોઈને 'મરી જા' કહેતાં પણ દુઃખ લાગે છે તો હિંસા કરતાં દુઃખ કેમ ન લાગે?''

''આજથી મારે કોઈ વધ કરવો નહીં.'' આવું ધ્યાન કરતાં તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પોતે પૂર્વે ચારિત્રની વિરાધના કરેલી તેના ફળમાં નીચકુળમાં જન્મ પામ્યો, વગેરે જાણીને તે દીક્ષા લેવામાં ઉત્સુક થયો. અને અંતે શુક્લધ્યાન વડે શ્રેણિ માંડીને તત્કાળ કેવળજ્ઞાન પામ્યો. (પૃ.૪૪)

## ૩૩૬. દ્રવ્યનો ખોટો ઉપયોગ કરું નહીં.

ઘણા પૈસાવાળાના છોકરાઓને તેમના માબાપ ઇચ્છા પ્રમાણે હાથમાં પૈસા આપે તો સાતે વ્યસનોમાં પણ કુસંગતિને લઈને દુરુપયોગ કરી દે. ધનવાનોના છોકરાઓને ખબર નથી કે પૈસા પેદા કરવામાં કેટલી મુશ્કેલી પડે છે. એ પૈસાનો સદ્ઉપયોગ કરે તો કેટલો લાભ થાય? જ્ઞાનદાનમાં, આહારદાનમાં, ઔષધદાનમાં કે અભયદાન વગેરેમાં કે કોઈ દુઃખી હોય અથવા કોઈ સાધર્મીભાઈને જરૂર હોય તો તેમાં મદદ કરે અથવા સાત ક્ષેત્રમાં તેનો ઉપયોગ કરે તો કેવું સુંદર ફળ આવે.

જરૂર પડે તો લાખો ખર્ચે અને જરૂર ન હોય તો પાંચ રૂપિયા ખર્ચતા પણ વિચાર કરે તેના પર એક દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે –

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** ''સુજ્ઞ મનુષ્ય પૂર્વ પુણ્યવડે પામેલા દ્રવ્યના ચાર વિભાગ કરે છે. એક ભાગ ભૂમિમાં અથવા બીજે જાળવી રાખે. એક ભાગ વ્યાપારમાં રોકે, એક ભાગ પુણ્યકાર્યમાં વાપરે અને એક ભાગથી વ્યવહારિક ખર્ચ ચલાવે. કર્તા કહે છે–આ બાબતમાં આટલું બધું કહેવાની જરૂર તો નથી, કારણ કે ધન અને આત્મા કોને વહાલા નથી? સૌને વહાલા છે, તેથી તેના રક્ષણ માટે તો સૌ બનતો પ્રયત્ન કરે જ છે.



છતાં સુજ્ઞ જનોને જો દ્રવ્ય મળતું હોય તો આટલા સ્થાનકોમાં તેનો વ્યય કરતાં હિસાબ ન ગણવો. ૧. સજ્જન માટે, ૨. મિત્ર માટે, ૩. સુશીલ સ્ત્રી માટે, ૪. નિર્ધન બાંધવ માટે,૫. ધર્મકાર્યમાં, ૬. વિવાદમાં, ૭. કાંઈ કષ્ટ આવી પડ્યું હોય ત્યારે અને ૮. રિપુને દુર કરવા માટે. આ આઠ કાર્યમાં ગણ્યા વિના દ્રવ્ય વાપરવું. પરંતુ તે સંબંધી કેટલોક વિવેક કરવા યોગ્ય છે, તે આગળ બતાવવામાં આવે છે.

ગૃહસ્થ ઉપરોક્ત આઠ બાબતમાં દ્રવ્ય ખર્ચતાં લેખું ન કરે, અર્થાત્ શક્તિનાં પ્રમાણમાં જેમ બને તેમ વધારે ખર્ચે એમ કહ્યું છે, પરંતુ તે સાથે એટલું યાદ રાખવું કે ઉત્તમ પુરુષ કુમાર્ગે એક કોડી જતી હોય તો પણ જવા ન દે; હજાર સોનૈયાની રક્ષા કરે તેટલી તેની કરે, અને સારા કાર્યમાં લાખનો ખર્ચ કરતાં પણ વિચાર ન કરે. આ પ્રમાણેનું વર્તન હોય તેની પાસે લક્ષ્મી અખંડ રહે છે. તેનો કેડો તે મૂકતી નથી. આ હકીકતના સંબંધમાં એક દૃષ્ટાંત છે તે આ પ્રમાણે —

**સુબુદ્ધિશેઠનું દૃષ્ટાંત — જરૂર જણાએ લાખ ખર્ચીએ, નહીં તો એક પૈસો પણ નહીં.** વસંતપુર નામના નગરમાં સુબુદ્ધિ નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તેને એક પુત્ર હતો. તેને મોટા શ્રીમંતને ત્યાં પરણાવ્યો. તેની સ્ત્રી ઘરે આવી. સુબુદ્ધિ શેઠ બહુ વિચારશીલ હતો, તેથી કદી તેલનું ટીપું જમીન ઉપર પડી ગયું હોય તો તે લઈને જોડા ઉપર ચોપડતો હતો. આવી તેની ચેષ્ટા જોઈને વહુ વિચારવા લાગી કે-'હું ક્યાં આવા કૃપણને ઘેર આવી? અહીં મારા કોડ કેમ પૂરા પડશે? આ ઘરનો ધણી તો આવો કૃપણ દેખાય છે. આવા સસરાના રાજ્યમાં યથેચ્છપણે ખાવું, પહેરવું ને ખરચવું તે શી રીતે બની શકશે? આમ વિચારીને શેઠની પરીક્ષા કરવા સારું એક દિવસ વહુએ કહ્યું કે - 'મારું માથું બહુ દુઃખવા આવ્યું છે.' આમ કહીને આક્રંદ કરવા લાગી. શેઠ ગભરાયા. ઘણા વૈદ્યોને તેડાવ્યા, અનેક પ્રકારના ઔષધો કર્યાં, શેક કર્યો પણ કોઈ રીતે માથું દુઃખતું મટ્યું નહીં. એટલે શેઠે પૂછ્યું કે - 'વહુજી! આજે જ માથું દુઃખવા આવ્યું છે કે પ્રથમ કોઈ કોઈ વાર આવતું હતું?' એટલે વહુ ધીમે સ્વરે બોલી કે- 'કોઈ કોઈ વાર આવતું હતું ત્યારે સાચા મોતી વાટીને લેપ કરવાથી મટતું હતું, શેઠે કહ્યું કે 'જો એમ મટતું હતું તો અત્યાર સુધી બોલ્યા કેમ નહીં આપણા ઘરમાં મોતીની ક્યાં ખોટ છે?' એમ કહી ભંડારમાંથી થાળ ભરીને મોતી મંગાવ્યા અને તેને ભરડવા માટે ઘંટી તૈયાર કરાવી; એટલે વહુ બોલ્યા કે-'સસરાજી! હમણાં તો મટી ગયું છે, તેથી કાંઈ કરવાની જરૂર નથી.' વહુના મનમાં સંદેહ હતો તે ટળી ગયો. અન્યદા યોગ્ય અવસરે વહુએ સસરાને પૂછ્યું કે-'તેલનું ટીપું તો તમે પગરખાં ઉપર ચોપડ્યું અને પાછા સાચા મોતી ભરડવા તૈયાર થઈ ગયા. તેનું શું કારણ?' એટલે શેઠ બોલ્યા કે -'વહુજી! લક્ષ્મીનું વશીકરણ જ એ છે કે જરૂરને વખતે લાખ ખરચી નાખીએ અને વગર જરૂરીયાતે એક ટીપું પણ નકામું જવા ન દઈએ'. આ ખુલાસો સાંભળીને વહુ બહુ ખુશ થઈ. સસરાની બુદ્ધિ ખરેખરી તાત્ત્વિક છે એમ તેને ખાત્રી થઈ.

આ કથા ઉપરથી વાચકોએ લક્ષ્મીનો વ્યય કેમ કરવો તે ગ્રહણ કરવો. આગળ કર્ત્તા કહે છે કે -

**"જેહ સુણે નર પ્રભુવચન, વાધે બુદ્ધિ અપાર;**
**શુભથાનક ધન ખર્ચતાં, ન ઘટે એ નિરધાર."** ૧

કૂવામાંથી પાણી કાઢતાં, બગીચામાંથી ફળ ફૂલ લેતાં અને ગાય ભેંસને દાણ આપીને પછી દૂધ દોતાં તે ઘટતું નથી; પણ વૃદ્ધિ પામે છે. આ સંબંધમાં વિદ્યાપતિ શેઠનો સંબંધ છે નીચે પ્રમાણે —

**વિદ્યાપતિશેઠનું દૃષ્ટાંત — લક્ષ્મી તો પુણ્યવંતની દાસી છે.** એક નગરમાં વિદ્યાપતિ નામે



શેઠ રહેતો હતો. તેની પાસે લક્ષ્મી ઘણી હતી. પરંતુ તે શુભ સ્થાનકમાં પણ ધન ખર્ચતો ન હતો. એક દિવસ રાત્રે લક્ષ્મીએ સ્વપ્નમાં આવીને તેને કહ્યું કે – ''હું તમારે ત્યાં દશ દિવસ રહેવાની છું, પછી રહેવાની નથી, માટે તમારે જે સુખ ભોગવવા હોય તે ભોગવી લેજો.'' શેઠ તેના આવાં વચનથી ચેતી ગયો અને બીજા દિવસથી પુષ્કળ દ્રવ્ય વાપરવા માંડ્યું. સાતે ક્ષેત્રમાં અઢળક દ્રવ્ય વાપર્યું.

અનેક દીનજનોનો ઉદ્ધાર કર્યો; તેથી કીર્તિ પણ બહુ વિસ્તાર પામી. દશ દિવસ પૂર્ણ થયા એટલે અગીયારમે દિવસે રાત્રે લક્ષ્મી આવી. તેને જોઈ શેઠે કહ્યું કે–હે લક્ષ્મી! તારા જવાથી મને તો સુખ થયું છે; હવે હું સુખે બારણા ઉઘાડા મૂકી સૂઈ રહું છું. રાજાની કે ચોરની પણ બીક રહી નથી. આવા લક્ષણથી જ જંબુસ્વામીએ તને તજી દીધી; પ્રભવ સ્વામીએ પણ તે જ કારણથી તને તજીને દીક્ષા લીધી; માટે મારે હવે તારો ખપ નથી.'

લક્ષ્મી બોલી કે – 'તમે કહો છો તે ઠીક છે, પણ હું હવે તમારા ઘરમાંથી જઈ શકું તેમ નથી; કારણ કે તમે મારો સત્પાત્રમાં વ્યય કરીને પગમાં બેડી નાખી છે.' આ પ્રમાણે કહીને લક્ષ્મી અદૃષ્ય થઈ. સવારે જુએ છે તો આખું ઘર લક્ષ્મીથી ભરપૂર દીઠું. પછી વિદ્યાપતિ સારી રીતે તેનો વ્યય કરવા લાગ્યો. તે કહેતો કે 'મારે લક્ષ્મીનું કામ નથી' પણ તે જેમ જેમ વાપરતો તેમ તેમ લક્ષ્મી તો વધતી જ જતી હતી. તે ઠેકાણું છોડતી નહોતી. લક્ષ્મી તેને કહેતી કે – હું તો હવે અહીંજ રહીશને તમારા ચરણ સેવીશ.' શેઠ કહે કે – 'તારે આ ઘરમાં રહેવું છે તો મારે અહીં રહેવું નથી.' આ પ્રમાણે કહીને શેઠ પરદેશ ગયા, તો ત્યાં રાજ્ય મળ્યું, અને અનુક્રમે તેણે રાજ્ય છોડી દીક્ષા લીધી અને પાંચમે ભવે મોક્ષ સંપત્તિને પામ્યા.

ઉપરની કથા વાંચીને ઉત્તમ જીવોએ સન્માર્ગે ધન ખર્ચવું અને પાત્રની પોષણા કરવી. કદી એ પ્રમાણે વાપરતાં દ્રવ્ય ઘટી જાય તો શોક ન કરવો; ધૈર્ય રાખવું અને ધર્માધર્મનો વિચાર કરવો કે–''જો પૂર્વે ધર્મનું આરાધન કર્યું હોય તો લક્ષ્મી મળે છે અને અધર્મ કરેલ હોય તો લક્ષ્મી નાશ પામે છે. જે પાપી પુરુષ હોય તે ધન ખર્ચ્યા પછી શોક કરે કે 'મેં વાપર્યું તેથી મારું ધન ઘટી ગયું.' દેતાં ઓછું થયું એવો વિચાર તો મૂર્ખ કરે છે. પુણ્યવંત એવો વિચાર કરતા નથી, શુભકાર્યમાં ધન ખર્ચ્યે જાય છે.'' (પૃ.૧૪૫)

કેમકે ધનની ત્રણ ગતિ છે. દાન, ભોગ અને નાશ. જે દાન આપતો નથી, ભોગવતો પણ નથી તેની ત્રીજી ગતિ નાશ થાય છે.

''दानः भोगः नाशः त्रितीया गतिर्भवन्ति वित्तस्य;
ये न ददाति न भुक्ते तस्य त्रितीया गतिर्भवति.''

## ૩૩૭. નાસ્તિકતાનો ઉપદેશ આપું નહીં. (ઉ૦)

જેને આત્માની શ્રદ્ધા નથી, જેને આત્માનો પુનર્જન્મ છે તેમાં વિશ્વાસ નથી, જે આત્માના નિત્યપણાને કે આત્મા કર્મનો કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે એ છ પદને માનતા નથી એવા જીવો દર્શનમોહના ગાઢપણાને લઈને નાસ્તિક મતવાળા કહેવાય છે. એવી માન્યતાવાળા નાસ્તિકોનો એવો ઉપદેશ છે કે આ ભવમાં ખાઓ, પીઓ, લહેર કરો કેમકે આ શરીર પંચભૂતમાંથી ઉત્પન્ન થયું છે અને પંચભૂતમાં ભળી જવાનું છે. માટે નિશ્ચિંતપણે ભોગવાય એટલા ભોગો ભોગવી લો.

જ્યારે પરમકૃપાળુદેવ આદિ જ્ઞાનીપુરુષોએ આત્મા છે વગેરે છ પદનો આત્મસિદ્ધિમાં શંકા




સમાધાનરૂપે ઉપદેશ આપી નાસ્તિક માન્યતાનું નિવારણ કર્યું છે. માટે હું કોઈને પરભવ વગેરે કાંઈ છે નહીં તેથી ધર્મ કરવાની આવશ્યકતા નથી એવો ઉપદેશ આપું નહીં. પણ આત્મા આદિ છ પદનું, છએ દ્રવ્યોનું અસ્તિત્વ છે તેનું દૃષ્ટાંતથી નિરુપણ કરું.

## ૩૩૮. વયમાં પરણું નહીં. (ગૃ૦)

પરણવા યોગ્ય ઉંમર હોય છતાં જેને સંસાર પ્રત્યે વૈરાગ્ય હોય તેવા ગૃહસ્થે લગ્ન કરવા નહીં. કારણ એક વૈરાગી અને બીજો રાગી હોય તો મેળ ખાય નહીં. તેથી ક્લેશના કારણો ઊભા થાય. બન્નેનો સુમેળ થાય નહીં. વ્યવહારમાં પણ કહેવત છે કે વૈરાગીને કન્યા આપવી નહીં.

**ધનગિરિકુમારનું દૃષ્ટાંત –** વજસ્વામીના પિતા ધનગિરિ હતા. તે વૈરાગી હતા. પણ શેઠની કન્યાએ કહ્યું કે હું તો ધનગીરી સાથે જ લગ્ન કરીશ. પછી ધનગિરિના માતાપિતાએ જણાવ્યું કે અમારો પુત્ર ક્યારે દીક્ષા લેશે તેની ખબર નથી; માટે તેની સાથે લગ્ન કરવાનું માંડી વાળો. છતાં પુત્રીએ કહ્યું મારે તો તેમની સાથે જ લગ્ન કરવા છે. તેથી લગ્ન કરવા પડ્યા. જ્યારે વજસ્વામી માતાના ગર્ભમાં હતા ત્યારે



પિતા ધનગીરીએ દીક્ષા લઈ લીધી. વજસ્વામીનો જન્મ થતાં સાંભળવામાં આવ્યું કે પિતાએ દીક્ષા લીધી છે. તેથી પૂર્વ સંસ્કારથી રડવા માંડ્યું. ધનગિરિ એમના ઘરે વહોરવા આવ્યા. ત્યારે વજકુમાર બહુ રડવાથી તેમની માતાએ કંટાળીને વજકુમારને જ વહોરાવી દીધો. પછી પાંચ વર્ષનો થયો ત્યારે માતા રમકડાં વગેરે લઈને તેને પાછો લેવા ગઈ. ત્યારે પણ રમકડા ન લેતા તે ઓઘો લઈને નાચ્યો. તેથી ગુરુએ પાંચ વર્ષની ઉમરે તેને દીક્ષા આપી. છેવટે વજસ્વામીની માતાએ પણ દીક્ષા લીધી હતી.



## ૩૩૯. વય પછી પરણું નહીં.

૫૦-૬૦ વર્ષની ઉંમર થઈ હોય પછી પરણે, તો કન્યા નાની ઉંમરની હોય તેથી બન્નેની વિચારધારા મળે નહીં. કન્યાને મોજશોખની ઇચ્છા હોય તે પોતે પૂરી પાડી શકે નહીં. તેથી સ્ત્રીના મનમાં ઉદ્વેગ રહ્યાં કરે અથવા દૃષ્ટિ બીજે ફર્યા કરે.

જે બીજીવાર લગ્ન કરે તેને પહેલા પરણ્યા હોય તેનું કુટુંબ અને બીજીવારના કુટુંબને પણ પાળવું પડે. ઘરમાં ક્લેશના કારણો ઊભા થાય. વળી પોતાની ઉંમર થયેલી હોય તેથી પહેલા ચાલ્યો જાય અને પાછળવાળાને તેની કરેલી બધી ઉપાધિ ભોગવવી પડે. માટે વય પછી પરણું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– કુમારપાળ રાજાને રાજર્ષિનું બિરુદ**

**કુમારપાળરાજાનું દૃષ્ટાંત –** ''કુમારપાળ ધર્મ પ્રાપ્ત થયા પહેલા ઘણી રાજકન્યાઓ પરણ્યા



હતા. પણ શ્રાવકના વ્રત લેવા વખતે અલ્પ આયુષ્યને યોગે બીજી રાણીઓ મરણ પામી હતી અને એક ભૂયલ્લદેવી જ જીવતી હતી. શ્રાવકના વ્રત લીધા પછી તે પણ કેટલેક કાળે મૃત્યુ પામી. પછી તેમના બહોંતેર સામંતાદિક વર્ગે ઘણી વિનંતી કરી કે, 'હે પ્રજાપાલ મહારાજા! પુનઃ પાણિગ્રહણ કરો.' ત્યારે કુમારપાળે કહ્યું કે 'હવે સંસાર વધારવાના ઉપાયભૂત પાણિગ્રહણના આગ્રહથી સર્યું. મારે આજથી યાવજ્જીવિત શીલવ્રત હો, કે જેથી બધી ક્રિયાઓ સફળ થાય.' સિદ્ધાંતમાં કહ્યું છે કે, 'શીલથી વ્રત, દાન, તપ અને નિયમ વગેરે ભલે પ્રકારે આચરેલા થાય છે.' સામંતોએ કહ્યું ''રાજન! પટરાણી વિના માંગલિક ઉપચારો શી રીતે થાય? બીજા લોકોની જેમ રાજાઓ રાણી વગરના ક્યાંય સાંભળ્યા નથી, તેમ જોયા પણ નથી.' રાજાએ કહ્યું, 'અરે! શ્રી ગાંગેય (ભીષ્મ પિતામહ) ને કેમ ભૂલી જાઓ છો? જેમણે જન્મથી જ પાણિગ્રહણ કર્યું નહોતું.' પછી કુમારપાળે સામંતાદિકથી પરવરેલા ગુરુ પાસે જઈને તેમને મુખે બ્રહ્મવ્રત અંગીકાર કર્યું. ત્યારથી મંત્રીઓ રાજધર્મ સંબંધી માંગલિક ઉપચારો-આરતી અને મંગલપ્રદીપ કરવાને અવસરે રાણી ભૂયલ્લદેવીની સુવર્ણની મૂર્તિ કરાવીને રાજાની પડખે મૂકતા હતા. બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કર્યું તે વખતે શ્રીગુરુ હેમચંદ્રાચાર્યે કુમારપાળને રાજર્ષિનું બિરૂદ આપ્યું હતું. (પૃ.૨૦૪)

## ૩૪૦. વય પછી સ્ત્રી ભોગવું નહીં.

યોગ્ય ઉંમર થયા પછી સંસાર ભોગવવો તે તીવ્ર કષાયનાં કારણો છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ જીવ્યા ત્યાં સુધી વિષયોની અભિલાષા છોડી નહીં તો સાતમી નરકે ગયો. તેમ આપણે પણ મરણના અંત સુધી વિષય પ્રત્યેની રુચિ મટાડવા પ્રયત્ન નહીં કરીશું તો આપણે પણ દુર્ગતિના ભાજન બનવું પડશે. માટે ધીમે ધીમે પણ ભોગો પ્રત્યેની રહેલી આસક્તિને ઘટાડું. આસક્તિ ઘટાડવા માટે ખૂબ વાંચન વિચાર વધારું. તેની ખાસ જરૂર છે. જેમ જેમ વસ્તુ સ્વરૂપ સમજાય તેમ તેમ પરપદાર્થો પ્રત્યે રહેલી આસક્તિ ઘટતી જાય છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઇચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે, તે પરિણામે પ્રવર્તતાં પણ 'અનંતાબંધી' હોવા યોગ્ય છે. સંક્ષેપમાં 'અનંતાબંધી કષાય'ની વ્યાખ્યા એ પ્રમાણે જણાય છે.'' (વ.પૃ.૪૭૨)

**'સહજસુખ સાધન'માંથી :–** ''હે મૂઢ! અનંતવાર આ વિષય સુખો તેં ભોગવ્યાં છે છતાં હજુ તું ધરાયો નથી? તું તો ખરેખર વિષયાભિલાષી જીવોમાં શિરોમણિ છો. આ દુલર્ભ નરદેહ મળ્યો છે. તેમાં આર્યક્ષેત્ર પ્રાપ્ત થયું છે તોપણ નહીં ચેતે તો હે ચિદાનંદરાય! તારું અશુભ જ થવાનું છે. અનેક કષ્ટો અને દુઃખો તારે ભોગવવાં પડશે.'' (પૃ. ૧૨૧)

હે જીવ! આ નરદેહ પામીને તેં શી સિદ્ધિ પ્રાપ્ત કરી? વિષય સુખોમાં લીન રહી તેને સેવતાં પૂર્વના સર્વ પુણ્યો પરવારી બેઠો. જે દુષ્ટ દુઃખપ્રદ પાંચ ઇન્દ્રિયો છે તેને પોષી પોષી પુષ્ટ રાખે છે, પણ જરાઅવસ્થા આવી કે તારું આ બધુંય બળ વિલય પામશે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોએ તારા ચિત્તને રોકી લીધું છે. નરક અને નિગોદમાં જલદી જવાનો સંદેશો તને મળી ગયો છે. પૂર્વે જે કમાઈ આવ્યો તે તો ખાઈ ગયો અને નવી તો એક કોડીની કમાઈ કરી નથી. નવાં કોઈ સુકૃત તો તેં આચર્યાં નથી. તેથી તારા જેવો મૂર્ખ તો આ જગતમાં શોધતાં બીજો કોઈ જણાતો નથી.'' (પૃ.૧૨૪)



**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– વય પછી વિકાર મટે નહીં તો દુઃખ પામે**

**પૃથ્વીરાજ ચૌહાણનું દૃષ્ટાંત** – "સવા લાખ ગામનો અધિપતિ અને દિલ્લીનો સ્વામી પૃથ્વીરાજ ચૌહાણ કામાસક્ત થવાથી રાજ્યભ્રષ્ટ થયો હતો. તેની હકીકત એવી છે કે, એક વખતે પૃથ્વીરાજ પંગુરાજાના અંતઃપુરમાંથી તેની પુત્રી સંયોગિતાને છળથી હરી ગયો અને પોતાના નગરમાં આવ્યો. પછી અત્યંત કામાસક્ત અને રાજ્યચિંતાથી રહિત એવા તે રાજાની વાત કોઈ મ્લેચ્છ બાદશાહના જાણવામાં આવી. તેથી તત્કાળ તે બાદશાહે તેના પર ચડાઈ કરીને સુખે સુખે તેનું રાજ્ય લઈ લીધું. અને તેની બંને આંખોના પોપચાં સોયદોરાથી સીવી લઈ લોઢાના પાંજરામાં તેને પૂર્યો. ત્યાં તે મહાદુઃખ પામ્યો. (પૃ.૨૦૪)

## ૩૪૧. વયમાં સ્ત્રી ભોગવું નહીં.

"યુવાવયનો સર્વસંગ પરિત્યાગ પરમપદને આપે છે." -શ્રીમદ્ રાજચંદ્ર


**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** "યુવાવયમાં ઘણી ભૂલો થાય છે. યુવાવયમાં મોહનું બળ વધારે હોય છે તેથી કર્મ બાંધી લે છે. તે વયમાં શરીર ઉપર કાબુ હોય છે પણ તે બળ બધું ક્ષણિક વસ્તુમાં નકામું જાય છે. જો તે વયમાં સમજણ આવી જાય અને ત્યાગ કરે તો પછી પુરુષાર્થ કરીને મોહને જીતે અને તેથી મોક્ષ થાય. તે વખતે ઘણી ધર્મભાવના હોય તો જ સર્વસંગ પરિત્યાગ થાય. પણ સત્પુરુષનો યોગ હોય તો જ તેમ થઈ શકે અને સાચી મોક્ષની ઇચ્છા જાગે. યુવાવયમાં ધન, સ્ત્રી, છોકરાં માટે પુરુષાર્થ થાય છે, તેને બદલે ધર્મ કમાવા સર્વસંગપરિત્યાગ કરે તો ઘણો અવકાશ હોવાથી પુરુષાર્થ કરી શકે, અને તે વયમાં બળ વિશેષ હોવાથી કર્મ ક્ષય કરી પરમપદ-મોક્ષ મેળવે." (પૃ.૨૨૭)

બને ત્યાં સુધી યુવાવસ્થામાં પણ બ્રહ્મચર્ય પાળી શકાય તો સર્વથી શ્રેષ્ઠ છે. એનાથી જીવનમાં આત્મજ્ઞાન પામવા માટેની યોગ્યતા આવે છે તથા વિષયોની વૃત્તિ મંદ પડે છે. તીર્થંકરો પણ જ્યારે ઉપદેશ આપે છે ત્યારે પહેલાં સર્વ સંગ પરિત્યાગનો જ આપે છે. પછી જેનાથી સર્વસંગ પરિત્યાગ ન થઈ શકે તેના માટે ગૃહસ્થધર્મનો ઉપદેશ આપે છે. શ્રાવક પણ નિરંતર એવી ભાવના રાખે કે ક્યારે એવો ધન્ય દિવસ આવશે જ્યારે હું પણ સર્વસંગ પરિત્યાગ કરીશ. એવી ભાવના જેને વર્તે છે તેને જ ખરેખર શ્રાવક કહ્યો છે.

**'બોધામૃત ભાગ-૩'માંથી :– બ્રહ્મચર્યનો અદ્ભુત પ્રભાવ**

**શ્રી જંબુકુમારનું દૃષ્ટાંત** – "શ્રી જંબુકુમારે પૂર્વભવે બ્રહ્મચર્યની આરાધના કરેલી હોવાથી તેને આઠ કન્યાઓ અપ્સરાઓ જેવી પરણાવી છતાં તેના બ્રહ્મચર્યમાં ખામી ન આવતાં સર્વને સંસારની અસારતા ગળે ઉતારી સર્વસંગત્યાગી થયા, અનેકને ત્યાગ કરાવનાર થયા. જેટલું કૂવામાં હોય તેટલું હવાડામાં આવે એવી કહેવત છે." (બો.૩ પૃ.૪૧૨)

શ્રી જંબુકુમારને શ્રી સુધર્માસ્વામીની દેશના સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને કહ્યું કે મને દીક્ષા આપો. ત્યારે ગુરુએ કહ્યું : માતાપિતાની આજ્ઞા લઈ આવો. આજ્ઞા લેવા જતાં રસ્તામાં દરવાજો પડી ગયો. તે જોઈને તેમને વિચાર થયો કે–જો હું એની નીચે આવીને મરી ગયો હોત તો દીક્ષા લેવાનું રહી જાત. તેથી ગુરુ પાસે પાછા જઈને આજીવન બ્રહ્મચર્યવ્રત લઈને જ ઘરે આવ્યા અને માતાપિતાને કહ્યું કે કાલે મારે દીક્ષા લેવી છે. માતાપિતાએ કહ્યું : શેઠની આઠ કન્યાઓ સાથે સગપણ કરેલ છે તેનું શું? કુમારે કહ્યું કે ના પાડી દો. ત્યારે માતાપિતાએ કુંવરીઓના માતાપિતાને સમાચાર મોકલ્યા કે અમારો જંબુકુમાર કાલે


શ્રી જંબુકુમાર
પ્રભવ ચોર
પોતાની આઠેય પત્નિઓને વૈરાગ્યમય ઉપદેશ
આપતા શ્રી જંબુકુમાર



દીક્ષા લેવાનો છે માટે સગપણ છોડી દ્યો. ત્યારે તેમના માતાપિતાએ કુંવરીઓને પૂછ્યું, કુંવરીઓએ કહ્યું કે અમારે તો તેમની સાથે જ લગ્ન કરવા છે, તે ભલે દીક્ષા લે. પછી આઠે કુંવરીઓને જંબુકુમાર સાથે પરણાવી. દાયજામાં તેમના માતાપિતાએ કરોડોનું ધન કન્યાઓને આપ્યું. ઘરનું, મોસાળનું તથા સાસરા પક્ષનું મળીને કુલ ૯૯ કરોડનું ધન એકઠું થયું.

જંબુકુમાર રાત્રે પત્નીઓને અનેક દલીલોથી, દૃષ્ટાંતોથી સંસારની અસારતા સમજાવે છે. તેના પ્રત્યુત્તરમાં તેની સ્ત્રીઓ પણ અનેક દૃષ્ટાંતોથી વાત મૂકે છે. તે વખતે પ્રભવ ચોર પોતાના પાંચસો ચોરોની ટોળી સાથે આ બધું ધન લૂંટવા આવ્યો હતો. દેવતાઓએ તે ચોરોને સ્તંભિત કરી દીધા. જંબુકુમારનો પોતાની સ્ત્રીઓને સમજાવાનો ઉપદેશ સાંભળીને પ્રભવ વગેરે ચોરો પણ પ્રતિબોધ પામી ગયા. સવારમાં શ્રી જંબુકુમાર, તેમની આઠ સ્ત્રીઓ, અઢાર માતાપિતાઓ તથા પ્રભવ આદિ પાંચસો ચોરો વગેરે બધા મળી કુલ પાંચસો સત્તાવીશ જણાએ શ્રી સુધર્માસ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી.

શ્રી જંબુકુમારનું આવું બ્રહ્મચર્યવ્રત પાળવાનું બળ ક્યાંથી આવ્યું? તો કે પૂર્વે ભવદેવના ભવમાં દીક્ષા લઈ આરાધના કરી દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં વિતશોકા નગરીમાં પદ્મરથ રાજાને ઘેર પુત્રપણે અવતર્યા. શિવકુમાર નામ રાખ્યું. યુવાનવય પામતાં પાંચસો રાજકન્યાઓને પરણ્યા. એક દિવસ મુનિ પાસે ધર્મ સાંભળતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી માતાપિતા પાસે દીક્ષાની આજ્ઞા માંગી. માતાપિતાએ દીક્ષાની આજ્ઞા આપી નહીં. તેથી ઘરમાં રહી નિરંતર છઠ્ઠતપ કરવા લાગ્યા અને પારણામાં આયંબિલ કરવા લાગ્યા. એમ ૧૨ વર્ષ સુધી તપ કર્યું. બ્રહ્મચર્ય દૃઢતાથી પાળ્યું. તેનું આ ફળ છે. ત્યાંથી દેહ છોડી પહેલા દેવલોકમાં દેવ થઈ ત્યાંથી ચ્યવી આ જંબુકુમાર થયા.

એમ યુવાવય હોવા છતાં પણ સ્ત્રી ભોગવું નહીં. પણ યુવાવયમાં સર્વસંગ પરિત્યાગ કરી આત્મકલ્યાણને સાધુ.

## ૩૪૨. કુમાર પત્નીને બોલાવું નહીં.

સગાઈ થયા પછી વર્તમાનમાં ભાવિ પત્ની સાથે ફરવા જાય, વાતો ચિતો કરે. પછી ન ફાવે તો સગપણ તોડી નાખે; એ આર્ય સંસ્કૃતિને યોગ્ય આચાર નથી. માટે પરમકૃપાળુદેવે જણાવ્યું કે કુમારપત્નીને બોલાવું નહીં, તેની સાથે એકાંતમાં બેસી વાતો કરું નહીં.

## ૩૪૩. પરણીય પર અભાવ લાવું નહીં.

પ્રારબ્ધ પ્રમાણે જેવી પત્નીનો યોગ મળ્યો હોય તેમાં સંતોષ રાખું; પણ પરણેલ પત્ની પર અભાવ લાવું નહીં. અભાવ લાવવાથી ઘર એ ક્લેશનું ઘર બની જઈ આ ભવ પરભવ બન્ને બગડે છે.

સતી અંજનાને તેના પતિ પવને અભાવ લાવી બાવીસ વર્ષ સુધી ન બોલાવી. છતાં સતી અંજનાએ, એ મારા પૂર્વકર્મનો દોષ છે એમ માનીને શાંતિ રાખવા પ્રયત્ન કર્યો હતો.

## ૩૪૪. વૈરાગી અભાવ ગણું નહીં. (ગૃ૰ મુ૰)

પૂર્વ પુણ્યના ઉદયથી કે સદ્ગુરુના યોગથી કે તેમના બોધથી સાચો વૈરાગ્ય પ્રગટ થયો હોય અને સ્ત્રીનો ત્યાગ કરે તો તે અભાવ ગણાય નહીં. પણ સદ્ભાવ ગણાય.

**રામદાસ સંતનું દૃષ્ટાંત –** માતાના આગ્રહથી રામદાસ ચોરીમાં પરણવા બેઠા. બ્રાહ્મણે કહ્યું: વર કન્યા સાવધાન. બે વાર સાંભળવાથી તે સંત સાવધાન થઈ ત્યાંથી ઊભા થઈ ચાલતા થયા.



## ૩૪૫. કડવું વચન કહું નહીં.

પોતાની સ્ત્રી હોય તેને કડવાં વચનથી બોલાવું નહીં. જેમકે ગાળો આપે અથવા તારી માં એવી, તારા બાપ એવા, વગેરે કડવાં વચન કહે તે સામા માણસને અંતરમાં ઘા કરી જાય, ભૂલાય નહીં, અથવા તું તો ગધેડી જેવી છે, મૂર્ખી છે, આંધળી છે વગેરે કડવાં વચન કહું નહીં. જેમ બ્રાહ્મણે વાઘને કૂતરો કહ્યો હતો તેમ.

**'ઉપદેશામૃત'માંથી :— કુહાડાનો ઘા રુઝાયો પણ વચન ઘા રુઝાયો નહીં**

**એક બ્રાહ્મણનું દૃષ્ટાંત —** એક બ્રાહ્મણ હતો. તે ભણવા ગયો. ભણીને બીજા બ્રાહ્મણોની સાથે તે પાછો જંગલમાં થઈ ઘેર આવતો હતો. રસ્તામાં એક વાઘ દીઠો. બીજા બધા તો નાસી ગયા. પણ પેલો બ્રાહ્મણ પશુની ભાષા પણ બોલી જાણતો હતો. તેણે વાઘને તેની ભાષામાં ધર્મનો ઉપદેશ કર્યો અને કથા કહી. તેથી વાઘ પ્રસન્ન થયો. તેથી તેણે મરેલાં માણસો વગેરેના શરીર ઉપરનાં ઘરેણાં, માલ, ધન વગેરે બોડ આગળ જ્યાં પડેલું હતું ત્યાં તેને લઈ જઈ એક સોનામહોર આપી, અને કહ્યું કે રોજ આવજે અને ધર્મકથા સંભળાવી જજે. એટલે તે બ્રાહ્મણ રોજ આવતો અને ઉપદેશ આપી ધન લઈ જતો. આમ બીજો કાંઈ તે ધંધો કરતો નહીં, છતાં પૈસા ખૂબ ખર્ચતો. તેથી બધા તેને પૂછવા લાગ્યા કે તમે પૈસા ક્યાંથી લાવો છો? તેમને પેલી વાત તેણે કહી; પણ તે માને શાના? વાઘ કંઈ માર્યા વગર રહે? પછી તપાસ કરતાં તે વાત સાચી લાગી. એટલે બધા તેની અદેખાઈ કરવા લાગ્યા. એક જણે તેના નાશનો ઉપાય શોધી કાઢ્યો. તેને વાઘ સાથેની વાત પૂછી. તે માણસે કહ્યું કે વાઘ તમને કોઈ દિવસ ન મારે? તેણે કહ્યું કદી ન મારે. ત્યારે તેણે કહ્યું કે આજે તમે વાઘને કૂતરો કહેજો જોઈએ? તે વેદિયા બ્રાહ્મણને કંઈ અનુભવ નહીં. એટલે તેણે કહ્યું, કહીશ. પછી બોડ પાસે વાઘ સૂતો હતો ત્યાં જઈ તેને તેણે કહ્યું, ઊઠ કૂતરા. વાઘને તો ખૂબ રીસ ચઢી, અને બોડમાં પેસી ગયો. બીજો હોત તો મારી નાખત પણ આને શું કરવું? તેને પણ હું શિખામણ આપું એમ ધારી એક સોનામહોર આપી તેને કહ્યુંઃ કાલે આવો ત્યારે એક કુહાડો લેતા આવજો. બીજે દિવસે બ્રાહ્મણે કુહાડો આણ્યો ત્યારે વાઘે તેને પોતાના માથામાં જોરથી મારવા આગ્રહ કર્યો. બ્રાહ્મણે આનાકાની કરી. પણ વાઘે બહુ હઠ કરી એટલે તેણે વાઘના માથામાં ઘા કર્યો. પછી વાઘ બોડમાં જઈ મહોર લઈ આવ્યો, અને તે આપીને બ્રાહ્મણને કહ્યું કે થોડા દિવસ પછી હવે આવજો. થોડા દહાડામાં ઘા રુઝાઈ ગયો. પછી બ્રાહ્મણ આવ્યો ત્યારે વાઘે કહ્યું કે ઘા તો રુઝાઈ ગયો પણ તે દિવસે કૂતરો કહ્યો હતો તેનો ઘા હજી રુઝાઈ ગયો નથી. હવે આજે જા અને ફરી જો આવ્યો તો તારું મોત આવ્યું જાણજે.'' (ઉ. પૃ.૨૮૮)

એમ કડવા વચન કોઈને કહું નહીં કે જેથી સામા વ્યક્તિના મનમાં દુઃખ થાય.

## ૩૪૬. હાથ ઉગામું નહીં.

પોતાની સ્ત્રી હોય તેના ઉપર હાથ ઉગામું નહીં. પણ કંઈ ભૂલ થઈ હોય તો તેને પ્રેમથી સમજાવી તે તે ભૂલ સુધારવા તક આપું. હાથ ઉગામવાથી સ્ત્રીને પણ ક્રોધ ચઢે અને ગમે તેમ બોલે અથવા આપઘાત પણ કરી બેસે. માટે કોઈના ઉપર હાથ ઉગામું નહીં.

## ૩૪૭. અયોગ્ય સ્પર્શ કરું નહીં.

સ્ત્રીના અંગોનો અયોગ્ય રીતે સ્પર્શ કરું નહીં અથવા પરસ્ત્રીના અંગોનો સ્પર્શ કરું નહીં.



## ૩૪૮. બાર દિવસ સ્પર્શ કરું નહીં.

મહિનામાં સુદ વદની બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગીયારસ, બે ચૌદશ તથા પૂનમ અને અમાસ મળીને કુલ બાર તિથિના દિવસોમાં વિકાર જીતવાના અભ્યાસ માટે સ્ત્રી સ્પર્શ કરું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** છ માસ સુધી બાર તિથિ બ્રહ્મચર્ય પાળવાની ભાવના છે, તો પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરી ભાવવ્રત લઈ લેશોજી. તમારા ઘરમાંથી ત્યાં હોય તો તેમને પણ લેવા જણાવશોજી. વ્રત વગેરે શાંતિ વધારવા અર્થે છે. ક્લેશનું કારણ ન બને તે લક્ષમાં રાખવા સૂચના કરી છે. ''કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી.'' (૪૬૦)'' (બો.૩ પૃ.૩૫૮)

## ૩૪૯ અયોગ્ય ઠપકો આપું નહીં.

પોતાની સ્ત્રીની ભૂલ હોય તો સુધારવા ઠપકો આપું. પણ ભૂલ ન હોય તો અયોગ્ય ઠપકો આપું નહીં. ઠપકો આપતાં પહેલાં પૂર્ણ તપાસ કરું.

## ૩૫૦. રજસ્વલામાં ભોગવું નહીં.

**'શ્રી ઠાણાંગસૂત્ર'**માં રજસ્વલા સ્ત્રી સંબંધી વિશેષ વર્ણન સજ્ઝાયમાં કરેલ છે તે નીચે પ્રમાણે —

૧. ઋતુવંતી સ્ત્રી બધાને અડે તેથી મોટી આશાતના થાય છે એમ જિનેશ્વર ભગવાને પ્રકાશ્યું છે. ઋતુવંતીને મનમાં લાગવું જોઈએ કે હું હમણા મલીન છું. જો તે મનમાં એમ નહીં માને તો તે મિથ્યામતિવાળી છે.

૨. ઋતુવંતના પહેલે દિવસે તે ચંડાલણ સરખી છે. બીજે દિવસે બ્રહ્મઘાતિ જેવી છે. બીજા ધર્મમાં પણ ત્રીજે દિવસે ધોબણ જેવી ગણી છે અને ચોથે દિવસે તે શુદ્ર જેવી છે.

૩. ચોથા દિવસે ભગવાનના દર્શન થઈ શકે. સાત દિવસ પછી પૂજા થઈ શકે. ઋતુવંતી સ્ત્રી મુનિને આહાર પાણી આપે તો સદ્‌ગતિનો નાશ થાય છે.

૪. ઋતુવંતી સ્ત્રી જિનમંદિરમાં કામ માટે પાણી ભરીને લાવે તો બોધિબીજની પ્રાપ્તિ થાય નહીં પણ બહુલ સંસારી થાય.

૫. ઋતુવંતી સ્ત્રી સમુહમાં જમવા બેસે અને ત્યાં સર્વના તન અભડાવીને જમે તો દુર્ગતિમાં બહુ ભમે.

૬. સામાયિક, પ્રતિક્રમણ ચાર દિવસ કરે નહીં તથા સૂત્ર કે અક્ષરને પણ તે સ્પર્શ કરી શકે નહીં. કોઈ પુરુષને પણ તેણે અડકવું જોઈએ નહીં. તેમજ તેનો જે સ્પર્શ કરે તે પણ રોગી થાય.

૭. ઋતુવંતી સ્ત્રી જિનમુખ જોવાથી સંસારમાં ભમે, ચંડાલણીનો અવતાર આવે, ભુંડણ, સાપિણી વગેરે ઘણીવાર થાય.

૮. પાપડ, વડી વગેરેનો સ્પર્શ કરવાથી તેનો સ્વાદ નાશ પામે. પોતાનો આત્મા જ તેમાં સાક્ષી છે. માટે પોતાના હૃદયમાં જોઈને તેની તપાસ કરવી.

૯. આ પ્રમાણે જાણીને ચોખ્ખાઈને ભજો. તેથી સમકિત સહિત ક્રિયાની શુદ્ધિ થશે.

માટે પરમકૃપાળુદેવ જણાવે છે કે રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ કરવો નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''આપે અશુચિ દોષ સંબંધી પુછાવ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે આગમ ગ્રંથો માટે નિયમો છે કે અમુક અમુક વખતે અને અમુક લોહી પરુ કે ગંદકી પાસે હોય ત્યારે ન



વાંચવા, પણ આચાર્યરચિત ગ્રંથો કે પરમકૃપાળુદેવના ગ્રંથ માટે તેવું નથી. સ્મરણ કરવામાં પણ કંઈ અશુચિ જોવા યોગ્ય નથી. ભાવ વર્ધમાન થાય તે તરફ લક્ષ રાખવા યોગ્ય છે. તેવી અશુચિ વહેતી હોય ત્યારે પૂજા વગેરેનો નિષેધ કરેલો છે તે તીર્થંકરના બહુમાનપણાને કારણે છે તે લક્ષમાં રાખવા યોગ્ય છે.'' બાઈ માણસે રજસ્વલા જેવા પ્રસંગમાં મનમાં સ્મરણ કે ભક્તિ કરી લેવી ઘટે, પણ પુસ્તક લઈને સ્વાધ્યાય કરવો ઘટતો નથી; તે તો સદાચાર લોકોમાં પ્રસિદ્ધ છે.'' (બો.૩ પૃ.૩૩૬)

''રજસ્વલાએ આશ્રમના મંદિર, સભામંડપ અને અન્ય દર્શનીય સ્થળોના ચોગાનમાં ચાર દિવસ સુધી આવવું નહીં. આશાતનાથી બચવું.'' (આશ્રમ નિયમાવલીમાંથી)

**'શ્રી જૈન હિતોપદેશ'માંથી :– જન્મ સંબંધી સૂતક વિચાર**

પુત્ર જન્મે તો દિવસ ૧૦નું ને પુત્રી જન્મે તો દિવસ ૧૨નું સૂતક જાણવું. તેવે પ્રસંગે દિવસ ૧૨ સુધી ઘરના માણસથી દેવપૂજા થાય નહીં. પણ બીજે ઠેકાણે રહેતા હોય અને ત્યાં જમતા હોય તો તેને સૂતક લાગતું નથી. પ્રસવનાર સ્ત્રીથી ૧ માસ સુધી પ્રતિમાદિકનું દર્શન તથા ૪૦ દિવસ સુધી જિનપૂજા થાય નહીં અને સાધુ સાધ્વીને વહોરાવવું પણ નહીં. તેવે પ્રસંગે ઘરના ગોત્રીઓને દિવસ પાંચ દિવસ સુધી સુતક જાણવું. ઘોડી, ગાય, ભેંસ, સાંઢણી, બકરી વિગેરે પશુ વિયાય તો એક દિવસ સુધી સુતક લાગે. ભેંસ વિયાણા પછી તેનું દૂધ દિવસ ૧૫ પછી ને ગાયનું દિવસ ૧૦ અને બકરીનું ૮ દિવસ પછી અને ઉંટડીનું ૧૦ દિવસ પછી ખાવું પીવું કલ્પે.

**ઋતુવંતી સ્ત્રી વિષે :–** ત્રણ દિવસ સુધી વાસણ (માટીના) અડવું નહીં અને ચાર દિવસ સુધી સામાયિક પ્રતિક્રમણ કરવું નહીં, પણ તપશ્ચર્યા કરવી કલ્પે અને સાત દિવસ પછી જિનપૂજા થાય. રોગાદિક કારણને લીધે ત્રણ દિવસ વીત્યા પછી રૂધિર દીઠામાં આવે, તો, તેનો દોષ નથી. પણ તેવે પ્રસંગે વિવેકથી પવિત્ર થઈ જિનપ્રતિમાદિકનું દર્શન, અગ્રપૂજા કરવી, અને સાધુ સાધ્વીઓને પડીલાભવા પણ પ્રતિમાની અંગપૂજા કરવી નહીં. એમ ચર્ચરી ગ્રંથમાં કહ્યું છે. (પૃ.૧૧૪)

**મૃત્યુ સંબંધી સૂતક વિચાર :–** જે ઘરમાં મૃત્યુ થાય તે ઘરમાં તથા મરનારના કુળવાળાના ઘરમાં દિવસ ૧૨ સુધી સૂતક રહે છે. તો તેવે ઠેકાણે સાધુને આહાર પાણી વોહરાવવું નહીં તથા તે ઘરના અગ્નિ તથા પાણી જિન દેરાસરોમાં પૂજા પ્રસંગે લાવવા નહીં. મડદા પાસે સુનાર અને કાંધીયાને ૩ દિવસનું, સ્પર્શ કરનારને ૨ દિવસનું અને માત્ર સમુદાયમાં જનારને એક દિવસનું સૂતક લાગે. પછી પૂજા થાય. તે અવસરે કોઈનો સ્પર્શ ન થાય તેવી રીતે અળગો રહેનાર પૂજા કરી શકે. જે ઘરમાં જન્મનું તથા મરણનું સુતક હોય, તે ઘરમાં રહેનાર માણસો સાથે જમનારથી ૧૨ દિવસ સુધી જિનપૂજા થાય નહિ. જન્મે તે દિવસે મૃત્યુ થાય, દેશાંતરે મરણ પામે અથવા સંન્યાસી મરે તો એક દિવસનું સુતક જાણવું. દાસ દાસી ઘરમાં મરે તો દિવસ ૧ થી ૩ સુધી સુતક રહે છે. આઠ વરસનું બાળક મરે તો ૮ દિવસ સુધી સુતક રહે છે. બાળકના જેટલા વર્ષ ઓછા તેટલાં દિવસ ઓછાનું સૂતક લાગે. ગાય, ભેંસ વિગેરે પશુ ઘરમાં મરે તો તેનું કલેવર બહાર લઈ જાય ત્યારે સુતક મટે છે. કસુવાવડ થાય તો જેટલા મહિનાનો ગર્ભ પડે તેટલા દિવસનું સૂતક લાગે. સુતક વખતે પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા મુખથી ઉચ્ચારણ કર્યા વિના પોતાના મનમાં કરી શકાય છે. (પૃ.૧૧૬) કોઈ મૃતક દેહને અડેલો હોય તેને અડે તો નાહવું જરૂરી છે.



**क्रियाकोष ग्रंथ में से** – ऋतुमती स्त्री जिस बर्तन में भोजन करती है वह चाण्डाल के बर्तन के समान है। रात्रि में पति जिस कक्ष में शयन करता है उसीमें ऋतुमती स्त्री भी शयन करती है। दोनोंका परस्पर शरीर स्पर्श अगर होता है तो कोई दुर्बुद्धि मनुष्य विकल (बैचेन) हो दूसरे तीसरे दिन स्त्रीका सेवन करने लगता है। इसमें महान पाप उत्पन्न होता है। इसके समान दूसरी नीच क्रिया नहीं है। उसका फल भी ऐसे लोगो को शीघ्र ही मिलता है। यदि उस दिन गर्भ रह जाता है तो भाग्यहीन पुत्र-पुत्री जन्म लेते है। पुत्र परस्त्री सेवी होता है और पुत्री परपुरुष सेवन करनेवाली होती है। वे क्रोधी प्रकृति के होते है और जैसा तैसा मिथ्या भाषण करते है। -क्रियाकोष (पृ.३५)

पहले दिनसे लेकर तीसरे दिन तक ऋतुमती स्त्रीका भोग करना योग्य नहीं है। (पृ.३७)

ઉપરોક્ત વિષયનું વર્ણન 'શ્રી નિશીથસૂત્ર', 'શ્રી આચારાંગસૂત્ર', 'શ્રીસૂયગડાંગ સૂત્ર' 'શ્રી ઠાણાંગસૂત્ર', 'શ્રી ભગવતી સૂત્ર', 'શ્રી દશવૈકાલિકસૂત્ર', 'શ્રી વિપાકસૂત્ર' આદિ અનેક ગ્રંથોમાં કરેલું છે. માટે તે નિયમોનું પાલન કરવું આત્માને કલ્યાણકારી છે.

## ૩૫૧. ઋતુદાનમાં અભાવ આણું નહીં.

પત્નીને પુત્રની ઇચ્છા હોય તો પતિએ ઋતુદાનમાં અભાવ આણવો નહીં. નહીં તો ગૃહસ્થનું ઘર ક્લેશનું ઘર બની જાય છે. ઘરમાં ગૃહસ્થને શાંતિ મળે માટે પરસ્પર સમાધાન કરીને વર્તવું યોગ્ય છે. 'ક્લેશે વાસિત મન સંસાર; ક્લેશરહિત મન તે ભવપાર.' -શ્રીમદ્ રાજચંદ્ર

## ૩૫૨. શૃંગાર ભક્તિ સેવું નહીં.

ઠાકોરજી ને કપડાં, દાગીના વગેરે પહેરાવી શણગારે તેવી શૃંગારભક્તિ સેવું નહીં.

નવરાત્રિમાં માતાજીના ગરબા ગાય, માતાજીને જાતજાતનાં કપડાં, દાગીના વગેરે પહેરાવી મોહને પોષે છે. તે દિવસોમાં પોતે પણ સુંદર કપડાં, દાગીના પહેરી મોહ કરે અને બીજાને પણ મોહ ઉત્પન્ન થાય એવા નિમિત્તો ઊભા કરી સંસાર વધારે છે. એવી ભગવાનનાં નામે શૃંગારભક્તિ સેવું નહીં.

## ૩૫૩. સર્વ પર એ નિયમ, ન્યાય લાગું કરું.

ઉપર જે નિયમો કહ્યાં તથા ન્યાય વિષે વાત કરી તે સર્વ મનુષ્યોને લાગુ પડે છે. માટે સર્વ મનુષ્યોએ એ નિયમો પાળવા જોઈએ. પાળવાથી આપણને જ સુખશાંતિ પ્રાપ્ત થશે. મહાપુરુષોને એમાં કાંઈ લેવા દેવા નથી. માત્ર નિષ્કારણ કરુણાથી તેઓએ આ નિયમો ઉપદેશ્યા છે.

## ૩૫૪. નિયમમાં ખોટી દલીલથી છૂટું નહીં.

જેમકે સાત વ્યસનનો ત્યાગ કર્યો હોય પછી પોતાને પાળવાની ઇચ્છા ન હોય ત્યારે તેમાંથી બારી શોધે કે એક નિયમ છોડી બીજો નિયમ ગ્રહણ કરું અથવા આ કલિયુગ છે માટે એમાં કંઈ શુદ્ધ રીતે નિયમ પાળી શકાય નહીં એવી ખોટી દલીલથી છૂટું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જે નિયમોમાં અતિચારાદિ પ્રાપ્ત થયાં હોય તેનું યથાવિધિ કૃપાળુ મુનિશ્રીઓ પ્રત્યે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી આત્મશુદ્ધતા કરવી યોગ્ય છે, નહીં તો ભયંકર તીવ્ર બંધનો હેતુ છે. નિયમને વિષે સ્વેચ્છાચાર પ્રવર્તન કરતાં મરણ શ્રેય છે, એવી મહાપુરુષોની આજ્ઞાનો કાંઈ વિચાર રાખ્યો નહીં; એવો પ્રમાદ આત્માને ભયંકર કેમ ન થાય?'' (વ.પૃ.૬૫૪)



''દરેક જીવે વ્રત લેવું હોય તો સ્પષ્ટાઈની સાથે બીજાની સાક્ષીએ લેવું. તેમાં સ્વેચ્છાએ વર્તવું નહીં. વ્રતમાં રહી શકતો આગાર રાખ્યો હોય અને કારણવિશેષને લઈને વસ્તુનો ઉપયોગ કરવો પડે તો તેમ કરવામાં અધિકારી પોતે ન બનવું. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે વર્તવું. નહીં તો તેમાં મોળા પડી જવાય છે; અને વ્રતનો ભંગ થાય છે.'' (વ.પૃ.૬૭૩)

## ૩૫૫. ખોટી રીતે ચઢાવું નહીં.

સ્ત્રી કે પુત્રાદિકને લાડમાં ખોટી રીતે ચઢાવું નહીં.

પોતાની સ્ત્રી ગમે તેમ વર્તે તો પણ તેને કંઈ કહું નહીં. સાસુ સસરાનો અવિનય કરે અથવા દેરાણી, જેઠાણી કે દિયર જેઠ સાથે ગમે તેમ વર્તે તો પણ તેનો પતિ થઈ કંઈ સમજાવે નહીં, પણ ઊલટો પોતાની સ્ત્રીનો પક્ષ કરી બીજાનો વાંક કાઢે, તો તે ખોટી રીતે સ્ત્રીને ચઢાવવા બરાબર છે. સ્ત્રી પણ પોતાના પતિની પોતા પ્રત્યેની આસક્તિ જાણી ધીમે ધીમે ક્રમે કરી તેને જ સામી થાય. ત્યારે ખબર પડે કે આ તો બહુ ચઢી ગઈ છે. પણ હવે તેને કહેવાનો અવકાશ રહ્યો નહીં કારણ કે ખોટી રીતે ચઢાવેલી છે માટે. એમ મોહવશ કોઈને ખોટી રીતે ચઢાવું નહીં. એ વિષે એક દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે :

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– મોહવશ માણસ મરવા પણ તૈયાર થાય**

**બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દૃષ્ટાંત –** ''બ્રહ્મદત્ત ચક્રીએ તેના પર પ્રસન્ન થયેલા કોઈ દેવતા પાસે સર્વ જાતિના તિર્યંચોની બોલી સમજી શકાય એવી વિદ્યા માંગી; ત્યારે દેવતાએ કહ્યું કે - ''હું તે વિદ્યા તમને આપું પણ તે વાત તમે જો કોઈને કહેશો તો તમારું મૃત્યુ થશે.'' એમ કહીને તેણે વિદ્યા આપી. પછી એક દિવસે અંતઃપુરમાં રાજા આવ્યો, ત્યારે તેને અંગે વિલેપન કરવા માટે રાણી ચંદનનું કચોળું લાવી. તે જોઈને ભીંત ઉપર રહેલી એક ગરોળીએ પોતાના પતિને પોતાની ભાષામાં કહ્યું કે - ''આમાંથી ચંદન મને લાવી આપો.'' ત્યારે તેણે કહ્યું : ''રાજા પાસે હું ચંદન લેવા જાઉં તો રાજા મને મારી નાખે.'' તે બોલી કે '' જો ચંદન નહીં લાવી આપો તો હું મરી જઈશ.'' આ વાત સાંભળવાથી ચક્રીને હસવું આવ્યું. તે જોઈને રાણીએ પૂછ્યું કે - ''કાંઈ પણ કારણ વિના તમે કેમ હસ્યા? માટે તેનું કારણ કહો, નહીં તો હું મરી જઈશ.'' રાજાએ કહ્યું કે ''ચિતા પાસે ચાલ. કેમકે હસવાનું કારણ હું કહીશ, ત્યારે મારું મૃત્યુ થશે.'' એમ કહેવાથી પણ રાણીએ હઠ મૂકી નહીં, ત્યારે રાજા ચિતામાં પ્રવેશ કરવા ચાલ્યા. રસ્તામાં રાજાના સેવકો ઘોડાને માટે લીલા જવનું ગાડું ભરીને આવતા હતા. તે જોઈને કોઈ બકરીએ બકરાને કહ્યું : ''મને એક જવનો પૂળો લાવી આપો.'' બકરો બોલ્યો કે - ''જો હું તને તે લાવી આપું, તો રાજાના સેવકો મારા પ્રાણ લે.'' બકરી બોલી કે - ''જો તમે તે લાવી આપશો નહીં, તો હું મરી જઈશ.'' ત્યારે બકરો બોલ્યો : ''હું કાંઈ આ ચક્રીના જેવો સ્ત્રીનો ચાકર નથી કે સ્ત્રીના વચનથી મરવા જાઉં.'' તે સાંભળીને ચક્રીએ વિચાર્યું કે - ''હું પશુ કરતાં પણ વધારે મૂર્ખ બન્યો કે જેથી સ્ત્રીના કહેવાથી મરવા ચાલ્યો.'' એમ વિચારી બકરાને ગુરુ માની ચક્રી પાછો વળી ગયો. (પૃ.૧૪૪)

## ૩૫૬. દિવસે ભોગ ભોગવું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''નિયમ બ્રહ્મચર્યનો ન લીધો હોય તેવા દિવસોમાં પણ દિવસે મૈથુનનો ત્યાગ રાખવા પૂરતા દૃઢ ભાવ રાખે તો બાર માસમાં છ માસ જેટલો કાળ બ્રહ્મચર્યવાળો ગયો એમ હિસાબ કરતાં સમજાય તેમ છે. જેમ રાત્રિભોજનના ત્યાગવાળાને છ મહિનાના ઉપવાસનું ફળ છે



તેમ દિવસે મૈથુન તજનારને પણ છ માસનું બ્રહ્મચર્ય વર્ષમાં પળે છે આટલું વિચારશો.'' (બો.૩ પૃ.૧૩૩)

**'પ્રવેશિકા'માંથી :–** ''રાત્રિભોજન ત્યાગ અથવા દિવામૈથુન ત્યાગ નામની છઠ્ઠી પ્રતિમા શ્રાવકની ગણાય છે. તેનો પરમાર્થ એવો છે કે રાત્રિભોજન ત્યાગ કરનાર દિવસે સર્વ સ્ત્રીસેવનનો ત્યાગ રાખે છે. (પૃ.૧૩૩)

## ૩૫૭. દિવસે સ્પર્શ કરું નહીં.

દિવસે સ્ત્રી સ્પર્શ વિકારનું કારણ હોવાથી કરું નહીં. ભાવશુદ્ધિ જાળવવા જેમ બને તેમ દૂર રહું.

## ૩૫૮. અવભાષાએ બોલાવું નહીં.

હલકા લોકો ગાળ દઈને પણ બોલાવે એવા અપશબ્દો વડે સ્ત્રીને બોલાવું નહીં.

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :– અપશબ્દો બોલવાથી બેય દુઃખી**

''પુત્રને યોગ્ય વયે પરણાવે ત્યારે સરખા રૂપરંગવાળી, સરખી વયની, સરખા કુળની કન્યા જાુએ. જો એ બધા વાનાં સરખાં હોય તો જ જોડું સુખી થાય છે અને જો અણમળતાં હોય તો વિડંબના થાય છે. સ્ત્રી પુરુષની અણમળતી જોડ હોય તો કેવી સ્થિતિ થાય છે તે ઉપર એક દૃષ્ટાંત કહે છે –

**ધણી ધણીયાણીનું દૃષ્ટાંત –** ધારાનગરીમાં ભોજરાજા રાજ્ય કરતો હતો. તે બહુ ન્યાયી હોવાથી તેની બધી પ્રજા આનંદ કરતી હતી. તે નગરીમાં એક ચોર હતો. તે રોજ રાત્રે ખાતર દઈને ચોરી કરતો હતો. એક દિવસ એક ઘરમાં ખાતર પાડીને અંદર પેઠો. તે ઘરમાં સ્ત્રી ભર્તાર બન્ને વઢતા હતા, કોઈ કોઈનું વચન સાંખતા નહોતા. તે જોઈ ચોર આભો બની ગયો. પુરુષે કહ્યું કે – 'રે ભુંડી ! તું આ ઘરમાંથી ચાલી જા તો મને સુખ થાય.' સ્ત્રી કહે – 'ભુંડી તારી મા, મને ભુંડી શેની કહે છે? પુરુષ કહે – 'તું બોલે છે ત્યારે બરાબર ડાકણ જેવી લાગે છે.' સ્ત્રી કહે – 'ડાકણ શેની, હજી તને તો ખાધો નથી? પુરુષ કહે – અરે શંખણી! આવું બોલે છે? સ્ત્રી કહે – 'શંખણી તારી જણનારી'. પુરુષ કહે 'અરે સાપણ! સામી ગાળ કેમ દે છે? સ્ત્રી કહે 'તારાથી તો સાપેય સારા હોય છે.' પુરુષ કહે – રાંડ! બોલતી બંધ થા, નહીં તો માથામાં મૂશળ મારીશ.' સ્ત્રી કહે 'હું આ પાટલાવડે તારું માથું ફોડી નાખીશ.' આમ બોલવાથી પુરુષને કાળ ચઢ્યો. તેણે સ્ત્રીને ચોટલા વડે પકડી એટલે સ્ત્રીએ હાથ ઉપર બચકું ભર્યું, તેથી તેનો હાથ છૂટી ગયો. આ પ્રમાણે વઢતાં વઢતાં થાક્યા ત્યારે પુરુષ છેટે જઈને ભોંય પર સુઈ ગયો. સ્ત્રી મોટા ઘરની દીકરી હતી પણ કર્મે કદરૂપી હતી, તે ઢોલીઆ પર ચઢીને સુઈ ગઈ. પછી બન્ને ઉંઘમાં ઘોરવા લાગ્યા. (પૃ.૧૯૬)

## ૩૫૯. કોઈનું વ્રત ભંગાવું નહીં.

આપણા સ્વાર્થ ખાતર કોઈનું વ્રત ભંગાવું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''તમે વર્તમાન સંજોગોમાં છો તેવા સંજોગોમાં કર્મવશાત્ હું હોઉં અને જો મને સત્પુરુષનો યોગ થયો હોય તો જરૂર હું તો પૂર્વના ગમે તેવા સંસ્કાર જાતિસ્મૃતિજ્ઞાનથી જાણતો હોઉં તોપણ જે બાઈએ આત્મજ્ઞાની પુરુષની સાક્ષીએ જીવતા સુધી બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લીધું છે તેને તે વ્રત તોડવામાં મદદરૂપ કદી જીવ જાય તોપણ સંમત ન થાઉં. જો મારા પુરુષવેદનું બળવાનપણું જણાય તો તેને કોઈ પણ પ્રકારે રોકું. તેમ ન બને તો કોઈ જગતમાં મને ઇચ્છતી અન્ય સ્ત્રી હોય, મળી આવે તો તેની સાથે લગ્ન કરું, પણ જેણે સત્પુરુષની સાક્ષીએ વિષયોને ઓકી નાખ્યા છે, તે પોતાની



ઇચ્છાએ મને વીનવે, 'મારે માથે બધું પાપ' એમ દેવગુરુની સાક્ષીએ કહે તોપણ તેનો સંગ પ્રાણ જતાં પણ હું તો ન કરું; કારણ કે તેના જેવું ભયંકર બીજું કોઈ પાપ મને નરકે લઈ જનારું જણાતું નથી.

શાસ્ત્રોમાં તો આમ કહ્યું છે : ''જ્ઞાનનો નાશ થવાથી અથવા વિવેક ચક્ષુનો નાશ થવાથી જ સ્ત્રીના મહા દુર્ગંધી નિંદ્ય શરીરમાં રાગી બની જીવ તેનું સેવન કરે છે, કામથી અંધ બની મહા અનીતિ કરે છે, પોતાની કે પરની સ્ત્રીનો વિચાર પણ કરતો નથી. 'આ દુરાચારથી આ લોકમાં પણ હું માર્યો જઈશ, રાજા ભારે શિક્ષા કરશે, મારી આબરૂના કાંકરા થશે, મારી ધર્મકરણીમાં ધૂળ પડશે, હું ધર્મભ્રષ્ટ થઈશ, બુદ્ધિભ્રષ્ટ થઈશ અને ભૂંડા મોતે મરીને નરકે જઈશ, ત્યાં અસંખ્યાતકાળ પર્યંત ઘોર દુઃખ ભોગવવાં પડશે, વળી તિર્યંચગતિ (ઢોરપશુ આદિ) ના અનેક ભવમાં અસંખ્ય દુઃખ ભોગવવાં પડશે; કદાચ મનુષ્ય થઈશ તો આંધળો, લૂલો, કૂબડો, ગરીબ, અપંગ, બહેરો, બોબડો થઈશ; ચંડાળ, ભીલ, ચમાર આદિ નીચ કુળોમાં જન્મવું પડશે. ત્યાંથી વળી ઝાડ, પહાડ આદિ સ્થાવર જંગમ જંતુ થઈને અનંત કાળ સુધી જન્મમરણનાં દુઃખ ભોગવવાં પડશે.' આવો સત્ય વિચાર કામીને ઊપજતો નથી.''

જો શીલ સાચવવું હોય, ઉજ્જવળ યશ ઇચ્છતા હો, ધર્મનો ખપ હોય અને પોતાની આબરૂ રાખવા ઇચ્છતા હો તો આ ઉપર જણાવેલી શાસ્ત્રની શિખામણ માની ''ભૂલ્યા ત્યાંથી ફેર ગણ, સમજ્યા ત્યાંથી સવાર.'' ગણી આજથી ચેતી જાઓ, પાછા વળી જાઓ; અને બ્રહ્મચર્યભાવને જીવન પર્યંત ટકાવવાના નિશ્ચય ઉપર આવી જાઓ; તો જેમ તમે ઉપર ઉપરથી કહો છો કે વિષય માટે અમે પ્રેમ નથી જોડ્યો તે ખરું પડે. સારી સત્સંગતિ વિના આ કાળમાં બ્રહ્મચર્ય પાળવું દુર્લભ છે. સાથે રહીને તેમ પાળવા ધારણા રાખી હશે તો પણ તેવા લાલચના પ્રસંગમાં ધૂળ સાથે મળી જતાં વાર ન લાગે તેવો જીવનો સ્વભાવ ભગવાને દેખીને સાધુને પણ નવ વાડ કહી છે. (પૃ.૩૭૦)

તમે બન્નેએ બે વર્ષના બ્રહ્મચર્ય વ્રતની બાધા લીધી છે. તેમાં દોષ લાગે છે અને બે વર્ષ સુધી પાળી શકાશે નહીં એમ તમને લાગે છે. આ બધું અસત્સંગનું ફળ છે. આખી જિંદગી સુધી વ્રત લેવાની જેમની ભાવના હતી તે બે વર્ષ પણ ટકી શકે નહીં એ નવાઈ જેવું છે. મોહનું બળ રોગથી પણ વિશેષ છે. રોગી માણસને અપથ્ય વસ્તુ ખાવાની ઇચ્છા થાય છે પણ તેમ વર્તે તો રોગ વધીને અસાધ્ય બને તો મરણને શરણ જાય છે; તેમ મોહના પ્રસંગોમાં જીવને વ્રત તોડવાના ભાવ થાય છે. પણ તે વખતે જો યાદ આવે કે આપણને સાથે બેસવાની કે એક પથારીમાં સુવાની ના કહી છે તે યાદ લાવી તેવા પ્રસંગ દૂર કરે તો ભાવ પાછા પલટાઈ પણ જાય; પણ શિખામણ યાદ ન રાખે, મોહ વધે તેવા પ્રસંગો વધારે તો મન કાબુમાં ન રહે અને કૃપાળુદેવની ભક્તિ ભુલાઈ જાય અને ભોગમાં સુખ છે એમ વારંવાર સાંભર સાંભર થાય. સત્પુરુષનાં વચનામૃત જો અમૂલ્ય જાણી વારંવાર વાંચવા વિચારવાનું રખાય તો ભોગ રોગ જેવા લાગે, જન્મમરણથી બચવાની ભાવના થાય, મરણનાં દુઃખ દૂર નથી એમ લાગે અને ધર્મનું શરણ લેવાની ભાવના થાય. બન્નેએ સાથે રાજી ખુશીથી વ્રત લીધું છે, તો હિંમત રાખી પૂ....ની ભૂલ થાય તેવા પ્રસંગે તમારે ચેતાવવા કે આપણે બે વર્ષ સુધી ભાઈબહેન તરીકે વર્તવું છે. જે દોષો મન વચન કાયાથી આજ સુધી લાગ્યા હોય તે ભૂલી જઈ હવે નિર્દોષ ભાવ આરાધવા દૃઢ ભાવના કરી બન્નેએ ફરી પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ ક્ષમાપનાનો પાઠ બોલી ભાઈ બહેન તરીકે ભાવ રાખવાનો નિયમ પરમકૃપાળુદેવની સાક્ષીએ લેશોજી.



શરીરની માંદગી કરતાં મનની માંદગી જબરી છે, માટે રોગ મટાડવા જેમ દવાખાનામાં જવું પડે તેમ સત્સંગની જરૂર છે. થોડો વખત સત્સંગ કરી જવાથી અને જુદા રહેવાનો પ્રસંગ રહેવાથી પાછા પહેલા હતા તેવા ભાવ જાગ્રત થાય તેવો સંભવ છેજી. બળ કરો તો બની શકે તેમ છેજી. લોકલાજ આવા પ્રસંગે આગળ ન કરતાં હિંમત કરી સત્સંગનો બન્નેને લાભ મળે તેમ કર્તવ્ય છેજી. (પૃ.૬૩૮)

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :— કામરાગ ભયંકર છે**

**શીલવતીની દૃઢતાનું દૃષ્ટાંત —** ''લક્ષ્મીપુર નગરમાં સમુદ્રદત્ત નામે શ્રેષ્ઠી હતો. તે પોતાની શીલવતી નામની પ્રિયાને ઘેર મૂકી સોમભૂતિ નામના એક બ્રાહ્મણ સાથે પરદેશમાં ગયો. વિપ્ર તો થોડાક દિવસ રહી શ્રેષ્ઠીનો સંદેશપત્ર લઈ પોતાને ઘેર પાછો આવ્યો. આ ખબર થતાં શીલવતી પોતાના પતિએ મોકલેલ સંદેશપત્ર લેવાને સોમભૂતિને ઘેર ગઈ. વિપ્ર તે સુંદર સ્ત્રીને જોઈ કામાતુર થયો, તેથી બોલ્યો કે, 'હે કૃશોદરી ! પ્રથમ મારી સાથે ક્રીડા કર, તો પછી તારા પતિનો સંદેશપત્ર આપું' તે ચતુર સ્ત્રી વિચારીને બોલી કે, 'હે ભદ્ર ! રાત્રિના પહેલા પહોરે તમારે મારે ઘેર આવવું.' આ પ્રમાણે કહીને તે સેનાપતિ પાસે આવી અને કહ્યું કે, 'હે દેવ ! સોમભૂતિ મારા પતિનો સંદેશપત્ર લાવ્યો છે, પણ મને આપતો નથી.' તે સાંભળી તેનું સ્વરૂપ જોતાં મોહ પામી તે બોલ્યો કે, 'હે સુંદરી ! પ્રથમ હું કહું તે કબુલ કર તો પછી તને તે પત્ર અપાવું.' વ્રતભંગના ભયથી તેને બીજે પહોરે પોતાને ઘેર આવવાનું કહી તે મંત્રી પાસે ગઈ. તેની પાસે ફરિયાદ કરતાં તેણે પણ મોહ પામી ઉપર પ્રમાણે માગણી કરી, એટલે તેને ત્રીજે પહોરે ઘરે આવવાનું કહી તે રાજા પાસે ગઈ. રાજાએ પણ તેવીજ પ્રાર્થના કરી, એટલે તેને ચોથા પહોરે આવવાનું કહ્યું. પછી ઘેર આવી પોતાની સાસુની સાથે સંકેત કર્યો કે, 'તમારે મને ચોથે પહોરે બોલાવવી.' આ પ્રમાણે સંકેત કરી તે પોતાના એકાંતવાસમાં તૈયાર થઈને રહી. પહેલે પહોરે પેલો બ્રાહ્મણ આવ્યો. તેને સ્નાનપાન વિગેરેમાંજ પહેલો પ્રહર નિર્ગમન કરાવ્યો, તેવામાં કરેલા સંકેત પ્રમાણે સેનાપતિ આવ્યો. તેનો શબ્દ સાંભળતા જ બ્રાહ્મણ ભયથી કાંપવા લાગ્યો. એટલે તેને એક મોટી પેટીના ખાનામાં નાખ્યો. એવી રીતે સેનાપતિ, મંત્રી અને રાજાને પણ પેટીના જુદા જુદા ખાનામાં પૂર્યા. આ પ્રમાણે ચારેને પૂરી પ્રાતઃકાળે તે રુદન કરવા લાગી. એટલે તેના કુટુંબીઓએ આવીને પૂછ્યું કે, 'ભદ્રે ! કેમ રુદન કરે છે ? તે બોલી કે, 'મારા સ્વામીની દુઃખવાર્તા સાંભળીને રુદન કરું છું.' તે સાંભળી તેના સંબંધીઓ આ શેઠ અપુત્ર મરણ પામેલો હોવાથી તેના ખબર આપવા માટે રાજા, મંત્રી, અને સેનાપતિની પાસે ગયા, પણ તેઓ તો તેમને સ્થાને મળ્યા નહીં; તેથી રાજપુત્ર પાસે જઈને વિજ્ઞપ્તિ કરી કે, 'હે કુમાર ! સમુદ્રદત્ત શ્રેષ્ઠી પરદેશમાં અપુત્ર મૃત્યુ પામ્યા છે, માટે તેની સમૃદ્ધિ આપ ગ્રહણ કરો.' કુમાર તેને ઘેર ગયો, તો ઘરમાં બીજું તો કાંઈ જોયું નહીં, માત્ર એક મોટી પેટી તેના જોવામાં આવી. એટલે તે રાજભુવનમાં લઈ જઈ ઉઘડાવી તો તેમાંથી વિપ્ર વિગેરે ચારે જણા લજ્જા પામતા બહાર નીકળ્યા. રાજાએ બ્રાહ્મણ, સેનાપતિ અને મંત્રી ત્રણેને દેશપાર કર્યા અને શીલવતીનો સારી રીતે સત્કાર કરી તેની ઘણી પ્રશંસા કરી.'' (પૃ.૭૮) આમ કોઈનું વ્રત ભંગાવવા પ્રયત્ન કરી નરકના ખાડામાં પડું નહીં.

## ૩૬૦. ઝાઝે સ્થળે ભટકું નહીં.

સ્ત્રીઓ નવરી હોય તો આજે આને ઘેર જાય ને વળી કાલે બીજાને ઘેર જાય. દિવસમાં કેટલા બધાના ઘરે ફરી આવે. આખા ગામના વિકલ્પો મગજમાં ભરે તેથી મન પણ સ્થિર રહે નહીં. માટે



મહાપુરુષો કહે છે કે કોઈને ત્યાં કારણ વગર ભટકવા જવું નહીં.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :– ''ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ એ બન્ને સમાન દુઃખદાયક છે.''** – જેને વધારે ઓળખાણ છે તેને વધારે દુઃખ છે. ઘણા માણસોનો મેળાપ હોય તો બધાનું મન સાચવવું પડે, બધાની વાત યાદ રાખવી પડે તેથી મન ચંચળ રહે. તેમજ થોડા સાથે અતિમેળાપ રહે તે પણ વધારે દુઃખદાયક છે. થોડા સાથે અતિપરિચયથી અવજ્ઞા થાય, સામાન્યપણું થાય કે પ્રતિબંધ થાય. સંસાર જેને છોડવો છે તેને બેય છોડવા જેવા છે.'' (પૃ.૨૨૫)

**'સ્ત્રીનીતિબોધક' માંથી :–**

**''વાક્ય કઠણ નહીં બોલીશ તું તો કોઈથી, કદી જઈશ નહીં ઝાઝું હે ! પરઘેર જો;**
**દેરાણી જેઠાણી બહેન સમાન છે, નહિં રાખીશ તેનાથી કોઈ વેર જો.**
**સાંભળ શાણી પુત્રી, શીખ આ માહરી.'' ૭**

**'શ્રી જૈન હિતોપદેશ' માંથી :– પર ઘેર એકલા જવું નહીં**

એ શિષ્ટ નીતિ અનુસરવામાં અનેક લાભો સમાયેલા છે. એથી શીલ વ્રતનું સંરક્ષણ થાય છે, માથે ખોટું આળ ચઢતું નથી, યાવત્ મર્યાદાશીલ ગણાઈ લોકમાં તે વિશ્વાસપાત્ર થાય છે. (પૃ.૭૭)

## ૩૬૧. સ્વાર્થ બહાને કોઈનો ત્યાગ મુકાવું નહીં.

પોતાના સ્વાર્થને કારણે બીજાનો ત્યાગ મુકાવું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–**

**મીણના ગોળા જેવા જીવનું દૃષ્ટાંત –** ''મીણનો ગોળો તાપ લાગવાથી જેમ ગળી જાય, પાછો ઠંડી લાગવાથી તેવો ને તેવો થઈ રહે તેમ સંસારી જીવને સત્પુરુષનો બોધ સાંભળી સંસારથી વૈરાગ્ય થયો, અસાર સંસારની નિવૃત્તિ ચિંતવવા લાગ્યો, કુટુંબ પાસે આવી કહે છે કે આ અસાર સંસારથી હું નિવર્તવા ઇચ્છું છું. એ વાત સાંભળી કુટુંબી કોપયુક્ત થયા. હવેથી તારે એ તરફ જવું નહીં. હવેથી જઈશ તો તારા ઉપર સખ્તાઈ કરીશું, એ વગેરે કહી સંતના અવર્ણવાદ બોલી ત્યાં જવાનું રોકાવે. એ પ્રકારે કુટુંબના ભયથી, લાજથી જીવ સત્પુરુષ પાસે જતાં અટકે, પાછા સંસાર કાર્યમાં પ્રવર્તે તે પ્રથમ પ્રકારના જીવ કહ્યા.

૨. બીજા પ્રકારે લાખના ગોળા જેવા જીવ કહ્યા.

**લાખના ગોળા જેવા જીવનું દૃષ્ટાંત –** લાખનો ગોળો તાપથી ઓગળી જાય નહીં. પણ અગ્નિથી ઓગળી જાય. તે જીવ સંતનો બોધ સાંભળી સંસારથી ઉદાસીન થઈ એમ ચિંતવે કે આ દુઃખરૂપ સંસારથી નિવર્તવું. એમ ચિંતવી કુટુંબ પાસે જઈ કહે કે હું સંસારથી નિવર્તવા ઇચ્છું છું. મારે આ જૂઠું બોલી વેપાર કરવો ફાવશે નહીં ઇત્યાદિ કહ્યા પછી કુટુંબીઓ તેને સખ્તાઈ તથા સ્નેહનાં વચનો કહે તથા સ્ત્રીનાં વચન તેને એકાંતના વખતમાં ભોગમાં તદાકાર કરી નાખે. સ્ત્રીનું અગ્નિરૂપ શરીર જોઈને બીજા પ્રકારનાં જીવ તદાકાર થઈ જાય. સંતના ચરણથી દૂર થઈ જાય.

૩. ત્રીજા પ્રકારના જીવ કાષ્ઠના ગોળા જેવા કહ્યા.

**કાષ્ટના ગોળા જેવા જીવનું દૃષ્ટાંત –** તે જીવ સંતનો બોધ સાંભળી સંસારથી ઉદાસ થઈ ગયો. આ સંસાર અસાર છે, એમ વિચારતો કુટુંબાદિક સમીપ આવી કહે કે આ સંસાર અસારથી હું ખેદ પામ્યો છું. મારે આ કાર્યો કરવાં ઠીક લાગતાં નથી. આ વચનો સાંભળી કુટુંબી નરમાશથી કહે, ભાઈ,



આપણે તો નિવૃત્તિ જેવું છે. ત્યાર પછી સ્ત્રી આવીને કહે કે પ્રાણપતિ, હું તો તમારા વિના પળ પણ રહી શકું નહીં. તમો મારા જીવનના આધાર છો. એમ અનેક પ્રકારે ભોગમાં આસક્ત કરવાના અનેક પદાર્થની વૃદ્ધિ કરે. તેમાં તદાકાર થઈ જઈ સંતના વચન વીસરી જાય. એટલે જેમ કાષ્ઠનો ગોળો અગ્નિમાં નાખ્યા પછી ભસ્મ થઈ જાય તેમ સ્ત્રીરૂપી અગ્નિમાં પડેલા જીવ તેમાં ભસ્મ થઈ જાય છે. તેથી સંતના બોધનો વિચાર ભૂલી જાય છે. સ્ત્રી આદિકના ભયથી સત્સમાગમ કરી શકતો નથી. તેથી તે જીવ દાવાનલરૂપ સ્ત્રી આદિ અગ્નિમાં ફસાઈ જઈ, વિશેષ વિશેષ વિટંબણા ભોગવે છે. તે ત્રીજા પ્રકારના જીવ કહ્યા. (પૃ.૬૮૧)

આમ પોતાના સ્વાર્થ ખાતર કોઈને મોહમાં ફસાવી તેની ત્યાગભાવનાને તોડી નાખું નહીં.

## ૩૬૨. ક્રિયાશાળીને નિંદું નહીં.

કોઈ સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, તપ, જપ વગેરે ક્રિયાઓ કરતો હોય તેની નિંદા કરું નહીં. પણ તે સમજણપૂર્વક ક્રિયાઓ કરે તેમ યોગ્ય લાગે તો જણાવું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''અશુદ્ધ ક્રિયાના નિષેધક વચનો ઉપદેશરૂપે ન પ્રવર્તાવતાં શુદ્ધ ક્રિયામાં જેમ લોકોની રુચિ વધે તેમ ક્રિયા કરાવ્યે જવી.

ઉદાહરણ દાખલ કે જેમ કોઈ એક મનુષ્ય તેની રૂઢિ પ્રમાણે સામાયિક વ્રત કરે છે, તો તેનો નિષેધ નહીં કરતાં, તેનો તે વખત ઉપદેશના શ્રવણમાં કે સત્શાસ્ત્રઅધ્યયનમાં અથવા કાયોત્સર્ગમાં જાય તેમ તેને ઉપદેશવું. કિંચિત્માત્ર આભાસે, પણ તેને સામાયિક વ્રતાદિનો નિષેધ હૃદયમાં પણ ન આવે એવી ગંભીરતાથી શુદ્ધ ક્રિયાની પ્રેરણા કરવી. ખુલ્લી પ્રેરણા કરવા જતાં પણ ક્રિયાથી રહિત થઈ ઉન્મત્ત થાય છે; અથવા તમારી આ ક્રિયા બરાબર નથી એટલું જણાવતાં પણ તમારા પ્રત્યે દોષ દઈ તે ક્રિયા છોડી દે એવો પ્રમત્ત જીવોનો સ્વભાવ છે, અને લોકોની દૃષ્ટિમાં એમ આવે કે તમે જ ક્રિયાનો નિષેધ કર્યો છે. માટે મતભેદથી દૂર રહી, મધ્યસ્થવત્ રહી સ્વાત્માનું હિત કરતાં જેમ જેમ પરઆત્માનું હિત થાય તેમ તેમ પ્રવર્તવું, અને જ્ઞાનીના માર્ગનું, જ્ઞાન ક્રિયાનું સમન્વિતપણું સ્થાપિત કરવું એ જ નિર્જરાનો સુંદર માર્ગ છે.'' (વ.પૃ.૬૫૨)

''કોઈ પણ બીજાઓ ધર્મક્રિયાને નામે જે તમારા સહવાસીઓ (શ્રાવકાદિક) ક્રિયા કરતા હોય તેને નિષેધશો નહીં.'' (વ.પૃ.૨૬૨)

''જીવ એમ સમજે છે કે હું જે ક્રિયા કરું છું એથી મોક્ષ છે. ક્રિયા કરવી એ સારી વાત છે, પણ લોકસંજ્ઞાએ કરે તો તેને તેનું ફળ હોય નહીં.'' (વ.પૃ.૬૯૯)

''પ્રત્યાખ્યાનાદિક ક્રિયાથી જ મનુષ્યત્વ મળે છે. ઊંચ ગોત્ર અને આર્યદેશમાં જન્મ મળે છે, તો પછી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; માટે એવી ક્રિયા પણ જ્ઞાનની સાધનભૂત સમજવી જોઈએ છે.'' (વ.પૃ.૨૨૩)

''જે ક્રિયા કરવાથી અનેક ફળ થાય તે ક્રિયા મોક્ષાર્થે નહીં. અનેક ક્રિયાનું ફળ એક મોક્ષ થવો તે હોવું જોઈએ. આત્માના અંશો પ્રગટ થવા માટે ક્રિયાઓ વર્ણવી છે. જો ક્રિયાઓનું તે ફળ ન થયું તો તે સર્વ ક્રિયા સંસારના હેતુઓ છે.'' (વ.પૃ.૭૦૪)

''જે ક્રિયા કરવી તે નિર્દંભપણે, નિરહંકારપણે કરવી; ક્રિયાના ફળની આકાંક્ષા રાખવી નહીં. શુભ ક્રિયાનો કાંઈ નિષેધ છે જ નહીં, પણ જ્યાં શુભ ક્રિયાથી મોક્ષ માન્યો છે ત્યાં ત્યાં નિષેધ છે. (વ.પૃ.૭૨૧)



**'સમયસાર નાટક'માંથી :– નિશ્ચયનયના ગ્રંથો વાંચી ક્રિયાઓ મૂકી દીધી બનારસીદાસનું દૃષ્ટાંત** – ''આગ્રામાં અર્થમલ્લજી નામના અધ્યાત્મરસના રસિક એક સજ્જન હતા. કવિવર બનારસીદાસનો તેમની સાથે વિશેષ સમાગમ હતો. તેઓ કવિવરની વિલક્ષણ કાવ્યશક્તિ જોઈને આનંદિત થયા હતા. પરંતુ તેમની કવિતામાં આધ્યાત્મિક વિદ્યાનો અભાવ જોઈને કોઈ કોઈ વાર દુઃખી પણ થતા હતા. એક દિવસે અવસર પામી તેમણે કવિવરને પં.રાજમલજી કૃત સમયસાર ટીકા આપીને કહ્યું કે આપ આ એકવાર વાંચો અને સત્યની ખોજ કરો. તેમણે તે ગ્રંથ કેટલીયે વાર વાંચ્યો, પરંતુ ગુરુ વિના તેમને અધ્યાત્મનો યથાર્થ માર્ગ સૂઝયો નહીં અને તેઓ નિશ્ચયનયમાં એટલા તલ્લીન થઈ ગયા કે બાહ્ય ક્રિયાઓ કરવાની પણ મૂકી દીધી. તેમણે જપ, તપ, સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ બિલકુલ છોડી દીધી, ત્યાં સુધી કે ભગવાનને ચડાવેલું નૈવેદ્ય પણ ખાવા લાગ્યા.

સૌભાગ્યવશ પં.રૂપચંદજીનું આગ્રામાં આગમન થયું. પંડિતજીએ તેમને અધ્યાત્મના એકાન્ત રોગથી ગ્રસિત જોઈને ગોમ્મટસારરૂપ ઔષધનો ઉપચાર કર્યો. ગુણસ્થાન અનુસાર જ્ઞાન અને ક્રિયાઓનું વિધાન સારી રીતે સમજતાં જ તેમની આંખો ખુલી ગઈ. ગોમ્મટસાર વાંચી લીધા પછી જ્યારે તેમના હૃદયના પડ ખુલી ગયા ત્યારે ભગવાન કુંદકુન્દાચાર્ય પ્રણીત સમયસારનો ભાષા પદ્યાનુવાદ કરવાનું શરૂ કર્યું. ભાષા સાહિત્યમાં 'સમયસાર નાટક' ગ્રંથ અદ્વિતીય અને અનુપમ છે. એમાં ઘણી સરળતાથી અધ્યાત્મ જેવા કઠિન વિષયનું વર્ણન કરેલ છે. (પૃ.૨૦-૨૧)

## ૩૬૩. નગ્ન ચિત્ર નિહાળું નહીં.

નગ્ન ચિત્ર હોય કે મૂર્તિ હોય તે જોઉં નહીં. તે વિકાર થવાનું કારણ છે. તે જોવાથી અંતરમાં પડેલા વિકારો જાગૃત થાય છે.

## ૩૬૪. પ્રતિમાને નિંદું નહીં.

ભગવાનની પ્રતિમાની કોઈ દિવસ નિંદા કરું નહીં. પ્રશાંતરસમાં ડૂબેલી એવી વીતરાગ પ્રતિમાના દર્શનમાત્રથી વિષય કષાય શાંત થાય છે. એવી પ્રતિમાની નિંદા કરવી એ મોટી આશાતના છે. એથી જીવ દુર્લભબોધીપણું પામે છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''એ સઘળા મતોમાં કેટલાક તો સહજ સહજ વિવાદ છે. મુખ્ય વિવાદ - એકનું કહેવું પ્રતિમાની સિદ્ધિ માટે છે. બીજા તેને કેવળ ઉત્થાપે છે. (એ મુખ્ય વિવાદ છે.)

બીજા ભાગમાં પ્રથમ હું પણ ગણાયો હતો. મારી જિજ્ઞાસા વીતરાગ દેવની આજ્ઞાના આરાધન ભણી છે. એમ સત્યતાને ખાતર કહી દઈ દર્શાવું છું કે પ્રથમ પક્ષ સત્ય છે, એટલે કે જિન પ્રતિમા અને તેનું પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત, અનુભવોક્ત અને અનુભવમાં લેવા યોગ્ય છે. મને તે પદાર્થોનો જે રૂપે બોધ થયો અથવા તે વિષય સંબંધી મને જે અલ્પ શંકા હતી તે નીકળી ગઈ, તે વસ્તુનું કંઈ પણ પ્રતિપાદન થવાથી કોઈ પણ આત્મા તે સંબંધી વિચાર કરી શકશે; અને તે વસ્તુની સિદ્ધિ જણાય તો તે સંબંધી મતભેદ તેને ટળી જાય; તે સુલભબોધિપણાનું કાર્ય થાય એમ ગણી, ટૂંકામાં કેટલાક વિચારો પ્રતિમાસિદ્ધિ માટે દર્શાવું છું.

મારી પ્રતિમામાં શ્રદ્ધા છે, માટે તમે સઘળા કરો એ માટે મારું કહેવું નથી, પણ વીર ભગવાનની



આજ્ઞાનું આરાધન તેથી થતું જણાય તો તેમ કરવું.'' (વ.પૃ.૧૭૩)

''ત્યાં પ્રતિમાપ્રતિપક્ષ-સંપ્રદાય જૈનમાં જ ઊભો થયો. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એવી જિનપ્રતિમા પ્રતિ લાખો દૃષ્ટિવિમુખ થયાં, વીતરાગશાસ્ત્ર કલ્પિત અર્થથી વિરાધાયાં, કેટલાંક તો સમૂળગાં ખંડાયાં. આમ આ છસો વરસના અંતરાળમાં વીતરાગમાર્ગરક્ષક બીજાં હેમચંદ્રાચાર્યની જરૂર હતી. અન્ય ઘણા આચાર્યો થયા, પણ તે શ્રી હેમચંદ્રાચાર્ય જેવા પ્રભાવશાળી નહીં. એટલે વિષમતા સામે ટકી ન શકાયું. વિષમતા વધતી ચાલી. ત્યાં શ્રી આનંદઘનજી બસો વરસ પૂર્વે થયા.'' (વ.પૃ.૬૬૫)

ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એ જે તારી પ્રતિમા તેથી કટાક્ષદૃષ્ટિએ લાખોગમે લોકો વળ્યાં; તારા પછી પરંપરાએ જે આચાર્ય પુરુષો થયા તેના વચનમાં અને તારાં વચનમાં પણ શંકા નાખી દીધી. એકાંત દઈ કૂટી તારું શાસન નિંદાવ્યું.'' (વ.પૃ.૫૭૫)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''બીજું પ્રતિમા વિષે પૂછ્યું તે વિષે જણાવવાનું કે પ્રતિમા તો પ્રભુને યાદ કરવાનું સાધન છે. પ્રતિમા પુરુષાકારે હો કે માત્ર સામાન્ય ગમે તેવા રૂપે હો પણ કેવળજ્ઞાનરૂપ નેત્રવાળા ભગવાનની સ્મૃતિ અર્થે જે સાધન છે તેમાં ભેદ માની, મારા મતની પ્રતિમા અને બીજાનાં મતની પ્રતિમા માની, વિક્ષેપ કરવો તે નરદમ મૂર્ખતા છેજી. ભગવાનને ભૂલી પ્રતિમા પૂજવાની નથી. અજ્ઞાનને વધવાના અનેક માર્ગ છે; તેમાં પ્રતિમા પણ તેનું નિમિત્ત બને છે એ આશ્ચર્ય છે! કોઈ પહેલાં અહીં આવેલો તેણે મને પૂછેલું કે ખાનગી તમને આટલું પૂછવું છે કે ભગવાનની પ્રતિમા ચક્ષુવાળી પૂજવી તે દ્રવ્યમિથ્યાત્વ ખરું કે નહીં? મેં જણાવેલું કે ભગવાનને પૂજવાના છે કે પ્રતિમાને પૂજવા જવાનું છે? પ્રતિમા ઉપરથી ભગવાનને ન સંભારો તે જ મિથ્યાત્વ છે. ભગવાન કંઈ ચક્ષુ વિનાના નથી. કેવળજ્ઞાનરૂપી નેત્રવાળા ભગવાન છે. તેમને ગમે તે નિમિત્તે યાદ કરે તો કલ્યાણ છે. નહીં તો ઝઘડા કરનારનું ઠેકાણું પડે તેમ નથી. મતમતાંતરોમાં માથું મારનારની આવી દશા થાય છે. પરમકૃપાળુદેવે તો મતમતાંતરનાં પુસ્તકો પણ હાથમાં લેવાની ના પાડી છે. જેથી મતમતાંતર મટી સત્ય ભણી વૃત્તિ જાય તે જ કર્તવ્ય છેજી. નવા મુસલમાન અલ્લા પોકારતાં શ્વાસ પણ ન ઘૂંટે એમ કહેવાય છે, તેમ નવા દિગંબરો નાની નાની વાતોમાં મિથ્યાત્વ જોનારા થઈ જાય છે. મિથ્યાત્વ પોતાનામાં જોઈ દૂર કરશે તેનું કલ્યાણ થશે.'' (પૃ.૭૦૮)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''ભગવાન તો નિરાકાર છે. તેથી ખ્યાલ આવે નહીં; પણ શાંતભાવવાળી મૂર્તિ હોય તો તે જોઈ જગત ભૂલી જવાય અને ભગવાનના ગુણોમાં લીનતા થાય, ઉલ્લાસ થાય. પોતાના ભાવ ફેરવવા માટે, જગતના ભાવો ભૂલી ભગવાનના ગુણો સંભારવા માટે મૂર્તિ છે. ઘણાને જિનપ્રતિમા જોઈને સમકિત થાય છે. ભગવાનનાં સમોવસરણમાં જાય ત્યાં ભગવાનનો પ્રભાવ એવો છે કે બધા જીવો શત્રુભાવ ભૂલી જાય, વૈરવાળા જીવો મૈત્રીભાવવાળા થઈ જાય. એ બધો કેવળજ્ઞાનનો પ્રભાવ છે.'' (બો.૨ પૃ.૧૩)

**'જીવનકળા'માંથી :–**

**એક સ્થાનકવાસી મુનિનું દૃષ્ટાંત –** ''પ્રતિમાજી સંબંધી પોતે જણાવ્યું કે સ્થાનકવાસીના એક સાધુ જે ઘણા વિદ્વાન હતા. તેઓ એક વખત વનમાં વિહાર કરીને જતા હતા. ત્યાં એક જિન દેરાસર આવ્યું; તેમાં વિશ્રાંતિ લેવા પ્રવેશ કર્યો તો સામે જિનપ્રતિમા દીઠી, તેથી તેની વૃત્તિ શાંત થઈ અને મનમાં ઉલ્લાસ થયો. શાંત એવી જિન પ્રતિમા સત્ય છે એવું તેમના મનમાં થયું.'' (પૃ.૨૧૯)



**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :–** ''જિનેશ્વર ભગવંતની પ્રતિમા જિનેશ્વર ભગવંતની સમાન જાણવી. સૂત્રોક્ત આધાર અને યુક્તિ એમ બન્ને પ્રકારવડે તેની વિધિપૂર્વક સ્થાપના સ્વર્ગના સુખને આપનારી છે.''

''લૌકિક શાસ્ત્રમાં પણ મૂર્તિસેવાથી કાર્યસિદ્ધિ કહેલી છે; તે વિષે મહાભારતમાં એક દૃષ્ટાંત છે તે આ પ્રમાણે –


### એકલવ્યે દ્રોણાચાર્યની મૂર્તિમાં ગુરુભાવ લાવી વિદ્યા સિદ્ધ કરી

**એકલવ્યનું દૃષ્ટાંત –** ''પાંડવાદિક દ્રોણાચાર્યની પાસે ધનુર્વિદ્યા શીખતા હતા. તેમાં અર્જુને તે વિદ્યા સત્વર શીખી લીધી. પછી અર્જુને ગુરુના ચરણમાં નમીને કહ્યું - 'હે ગુરુ! તમે જેવી વિદ્યા મને શીખવી છે તેવી વિદ્યા બીજાને શીખવવી નહીં.' દ્રોણાચાર્યે ખુશીથી તેમ કરવા કબૂલ કર્યું. એક વખતે કોઈ એકલવ્ય નામનો ભિલ્લ ધનુર્વિદ્યા શિખવાની ઇચ્છાએ દ્રોણાચાર્ય પાસે આવી પોતાને શીખવવાની માગણી કરી. ત્યારે દ્રોણાચાર્ય મૌન ધરી રહ્યા. પછી ભક્તિવાળા ભિલ્લે ગુરુબુદ્ધિએ દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી, શુદ્ધ સ્થાનમાં સ્થાપિત કરી અને પ્રતિદિન પ્રભાતકાળે તેના ચરણમાં નમીને કહેતો-'હે ગુરુજી! પ્રસન્ન થઈને મને વિદ્યા આપો.' પછી તે ગુરુની આગળ હાથમાં ધનુષ્ય લઈ તેમાં બાણ યોજી ચિંતવેલા પત્રો એટલે પાનને વીંધતો હતો અને એવી રીતે પત્રમાં હાથી, ઘોડા વિગેરેનાં રૂપ પણ બાણવડે કોતરતો હતો. એક વખતે અર્જુન તે વનમાં આવી ચઢ્યો. તેણે તે કોતરેલાં પત્રો જોઈ વિચાર્યું કે જરૂર ગુરુએ પોતાની પ્રતિજ્ઞાનું વિસ્મરણ કરીને કોઈને ધનુર્વિદ્યા આપી લાગે છે; નહીં તો આવું અદ્ભુત કાર્ય કોણ કરી શકે? પછી અર્જુને ગુરુ પાસે આવી કહ્યું - 'ભગવન્! આપે પ્રતિજ્ઞા તોડી લાગે છે.' ગુરુ દ્રોણ બોલ્યા-'અર્જુન! મારી પ્રતિજ્ઞા પાષાણની રેખાની જેવી અચલ છે.' પછી સંશયનિવારણ માટે તે બન્ને વનમાં ગયા. ત્યાં મૃત્તિકાની દ્રોણાચાર્યની પ્રતિમા તેમના જોવામાં આવી. પેલો ભિલ્લ પ્રાતઃકાળે તે પ્રતિમા પાસે આવી નમીને કહેવા લાગ્યો-'ગુરુજી! અર્જુન જેવી મને ધનુર્વિદ્યા આપો.' એમ કહી તે વૃક્ષના પત્રને બાણથી કોતરવા લાગ્યો; તે જોઈ તેઓએ ભિલ્લને પૂછ્યું - 'તારા ગુરુ કોણ છે?' ભિલ્લે કહ્યું-'મારા ગુરુ દ્રોણાચાર્ય છે.' એમ કહી તેણે મૃત્તિકાની મૂર્તિ બતાવી અને કહ્યું કે 'આ પ્રતિમાએ મને ધનુર્વિદ્યા શીખવી છે. ભક્તિથી શું નથી બનતું? તે જોઈ અર્જુનને ખેદ થયો. પછી દ્રોણાચાર્યે ભિલ્લને કહ્યું-'મારા પ્રસાદથી તને વિદ્યાની સિદ્ધિ થઈ, માટે હું જે માંગુ તે દક્ષિણા તરીકે આપ.' તે બોલ્યો-'ગુરુજી! આ શરીર જ તમારું છે, તેથી જે રુચે તે માંગી લો.' દ્રોણાચાર્યે તેના જમણા હાથનો અંગૂઠો માગ્યો. ગુરુભક્ત ભિલ્લે તરત જ તે કાપી આપ્યો. અંગૂઠો જવાથી તેની ધર્નુવિદ્યા અર્જુન કરતાં કંઈક ન્યૂન થઈ ગઈ, તથાપિ એ ભિલ્લને દ્રોણાચાર્ય ઉપર જરા પણ ખેદ થયો નહીં. આ પ્રમાણે સ્થાપનાથી કાર્યની સિદ્ધિ કહેલી છે.'' (પૃ.૧૩૩)

### મૂર્તિના દર્શન માત્રથી ભાવીમાં કલ્યાણ

**જિનદાસ શ્રાવકનું દૃષ્ટાંત –** ''પૃથ્વીપુર નામના નગરમાં જિનદાસ નામે પરમ શ્રાવક હતો. તેને દેવદત્ત નામે એક પુત્ર હતો. તે સાતે વ્યસનોનો સેવનારો હતો. જિનદાસ તેને પ્રતિદિવસ ધર્મશિક્ષા આપતો, પણ શઠપણાથી તે બિલકુલ ગ્રહણ કરતો નહીં; કારણ કે તે સ્વભાવે વક્ર હતો.

અન્યદા તેના પર કૃપા લાવીને તેના પિતાએ ગૃહપ્રવેશના દ્વારની સામે જ શુભ સ્થળ ઉપર એક જિનમૂર્તિ સ્થાપન કરી. આ પ્રમાણે તે શ્રેષ્ઠી નિત્ય તે જિનેશ્વરની સ્તુતિ કરતા હતા. તેનો પુત્ર તે પ્રતિમાને જોતો, પણ સ્તુતિ કરતો નહીં અને વંદના પણ કરતો નહીં. પછી શ્રેષ્ઠીએ ગૃહનું દ્વાર નીચું કર્યું. એટલે તેનો


એકલવ્ય અને ગુરુ દ્રોણાચાર્ય
ગુરુભક્તિથી એકલવ્યે મેળવેલ વિદ્યા, ગુરુ દ્રોણાચાર્ય અને અર્જુન



પુત્ર નીચો નમી ગૃહમાં જતો અને સન્મુખ રહેલા જિનબિંબને જોતો હતો. એવી રીતે શ્રેષ્ઠીએ પુત્રને દ્રવ્યથી વંદના કરાવી, પણ ભાવથી કરાવી શક્યા નહીં; કારણ કે ભાવ તો પોતાના આત્માને જ આધીન છે. પછી તે શ્રેષ્ઠીપુત્ર આયુષ્યના ક્ષયથી મૃત્યુ પામી છેલ્લાં સ્વયંભૂરમણ સમુદ્રને વિષે મત્સ્યપણાને પ્રાપ્ત થયો. ત્યાં સમુદ્રમાં ભમતાં ભમતાં અન્યદા એક જિનપ્રતિમા જેવી આકૃતિવાળો મત્સ્ય તેના જોવામાં આવ્યો. 'નળીઆ અને વલયના આકાર સિવાય નર વિગેરે અનેક પ્રકારની આકૃતિવાળા મત્સ્યો થાય છે એમ વૃદ્ધો કહે છે.' તે મત્સ્યની જિનબિંબ જેવી આકૃતિ જોઈ તેને જાતિસ્મરણ થઈ આવ્યું, તેથી પૂર્વભવનું સ્મરણ થતાં તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે ''અહો! મારા પિતાએ મને અનેક રીતે બોધ કર્યો, તથાપિ હું બોધ પામ્યો નહીં. મને ધિક્કાર છે. મેં અનેક દોષથી મુક્ત એવા જિનેશ્વર ભગવંતની પણ આરાધના કરી નહીં. હવે હું તિર્યંચ થયો છું તેથી શું કરી શકું? તથાપિ આ તિર્યંચના ભવમાં પણ બની શકે એટલો ધર્મ કરું.'' આવું વિચારી તેણે સુક્ષ્મ મત્સ્ય અને સચિત્ત જળની હિંસા કરવાનો નિયમ લીધો. પછી ધીમે ધીમે જળની બહાર નીકળી ચોવીસ પહોરનું અનશન સારી રીતે પાળી મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવપદને પ્રાપ્ત થયો. ત્યાં શાશ્વતી જિનપ્રતિમાની પૂજા કરતાં અવધિજ્ઞાન વડે પોતાનું પૂર્વભવનું સર્વ સ્વરૂપ જાણી જિનબિંબના દર્શનનો મહાન ઉપકાર લોકોને દર્શાવવાને માટે ભાવજિનની (સાક્ષાત્ જિનની) આગળ આવી બાર પર્ષદાની સમક્ષ બોલ્યો-''હે વીતરાગ! તમારી પ્રતિમા પણ સાક્ષાત્ પ્રભુના જેવી ઉપકાર કરનારી છે. મેં તે બરાબર અનુભવ્યું છે.'' આ પ્રમાણે કહી તેણે સ્વર્ગને અલંકૃત કર્યું. તેના ગયા પછી પર્ષદાએ તેનું વૃત્તાંત પૂછ્યું એટલે પ્રભુએ તેનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળી સર્વ સભા જિનપ્રતિમાની વંદના વગેરે કરવામાં તત્પર થઈ.'' (પૃ.૧૩૪)

**શ્રી શય્યંભવસૂરિનું દૃષ્ટાંત –** ''શ્રી જંબુસ્વામીની પાટે પ્રભવસૂરિ હતા. તેમણે શ્રુતજ્ઞાન વડે પોતાના પદને યોગ્ય એવા કોઈ મુનિ પોતાના શિષ્યોમાં કે પોતાના ગચ્છમાં દીઠા નહી. પછી તેમણે પોતાની શ્રુતદૃષ્ટિથી જોયું, એટલે રાજગૃહી નગરીમાં શય્યંભવ નામનો એક શ્રેષ્ઠ બ્રાહ્મણ પોતાના પદને યોગ્ય જોવામાં આવ્યો. પછી ગુરુ ત્યાં આવ્યા. તે શય્યંભવ બ્રાહ્મણ અનેક બ્રાહ્મણોને એકઠા કરી યજ્ઞકર્મ કરાવતો હતો. તેમને બોધ કરવાને માટે બે ચતુર સાધુને યજ્ઞસ્થળે મોકલ્યા. સાધુઓ ત્યાં જઈ આ પ્રમાણે શ્લોકનાં બે પદ બોલ્યા - ''अहो! कष्टमहो कष्टं, तत्त्वं न ज्ञायते परं'' ''અહો! કષ્ટની વાત છે કે મહાકષ્ટ કરે છે, પણ પરમ તત્ત્વને જાણતા નથી.'' આ પ્રમાણેના બે પદ કહી તેઓ સત્વર પાછા વળ્યા. તે સાંભળી શય્યંભવ વિપ્રે વિચાર્યું કે 'આ સાધુ જરૂર મૃષાભાષી ન હોય, આવું વિચારી તેણે યજ્ઞાચાર્યને તત્ત્વ પૂછ્યું. તેમણે કહ્યું - ''યજ્ઞ જ તત્ત્વ છે.'' તથાપિ સંશયને પામેલો શય્યંભવ તે સાધુની પછવાડે સત્વર ચાલ્યો અને પ્રભવસૂરિ પાસે જઈ તેણે સૂરિને તે વિષે પૂછ્યું એટલે સૂરિ બોલ્યા- 'ભદ્ર! જો તું ભય દેખાડીશ તો તે યજ્ઞાચાર્ય જ તને તત્ત્વ કહેશે.' તેણે પાછા આવી ખડ્ગ ખેંચીને યજ્ઞાચાર્યને કહ્યું-'તત્ત્વ કહો, નહિ તો આ ખડ્ગવડે તમારા શિરનો છેદ કરી નાખીશ.' પછી યજ્ઞગુરુએ ભય પામી યજ્ઞના સ્તંભ નીચે સ્થાપિત કરેલી શ્રીશાંતિનાથ જિનની મૂર્તિ તેને કાઢી બતાવી. મૂર્તિ જોઈ તે વિચારમાં પડ્યો કે અહો! આ મૂર્તિ નિરુપમ છે. પછી તે મૂર્તિ લઈ તે શય્યંભવ બ્રાહ્મણ સૂરિની પાસે આવ્યો અને તે દેવનું સ્વરૂપ પૂછ્યું. સૂરિના એક જ ઉપદેશથી પ્રતિબોધ પામીને શય્યંભવે પરંપરાગત મિથ્યાત્વ છોડી આશાતના વગરની ભૂમિ ઉપર મૂર્તિ સ્થાપિત કરી, દીક્ષા લઈ અનુક્રમે દ્વાદશાંગીનું અધ્યયન કર્યું. સૂરિએ તેને પોતાના પદ ઉપર સ્થાપિત કર્યા.'' (પૃ.૧૪૨)



## ૩૬૫. પ્રતિમાને નિરખું નહીં.

લાકડાની કે પત્થરની જો સ્ત્રીની પ્રતિમા હોય તો નિરખું નહીં. તે વિકારનું કારણ થાય છે માટે.

**ચિત્રસેન અને પદ્માવતીનું દૃષ્ટાંત –** 'પ્રવેશિકા'ના એકાવનમાં પાઠમાં ચિત્રસેનની કથા છે તેમાં ચિત્રસેન રાજકુમારને પદ્મોતર રાજાની પુત્રી પદ્માવતીની લાકડાની મૂર્તિ જોતાં મૂર્છા આવી ગઈ. ભાન આવ્યું ત્યારે કહ્યું કે આ સ્ત્રી મને ન મળે તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ. એમ જીવને પૂર્વ સંસ્કારોને લઈને મોહ થઈ જાય છે. રાગના દૃશ્યો જોવાથી રાગ થઈ આવે છે માટે સ્ત્રીની પ્રતિમા નિરખું નહીં. પણ વીતરાગની પ્રતિમા જોવાથી વીતરાગતા પ્રગટે છે માટે તેને ભક્તિભાવથી નિરખું.

## ૩૬૬. પ્રતિમાને પૂજું. (કેવળ ગૃહસ્થ સ્થિતિમાં)

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** પ્રશ્ન - કિરતચંદભાઈ જિનાલય પૂજા કરવા જાય છે?

ઉત્તર - ના સાહેબ, વખત નથી મળતો.

વખત કેમ નથી મળતો? વખત તો ધારે તો મળી શકે, પ્રમાદ નડે છે. બને તો પૂજા કરવા જવું.''

(વ.પૃ.૬૬૦)

''પ્રભુપૂજામાં પુષ્પ ચડાવવામાં આવે છે, તેમાં જે ગૃહસ્થને લીલોતરીનો નિયમ નથી તે પોતાના હેતુએ તેનો વપરાશ કમ કરી ફૂલ પ્રભુને ચડાવે. ત્યાગી મુનિને તો પુષ્પ ચડાવવાનો કે તેના ઉપદેશનો સર્વથા નિષેધ છે. આમ પૂર્વાચાર્યોનું પ્રવચન છે.'' (વ.પૃ.૬૭૮)

''ભગવાનરૂપ પતિની સેવાના પ્રકાર ઘણા છે. દ્રવ્યપૂજા, ભાવપૂજા, આજ્ઞાપૂજા. દ્રવ્યપૂજાના પણ ઘણા ભેદ છે; પણ તેમાં સર્વોત્કૃષ્ટ પૂજા તો ચિત્તપ્રસન્નતા એટલે તે ભગવાનમાં ચૈતન્યવૃત્તિ પરમ હર્ષથી એકત્વને પ્રાપ્ત કરવી તે જ છે; તેમાં જ સર્વ સાધન સમાય છે. તે જ અખંડિત પૂજા છે, કેમકે જો ચિત્ત ભગવાનમાં લીન હોય તો બીજા યોગ પણ ચિત્તાધીન હોવાથી ભગવાનને આધીન જ છે; અને ચિત્તની લીનતા ભગવાનમાંથી ન ખસે તો જ જગતના ભાવોમાંથી ઉદાસીનતા વર્તે અને તેમાં ગ્રહણ ત્યાગરૂપ વિકલ્પ પ્રવર્તે નહીં; જેથી તે સેવા અખંડ જ રહે.'' (વ.પૃ.૫૭૪)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–**

**''ભાવે જિનવર પૂજિયે, ભાવે દીજે દાન;**
**ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન.''**

''ભાવ હોય તો બધું થાય. પ્રવૃત્તિથી નિવર્તીને ભગવાન પાસે આવે ત્યારે એવા ભાવ થવા જોઈએ કે હે ભગવાન, રખડતો, રખડતો આપને શરણે આવ્યો છું. મારે હવે કોઈ શરણરૂપ નથી. ભગવાનના દેરાસરરૂપ સમવસરણમાં આવતા એવી ભાવના હોય તો ખરી પૂજા છે.'' (બો.૧ પૃ.૩૪૦)

''મુમુક્ષુ - 'સમાધિસોપાન'માં આવે છે કે પ્રતિમાને વંદન કરવું, પૂજા કરવી વગેરે પ્રત્યક્ષ વિનય છે, તો તે પ્રત્યક્ષ વિનય કેવી રીતે?

પૂજ્યશ્રી - ભાવ પ્રત્યક્ષના કરવાના છે. ભગવાન તીર્થંકર જ્યારે વિચરતા હતા, ત્યારે આ જીવ ક્યાંય એકેન્દ્રિયાદિમાં ભટકતો હશે અને હવે મનુષ્યભવ મળ્યો છે, પણ તેવો યોગ નથી. તે માટે ભગવાનના મંદિરમાં જઈને ભાવના કરવી કે સાક્ષાત્ ભગવાન વિરાજ્યા છે. આ મંદિર છે તે સમવસરણ



છે, એમ જાણીને ભક્તિ કરવી.'' (બો.૧ પૃ.૧૦૬)

''પ્રતિમા જોઈને ભગવાનને યાદ કરવા કે ભગવાન સમવસરણમાં કેવા શાંત બેસતા હતા! કૃપાળુદેવે જેઓ પ્રતિમા પૂજતા ન હતા તેમને પ્રતિમાપૂજક કર્યા અને જે પ્રતિમા પૂજક હતા તેમને ભગવાનને પૂજતા કર્યા. બધા આગ્રહો છોડાવ્યા. કૃત્રિમ પ્રતિમા એટલે બનાવેલી પ્રતિમા અને અકૃત્રિમ પ્રતિમા એટલે ત્રિકાળ રહે એવી પ્રતિમા. મહાવિદેહમાં, મેરુ વગેરે પર્વતો પર શાશ્વત પ્રતિમાઓ છે. ભરતચક્રી મહાવીર થયા પહેલાં થયા હતા પણ તેમણે મહાવીરની પ્રતિમા કરાવી હતી.'' (બો.૧ પૃ.૨૨૧)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''મૂર્ખસ્ય પ્રતિમા પૂજા'' એનો અર્થ શો? એમ આપે પૂછાવ્યું, તેનો ટૂંકો અર્થ એ કે પ્રભુના અનંત જ્ઞાન દર્શન સુખ અને વીર્યનો વિચાર કર્યા વિના માત્ર પ્રતિમાને ચંદન આદિથી પૂજે છે તેને મૂર્ખ કહ્યો છે.

પરમકૃપાળુદેવે પ્રતિમાના અંધ શ્રદ્ધાળુને સાચા શ્રદ્ધાળુ બનાવ્યા છે, પ્રતિમાપૂજકને પ્રભુપૂજક બનાવ્યા છે. ભગવાનના ભાન વિના કાંઈ કરાય છે તે સદ્‌ગુરુનું શરણ ન હોય તો રૂઢિરૂપ છે અને આગ્રહપોષક હોય છે તેથી અજ્ઞાનને પોષનાર મૂર્ખતારૂપ છે.'' (બો.૩ પૃ.૭૪૭)

પ્રશ્ન – સર્વ જીવની રક્ષા કરવી એમ કહ્યું છે ત્યાં ફૂલની પાંખડી પણ દુભાય તો દોષ છે, તો આપણે કેમ હાર ચઢાવાય છે?

ઉત્તર – ''પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય.'' એ કડીમાં સર્વમાન્ય ધર્મ જે દયા તેનું વર્ણન છે. પૂજા આદિ વિષે ત્યાં કંઈ હા કે ના કહેવાનો આશય નથી. જીવ જ્યાં દુભાય ત્યાં પાપ કહ્યું છે તે સાચું છે. જીવને દૂભવવા અર્થે કોઈ હાર ચઢાવતું નથી. હાર ચઢાવનારનો ઉદ્દેશ ભક્તિ કરવાનો છે. ભક્તિ કરનાર ત્યાગી હોય તે ફૂલથી પૂજા ન કરે; એટલે પુષ્પ કે લીલોતરી જે આહાર કે મોજશોખને અર્થે વાપરતા નથી તેને ફૂલથી પૂજા કરવાનું કહ્યું નથી. પણ જેને લીલોતરીનો ત્યાગ નથી, શાક વગેરેમાં ફુલેવર, કોબી વગેરે વાપરે છે, અંબોડામાં પુષ્પ પહેરે છે, ફૂલની પથારીમાં જે જીવો સૂએ છે, તેવા જીવોને પોતાના મોજશોખ ઓછા કરી ભગવાનને અર્થે ફૂલના જે હાર કરી ચઢાવે છે, તેને તે ફૂલના નિમિત્તે પરમકૃપાળુદેવ ભગવાન પ્રત્યે ઉલ્લાસભાવ થાય છે. તે ઘણું પુણ્ય બાંધવાનું કારણ થાય છે; અલ્પ પાપ અને ઘણા પુણ્યની તે પ્રવૃત્તિ છે, એટલે જ્ઞાનીઓએ તેને નિષેધી નથી, ના પાડી નથી. પાપ માત્રનો ત્યાગ કરવાનો ભગવાનનો ઉપદેશ છે છતાં આપણે રાંધવું પડે છે, ખાંડવું પડે છે, દળવું પડે છે કે પાણી વાપરવું પડે છે તેમાં ઘણું પાપ તો થાય છે અને તે તો ધર્મના કામ નથી, દેહના કામ છે છતાં તે પાપ ઓછા કરવાનું મન થતું નથી અને ભગવાનને ફૂલ કેમ ચઢાવે છે એવો વિચાર ઊગે છે, તે માત્ર કુલસંસ્કાર ઢૂંઢિયાના હોવાથી થાય છે. તેનો ખુલાસો ન થાય ત્યાં સુધી મનમાં ખટક્યા કરે, તેથી પૂછ્યું છે તે સારું કર્યું છે. સાધુને વાંદવા ઢૂંઢિયા જાય છે ત્યાં સુધી જવામાં ઘણા જંતુઓ મરે છે કારણકે સાધુની પેઠે જીવ બચાવીને શ્રાવકો વર્તતા નથી; છતાં સાધુનાં દર્શનથી ઘણો પુણ્યલાભ થશે, મોક્ષમાર્ગ મળશે એવી આશાથી પાપનો ભય ત્યાગી વિશેષ લાભની પ્રવૃત્તિ સ્થાનકવાસી પણ કરે છે. સ્થાનક બંધાવવામાં કેટલી બધી હિંસા થાય? તોપણ સાધુઓ તેનો ઉપયોગ કરે તે પુણ્યકારણ છે એમ ગણીને મકાન બંધાવે છે, પણ પરિગ્રહનો ત્યાગ કર્યો હોય તે તેવું મકાન ન બંધાવે. તેમ લીલોતરીના ત્યાગી પુષ્પ આદિ સાવદ્ય હિંસા જેમાં થાય તેવી ચીજોથી પૂજા ન કરે. ઊનું પાણી વાપરે તે ભગવાનની પૂજા ઠંડા પાણીથી ન કરે. તેવી જ



પદ્ધતિ પુષ્પપૂજાની છે.'' (બો.૩ પૃ.૬૪૬)

''પૂજા કરવા જાઓ છો તે ઠીક છે. ભગવાનનું સ્વરૂપ સમજીને પૂજા કરવાથી ઘણો લાભ થવા યોગ્ય છે. અહીં આવો ત્યારે યાદ કરશો તો તે વિષે વિશેષ વાત થશેજી. હાલ તો પૂજા કરતી વખતે વીસ દોહરા કે ક્ષમાપનાનો પાઠ બોલતા રહેવા ભલામણ છેજી.'' (બો.૩ પૃ.૬૦૯)

''પૂજા સંબંધી તમે પૂછ્યું તે સંબંધી જણાવવાનું કે અહીં આવો ત્યારે પૂજાની વિધિ શીખી લેશોજી. પત્રથી લખ્યે આવડી જાય એમ નથી. મંદિરમાં ભક્તિ, નિત્યનિયમ થતો હોય તો ઘેર ન બની શકે તો ચાલે અને વધારે વખત થાય તો વિશેષ ફળનું કારણ છેજી.'' (બો.૩ પૃ.૨૧૮)

દેવ અપૂજ્ય રહે કે દેવની પૂજા થઈ એ બધા બાહ્ય પ્રશ્નો છેજી. હજી દેવને ઓળખ્યા નથી. તે ઓળખવા સત્સંગ, સત્સાધન, વિનય અને વિચારની જરૂર છેજી. દેવને માટે પૂજા કરવાની નથી. પોતાના આત્માને જ્ઞાની પુરુષની દશા તરફ દોરવા માટે ભક્તિપૂજા કરવાની છે. તે ઘેર કે મંદિર ગમે ત્યાં કરવા યોગ્ય છે. જ્યાં પોતાના ભાવ સત્પુરુષ પ્રત્યે વિશેષ ઉલ્લાસવાળા બને ત્યાં તે કરવા યોગ્ય છે. દેવ કદી અપૂજ્ય થતા નથી અને અપૂજ્ય રહેતા નથી. આપણા દેવ પ્રત્યે કેવા ભાવ છે, આપણે રોજ તપાસતા રહી દેવ પ્રત્યે ભક્તિભાવ વધારતા રહીશું તો કલ્યાણ થશેજી. (બો.૩ પૃ.૨૧૮)

**'શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર'માંથી :– ભગવાનની ભાવથી ભક્તિ કરવાનું ફળ**

**એક રાજાનું દૃષ્ટાંત –** એક દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુ નવ નિધિના સ્વામી એવા એક રાજાના નગર પાસે સમવસર્યા, તે ખબર સાંભળીને તે રાજા પ્રભુને વાંદવા આવ્યો. પ્રભુને વંદન કરીને તેણે પૂછ્યું કે 'હે પ્રભો! પૂર્વ જન્મના કયા કર્મથી હું આવી મોટી સમૃદ્ધિને પ્રાપ્ત થયો છું? પ્રભુ બોલ્યા- ''મહારાષ્ટ્ર દેશમાં હેલ્લર નામના ગામને વિષે પૂર્વ ભવે તું અશોક નામે માળી હતો. એક દિવસે પુષ્પો વેચીને તું ઘેર જતો હતો, ત્યાં અર્ધમાર્ગે કોઈ શ્રાવકને ઘેર અર્હતની પ્રતિષ્ઠા થતી હતી, તે જોઈને તું તેના ઘરમાં પેઠો. ત્યાં અર્હતનું બિંબ જોઈને તું છાબડીમાં પુષ્પ શોધવા લાગ્યો. તે વખતે તને નવ પુષ્પો હાથમાં આવ્યા. તે પુષ્પો તેં ઘણા ભાવથી તે પ્રભુની મૂર્તિ ઉપર ચઢાવ્યાં, તેથી તેં ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. એક વખતે તેં પ્રિયંગુ વૃક્ષની મંજરી લઈને રાજાને ભેટ કરી, તેથી પ્રસન્ન થઈને રાજાએ તને લોકશ્રેણીના પ્રધાનની પદવી આપી. ત્યાંથી મૃત્યુ પામીને તું એલપુર નામના નગરમાં નવ લાખ દ્રમ્મ (સુવર્ણના સિક્કા) નો સ્વામી થયો. ત્યાંથી મૃત્યુ પામી તે જ નગરમાં નવ કોટી દ્રવ્યનો અધિપતિ થયો. ત્યાંથી મૃત્યુ પામી સ્વર્ણપથ નગરમાં નવ લાખ સુવર્ણનો પતિ થયો. ત્યાંથી મૃત્યુ પામી તે જ નગરમાં નવ કોટી સુવર્ણનો સ્વામી થયો. ત્યાંથી મૃત્યુ પામી રત્નપુર નગરમાં નવ લાખ રત્નનો અધિપતિ થયો. ત્યાંથી મૃત્યુ પામી તે જ નગરમાં નવ કોટી રત્નોનો સ્વામી થયો. ત્યાંથી મૃત્યુ પામી વાટિકા નગરીમાં વલ્લભ નામના રાજાનો પુત્ર નવ લાખ ગ્રામનો અધિપતિ થયો અને ત્યાંથી મૃત્યુ પામી તું આ ભવમાં નવનિધિનો સ્વામી થયો છું. હવે અહીંથી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થઈશ.'' પ્રભુની આવી વાણી સાંભળી રાજાના મનમાં અત્યંત શુભ ભાવના ઉત્પન્ન થઈ, તેથી તત્કાળ તેણે પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી. (પૃ.૪૯૯)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩' માંથી :–**

**કુમારપાળરાજાનું દૃષ્ટાંત –** કુમારપાળ રાજાના પૂછવાથી શ્રીગુરુ હેમચંદ્રાચાર્યે તેમનો પૂર્વભવ કહ્યો. પૂર્વભવમાં કુમારપાળ રાજાનો જીવ જયકેશી નામે રાજાનો પુત્ર નરવીર હતો. તે સપ્તવ્યસની હોવાથી રાજાએ તેને નગરમાંથી કાઢી મૂક્યો. તેથી તે પર્વતમાં રહેલ ચોરોનો પલ્લીપતિ થયો. એક વખતે



તેણે સાર્થવાહનો તમામ સાર્થ લૂંટ્યો. તેથી સાર્થવાહે રાજાને ફરીયાદ કરી. રાજાનું સૈન્ય આવવાથી નરવીર ત્યાંથી નાસી ગયો. તેને દેશાંતરમાં જતાં માર્ગમાં શ્રી યશોભદ્રસૂરિ મળ્યા. તેમના સચોટ ઉપદેશથી તે સસવ્યસન રહિત થયો. પછી તે એક ઉઢેર નામના શેઠને ઘેર ભોજનવસ્ત્રની આજીવિકા ઉપર સેવક થઈને રહ્યો. શેઠે કરાવેલ વીરપ્રભુના મંદિરમાં પર્યુષણ પર્વ આવ્યા. શેઠે મોટી વિધિથી પૂજા કરી. પછી સાથે આવેલ નરવીરને પણ કહ્યું કે 'આ પુષ્પ લે અને પ્રભુની પૂજા કર.' ત્યારે નરવીરને વિચાર આવ્યો કે આવા પરમેશ્વર તો કોઈ દિવસ મેં જોયા નથી. તો એવા પ્રભુની પૂજા બીજાનાં આપેલાં પુષ્પથી શા માટે કરું? તેથી પોતાની પાસે માત્ર પાંચ કોડી હતી તેના પુષ્પ લઈ નેત્રમાં આનંદના અશ્રુ સહિત પ્રસન્ન ચિત્તે ત્રિકરણ શુદ્ધિ વડે પ્રભુની ખૂબ ભાવપૂર્વક પૂજા કરી. તે નરવીરનો જીવ તું કુમારપાલ રાજા થયો છું અને ઉઢેર શેઠનો જીવ તે ઉદયન મંત્રી થયો અને યશોભદ્રસૂરિ તે હું હેમચંદ્રાચાર્ય થયો છું. (પૃ.૧૨૮)

**'પૂ. શ્રી બ્રહ્મચારીજીની હસ્તલિખિત ડાયરી ૧૯ ખ'માંથી**

(રાગ- મને સંસાર શેરી વિસરી રે લો)

**'મેં તો પૂજા કરી પ્રભુ વીરનીરે જો; એના ચરણે હો મારો નિવાસ જો.**
**નવ અંગે પૂજો પ્રભુ વીરને જો.**
**ચરણ અંગૂઠો પ્રભુનો પૂજતાં જો; થાય ચરણે સદા નિવાસ જો. નવ અંગે૦**
**જેણે ઢીંચણ પ્રભુના પૂજીયા જો; તેનો આત્મા ઊંચે ચઢી જાય જો. નવ અંગે૦**
**જેણે કાંડા પ્રભુના પૂજીયા જો; તેના હાથે સુપાત્રદાન થાય જો. નવ અંગે૦**
**બેઉ ભૂજા પ્રભુની પૂજતાં જો; અગાધ સંસાર તરી જાય જો. નવ અંગે૦**
**જેણે મસ્તક પ્રભુનું પૂજીયું જો; તે તો નિશ્ચય સિદ્ધાલય જાય જો. નવ અંગે૦**
**જેણે તિલક કર્યું પ્રભુ વીરને જો; તેના ત્રણે જ્ઞાન શુદ્ધ થાય જો. નવ અંગે૦**
**વાલા કંઠ પ્રભુજીનો પૂજતાં જો; આવે અંતરનો ઊંડો અવાજ જો. નવ અંગે૦**
**જેણે હૃદય પ્રભુનું પૂજીયું જો; તે તો તેમાં સમાય સદા જાયજો. નવ અંગે૦**
**વાલા નાભિ પ્રભુની પૂજતાં જો; એ તો પોતે અમર થઈ જાય જો. નવ અંગે૦**

## ૩૬૭. પાપથી ધર્મ માનું નહીં. (સર્વ)

પાપના કાર્યો કરીને ધર્મ માનું નહીં.

અશ્વમેઘ યજ્ઞ, નરમેઘ યજ્ઞ, અજામેઘ યજ્ઞ કરે તે બધા પાપ બંધના કારણો છે; તેને ધર્મ માને. પશુઓને હોમીને યજ્ઞ કરવાથી સ્વર્ગમાં જવાય છે; એવી પાપયુક્ત માન્યતાથી જીવ નરકગતિમાં જાય છે.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–**

**હિંસા ન કરવા માટેનું દૃષ્ટાંત –** ''અહિંસા - દયા જેવો એકે ધર્મ નથી. 'અહિંસા પરમો ધર્મઃ' એ સૂત્ર સર્વમાન્ય છે. તે વિષે સુયગડાંગસૂત્રમાં એક દૃષ્ટાંત આપ્યું છે. જાુદા જાુદા ધર્મના આચાર્ય મળ્યા છે. તેમાં ઘણા યજ્ઞાદિ હિંસાનો પક્ષ કરે છે. ત્યાં એક જણ અંગારા ભરેલો કડાયો લઈ આવ્યો અને હાથ ધરવા કહ્યું. તે પર કડાયો મૂકવા જતાં બધાએ હાથ પાછા ખેંચી લીધા. ત્યારે તેણે પૂછ્યુંઃ કેમ?' તો કહે, 'દુઃખ થાય.' ત્યારે તેણે કહ્યું, 'તો પછી બીજા જીવોને મારો છો, યજ્ઞમાં હોમો છો તેમને દુઃખ નહીં થતું હોય? તમને દઝાવાય તેથી હાથ ખેંચી લો છો તો હવે બીજા જીવોને દુઃખ થાય એવો ઉપદેશ કરતા



અટકજો.' એમ પોતા પર વાત આવે ત્યારે સમજે.

અનાર્ય ધર્મવાળા માત્ર મનુષ્યની દયા સમજે, તેથી અમુક લોકો પશુને બચાવવા પાંજરાપોળ કરે, કીડી વગેરે પ્રાણીને બચાવે તેને જોઈ હસે. તેઓ ઝનૂની એટલે ક્રૂર અને મદાંધ એટલે બળનું અભિમાન કરનાર હોવાથી જીવોને મારતાં વિચાર ન કરે. બીજા જીવો મરી જાય તો તેમને કંઈ લાગણી ન થાય. તેઓ દયાનું લેશ સ્વરૂપ પણ જાણતા નથી. જ્ઞાનીના બોધરૂપ પ્રકાશના આધારે ખુલ્લા હૃદયથી વિચારે, આગ્રહ એટલે સ્વાર્થના વિચારો દૂર કરી જીવોના પક્ષથી વિચારે તો સમજાય કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુને હણવામાં પણ મહાપાપ છે. જેવો મને મારો આત્મા પ્રિય છે તેવો દરેકને તેનો આત્મા પ્રિય છે. હું મારા વ્યસન ખાતર એટલે શિકાર, માંસભક્ષણ વગેરે ટેવ ખાતર અને લાભ ખાતર એટલે પીંછા વગેરેના વ્યાપાર ખાતર અસંખ્યાતા જીવોને બેધડક હણું છું, એ મને અનંત દુઃખનું એટલે નરકાદિ ગતિનું કારણ થઈ પડશે, એવો વિચાર જ તેમને આવતો નથી. તેઓમાં એવી સાચી બુદ્ધિનું બીજ પણ નથી.'' (પૃ.૭૧)

**ઇન્દ્રભૂતિ ગૌતમનું દૃષ્ટાંત –** અપાપા નગરીમાં સૌમિલ નામનો બ્રાહ્મણ ધનવાન હતો. તેણે યજ્ઞ માટે મોટામાં મોટા અગ્યાર પંડિતોને બોલાવ્યા હતા. તેમાં મહાપંડિત ઇન્દ્રભૂતિ ગૌતમ પણ આવ્યા હતા. જેટલા વધારે પશુઓને હોમે તેટલો મોટો યજ્ઞ કહેવાય. તે વખતે આકાશમાર્ગે દેવોને જતા જોઈ ઇન્દ્રભૂતિને મનમાં થયું કે આપણા યજ્ઞમાં દેવો આવી રહ્યા છે. પણ તે તો આગળ ચાલ્યા. પછી ખબર પડી કે એ તો ભગવાન મહાવીરના દર્શન કરવા જઈ રહ્યા છે. ત્યારે ઇન્દ્રભૂતિ ગૌતમને વિચાર આવ્યો કે સર્વજ્ઞ સમાન તો છું; મારા સિવાય વળી બીજો કોણ સર્વજ્ઞ છે. એમ પાપ કરીને કદી ધર્મ માનું નહીં.

## ૩૬૮. સત્ય વહેવારને છોડું નહીં. (સર્વ)

વ્યવહારમાં ગમે તેવા પ્રસંગ પડે તો પણ સત્ય છોડું નહીં. ભગવાને જે મર્યાદાપૂર્વક વર્તવાનું કહ્યું હોય તે પ્રમાણે સત્ય વહેવારથી વર્તું, બીજી રીતે નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** સત્ય બોલવું એ કાંઈ મુશ્કેલ નથી, સાવ સહજ છે. જે વેપારાદિ સત્ય વડે થાય તે જ કરવાં. જો છ મહિના સુધી એમ વર્તાય તો પછી સત્ય બોલવું સહજ થઈ જાય છે. સત્ય બોલતાં કદાચ થોડો વખત પ્રથમ થોડું નુકશાન પણ થાય; પણ પછી અનંત ગુણનો ધણી જે આત્મા તે આખો લૂંટાઈ જાય છે તે લૂંટાતો બંધ પડે. સત્ય બોલતાં ધીમે ધીમે સહજ થઈ જાય છે; અને થયા પછી વ્રત લેવું; અભ્યાસ રાખવો; કેમકે ઉત્કૃષ્ટ પરિણામવાળા આત્મા વિરલા છે.'' (વ.પૃ.૭૨૫)

''સત્યનો જય છે. પ્રથમ મુશ્કેલી જણાય, પણ પાછળથી સત્યનો પ્રભાવ થાય ને તેની અસર સામા માણસ તથા સંબંધમાં આવનાર ઉપર થાય.

સત્યથી મનુષ્યનો આત્મા સ્ફટિક જેવો જણાય છે.'' (વ.પૃ.૭૭૭)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''સત્ય બે પ્રકારે છે : એક વ્યવહારસત્ય ને બીજું પરમાર્થસત્ય. જેવું હોય તેવું કહેવું તે વ્યવહારસત્ય અને આત્માનો લક્ષ રાખીને બોલે તે પરમાર્થસત્ય. સત્યનો એક અંશ પણ આવ્યો નથી. જ્યારે કસોટી આવે છે ત્યારે ખબર પડે છે. જેને છૂટવું હશે તેને ભય લાગશે કે જૂઠું બોલીશ તો મારા આત્માનો ઘાત થશે. સત્ય ને અહિંસા બે મુખ્ય છે. ગમે તેવો ડાહ્યો હોય પણ સાચ ન હોય તો કંઈ નથી. ગમે તેટલું દાન કરતો હોય પણ અસત્ય હોય તો કંઈ નહીં. સત્ય એ જગતનો આધાર કહેવાય છે. વ્રત લીધું હોય અને પાળે નહીં તો ધર્મ શું થાય? વચન તો પાળ્યું નહીં. હરિશ્ચંદ્રને કેટલાં કષ્ટ



પડ્યાં! પણ સત્ય ન છોડ્યું. રોજ બોલીએ છીએ ''વચન નયન યમ નાંહિ.'' એ બેનો સંયમ કરવાનો છે. બોલતાં વિચાર કરવો કે હિતકારી છે કે કેમ? એમ વિચાર કરીને સામાને આઘાત ન લાગે તેવું વચન બોલવું'' (બો.૧ પૃ.૧૦૪)

**'સમાધિસોપાન'માંથી :–** ''સત્ય વચન છે તે જ ધર્મ છે; સત્ય વચન દયાધર્મનું મૂળ કારણ છે, અનેક દોષો દૂર કરનાર છે, આ ભવમાં તથા પરભવમાં સુખી કરનાર છે; સર્વને વિશ્વાસ ઊપજવાનું કારણ છે. સર્વ ધર્મોમાં સત્ય વચન મુખ્ય મનાયું છે; સંસાર સમુદ્ર ઓળંગવાનું તે જહાજ છે; સર્વ સદાચરણોમાં સત્ય ઉત્તમ છે; સત્ય જ સમસ્ત સુખનું કારણ છે. મનુષ્યજન્મની શોભા સત્ય છે. સત્ય વડે સર્વ પુણ્ય કાર્યો દીપે છે; અસત્યવાદીનું મહા પુણ્ય કાર્ય પણ પ્રશંસાપાત્ર બનતું નથી. સર્વ ગુણોના સમૂહનો મહિમા સત્યને લઈને છે. સત્યના પ્રતાપે દેવ જેવા સેવા કરે છે. સત્યને આધારે અણુવ્રત કે મહાવ્રત રહેલાં છે. સત્ય વિના વ્રત, સંયમ નિષ્ફળ છે. સત્યના પ્રભાવથી સર્વ સંકટોનો નાશ થાય છે. તેથી જે વચન પોતાને અને પરને હિતકારક હોય તેવાં બોલવાં. કોઈને દુઃખ ઊપજે તેવાં વચન ન બોલવાં. પરને પીડાકારી વચન સાચું હોય તોપણ ન કહેવું. અભિમાન રહિત બોલો. પરમાત્માની પ્રતીતિ કરાવનાર વચનો બોલો; પરંતુ પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક કંઈ નથી એવા ભાવાર્થનાં નાસ્તિક વચનો ન બોલો.

પરમાગમ ઉપદેશે છે કે આ જીવ અનંતાનંત કાળ તો નિગોદમાં જ રહ્યો. ત્યાં વચનરૂપ કર્મ-વર્ગણા જ ગ્રહણ કરી નથી. કારણ કે પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાયમાં અનંત કાળ કે અસંખ્યાત કાળ રહ્યો ત્યાં તો જિહ્વા ઇન્દ્રિય જ પામ્યો નહીં, બોલવાની શક્તિ પણ પામ્યો નહીં. બેઈન્દ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એ ચાર વિકલ ચતુષ્ક અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ (પશુ પક્ષી) માં જિહ્વાઇન્દ્રિય તો પામ્યો. પણ અક્ષરસ્વરૂપ શબ્દો બોલવાની શક્તિ પ્રાપ્ત થઈ નહીં. એક મનુષ્યપણામાં વચન બોલવાની શક્તિ પ્રગટ થાય છે. આવી દુર્લભ વચનશક્તિ અસત્ય બોલીને બગાડી દેવી એ મહા અનર્થ છે. મનુષ્યભવનો મહિમા તો વચન વડે જ છે. નાક, કાન, જીભ,આંખ તો પશુને પણ હોય છે; ખાવું-પીવું, કામ-ભોગ આદિ પુણ્ય-પાપ પ્રમાણે ઢોરને પણ પ્રાપ્ત થાય છે; આભરણ, વસ્ત્ર આદિ કૂતરાં, વાંદરા, ગધેડા, ઘોડા, ઊંટ, બળદ ઇત્યાદિને પણ પ્રાપ્ત થાય છે. પરંતુ વચન બોલવાની શક્તિ, સાંભળીને સમજવાની શક્તિ તથા ઉત્તર દેવાની શક્તિ તેમજ ભણવા, ભણાવવામાં ઉપયોગી વચનશક્તિ તે મનુષ્ય જન્મમાં જ મળે છે. માટે મનુષ્ય જન્મ પામીને જેણે વચન બગાડ્યું તેણે આખો ભવ બગાડ્યો. મનુષ્ય જન્મમાં લેવું-દેવું, કહેવું-સાંભળવું, પ્રતીતિ-પરીક્ષા, ધર્મ-કર્મ, પ્રીતિ-વેર વગેરે પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ કાર્યો વચનને આધીન છે. જેણે વચન બગાડ્યું તેણે તો બધો મનુષ્ય જન્મનો વ્યવહાર બગાડી દૂષિત કર્યો. માટે પ્રાણ જતાં પણ પોતાનું વચન દૂષિત ન કરો.'' (પૃ.૨૭૮)

**'યોગશાસ્ત્ર'માંથી :–** ''જે મનુષ્યો જ્ઞાન અને ચારિત્રના મૂલરૂપ સત્યને જ બોલે છે, તે મનુષ્યોના પગથી રેણુવડે કરીને આ પૃથ્વી પવિત્ર થાય છે. તથા સત્યવ્રતરૂપ મહાધનવાળા જે જીવો અસત્ય બોલતા નથી, તેઓને દુઃખ આપવા માટે ભૂત, પ્રેત અને સર્પાદિ કોઈ પણ સમર્થ થતા નથી.'' (પૃ.૧૧૫)

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– સત્યવ્રત પાલનથી થયેલો ઉદ્ધાર**

**શ્રીકાંત શેઠનું દૃષ્ટાંત –** રાજગૃહ નગરમાં શ્રીકાંત શેઠ રહેતા હતા. તે દિવસે વ્યાપાર કરે અને રાત્રે ચોરી કરે. એક દિવસ બારવ્રતધારી શ્રાવક જિનદાસ નામે કોઈ ત્યાં આવ્યો. શ્રીકાંત શેઠે ભોજન માટે આમંત્રણ આપ્યું. જિનદાસે કહ્યું જેની આજીવિકાના પ્રકાર જાણવામાં ન આવે તેના ઘરે હું



ભોજન કરતો નથી. શ્રીકાંતે કહ્યું હું શુદ્ધ વ્યાપાર કરું છું. તેમણે કહ્યું તમારા ખર્ચ પ્રમાણે તો તમારો વ્યાપાર જોવામાં આવતો નથી. માટે સત્ય હોય તે કહો. ત્યારે શ્રીકાંતને લાગ્યું કે એ પારકી ગુપ્ત વાત પ્રગટ કરે એવા લાગતા નથી. ત્યારે એણે કહ્યું કે હું રાત્રે ચોરી કરું છું. એ સાંભળી જિનદાસે કહ્યું કે હું તમારે ત્યાં ભોજન કરી શકું નહીં. કારણ કે મારી બુદ્ધિ પણ તમારા આહારથી તમારા જેવી થઈ જાય. ત્યારે શ્રીકાંતે કહ્યું કે ચોરીના ત્યાગ વિના જે કહો તે ધર્મ હું કરી શકું. ત્યારે જિનદાસે કહ્યું : પ્રથમ અસત્ય બોલવું નહીં. એ વ્રત તમે ગ્રહણ કરો. તે સાંભળીને શ્રીકાંતે સત્યવ્રત સ્વીકાર્યું. જિનદાસે કહ્યું–'શ્રેષ્ઠી જીવિતની જેમ આ વ્રત યાવત્જીવન પાળજો. શ્રીકાંતે કહ્યું: 'રાજ્ય જાઓ અને આ નાશવંત પ્રાણ પણ જાઓ, પરંતુ મારી વાચા ન જાઓ. આવું નીતિનું વચન છે તેથી મેં જે વ્રત લીધું છે તેનો કદી પણ હું ભંગ કરીશ નહીં.'

હવે શ્રીકાંતશેઠે આ વ્રત ગ્રહણ કર્યું. છતાં તેનો ચોરીનો સ્વભાવ તો ગયો નહોતો. તેથી એક વખતે શ્રીકાંત શેઠ ચોરી કરવા ગયો. માર્ગમાં નગરચર્ચા જોવા નીકળેલા શ્રેણિકરાજા અને અભયકુમાર મળ્યા. તેમણે શ્રીકાંતને પૂછ્યું : 'તું કોણ છે?' તેણે કહ્યું, 'હું પોતે છું.' ફરી પૂછ્યું : 'તું ક્યાં જાય છે?' શ્રીકાંતે કહ્યું : 'રાજાના ભંડારમાં ચોરી કરવા.' પુનઃ પૂછ્યું : 'તું ક્યાં વસે છે?' શ્રીકાંતે કહ્યું : 'અમુક પાડામાં.' વળી પૂછ્યું : 'તમારું નામ શું છે?' શ્રીકાંતે કહ્યું : 'મારું નામ શ્રીકાંત છે.' તે સાંભળી બંને આશ્ચર્ય પામ્યા કે, 'ચોર આવી રીતે સાચું કહે નહીં માટે આ ચોર જણાતો નથી.' વળી તેઓ આગળ ચાલ્યા. પાછા વળતાં પેલો શ્રીકાંત, રાજાના ભંડારમાંથી પેટી લઈને જતો હતો. તેને પાછા શ્રેણિક અને અભયકુમાર મળ્યા. તેણે પૂછ્યું : આ શું લીધું છે? શ્રીકાંતે કહ્યું : 'રાજાના ભંડારમાંથી આ રત્નની પેટી લઈને ઘરે જાઉં છું.' આવું વાક્ય સાંભળી તેઓ રાજમહેલમાં ગયા. પ્રાતઃકાલે ભંડારીએ ભંડારમાં ચોરી થયેલી જાણી. તેથી બીજી પણ કેટલીક વસ્તુઓ ભંડારીએ આઘી પાછી કરીને પછી પોકાર કરી કોટવાલને તિરસ્કાર સાથે ભંડારમાં ચોરી થયાનું જણાવ્યું. તે વાતની રાજાને ખબર થઈ એટલે તેણે ભંડારીને બોલાવીને કહ્યું કે, 'કોશમાંથી શું શું ગયું છે? ભંડારીએ કહ્યું : 'રત્નની દશ પેટીઓ.' પછી રાજાએ મંત્રી સામે જોઈ પેલા શ્રીકાંતને બોલાવ્યો અને પૂછ્યું : 'રાત્રે તેં શું ચોર્યું છે?' તે પૂછતાં જ શ્રીકાંતે જાણ્યું કે ' રાત્રે જે બે જણ મળ્યા હતા તે જ આ છે. તેથી તેણે કહ્યું : 'સ્વામિન્! તમે શું ભૂલી ગયા, તમારા દેખતાં જ હું મારી આજીવિકા માટે એક પેટી લઈને જતો હતો.' શ્રેણિક રાજાએ કહ્યું 'અરે ચોર! તું મારી પાસે પણ સાચું બોલતાં કેમ ભય પામતો નથી? શ્રીકાંત બોલ્યો કે 'મહારાજ! પ્રાજ્ઞ પુરુષોએ પ્રમાદથી પણ અસત્ય ન બોલવું જોઈએ, કેમકે અસત્ય બોલવાથી પ્રચંડ પવન વડે વૃક્ષની જેમ કલ્યાણ (સુકૃત) નો ભંગ થાય છે. વળી તમે ક્રોધ પામો તો આલોકમાં એક ભવના સુખનો નાશ કરો, પણ જો સત્ય વ્રતનો ભંગ કરું તો અનંત ભવમાં મને દુઃખ થાય.' આ પ્રમાણેના તેના વચનો સાંભળી રાજા શ્રેણિકે તેને શિક્ષા આપી કે, 'જેવું આ બીજું સત્યવ્રત પાળે છે, તેવી રીતે બીજાં વ્રત પણ પાળ.' શ્રીકાંતે તે સ્વીકાર્યું; એટલે રાજાએ તે જુના ભંડારીને રજા આપીને તે પદવી ઉપર શ્રીકાંતને રાખ્યો. અનુક્રમે તે ભગવાન મહાવીર સ્વામીના શાસનનો સાચો શ્રાવક થઈ ઉત્તમ ગતિને પામ્યો. આ પ્રમાણે શ્રીકાંત ચોરે જિનદાસ શ્રાવકના વાક્યથી દૃઢતા વડે સત્યવચનરૂપ બીજું વ્રત લીધું તેવું પાળ્યું તો આલોકમાં પણ તેણે ઇષ્ટફળ પ્રાપ્ત કર્યું. તેથી ભવ્ય પ્રાણીઓએ જરૂર સત્યવ્રત ગ્રહણ કરવું. (પૃ.૪૯)



## ૩૬૯. છળ કરું નહીં.

કોઈની સાથે છળ-કપટ કરું નહીં. બગલાઓ સ્થિર થઈને બેસી રહે કે જાણે ધ્યાન ધરતા હોય, પણ જ્યારે માછલું પોતાની નજદીકમાં આવે કે તરત તેને પકડી લે છે. બિલાડી પણ તેમજ છળ કપટ કરી ઉંદરને પકડે છે. તેમ હું પણ અવસર આવ્યે છળ કરીને કોઈને ઠગું નહીં.

**'સમાધિસોપાન'માંથી :–** ''માયાચાર પ્રગટ થાય ત્યારે પ્રીતિનો ભંગ થાય છે. મીઠાથી દૂધ ફાટી જાય છે તેમ માયાકપટ કરનાર પોતાનું કપટ છુપાવવા બહુ પ્રયત્ન કરે તો પણ આખરે ઉઘાડું પડ્યા વિના રહેતું નથી. બીજાની ચાડી ખાય કે છાની નિંદા કરે તે આપોઆપ પ્રગટ થઈ જાય છે. તેથી માયા કપટ કરવું તે પોતાની આબરૂ બગાડવા બરાબર છે; ધર્મ બગાડવારૂપ છે. કપટીના સર્વ મિત્રો આપોઆપ શત્રુ થઈ જાય છે. કોઈ વ્રત પાળનાર, તપ કરનાર ત્યાગી હોય તેનું કપટ એકવાર જગતમાં જાહેર થાય તો તેને સર્વ લોક અધર્મી માની તેનો વિશ્વાસ કોઈ કરતું નથી. કપટીની મા પણ તેનો વિશ્વાસ રાખતી નથી. કપટી માણસ મિત્રદ્રોહી, સ્વામીદ્રોહી, ધર્મદ્રોહી, કૃતઘ્ની છે. વીતરાગ ધર્મ તો છળ-કપટ રહિત છે. વાંકા મ્યાનમાં જેમ સીધી તલવાર પેસી શકે નહીં, તેમ વક્રપરિણામીના હૃદયમાં વીતરાગનો આર્જવ એટલે સરળ ધર્મ પ્રવેશ કરી શકતો નથી. કપટીના બન્ને લોક બગડે છે. તેથી જો યશની ઇચ્છા હોય, આબરૂની ઇચ્છા હોય, ધર્મની ઇચ્છા હોય તો માયા કપટનો ત્યાગ કરી આર્જવ ધર્મ ધારણ કરો. નિષ્કપટીની પ્રશંસા તેના વેરી પણ કરે છે. કપટ રહિત, સરળ ચિત્તથી અપરાધ થયો હોય તો પણ દંડ દેવા યોગ્ય નથી. આર્જવ ધર્મનો ધારક તો પરમાત્મસ્વરૂપના અનુભવ માટે સંકલ્પ કરે છે; કષાય જીતવાનો, સંતોષી થવાનો સંકલ્પ કરે છે; જગતના પ્રપંચોનો ત્યાગ કરે છે, આત્માને એક ચૈતન્ય માત્ર જાણે છે. જે ધન, સંપત્તિ, કુટુંબ આદિને પોતાનાં માને છે તે જ છળ, કપટ, ઠગાઈ કરે છે. પરદ્રવ્યથી પોતાને ભિન્ન એકલો જાણે તે ધન કે જીવનને અર્થે કદી કપટ કરે નહીં. તેથી આત્માને સંસાર-પરિભ્રમણથી મુક્ત કરવા ઇચ્છતા હો તો માયાચારનો ત્યાગ કરી આર્જવ ધર્મ ધારણ કરો.'' (પૃ.૨૭૬)

**'ધર્મામૃત'માંથી :– બીજાને ઠગવાનું ફળ મૃત્યુ**

**શ્રીભૂતિ પુરોહિતનું દૃષ્ટાંત –** ''સિંહપુર નગરમાં રાજા સિંહસેન અને રાણી રામદત્તા હતાં. ત્યાંનો પુરોહિત શ્રીભૂતિ મહાસત્યવાદી હોવા વિષે પોતાની ખ્યાતિ ફેલાવીને લાગ આવ્યે ભોળા માણસોને ફસાવતો. તેની ખ્યાતિ સાંભળીને સમુદ્રદત્ત નામનો પરદેશી વણિક પાંચ રત્નો તેને સોંપીને ધન કમાવા ગયો. પાછા ફરતાં વહાણ ડૂબવાથી તે ખાલી હાથે પાછો આવ્યો અને શ્રીભૂતિ પાસે રત્ન માગ્યાં. શ્રીભૂતિએ તેને પાગલ ઠરાવી કાઢી મૂક્યો. તે રત્નની વાત હમેશાં પોકાર્યા કરતો પણ કોઈ માનતું નહીં. આખરે રાણી રામદત્તાને તેના પર દયા આવી અને તેની બધી વાત સાંભળી. પછી રાણીએ પુરોહિતને બોલાવી યુક્તિથી ચોપાટ રમવા બેસાડ્યો અને તેની અંગૂઠી તથા જનોઈ જીતી લઈને દાસી સાથે મોકલાવી પુરોહિતની સ્ત્રી પાસેથી પેલા પાંચ રત્ન મંગાવી લીધાં. રાજાએ તે રત્નોને પોતાના ઘણાં રત્નો સાથે ભેળવીને સમુદ્રદત્તને બતાવ્યાં. સમુદ્રદત્તે તરત પોતાના પાંચ રત્નો ઓળખી કાઢ્યા. આથી રાજાએ તેને પ્રામાણિક જાણી રાજશ્રેષ્ઠી બનાવ્યો. પછી પુરોહિત શ્રીભૂતિના ચોરીના ગુનાઓની શિક્ષા કરવાનું મંત્રીઓને સોંપાયું. તેઓએ ત્રણમાંથી પુરોહિતને ગમે તે એક શિક્ષા કરવાનું બતાવ્યું. (૧) તેનું સર્વસ્વ હરણ કરીને દેશનિકાલ કરવો. (૨) તેણે પહેલવાનોની ૩૨ મુક્કીઓ ખાવી. (૩) ત્રણ થાળ ભરીને છાણ ખાવું.



શ્રીભૂતિએ પ્રથમ તો છાણ ખાવા માંડ્યું પરંતુ પુરુ ખાઈ શક્યો નહીં તેથી મુક્કીઓ ખાવાનું કબૂલ્યું. દસ પંદર મુક્કીઓ ખાધી ત્યાં તો તે જમીન પર ઢળી પડ્યો અને તેના પ્રાણ છૂટી ગયા. તે આર્ત્તધ્યાનથી મરીને દુર્ગતિએ ગયો. (પૃ.૧૪૨)

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :– નીચ મિત્રે દ્રવ્ય પચાવી પાડ્યું**

**ધનેશ્વર શેઠનું દૃષ્ટાંત –** ''ધનેશ્વર નામે એક શેઠ હતો. તેની પાસે આઠ રત્નો હતાં, દરેક રત્ન કરોડ સોનૈયાની કિંમતનું હતું. તે તેણે પોતાના મિત્રને ઘરે ગુપ્ત રીતે મૂક્યા, તે વાત પોતાની સ્ત્રીને કે પુત્રને પણ જણાવી નહીં, તેમ તેનું લખત કરાવ્યું નહીં કે સાક્ષી રાખ્યા નહીં. અન્યદા શેઠ બહારગામ ગયા, ત્યાં અચાનક માંદા પડ્યા, મંદવાડ વધી ગયો એટલે તેના સગાં વહાલાં વિગેરે એકઠાં થયાં. તેમણે શેઠને પૂછ્યું : 'તમારૂ દ્રવ્ય ક્યાં ક્યાં છે તે કહો, તેથી તમારા પુત્રને અપાવીએ.' શેઠ બોલ્યાઃ 'મારું ધન તો ઠેકાણે ઠેકાણે છે, પણ તે મારા વિના મળી શકે તેમ નથી; પરંતુ મારા ગામમાં એક મારો અમુક નામનો મિત્ર છે. તેને ત્યાં મેં આઠ રત્ન કરોડ કરોડ સોનૈયાની કિંમતના મૂક્યા છે, તે મારા પુત્રને અપાવજો.' આ પ્રમાણે કહીને શેઠ મરણ પામ્યા.

આ સંબંધનો પત્ર બધી હકીકત સાથે તેના સ્ત્રી પુત્ર ઉપર સગાં વહાલાંઓએ લખ્યો. પત્ર વાંચતાં શેઠના મરણના સમાચાર જાણી બધાં કલ્પાંત કરવા લાગ્યા. પ્રાંતે શોકનું નિવારણ કરી ફરી આખો પત્ર વાંચ્યો. તેમાં આઠ રત્ન મિત્રને ત્યાં મૂક્યાની વાત લખી હતી, એટલે શેઠના મિત્રને બોલાવ્યો અને રત્નો માગ્યા, એટલે તે કાંઈ બોલ્યો જ નહીં. પછી શેઠનો પુત્ર તેની સાથે લડવા લાગ્યો અને તેને ઘેર જઈને લાંઘણો કરી. ત્યારે તે મિત્ર બોલ્યો કે – 'તારા પિતા પાસે ધન જ ક્યાં હતું કે જ્યાં ત્યાં આમ રત્નો નાખતો ફરે, વળી મને એવા મોટી કિંમતના રત્નો આપ્યા હોય તો તેનું કાંઈ લખત કરાવે, સાક્ષી રાખે; તે કાંઈ મૂર્ખ નહોતા કે એમ ને એમ આપી દે. માટે એમ ગળે પડવાથી તારું કંઈ વળવાનું નથી અને મને કાંઈ આપેલ જ નથી. આવો ચોખો જવાબ મળવાથી શેઠનો પુત્ર રાજા પાસે ફરિયાદ કરવા ગયો અને બધી વાત કરી. રાજાએ શેઠના મિત્રને બોલાવ્યો. તેણે ઇન્કાર કરી એટલે લખત સાક્ષી વિના રાજા કાંઈ કરી શક્યો નહીં અને શેઠના દીકરાને ધન ખોઈને ઘેર આવવું પડ્યું. માટે એવી રીતે લખત સાક્ષી વિના કોઈને ત્યાં દ્રવ્ય મુકવું નહીં. તેમજ નીચની સાથે મિત્રતા પણ કરવી નહીં'. આ મિત્ર નીચ હતો તેથી તેણે આવી નીચતા દેખાડી, ઉચ્ચ મિત્ર હોય તો વગર માગ્યે સામે આપવા આવે કે લ્યો, તમારા પિતાએ આટલું દ્રવ્ય મારે ત્યાં મૂકેલું છે.'' (પૃ.૧૩૯)

## ૩૭૦. નગ્ન સૂઉં નહીં.

નગ્ન સૂવું તે વિકાર થવાનું કારણ છે. જે ઉત્તમ કુળના હોય તે નગ્ન સુવે નહીં.

**દાસીપુત્ર કપિલનું દૃષ્ટાંત – નગ્ન થવું તે હલકી વૃત્તિ છે.** એક બ્રાહ્મણને ત્યાં દાસી હતી. તેને કપિલ નામે પુત્ર હતો. બ્રાહ્મણ પાસે રહેવાથી તે બધી વિદ્યા શીખી ગયો. પછી બીજા શહેરમાં ગયો. ત્યાં રાજાને ખુશ કર્યો. તેથી ત્યાં પંડિત તરીકે ઓળખાયો. તે ગામના રાજ પુરોહિતે કપિલને પોતાની પુત્રી પરણાવી. એક દિવસ કપિલ નાટક જોવા ગયો હતો. ત્યાંથી રાત્રે પાછા આવતાં માવઠું થયું. તેથી સતી એવી સત્યભામા પતિને માટે કોરાં કપડાં લઈ દ્વાર પાસે ઊભી હતી. તેટલામાં કપિલ નગ્ન થઈને કપડાં બગલમાં ઘાલી દોડીને ઘેર આવ્યો. ઘરની બહાર ઊભો રહી કપડાં પહેરીને અંદર આવ્યો અને સત્યભામાને કહ્યું કે જો હું વિદ્યાના બળે પલળ્યો નથી. ત્યારે સત્યભામાએ અજવાળામાં જોયું તો તેનું



શરીર પલળેલું હતું. તેથી તેણે વિચાર્યું કે ઉત્તમ કુળવાળાને નગ્ન થવું સુઝે નહીં, પણ આ નીચ કુળનો જણાય છે. એવી મનમાં શંકા થવાથી તેનું મન આના ઉપરથી ઊઠી ગયું. પછી કપિલનો પિતા ત્યાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે આ દાસીપુત્ર છે. તેથી તે પોતાના પિયર ચાલી ગઈ. પછી રાજાએ સત્યભામાને પોતાની પુત્રી તરીકે પોતાની રાણીઓ પાસે રાખી. (શ્રી શાંતિનાથ ચરિત્રમાંથી)

## ૩૭૧. નગ્ન નાહું નહીં.

નગ્ન નાહવાથી પણ વિકારવૃત્તિ જન્મવાનો સંભવ છે, માટે મહાપુરુષોએ તેનો નિષેધ કરેલ છે. અથવા કોઈ બીજાની દૃષ્ટિ પડે; માટે નગ્ન થઈ નાહું નહીં.

## ૩૭૨. આછાં લૂગડાં પહેરું નહીં.

બહુ પાતળાં કપડાં પહેરવાથી અંદરનું શરીર દેખાય, તે એકબીજાને વિકાર થવાનું કારણ છે; માટે આછાં લૂગડાં પહેરું નહીં. 'અતિ ઉદ્‌ભટ વેષ ન પહેરીએ રે લોલ.'

અતિ આછકલો વેશ પહેરવો જોઈએ નહીં, એ આદર્શ નાગરિકનો ગુણ છે.

## ૩૭૩. ઝાઝાં અલંકાર પહેરું નહીં.

આખા શરીરે દાગીનાનો શણગાર કરે. પહેલાનાં વખતમાં ૫૦-૧૦૦ તોલા સોનું અવસરે શરીર પર પહેરતા. આભૂષણોથી શરીરને શણગારી, આછા અને ચિત્ત આકર્ષક વસ્ત્રો પહેરવાથી લોકોની વૃત્તિ પોતા તરફ ખેંચાય, જેથી પોતાને વિકારના ભાવો જન્મે અને સામાને પણ વિકાર થવામાં આપણે નિમિત્તરૂપ થઈએ, તે કર્મબંધનું કારણ છે. માટે બહુ અલંકાર ધારણ કરું નહીં.

''ઉત્તમજનો ઉદ્ધતતા જણાય તેવાં વસ્ત્ર, આભરણ પહેરે નહીં.'' -સમાધિસોપાન (પૃ.૨૭૫)

## ૩૭૪. અમર્યાદાથી ચાલું નહીં.

વ્યવહારમાં વડીલોએ જે મર્યાદા કરી હોય તે પ્રમાણે વર્તું. વિનય-વિવેક રહિત વર્તન કરું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''બાઈ, રાજપત્ની હો કે દીનજનપત્ની હો, પરંતુ મને તેની કંઈ દરકાર નથી. મર્યાદાથી વર્તતી મેં તો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે.'' (વ.પૃ.૭)

**'પુષ્પમાળા વિવેચન'માંથી :–** ''જ્ઞાનીપુરુષોની દૃષ્ટિ ક્યાં હોય છે તે જણાવ્યું. બાહ્ય-મોટો અમલદાર હોય કે રાજાની રાણી હોય. લૌકિક દૃષ્ટિમાં જીવોને જે માહાત્મ્ય હોય છે તે જ્ઞાનીને નથી હોતું. કોઈ રંક હો કે તિર્યંચ હો કે ગમે તે હોય પણ બાહ્ય સામગ્રી તરફ જ્ઞાની જોતાં નથી, પણ પરમાર્થ માર્ગ પામવા તરફ તેની કેટલી યોગ્યતા છે તે તરફ તેમનો લક્ષ હોય છે. નીતિ, સદાચરણ, વિનયાદિ જે ગુણો છે તે પરમાર્થ પામવામાં મદદગાર છે, તેથી એવા ગુણોવાળી બાઈ હોય તેને જ્ઞાનીઓએ પ્રશંસી છે. આ કહ્યું તેનો ભાવ વધારે સ્પષ્ટ રીતે નીચેના પુષ્પમાં જણાવે છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સદ્‌ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરું છું. (વ.પૃ.૭)

**'પુષ્પમાળા વિવેચન'માંથી :–** ''લોકોનો મોહ - લોકો શાને વખાણે છે? કોઈની પાસે ઉત્તમ કુળ હોય, જાતિ, રૂપ, બળ, લક્ષ્મી, તપ, વિદ્યા, ઐશ્વર્ય આદિ મદના કારણો હોય ત્યાં લોકોની વૃત્તિ ઠરે છે અને તેને વખાણે છે. પણ જ્ઞાનીઓએ એને દોષનાં કારણ કહ્યાં છે. અને સદ્‌ગુણ વડે જો તું જગતમાં



પ્રખ્યાત હો તો હું તને વંદન કરું છું. એમ જ્ઞાની પુરુષો કહે છે. સંસ્કૃતમાં કહેવત છે કે- ''गुणाः पूजा स्थानं गुणिषु न च लिंग न च वयः ।'' વેશ કે મોટી ઉંમર હોય તે પૂજાનું સ્થાન નથી, પણ સદ્‌ગુણો જ પૂજાનું સ્થાન છે.

**સ્ત્રીનીતિબોધક' માંથી :–**

**''સીતા ને દમયંતી શાણી જે હતી, વળી અનસૂયા આદિ બહુ ગુણવાન જો;**
**તેનાં લક્ષણ વેગે કરીને વાંચજે, રાખી લેજે સર્વે રીતનું ભાન જો.**
**સાંભળ શાણી પુત્રી, શીખ આ માહરી. ૫**
**સાસુ સસરો કહે તે વેગે માનજે, કરજે સેવા તેની તું તો બેશ જો;**
**જેઠ દિયરની સાથે વર્તી ઠીક તું, વિરોધ ન કીજે કે'થી ડાહી લેશ જો.**
**સાંભળ શાણી પુત્રી, શીખ આ માહરી.'' ૮**

**'શ્રી જૈન હિતોપદેશ ભાગ-૧' માંથી :– લોકોપવાદ પ્રવર્તે તેમ વર્તવું નહીં**

જેનાથી લોકોમાં લઘુતા થાય, તેવું વગર વિચાર્યું અઘટિત કામ કરવું નહીં. જેથી ધર્મને લાંછન લાગે, ધર્મની વગોવણી થાય, શાસનની લઘુતા થાય, તેવું કામ તો ભવભીરૂ માણસે પ્રાણાંતે પણ ન કરવું. પૂર્વ મહાપુરુષોના સદ્‌વર્તન સામું લક્ષ રાખી જેમ પોતાની તેમજ પરની, યાવત્ જિન શાસનની ઉન્નતિ થાય તેમ વિવેક આણી વર્તવું. 'लोग विरुद्ध चाहो' એ સૂત્ર વાક્ય કદાપિ વિસરવું નહીં. જેથી સર્વ સુખ સાધવાના શુભ મનોરથ કદાપિ ફળિભૂત થાય. (પૃ.૬૭)

**પ્રાણાંતે પણ સન્માર્ગનો ત્યાગ કરવો નહીં –** જેમ જેમ વિવેકી સજ્જનોને કષ્ટ પડે છે, તેમ તેઓ સુવર્ણ, ચંદન અને શેરડીની પેરે ઉત્તમ વર્ણ, ઉત્તમ સુગંધ અને ઉત્તમ રસ અર્પતા જાય છે, પરંતુ તેમની પ્રકૃત્તિ વિકૃત થઈને લોકોપવાદને પાત્ર થતી નથી. આવી કઠિન કરણી કરી ઉત્તમ યશ ઉપાર્જી તેઓ અંતે સદ્‌ગતિગામી થાય છે. (પૃ.૬૯)

## ૩૭૫. ઉતાવળે સાદે બોલું નહીં.

ગંભીરતાપૂર્વક ધીમે સ્વરે બોલું.

**'શ્રી જૈન હિતોપદેશ ભાગ-૧'માંથી :– કોઈને પણ આક્રોશ કરીને કહેવું નહીં**

કોપ કરીને ઉતાવળે સાદે સાચું પણ કહેવા જતાં લાભને બદલે ઊલટી હાનિ થાય છે, માટે તેમ નહીં કરતાં સ્વ પરને હિતકારી, નમ્રપણે સાચી વાત વિવેકપૂર્વક જ કહેવાની ટેવ પાડવી. સમજુ માણસે લાભાલાભનો વિચાર કરીને વર્તવું ઘટે, એ જ સજ્જનની નીતિ છે; જે દરેક આત્માર્થીને અવશ્ય આદરવા યોગ્ય છે. (પૃ.૫૫)

જીહ્વાને વશ કરવી. નકામું બોલવું નહીં. ઉતાવળે સાદે બોલવું નહીં. તેમજ રસ લંપટ થઈ, જીભને વશ થવાથી રોગાદિની ઉપાધિ ઊભી થાય, તેવું મર્યાદા બહાર જમવું નહીં. જીભને વશ પડેલાની બીજી ઇન્દ્રિયો કોપી, તેને ગુલામ બનાવી ભારે દુઃખ આપે છે, માટે સુખના અર્થીએ જીભને વશ નહીં થતા પોતે એને વશ કરવી. (પૃ.૫૩)

## ૩૭૬. પતિ પર દાબ રાખું નહીં. (સ્ત્રી)

પતિ પ્રત્યેની પોતાની ધર્મકરણી શું છે તે સાચવું. પણ પતિ પર દાબ રાખું નહીં. સતી સીતાની


મદનરેખા
પોતાના ભાઈ યુગબાહુને
મારનાર મણિરથ રાજા
ઉત્કૃષ્ટ પાપના ફળમાં મણિરથનું
તાત્કાલિક મૃત્યુ
સતી મદનરેખાએ કરાવેલ
પતિનું સમાધિમરણ
યુગબાહુનો જીવ દેવ બની, ઉપકારી મદનરેખાને
કરતો પ્રથમ નમસ્કાર



જેમ પોતાના પતિને અનુસરનારી થાઉં. સુખદુઃખમાં ભાગ લેનારી થાઉં.

**'ઉપદેશામૃત'માંથી :–** ''હવે પતિ સાથે કેમ વર્તવું તે વિચારશો. પોતાના પતિને પરમેશ્વરબુદ્ધિએ વિચારવા. તેમનો વિનય કરવો, વૈયાવચ્ચ સાચવવી. તેમના ચિત્તને પ્રસન્નતા થાય તેવાં વચનથી સંતોષ કરવો અને તેમના ચિત્તમાં કાંઈ પણ ખેદ ન થાય તેમ કરવું. જો કાંઈ તેમને ખેદ હોય તો તેમાં બને તો ભાગ લેવો. તે મહા તપનું કારણ છે.'' (પૃ.૭૬)

**'શ્રી સુબોધ કથાસાગર'માંથી :–**

**એક નવવધુનું દૃષ્ટાંત – પતિના દોષ મારે સાંભળવા નથી.** એક નવવધુ પોતાની સાસરીમાં બધા સાથે હળીમળીને રહેતી અને સઘળાંને સાથે આનંદથી વાતચીત કરતી. તેનો પતિ દૂર દેશાંતરે ગયો. એક વખત તેની નણંદે પોતાના ભાઈની વાત કાઢી અને તેમાં ભાઈનું થોડું ઘસાતું બોલી; ત્યારે નવવધુ બોલી 'તમે એમના દોષ મારી પાસે કાઢશો મા. કારણ કે મારે તો તે સદા પૂજ્ય છે.' આથી નણંદ બોલી : મારા ભાઈના દુર્ગુણ કહું તેમાં તમારે શું? અમે સાથે ઊછરી મોટા થયેલા છીએ, એક માતાપિતાનાં બાળક છીએ. તું તો કાલે આવીને ઘણિયાણી થઈ. ત્યારે વહુ બોલી : 'બહેન તમે ચિડાઈ ન જાઓ અને મરજીમાં આવે તેમ ન બોલો, શોભે એવું બોલો. હવે તમારે તો તમારા ભાઈ સાથે બહુ જ થોડા દિવસ કાઢવાના છે, પણ મારે તો તેમની સાથે આખી જિંદગી કાઢવાની છે. અત્યારથી તેમની નિંદા અને દુર્ગુણ સાંભળું તો અમારા બન્ને વચ્ચે જે નિર્મળપ્રેમ બંધાવવો જોઈએ તે બંધાય નહીં, અને અમારો ગૃહસંસાર દુઃખી થઈ પડે. માટે કૃપા કરી મારા પતિની નિંદા મને સંભળાવશો નહીં. (પૃ.૪૮)

**'શ્રીમદ્ રાજચંદ્રમાંથી :–** ''જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર; દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.'' (વ.પૃ.૪)

**'પુષ્પમાળા વિવેચન'માંથી :–** '' લગ્નનો હેતુ મર્યાદા ધર્મ છે. તે જણાવવા માટે અહીં કહ્યું છે. ધર્મકરણી સંભારવાનું કહ્યું. કારણ કે પતિ-પત્નીમાં મોહનું પ્રધાનપણું હોય છે. મદનરેખા જેવી સતી સ્ત્રીઓએ મોહ છોડી પોતાના પતિની સદ્ગતિ થાય તેમ મદદ કરવી.''

**મદનરેખાનું દૃષ્ટાંત – પતિનું કરાવેલ સમાધિમરણ.** રાજા મણિરથનો નાનો ભાઈ યુગબાહુ હતો. તેની સ્ત્રી મદનરેખા હતી. તેના ઉપર મણિરથ રાજાની કુદૃષ્ટિ થવાથી, અમુક ગામમાં લોકો રાજવિરુદ્ધ વર્તે છે તેમને વશ કરવાના બહાનાથી નાનાભાઈ યુગબાહુને પરગામ મોકલ્યો અને મદનરેખાને રાજી કરવા અનેક પ્રકારની ભેટો રાજા મોકલવા લાગ્યો. રાજાની કૃપા જાણીને તે લેતી હતી. પણ રાજાએ એક દિવસ પોતાનો દુષ્ટ અભિપ્રાય જાહેર કર્યો. તેમાં એ સંમત થઈ નહીં. યુગબાહુ બહારગામ ગયો હતો. ત્યાં કંઈ તોફાન હતું નહીં, તેથી પાછો આવ્યો. હવે ગામ ઉત્સવના દિવસે યુગબાહુ અને મદનરેખા બન્ને બગીચામાં નિવાસ કરી રહેલા હતા. રાજાને લાગ્યું કે પોતાનો નાનોભાઈ જીવશે ત્યાં સુધી પોતાની કુધારણા પાર પડશે નહીં. તેથી નાનાભાઈને મારવા તે જ રાત્રે તંબુમાં આવ્યો અને યુગબાહુને બોલાવી તલવારનો ઘા મારીને નાસી ગયો. મદનરેખાને ખબર પડતાં ત્યાં આવી અને જાણ્યું કે રાજાનું જ આ કામ છે. પણ તે વખતે તે ગભરાઈ નહીં કે રડવા બેઠી નહીં. પણ હવે શું કરવું તેનો વિચાર કર્યો. તેના પતિના સમાધિમરણ માટે પોતાની શક્તિ પ્રમાણે બોધ કર્યો અને ધર્મમાં દૃઢ કર્યો. એને જે સત્પુરુષોનો યોગ થયો હતો તે સંભારી આપ્યો અને જણાવ્યું કે – ''ભાઈ પ્રત્યે દ્વેષ અને મારા પ્રત્યે રાગ રાખશો નહીં. સત્પુરુષના આશ્રયે દેહ છોડવા યોગ્ય છે. જગતની કોઈ વસ્તુમાં દૃષ્ટિ રાખવી યોગ્ય નથી.



સર્વ જીવો કર્મને આધીન છે. ત્યાં પારકી પંચાતમાં પડી પોતાનું મરણ બગાડવા યોગ્ય નથી. આત્માનું સમાધિમરણ થયું તો આખું જીવન સફળ છે. અનેક મહાપુરુષોને ઉપસર્ગ આવી પડ્યા. તે વખતે ઉપસર્ગ આપનાર પ્રત્યે દૃષ્ટિ કરી નથી, પણ સર્વ જીવને ખમાવી નિષ્કષાયી બની, બને તેટલો સમભાવ ધારણ કરી પોતાના આત્માની દયા ખાધી છે. માટે બધું ભૂલીને આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે એ છ પદની શ્રદ્ધા સાથે લઈ જવા જેવી છે. આમ જણાવી ધર્મમાં દૃઢતા કરાવીને પતિનું મરણ સુધાર્યું હતું.

**'સ્ત્રીનીતિ બોધક'માંથી :–**

**''હળી મળી પિયુ સાથે પુત્રી, તું વર્તજે, વખત નકામો જાવા નહીં તું દઈશ જો;**
**આળસ ને અજ્ઞાની જનને છાંડજે, ઘર તણી વાત ન કોને તું તો કહીશ જો.**
**સાંભળ શાણી પુત્રી શીખ આ માહરી.''** ૪

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– પતિ ઉપર હુકમ ચલાવવો યોગ્ય નથી**

**શ્વેતાંગુલિ પુરુષનું દૃષ્ટાંત - (૧)** એક પુરુષ પોતાની સ્ત્રીને વશ હતો અને તેના હુકમ પ્રમાણે કરનારો હતો. તેણે ક્ષુધા લાગવાથી તેની સ્ત્રી પાસે ખાવાનું માંગ્યું; ત્યારે શય્યામાં સુતેલી તેની સ્ત્રી બોલી કે-''જો તમારે વહેલું ખાવું હોય તો ચૂલામાંથી રાખ કાઢીને બાળવા માટે લાકડાં વિગેરે લાવી આપો, તો હું ઉતાવળી રાંધીને તમને જમાડું.'' તે સાંભળીને તેણે હમેશાં તેમ કરવા માંડ્યું. દરરોજ ચૂલામાંથી રાખ કાઢવાથી તેની આંગળીઓ ધોળી થઈ ગઈ. તેથી લોકમાં તેને સૌ શ્વેતાંગુલિ કહેવા લાગ્યા.

**બગલા ઉડાવનાર પુરુષનું દૃષ્ટાંત – (૨)** કોઈ સ્ત્રીને આધીન થયેલા પુરુષને તેની સ્ત્રીએ કહ્યું કે - ''હમેશાં તમારે તળાવમાંથી પાણી ભરી લાવવું.'' એટલે તે પુરુષ દિવસે પાણી લેવા જતાં લજ્જા આવવાથી રાત્રે તળાવ ઉપર પાણી ભરવા જતો. તેથી તળાવમાં રહેલા બગલાં ઊડી જતાં, માટે તે લોકોમાં બગલા ઉડાવનારના નામથી પ્રસિદ્ધ થયો. (પૃ.૧૪૪)

આમ પતિ ઉપર દાબ રાખું નહીં. પણ તેને પરમેશ્વર તુલ્ય માનું.

## ૩૭૭. તુચ્છ સંભોગ ભોગવવો નહીં. (ગૃ૦ઉ૦)

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જ્ઞાનીઓ ઘણા ડાહ્યા હતા, વિષયસુખ ભોગવી જાણતા હતા, (પાંચે ઇંદ્રિયો પૂર્ણ હતી; પાંચે ઇન્દ્રિયો પૂર્ણ હોય તે જ આચાર્યપદવીને યોગ્ય થાય) છતાં આ સંસાર (ઇંદ્રિયસુખ) નિર્માલ્ય લાગવાથી તથા આત્માના સનાતન ધર્મને વિષે શ્રેયપણું લાગવાથી તેઓ વિષયસુખથી વિરમી આત્માના સનાતન ધર્મમાં જોડાયા છે.'' (વ.પૃ.૭૬૬)

**''જો ભવવાસ વિષે સુખ હોતો, તીર્થંકર કર કયું ત્યાગે;**
**કાહે કો શિવસાધન કરતે, સંયમ સો અનુરાગે.''**

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''પ્રશ્ન - પાંચ ઇન્દ્રિયો શી રીતે વશ થાય?

પૂજ્યશ્રી - પાંચ ઇન્દ્રિયોના વિષયો જડ છે. પરવસ્તુના સંયોગથી ઉત્પન્ન થયેલા છે. પરવસ્તુમાં આત્માનું હિત નથી. જે વસ્તુ જાણે નહીં, તેની કિંમત શી? જે વસ્તુ આપણી સાથે રહેવાની નથી, તેમાં આસક્તિ શી કરવી? એ આસક્તિથી જન્મમરણ થશે. એવો વિચાર આવે તો પાંચ ઇન્દ્રિયોના વિષયો તુચ્છ લાગે. બધાનો ખરો વિચાર એક સત્સંગે થાય છે. મોહને લઈને જગતની વસ્તુઓમાં માહાત્મ્ય છે.



અવિવેકને લઈને પરવસ્તુનું માહાત્મ્ય છે. સત્સંગે વિચાર જાગે. વિચારથી વિવેક આવે તો પરવસ્તુનું માહાત્મ્ય ઘટે. પંચેન્દ્રિયોના વિષયો તે પાંચ સાપ છે. ઉપર ઉપરથી સારા લાગે પણ એની સાથે રમે તો મરણ પામે. એક એક ઇન્દ્રિયવિષયને લીધે જીવો મરી જાય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ એ પાંચ ઇન્દ્રિયોના વિષયો દુઃખકારી છે, તેનો વિચાર કરે તો પછી એમાં વિશ્વાસ ન આવે.

પાંચે ઇન્દ્રિયોમાં એક જિહ્વા ઇન્દ્રિય વશ થાય તો બીજી બધી ઇન્દ્રિયો વશ થાય. સદ્‌વિચાર બધાનો આધાર છે. જિહ્વા ઇન્દ્રિયમાં આસક્ત થાય તો પછી એને જીભ ન મળે. એકેન્દ્રિય થાય. આગળ પાછળનો વિચાર કરે તો આસક્તિ ન થાય.'' (પૃ.૨૭૪)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ઇંદ્રિયોની તૃષ્ણા, બળતરાથી જીવ ગભરાઈ જાય છે; જ્ઞાનીપુરુષોનાં વચનો વિષયોનું વિરેચન કરાવનાર હોય છે. તૃષ્ણારૂપ બળતરા મટાડવાની ખરી ઔષધી એ જ છે પણ તે સમજીને અંતરમાં ઉતારે ત્યારે શાંતિ થાય; પણ તે સમજવામાં વાર લાગે, વિચાર પહોંચે નહીં, સત્સંગ હોય નહીં ત્યારે જીવ ગભરાઈ જાય છે અને સાચો ઉપાય કરવાનો પડી મૂકી, પાણી પીને પેટ ભરી ભૂખની રુચિ બગાડી દેવા સમાન ઇંદ્રિયોને પોષવાની સામગ્રીના વિચારોમાં, તેવી વાતો કરનારની વાતો સાંભળવામાં અને વિકાર પોષવામાં કાળ ગાળી સત્સંગની રુચિને મંદ કરી દે છે અને વિષયસામગ્રી જ સુખ આપશે એવી ભાવના સેવ્યા કરે છે, તે પાણી વલોવવાથી માખણની આશા રાખ્યા સમાન નિરર્થક અને માત્ર શ્રમ આપનાર જ છે. માટે ખારા ઝેર જેવા સંસારમાં ક્યાંય, કોઈ ભવમાં સુખ નથી એવો દૃઢ નિશ્ચય કરી, તે સંસારનાં મૂળ ઉખેડી નાખે તેવા સત્સંગમાં જ ચિત્ત વારંવાર આણવાની જરૂર છેજી.'' (બો.૩ પૃ.૨૧૬)

''ઇન્દ્રિય વિષયોની વાસનાએ આ જીવનું જેટલું ભૂંડું કર્યું છે તેટલું કોઈએ કર્યું નથી. અનંતકાળ તેથી રઝળવું પડ્યું અને પોતે પોતાનો વેરી થયો, તે વિચારી હવે તે શત્રુ તરફની ગમે તેવી લલચાવતી ભેટો પણ ઝેર જાણી તે તરફ વૃત્તિ કરવા યોગ્ય નથીજી.'' (બો. ૩ પૃ.૨૮૮)

''પ્રશ્ન - આ જીવની વિષયવાસનાની હાનિ ક્યારે થશે?

ઉત્તર - લોખંડ વાંકુ વળી ગયું હોય પણ તપાવીને ઘણ મારે તો સીધું થઈ જાય. તેમ જ આપણા વિષયાસક્ત જીવને ઇંદ્રિયદમનરૂપી તપમાં તપાવીને ઉપર સત્પુરુષના બોધરૂપી ઘણના પ્રહારની જરૂર છે. પરમકૃપાળુદેવે શ્રી આત્મસિદ્ધિજીની ૧૦૩મી ગાથામાં જણાવ્યું છે કે ''હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.'' તથા પ.ઉ. પ્રભુશ્રીજીએ વિષયથી છૂટવા તપશ્ચર્યાદિ પાંચ વર્ષ સુધી ઉપાયો કર્યા, પણ છેવટે પરમકૃપાળુદેવે રસ જીતવો, રસાદિની લોલુપતા મટાડવાના ઉપાયોરૂપી બોધ કર્યો, તે પ્રકારે તેઓશ્રીજીએ એકનિષ્ઠાએ આજ્ઞા ઉપાસી વિષયથી વિજય મેળવ્યો; તેવી જ રીતે આપણ વિષયાસક્ત જીવોને જીહ્વાઇંદ્રિયની લાલસા છોડાવવા મહાપુરુષો ફરમાવે છે કે જે વસ્તુ ઉપર આપણને વધારે રુચિ હોય તે વસ્તુ આપણા ભાણામાં આવી ગઈ હોય તો બીજાને આપી દેવી અથવા સ્વાદરહિત કરી વાપરવી. સાંભળવા કે વાંચવા માત્રથી નહીં, પણ જ્યારે આ પ્રમાણે બોધ ગ્રહણ કરી રસેંદ્રિયના સ્વાદ છોડવાનું વર્તનમાં મુકાશે ત્યારે જ વિષયવાસનાની હાનિ થશે.'' (બો.૩ પૃ.૩૪૦)

**'શ્રી જ્ઞાતાસૂત્રની કથાઓ'માંથી :– ભગવાનના ઉપદેશથી ભોગો પ્રત્યે વિરક્તિ**

**થાવચ્ચા પુત્રનું દૃષ્ટાંત –** દ્વારિકા નગરીમાં થાવચ્ચા નામની એક ગાથાપતિની (ગૃહસ્થ સ્ત્રી)



રહેતી હતી. તેની પાસે પુષ્કળ દ્રવ્ય હતું. તેને થાવચ્ચાકુમાર નામનો એક પુત્ર હતો. તે ઘણો બુદ્ધિશાળી હતો. તેણે બાલ્યકાળમાં અનેક વિદ્યાકળાઓ સંપાદન કરી હતી. યુવાવસ્થા થતાં માતાએ તેનું બત્રીસ કન્યાઓ સાથે પાણીગ્રહણ કરાવ્યું હતું. થાવચ્ચાકુમાર આ ૩૨ સૌંદર્યવતી સ્ત્રીઓ સાથે સંસારના અનેક પ્રકારનાં સુખો ભોગવતો સુખપૂર્વક રહેતો હતો.

તે સમયે ૨૨માં તીર્થંકર નેમિનાથ ભગવાન દ્વારિકા નગરીમાં પધાર્યા. ત્યાં થાવચ્ચાકુમાર દેશના સાંભળવા ગયા. થાવચ્ચાકુમાર પર ભગવાનની દેશનાની જાદુઈ અસર થઈ. તેનું મન સંસારથી ઉદ્વેગ પામ્યું. ભોગાદિ વિષયો તેને વિષ સમાન લાગ્યા. સાંસારિક સુખો તેને એકાંત દુઃખદાતા માલમ પડ્યા. પરિષદની સાથે સાથે થાવચ્ચાપુત્ર પણ પોતાને ઘેર આવ્યા અને માતાને નીચે પ્રમાણે કહેવા લાગ્યા : માતાજી! આજે ભગવાન નેમિનાથના ઉપદેશે મારા હૃદયમાં ખૂબ અસર કરી છે. મારું મન સંસારથી ઉદ્વેગ પામ્યું છે એટલે હું આ સંસારરૂપ સમુદ્રમાં સ્નાન કરી ભવભ્રમણરૂપ દુઃખ વિસ્તારવા ઇચ્છતો નથી, સંસારના ક્લેશોમાં હવે વધુ વખત રહેવા માગતો નથી. માટે કૃપા કરી મને સંસારરૂપ સમુદ્રને તારનારી એવી ભગવતી દીક્ષા લેવાની અનુમતિ આપો.

આ સાંભળી માતાનું હૃદય એકાએક ભેદાયું. પોતાના એકના એક પુત્રને સંસારના સુખો ભોગવવા માટે તેણે વારંવાર આમંત્રણ કર્યું અને દીક્ષિતાવસ્થાના પરિષહોનું આર્દ્ર હૃદયે વર્ણન કર્યું. પરંતુ જેને સંસાર પ્રત્યે તિરસ્કાર ઊપજ્યો છે, જેનું હૃદય વૈરાગ્યરસથી ભરપૂર બન્યું છે એવા થાવચ્ચાપુત્રના મનનો સંકલ્પ ફેરવવા માટે માતાના શબ્દો સમર્થ બની શક્યા નહીં. પરસ્પરની દલીલોમાં થાવચ્ચાકુમારનો વિજય થયો, તેથી માતાએ આખરે સંમતિ આપી.

થાવચ્ચાકુમારને મળવા મહારાજા શ્રીકૃષ્ણ પધાર્યા. મહારાજાએ એક સુંદર બેઠક પર સ્થાન લીધા પછી, થાવચ્ચાકુમાર પ્રત્યે કહ્યું – હે ભદ્રે! મેં આપની માતા દ્વારા જાણ્યું છે, કે આપ પવિત્ર એવી દીક્ષાને પંથે સંચરી રહ્યા છો. ખરેખર! દીક્ષા એક ઉત્કૃષ્ટ આત્મોદ્ધારનો માર્ગ છે, પરંતુ તમારી ઉંમર આજે દીક્ષાને યોગ્ય નથી. માટે હમણાં તો તમે વિષયજન્ય સુખો ભોગવો અને આપની માતાને સંતોષ આપો. વળી તમને તે દરમ્યાન કોઈપણ જાતનું કષ્ટ પડે તો મને કહેજો એટલે હું તમને હંમેશને માટે સુખી બનાવવાનો પ્રયત્ન કરીશ.

મહારાજા શ્રીકૃષ્ણનું નિવદેન સાંભળી થાવચ્ચાપુત્રે કહ્યું : સ્વામિન્! આપે મારા પ્રત્યે જે લાગણી દર્શાવી તે માટે હું આપનો અત્યંત આભારી છું. ખરેખર, હું આજે ખૂબ દુઃખ અનુભવી રહ્યો છું અને તેથી જ હું સંયમના માર્ગે વળવા ઉદ્યુક્ત બન્યો છું. મહારાજા! મને આજે મુખ્ય બે પ્રકારનાં દુઃખો સંતપ્ત કરી રહ્યાં છે. એક તો એ કે, મને ભય છે કે થોડાક વખત બાદ વૃદ્ધાવસ્થારૂપ દુઃખ મારા ઉપર તૂટી પડશે અને મારી આ યુવાવસ્થાને છીનવી લેશે અને બીજું મૃત્યુરૂપી દુઃખ તો મને ક્ષણે ક્ષણે સંતાપી રહ્યું છે, તે ક્યારે અહીં આવી પહોંચશે અને મારા સઘળાં સુખોને છિન્ન ભિન્ન કરી દેશે તેની મને ખબર નથી. કૃપાળુ દેવ! આપ એ બન્ને કષ્ટથી ઉગારવા સમર્થ હો તો ખુશીથી હું આપની આજ્ઞા શિરોમાન્ય કરવા તૈયાર છું.

કુમારનું આ કથન સાંભળી મહારાજા કૃષ્ણ વિચારમગ્ન બની ગયા. તેઓ બોલ્યાઃ દેવાનુપ્રિયે! તમે જે શત્રુઓની વાત કરી તેનાથી તમને ઉગારવા માટે ખરેખર હું શક્તિમાન નથી. આ પ્રકારના બે કષ્ટો, જે તમે વર્ણવ્યાં છે–તે તો કર્મસમૂહનો નાશ કરવાથી જ દૂર થઈ શકે છે. એમ કહી શ્રીકૃષ્ણે થાવચ્ચાકુમારને ભાગ્યશાળી માની તેની પ્રશંસા કરી. ત્યારબાદ ત્યાંથી રજા લઈને શ્રીકૃષ્ણ પોતાના મહેલે



આવ્યા અને સેવકો દ્વારા નગરમાં ઘોષણા કરાવી કે – ''થાવચ્ચાકુમાર દીક્ષા લેવા માટે તૈયાર થયા છે. માટે નગરજનો માંહેના કોઈને પણ પોતાના આત્મોદ્ધાર માટે દીક્ષા લેવી હોય તે તૈયાર થાય અને તેમના કુટુંબના ભરણપોષણની સર્વ વ્યવસ્થા મહારાજા શ્રીકૃષ્ણ કરશે.

આ ઘોષણા સાંભળીને થાવચ્ચાપુત્ર સાથે દીક્ષા લેવા માટે એક હજાર પુરુષો તૈયાર થયા. શ્રીકૃષ્ણ મહારાજાએ તે સર્વની દીક્ષાનો મહોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક કર્યો અને ઉત્સાહપૂર્વક તે સર્વને ભગવાન નેમિનાથ પાસે લાવ્યા. ભગવાનની સેવામાં હાજર થઈને સર્વ દીક્ષાભિલાષીઓ સાથે થાવચ્ચાકુમારે પોતાના બહુમૂલ્ય વસ્ત્રાલંકારો ઉતાર્યા અને સાધુનો પુનિત વેશ ધારણ કરીને દીક્ષા આપવાની પ્રભુને વિનંતી કરી. ભગવાને નિર્ગ્રન્થ દીક્ષાથી દીક્ષિત કર્યા અને સંયમના નિયમો સમજાવી તેનું સુંદર રીતિએ અને દઢતાપૂર્વક પાલન કરવાનું થાવચ્ચાકુમારને ભગવાને ઉદ્‌બોધન કર્યું. (પૃ.૬૭)

એમ થાવચ્ચાકુમારની જેમ તુચ્છ સંભોગનો ત્યાગ કરી આત્માનું કલ્યાણ કરું.

## ૩૭૮. ખેદમાં ભોગ ભોગવવો નહીં.

ખેદમાં સ્મરણ, ભક્તિ અથવા વાંચન વિચાર કરું, તેથી મન શાંત થાય અને ભોગો પ્રત્યે વૈરાગ્ય આવે. આવા ભોગો તો અનંતકાળથી જીવ ભોગવતો આવ્યો છે, છતાં તૃપ્તિ થઈ નહીં, એમ વિચારીને ભોગો પ્રત્યે રહેલી આસક્તિનો ત્યાગ કરું; પણ તેને સેવું નહીં.

## ૩૭૯. સાયંકાળે ભોગ ભોગવવો નહીં.

સાયંકાળ એ દેવવંદન, પ્રતિક્રમણ, ભક્તિ કરવાનો સમય છે. આખા દિવસમાં મેં શું શું પાપ કર્યા તેની તે વખતે સ્મૃતિ કરી પશ્ચાત્તાપ કરું કે આવા પાપોના કામો મેં ન કર્યા હોત તો કેવું સારું! એમ વિચારી પાપથી પાછા હટવાનો તે સમય છે.

## ૩૮૦. સાયંકાળે જમવું નહીં.

સાયંકાળે એટલે સંધ્યાસમયે સૂર્યાસ્ત થઈ ગયા પછી પણ અજવાળા જેવું લાગે પણ રાત્રિની શરૂઆત થઈ ગઈ હોવાથી તે સમયે જમવા બેસે તો રાત્રિભોજનનો દોષ લાગે. માટે સાયંકાળે જમવું નહીં.

**હંસ અને કેશવનું દૃષ્ટાંત –** એ બે ભાઈઓ હતા. તેઓને એક મુનિ મળ્યા. તેમની પાસે બન્ને ભાઈઓએ રાત્રિભોજન ત્યાગવ્રત લીધું. પણ તેઓને ઘેર રોજ બધા રાત્રે જ જમે. તેથી વહેલું ખાવા બનાવે નહીં. એમ બે દિવસ ખાધા વગર નીકળ્યા પછી બન્ને ભાઈઓએ કહ્યું કે આજે વ્હેલું ખાવા કરજો. પરંતુ ઘરવાળાઓએ રોજ કરતાં વધારે મોડું ખાવા કર્યું. એથી બન્ને ભાઈઓને ખાવા ન મળ્યું. એમ કરતાં કરતાં પાંચ ઉપવાસ થઈ ગયા. તેમાંથી એક ભાઈ થાકી ગયો. અને માતાપિતાના આગ્રહથી રાત્રે ખાધું. ત્યારે ઘરના માણસો કહેવા લાગ્યા કે આ છોકરો સમજણો છે અને બીજો નથી છોડતો તેથી હઠીલો છે. છતાં તેણે વ્રત ભાંગ્યું નહીં. તેથી રોજ કામ કરાવવા બહાર મોકલે અને સાંજે ઘેર આવે ત્યારે રાત પડી જાય. એમ કરતાં કરતાં દસ ઉપવાસ થયા. તો પણ વ્રત ન ભાંગ્યું. તેથી ઘરવાળાઓએ કહ્યું કે જા અમારા ઘરમાંથી જતો રહે. તે છોકરો ઘરથી રવાના થયો. રસ્તામાં એક યક્ષ તેની પરીક્ષા લેવા આવ્યો. રાત્રિનો સમય હતો. યક્ષે દેવમાયાથી નાના પ્રકારના ભોજનો બનાવ્યાં. પછી તે છોકરાને કહ્યું કે આ કેવાં સરસ ભોજન પડ્યાં છે. આ બધા તમારે માટે બનાવ્યા છે. માટે ખાઈ લ્યો. ભૂખ્યા શા માટે રહો છો? પણ તે



છોકરાએ કહ્યું મારે રાત્રે ખાવું નથી. એમ કહી તે સૂઈ ગયો. થોડીવારે યક્ષે માયાથી સૂર્યોદય કર્યો અને છોકરાને જગાડ્યો અને કહ્યું કે દિવસ ઊગી ગયો છે. પરંતુ છોકરાએ જાણ્યું કે આટલો વહેલો સૂરજ ઊગે નહીં. હજી મારી આંખોમાં ઉંઘ છે. આ તો કોઈ દેવ માયા જણાય છે એમ યક્ષે ત્રણ વખત દેખાડ્યું પણ તે ચળ્યો નહીં. પછી સવાર થતાં યક્ષે પારણું કરાવ્યું. અને બાજુના શહેરનું તેને રાજ્ય અપાવ્યું. ઘરે રહેલા નાનાભાઈને સાયંકાળે એટલે સૂર્યાસ્ત પછી ભોજન કરેલ છતાં ભોજનમાં કંઈ ખાવામાં આવ્યું કે તેથી તેનું શરીર ચારણી જેવું થઈ ગયું. બેભાન જેવો તે પડી રહે છે. માબાપ દુઃખી થઈ ગયા. પૈસો પણ દવામાં પૂરો થયો. એનો પિતા ફરતો ફરતો તે જ શહેરમાં આવ્યો જ્યાં પોતાનો પુત્ર રાજા થયેલ છે. તેણે પિતાની આવી હાલત જોઈ પોતાની પાસે બોલાવ્યા. અને બધી હકીકત જાણી. પછી યક્ષની સહાયથી પોતાના ભાઈ પાસે જઈ પાણી છાંટતા તે ઊંઘમાંથી ઊઠતો હોય તેમ બેઠો થયો. પછી ઘરના બધાને ધર્મ ઉપર શ્રદ્ધા થઈ અને રાત્રિભોજનનો ત્યાગ કર્યો.

## ૩૮૧. અરુણોદયે ભોગ ભોગવવો નહીં.

સવારમાં ઊઠીને પ્રભુનું સ્મરણ કરવું, ભક્તિ કરવી તથા સ્વાધ્યાય કરવો. તેમજ ચિત્ત શાંત થઈ ગયેલું હોવાથી ઉત્તમ વિચારો કરી જીવનને ઘડવું. પણ ભોગ ભોગવવો નહીં.

**'ધર્મામૃત'માંથી :–** ''જેમ પ્રભાતે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને આજે શું કરવા યોગ્ય છે? ઇત્યાદિ વિચારણારૂપ સમાધિને કરે છે, કારણ કે સારી નિદ્રાથી પ્રસન્ન થયેલ ચિત્તમાં યથાર્થ સદ્‌વિચારો પ્રતિબિંબિત થાય છે. (પૃ.૧૦૬)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''સામાન્ય એટલે બધાને કરવા યોગ્ય. પ્રભાત પહેલાં એટલે અજવાળું થાય તે પહેલાં બ્રાહ્મ મુહૂર્તમાં - લગભગ પાંચ વાગે ઊઠીને મંત્રસ્મરણ કરે, તેથી સ્વપ્ન વગેરેથી વિક્ષેપ થયો હોય તે મટી જાય. પાપવ્યાપાર-જેથી પાપ થાય એવી પ્રવૃત્તિ-ચૂલો સળગાવવો વગેરે કરવાની ઉતાવળ ન કરતાં પ્રથમ રાત્રિસંબંધી પ્રતિક્રમણ કરવું. પાપ થાય એવાં કામ કરવાના ભાવ દૂર કરવા અને થયેલા દોષોનું પ્રતિક્રમણ કરવું.'' (પૃ.૧૩૪)

## ૩૮૨. ઊંઘમાંથી ઊઠી ભોગ ભોગવવો નહીં.

રાત્રે ઊંઘ ઊડી ગઈ હોય તે વખતે ભોગ સંભારવો નહીં, પણ આપણી જિંદગીનો વિચાર કરવો કે આટલી ઉંમર થઈ છતાં ભોગની ઇચ્છા કેમ નિવૃત્ત થતી નથી. શું કરું તો એ નિવૃત્ત થાય? આખી જિંદગી સુધી ભોગ વિલાસમાં જ પડ્યો રહીશ તો છેવટે દુર્ગતિમાં જવું પડશે.

**આનંદ શ્રાવકનું દૃષ્ટાંત – અડધી રાત્રે આનંદ શ્રાવકને આવેલો ઉત્તમ વિચાર**

આનંદ શ્રાવકને ભગવાન મહાવીર મળ્યા પછી વીસ વર્ષે અર્ધી રાત્રે એકવાર ઊંઘ ઊડી ગઈ, ત્યારે વિચાર કરવા લાગ્યા કે ભગવાન મળ્યાને વીસ વર્ષ થઈ ગયા છતાં મેં કંઈ કર્યું નહીં. હવે તો આત્મહિતમાં જ તત્પર થવું. રોજની તો આરાધના કરતા જ હતા પણ હવે વિશેષ આરાધના કરવાની ઇચ્છા જાગવાથી વિચાર કર્યો કે સવારના ઊઠીને સમાજને બોલાવી કહેવું કે હું હવે સર્વ પ્રકારના વ્યવહારનો ત્યાગ કરી મારા આત્મહિતમાં પ્રવર્તવાની ઇચ્છા રાખું છું; તેથી હવે કંઈપણ કામ હોય તો તમારે મારા પુત્રને પૂછવું. સવારમાં સમાજને ભેગો કરી આ પ્રમાણે વાત સમજાવી બધાને જમાડીને મોકલ્યા. પછી આનંદ શ્રાવક ઘરથી નિવૃત્ત થઈ ઉપાશ્રયમાં જઈને બેઠા. ત્યાં એવી ઉત્કૃષ્ટ આરાધના કરી કે જેથી તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે વડે



ઉપરના પહેલા દેવલોક સૌધર્મકલ્પ સુધી અને નીચેની પહેલી નરક સુધીનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું તથા તીર્છાલોકમાં લવણ સમુદ્રના ક્ષેત્ર સુધી જોઈ શક્યા.

જ્યારે ઊંઘ ઊડી જાય ત્યારે સારી વિચારણા આવી શકે, કારણ બધા સૂતા હોય તેમજ આપણું મગજ પણ બીજા વિકલ્પોથી શાંત થયેલું હોય તેથી ઉત્તમ વિચારોમાં મનને પરોવવું પણ ભોગોમાં મનને જવા દેવું નહીં.

## ૩૮૩. ઊંઘમાંથી ઊઠી જમવું નહીં.

ઊંઘમાંથી ઊઠી રાત્રે ભોજન કરવું નહીં. કોઈને એવી ટેવ હોય કે અર્ધી રાત્રે પણ ઊઠીને ખાય. તેથી રાત્રિભોજનના ઘણા દોષ લાગે. માટે તેમ કરવું નહીં.

**'યોગશાસ્ત્ર'માંથી :–** ''જે ભોજનમાં અનેક જીવો એકઠા મળ્યા છે તેવા રાત્રિભોજનને ખાનારા મૂઢ જીવોને રાક્ષસોથી જાુદા કેમ પાડી શકાય? અર્થાત્ રાક્ષસોથી તેમાં વિશેષતા કાંઈ નથી.

દિવસે અને રાત્રે જે માણસ ખાતો જ રહે છે તે શિંગડા અને પૂંછડા વિનાનો પ્રગટ રીતે પશુ જ છે.

જે રાત્રિભોજનના દોષનો જાણ માણસ દિવસની શરૂઆતની અને દિવસના અંતની બે ઘડી મૂકીને ભોજન કરે છે તે પુણ્યનું ભાજન થાય છે.

દિવસે ભોજન કરે છે, પણ રાત્રિભોજન ત્યાગનો નિયમ ન કરેલો હોવાથી (પચ્ચખાણના) કારણ સિવાય ફળ મળતું નથી. લોકમાં પણ એ ન્યાય છે કે વ્યાજની બોલી કર્યા સિવાય મૂકેલી થાપણનું વ્યાજ મળતું નથી.

જે મનુષ્યો દિવસને મૂકીને રાત્રિમાંજ ભોજન કરે છે તે જડ મનુષ્યો માણેકનો ત્યાગ કરી કાચ ગ્રહણ કરે છે. દિવસ વિદ્યમાન છે, છતાં જે કલ્યાણની ઇચ્છાએ રાત્રે ભોજન કરે છે, તે મીઠા પાણીના ક્યારા ભરેલા છે છતાં પણ ખારી જમીનવાળા ક્ષેત્રમાં ડાંગર વાવે છે તેના જેવું કરે છે.

રાત્રિભોજન કરવાથી મનુષ્યો ઘુવડ, કાગડા, બિલાડી, ગીધ, સાબર, ભૂંડ, સર્પ, અને વીંછી પ્રમુખપણે ઉત્પન્ન થાય છે.

જે માણસ નિરંતર રાત્રિભોજનથી વિરતિ કરે છે તેને ધન્ય છે. માણસનું અર્ધું આયુષ્ય અવશ્ય ઉપવાસમાં વ્યતીત થાય છે. કેમકે આઠ પ્રહરના અહોરાત્રમાં ચાર પ્રહરનો તેને ઉપવાસ થયો, તેથી જ્યારથી રાત્રિભોજનનો ત્યાગ કર્યો ત્યારથી અર્ધું આયુષ્ય ઉપવાસમાં વ્યતીત થયું એમ કહી શકાય. રાત્રિ ભોજન ત્યાગ કરવામાં જે ગુણો રહેલા છે તે સર્વ કહેવાને સર્વજ્ઞ સિવાય બીજો કોઈ સમર્થ નથી.'' (પૃ.૧૫૪)

## ૩૮૪. શૌચક્રિયા પહેલાં કોઈ ક્રિયા કરવી નહીં.

સવારમાં ઊઠીને પહેલા મળમૂત્રનો ત્યાગ કરવાથી ચિત્તની સ્થિરતા સારી રહી શકે. ભક્તિ, સ્વાધ્યાય, સ્મરણમાં પણ ઉલ્લાસ અને એકાગ્રતા આવી શકે. નહીં તો વચમાંથી ઊઠવું પડે. માટે સર્વ પ્રથમ શૌચક્રિયા કરી લેવી.

**'પુષ્પમાળા વિવેચન'માંથી :–** શૌચક્રિયા - આ દેહની આવશ્યક ક્રિયા છે તેથી એ પતાવી દીધી તો એના સંબંધી વિચાર ન આવે. શરીરનું કામ પરવારી પછી –

ભગવદ્ ભક્તિમાં લીન થઈ ક્ષમા યાચ – રાત્રિ સંબંધી જે કંઈ દોષો થયા હોય તેનો વિચાર કરી,



ભગવાન પાસે ક્ષમા યાચ. કોઈ પ્રત્યે પોતે દોષો કર્યા હોય કે કોઈએ પોતાના પ્રતિ દોષ કર્યા હોય કે મન દુભાવ્યું હોય તેની મૈત્રીભાવ થવા માટે ક્ષમા યાચવી અને ક્ષમા આપવી. કારણ કે પોતાના શુદ્ધ ભાવથી જ છૂટવાનું છે. ક્ષમાપના એ ચારિત્રનો અંશ છે- અર્થાત્ રાગદ્વેષ ઘટાડવાનો ઉપાય છે. (પુષ્પમાળા વાક્ય ૪૭)

## ૩૮૫. ક્રિયાની કાંઈ જરૂર નથી. (પરમહંસ)

પરમહંસ એટલે સદા પોતાના સ્વરૂપમાં જ રમણતા કરે છે એવા મહાત્માઓને કોઈ બાહ્યક્રિયા કરવાની જરૂર નથી. પ્રતિક્રમણની ક્રિયા છે તે પાપથી પાછા હઠવા માટે છે. સામાયિક કરે છે તે સમભાવ લાવવા માટે છે. તપ છે તે ઇચ્છાને રોકવા માટે કરવામાં આવે છે. એવી ક્રિયાઓ કરીને જે મહાત્માઓએ સહજ સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું છે. તેને કોઈ બાહ્યક્રિયા કરવાની જરૂર નથી. ઉદયાધીન વર્તન છે એવા મહાત્મા પુરુષો બાહ્ય ક્રિયામાં લક્ષ આપે તો ઊલટા પોતાના સ્વરૂપથી બહાર આવવાનું થાય; તે ઉપરથી નીચે આવવા જેવું છે કારણ કે ક્રિયામાં વિકલ્પ છે અને આત્મસ્વરૂપમાં વિકલ્પ નથી. એવા મહાત્માઓને લોકો ઓળખી શકતા નથી.

**શ્રી યશોવિજયજીનું દૃષ્ટાંત –** જેમ શ્રી યશોવિજયજી મહારાજ ડભોઈ ગામમાં હતા ત્યારે સ્વરૂપ તન્મયતાના કારણે બાહ્ય ક્રિયા કરતા નહીં, તે જોઈ લોકો એમ સમજવા લાગ્યા કે આ તો ગાંડા થઈ ગયા છે. એમ માનીને ઓરડામાં પૂરી દીધા. ત્યાં અંદર જ તેમનો સમાધિપૂર્વક દેહત્યાગ થયો.

**પ.પૂ.પ્રભુશ્રીજીનું દૃષ્ટાંત –** પ.પૂ.પ્રભુશ્રીજીએ સભામાં એકવાર કહ્યું કે - જ્ઞાની ભક્તિ કરે? પછી પોતે જ ઉત્તર આપ્યો કે અશુભથી બચવા જ્ઞાની પણ ભક્તિ કરે, સ્વાધ્યાય કરે કે ઉપદેશ આપે અથવા શાસ્ત્રોની રચના વગેરે પણ કરે. એ બધા શુભભાવ છે તે એક રૂપિયાના દંડ સમાન છે. પણ પોતાના સ્વરૂપમાં રમણતા કરવી તે અપરાધ નથી, તેથી ત્યાં કોઈ જાતનો દંડ ભરવો પડતો નથી; માટે પરમહંસને બાહ્યક્રિયાની કાંઈ જરૂર નથી. પરમકૃપાળુદેવ પોતાની તેવી દશા એક પત્રમાં જણાવે છે. તે નીચે પ્રમાણે :—

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું? હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સુંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું; નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તે હો તો પણ ભલે અને ન હો તો પણ ભલે એ કંઈ દુઃખના કારણ નથી. દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે.'' (વ.પૃ.૨૨૪)

''એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન



નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત, નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી; જાતભાતનો કંઈ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્ય નથી. (વ.પૃ.૨૯૦)

'અંતરચારિત્ર ગુરુરાજનું, ભાંગે ભવસંતાપ' (નિત્યક્રમ)

## ૩૮૬. ધ્યાન વિના એકાંતે રહું નહીં. (મુ૦ગૃ૦બ્ર૦ઉ૦૫૦)

નિર્વિકલ્પ ધ્યાન જ્ઞાનીપુરુષો કરે છે. જ્યારે મુમુક્ષુઓ માટે વિચારરૂપ ધ્યાન કરવા કહ્યું. વિષયકષાય વડે ચિત્ત ભ્રમિત હોય ત્યારે એકાંતમાં રહું નહીં, પણ સત્સંગ કરું. વિષય કષાય મંદ હોય અને સ્વરૂપ ચિંતવન કરવું હોય કે સત્પુરુષના વચનનું વિચારરૂપ ધ્યાન કરવું હોય તો એકાંત સ્થળમાં રહું કે જેથી વિક્ષેપ ઓછો રહે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે. એ સર્વમાં શ્રેષ્ઠ એવું તો આત્મા જેમાં મુખ્યપણે વર્તે છે, તે ધ્યાન કહેવાય છે; અને એ જ આત્મધ્યાનની પ્રાપ્તિ, ઘણું કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના થતી નથી. એવું જે આત્મજ્ઞાન તે યથાર્થ બોધની પ્રાપ્તિ સિવાય ઉત્પન્ન થતું નથી. એ યથાર્થ બોધની પ્રાપ્તિ ઘણું કરીને ક્રમે કરીને ઘણા જીવોને થાય છે, અને તેનો મુખ્ય માર્ગ તે બોધસ્વરૂપ એવા જ્ઞાનીપુરુષનો આશ્રય કે સંગ અને તેને વિષે બહુમાન, પ્રેમ એ છે. જ્ઞાની પુરુષનો તેવો તેવો સંગ જીવને અનંતકાળમાં ઘણી વાર થઈ ગયો છે, તથાપિ આ પુરુષ જ્ઞાની છે, માટે હવે તેનો આશ્રય ગ્રહણ કરવો એ જ કર્તવ્ય છે, એમ જીવને આવ્યું નથી; અને તે જ કારણ જીવને પરિભ્રમણનું થયું છે, એમ અમને તો દૃઢ કરીને લાગે છે.'' (વ.પૃ.૩૫૭)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''શાસ્ત્રોમાં ધ્યાનના જાુદા જાુદા પ્રકાર બતાવ્યા છે. તેમાં શાસ્ત્રઆમ્નાય પ્રમાણે વર્ણન હોય, પરંતુ મુખ્ય ધ્યાન તો સત્પુરુષનાં વચનોમાં ચિત્ત રહે, મંત્રમાં ધ્યાન રહે કે પુસ્તકનું વાંચન કરીએ તેમાં એકાગ્રતા રહે, તે બધું ધર્મધ્યાન જ છે. અમુક પ્રકારે અમુક આસનથી જ થાય તો ઠીક એવું કંઈ નથી. કષાય ઉપર સંસારનો બધો આધાર છે. અંતરાત્મા કષાય નિવારવાનું જ કાર્ય કર્યા કરે છે. હરતાં, ફરતાં એમાં મન રહે તો તે ધ્યાન જ છે. અભ્યાસની ખાસ જરૂર છે. પરમકૃપાળુદેવને ઘણા ભવનો અભ્યાસ હતો એટલે સહેજે ધ્યાનમાં જ રહેતા હતા.'' (પૃ.૩૧)

''સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. ધ્યાન કરવા બેસે તો મન ક્યાંય તરંગમાં ચઢી જાય. ધ્યાન કરવાની ઇચ્છા હોય તો પ્રથમ ધ્યાન સમજવું જોઈએ. આત્મસ્વરૂપ ઓળખી અને બધા આત્માને સમાન દૃષ્ટિથી જોઈ પછી ધ્યાન કરશો તો જે ધ્યાનની ઇચ્છા છે, તે પૂરી થશે. કોઈના દોષ જોવા નથી. સમજણપૂર્વક ધ્યાન થાય તો શુક્લધ્યાન થાય એવું છે.'' (બો.૧ પૃ.૨૪૭)

''પરમાત્મામાં ચિત્તને રોકવું એ મહાન ધ્યાન છે. જે ધ્યાન છૂટે નહીં તે શુક્લધ્યાન કહેવાય છે, એટલે મોક્ષ આપે એવું ધ્યાન. જ્યાં એકાગ્રતા હોય ત્યાં ધ્યાન છે. કેવલી ભગવાનની વૃત્તિ અખંડપણે આત્મામાં જ રહે છે. ઉપદેશ આપે તો પણ વૃત્તિ આત્મામાં જ રહે છે.'' (બો.૧ પૃ.૧૭૩)

''મુમુક્ષુ - ધ્યાનમાં શું કરવું?

પૂજ્યશ્રી - ''ઔષધ વિચાર ધ્યાન'' એમ કહ્યું છે. પ્રથમ આત્મા છે. આત્મા મને દેહથી ભિન્ન



લાગે છે કે કેમ? એમ વિચારવું, તે ધ્યાન છે. આત્મસિદ્ધિમાં છ પદ છે તેનો વિચાર કરવો. આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. એ છ પદને વિચારી છઠ્ઠા પદમાં પ્રવર્તવાનું છે. વિચારરૂપ ધ્યાન થયા પછી નિર્વિકલ્પ ધ્યાન થાય છે. નહીં તો ધ્યાન ન થાય, કલ્પના થાય. જેટલો આપણાથી બને તેટલો પુરુષાર્થ કરવો.'' (બો.૧ પૃ.૨૮૬)

**''વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પામે વિશ્રામ,**
**રસ સ્વાદત સુખ ઊપજૈ, અનુભૌ યાકો નામ.''** - બનારસીદાસ

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''હાથપગ જોડી બેસી રહેવું તે ધ્યાન નથી. ચિત્તની વૃત્તિ સારા વાચનમાં, મુખપાઠ કરવામાં, મુખપાઠ કરેલું બોલી જવામાં કે વિચાર કરવામાં રોકવી તે ધર્મધ્યાન છે. આ પ્રકારે સ્વાધ્યાય-ધ્યાન એ મહાન તપ છે. આત્મા સંબંધી જ્ઞાનીપુરુષે છપદના પત્રમાં; આત્મસિદ્ધિમાં કહેલ છે તેનો વિચાર કરી ''શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ; બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ'' એવી કડીઓમાં મનને રોકવું, મંત્રમાં ચિત્તને રોકવું તે પણ ધ્યાન છે. પરમકૃપાળુદેવનાં ચિત્રપટ આગળ બેસી તેમના ઉત્તમ ગુણો, પરોપકાર, આત્મલીનતા, અસંગતા, પરમાર્થચિંતન વગેરે 'જીવનકળા'માંથી જે વાંચ્યુ હોય તેના વિચાર વડે પરમકૃપાળુદેવમાં લીનતા કરવી તે પણ ધ્યાન છે.'' (બો.૩ પૃ.૬૪૯)

## ૩૮૭. લઘુશંકામાં તુચ્છ થાઉં નહીં.

લઘુશંકા એટલે મૂત્ર વિસર્જન કરવાની ઇચ્છા થઈ હોય તેને રોકવી નહીં. રોકવાથી શરીરને નુકસાન થાય, તેમજ ચિત્તની સ્થિરતામાં પણ બાધક થાય. એવી હાજતોને બહુ રોકવામાં આવે તો મરણ પણ થઈ જાય. પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરતા હોય તો પણ ઊઠીને શંકા નિવારણ કરવા મહાપુરુષોએ છૂટ આપી છે.

**એક મુનિનું દૃષ્ટાંત –** એક મુનિને અર્ધી રાત્રે માતરું જવાની ઇચ્છા થઈ, પણ બહુ અંધારું હતું. જગ્યા શોધીને રાખેલી નહીં. રહેવાય નહીં પણ કરે શું? તે વખતે દેવે સૂર્યનો પ્રકાશ કર્યો તેથી લઘુશંકા દૂર કરીને આવ્યા. પછી પાછી રાત થઈ ગઈ. તે જોઈ મુનિ પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે દિવસે જગ્યા શોધીને ન રાખી તેનું આ પરિણામ છે. માટે લઘુશંકા નિવારણમાં વિલંબ કરું નહીં.

## ૩૮૮. દીર્ઘશંકામાં વખત લગાડું નહીં.

દીર્ઘશંકા એટલે મળત્યાગ અર્થાત્ સંડાસ જવામાં વધુ વખત લગાડું નહીં. મોટે ભાગે પેટમાં અજીર્ણ હોય તો મળત્યાગ થતાં વાર લાગે. માટે સરળતાથી પચે એવું સાદું ભોજન કરું. જેથી શીઘ્ર મળત્યાગ થાય અને શરીર સ્વસ્થ રહે. માટે દીર્ઘશંકામાં વધુ વખત જાય નહીં એવો ઉપાય કરું.

## ૩૮૯. ઋતુ ઋતુના શરીરધર્મ સાચવું. (ગૃ૦)

શરદીની કે ગરમીની કે ચોમાસાની ઋતુમાં પોતાના શરીરને કયો આહાર અનુકૂળ આવે છે, તે વિચારી આહાર ગ્રહણ કરું. જેથી શરીર બગડે નહીં અને શરીરમાં સ્ફુર્તિ રહે. એમ આરોગ્યતા સાચવી વિશેષ ધર્મધ્યાન કરું. શરીર સ્વસ્થ રહે એ પણ એક પ્રકારની સમાધિ છે. એમ કૃપાળુદેવે જણાવ્યું છે.

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :–** ''ગૃહસ્થે ભોજન કરતી વખતે મંત્ર સ્મરણ કરી તથા પચખાણ સંભારીને ભોજન કરવું. ભોજન કરવાના સમયનું ઉલ્લંઘન કરવું નહીં. તેમાં પણ ચાલતી ઋતુને યોગ્ય આહાર લેવો. કહ્યું છે કે - ''વર્ષાઋતુમાં લવણ અમૃત છે, શરદઋતુમાં આમળાનો



રસ અમૃત છે, વસંતઋતુમાં ઘી અમૃત છે અને ગ્રીષ્મઋતુમાં ગોળ અમૃત છે.''

''જમવા માટે જીવવું નથી, પણ જીવવા માટે જમવું છે. આ દેહથી આત્માર્થ સાધવો છે, તેમાં સાથ આપે તે માટે દેહને ખોરાક આપવો છે. માટે સાદું ભોજન કરવું અને તે પણ પ્રમાણસર કરવું. સાદું ભોજન પણ અધિક પ્રમાણમાં કરવું નહીં. અધિક ભોજન કરવાથી અજીર્ણ, વમન, વિરેચન વગેરે રોગો થાય છે. કહ્યું છે કે - ''હે જીવ! જમવાનું અને બોલવાનું પ્રમાણ તું જાણી લે; કારણ કે અતિ આહાર કરવાનું અને અતિ બોલવાનું પરિણામ દારુણ આવે છે.'' વળી કહ્યું છે કે ''હિતકારી, મિત અને પક્વ ભોજન કરનાર, ડાબે પડખે સૂનાર, હમેશાં ચાલવાની ટેવવાળો, દસ્ત પેશાબને નહીં રોકનાર અને સ્ત્રીને વિષે મનને વશ રાખનાર એવો પુરુષ સર્વ રોગોને જીતે છે.'' (પૃ.૭૯)

## ૩૯૦. આત્માની જ માત્ર ધર્મકરણી સાચવું. (મુ૦)

સાચા મુનિ માત્ર પોતાના આત્માની જ ધર્મકરણીને સાચવે છે. કારણ શરીરની મૂર્છાનો તેમણે ત્યાગ કરેલ છે. પોતાનો આત્મા સ્વસ્વરૂપમાં કેમ સ્થિત રહે એ જ તેમનો સદૈવ પુરુષાર્થ છે. આત્મધ્યાનમાં વિશેષ ન ટકી શકાય ત્યારે સ્વાધ્યાય કે શાસ્ત્રલેખનમાં આત્મ ઉપયોગને રોકી ફરી ધ્યાનમાં સ્થિત થાય છે. એમ મુનિનો મુખ્ય ધર્મ આત્મધ્યાન અને સ્વાધ્યાય છે.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪' માંથી :–**

**ક્ષેમર્ષિ મુનિનું દૃષ્ટાંત –** ચિતોડગઢની પાસેના ગામમાં એક નિર્ધન શ્રાવક રહેતો હતો. તે તેલ લઈને વેચવા ચાલ્યો. રસ્તામાં પગ સ્ખલન થવાથી તે પડી ગયો. અને તેલનું કુડલું ભાંગી ગયું. લોકોને દયા આવવાથી પાંચ રૂપીયા આપ્યા. તેથી ફરીથી તેલ લઈ વેચવા ચાલ્યો. આ વખતે પણ પડી જવાથી વાસણ ભાંગી ગયું. તેથી યશોભદ્ર ગુરુ પાસે ઉપદેશ સાંભળી વૈરાગ્ય આવવાથી દીક્ષા લીધી. ગુરુ પાસે બધી શિક્ષા પામી ગીતાર્થ થયા. ગુરુને કહ્યું કે 'હે પ્રભુ! મેં વૈરાગ્યથી દીક્ષા લીધી છે માટે મન, વચન, કાયાની શુદ્ધિથી તેની પ્રતિપાલના કરવા ઇચ્છું છું. આપની આજ્ઞા હોય તો જે સ્થાને ઘણા ઉપદ્રવ થવાનો સંભવ હોય તેવા સ્થાને જઈને હું કાયોત્સર્ગે રહું.'' ગુરુએ લાભ જોઈને માલવા દેશમાં જવાનું કહ્યું. ગુરુ તથા સંઘને ખમાવી માલવાદેશમાં ગયા. થામણોદ ગામની પાસે સરોવરની પાળ ઉપર કાયોત્સર્ગ કરીને ઊભા રહ્યા ત્યાંના બ્રાહ્મણ પુત્રો આવીને બોલ્યા કે આ ઉપદ્રવ આવ્યો એમ વિચારી લાકડી કે મુષ્ટિથી મુનિને બહુ ઉપદ્રવ કરવા લાગ્યા. ત્યાંના અધિષ્ટાક દેવતાએ બ્રાહ્મણ પુત્રોને બાંધી દીધા. પછી તેમના માતાપિતા ત્યાં આવી મુનિને કહેવા લાગ્યા કે હે ભગવન્! બાળકોને મુક્ત કરો. મુનિ તો ધ્યાનમાં લીન છે. દેવ એક બાળકના શરીરમાં પ્રવેશ કરીને બોલ્યો કે મુનિએ કંઈ કર્યું નથી. તેથી આ મુનિનું ચરણોદક લઈ આ બાળકોને છાંટશો તો તે બંધનથી મુક્ત થઈ જશે. તેમ કરવાથી બાળકો મુક્ત થયા.

ક્ષેમર્ષિમુનિ નિરંતર ધર્મકરણીમાં જ રહેતા. એવા અભિગ્રહ લેતા કે કોઈ મિથ્યાત્વી રાજા, રાજ્યથી ભ્રષ્ટ થયેલો, મધ્યાહ્ન સમયે કંદોઈની દુકાને, પલાંઠી વાળીને બેઠેલો, પોતાના કાળા કેશને વિખેરતો, તીક્ષ્ણ ભાલાના અગ્ર ભાગવડે એકવીસ માંડા લઈને મને આપશે ત્યારે જ પારણું કરીશ. ત્રણ માસ અને આઠ દિવસે એ અભિગ્રહ પણ પૂરો થયો.

બીજો અભિગ્રહ આલાન સ્થંભને ઉખેડીને દોડેલો હાથી મુનિને જોઈ પ્રસન્ન થાય અને પોતાના સૂંઢ વડે પાંચ લાડવા આપે તો પારણું કરવું. પાંચ માસ અને અઢાર દિવસે એ અભિગ્રહ પણ પૂરો થયો. હાથીએ પાંચ લાડવા વહોરાવ્યા.



ત્રીજો અભિગ્રહ કાળી ખાંધવાળો, નાક પૂછ વિનાનો (નાક તૂટેલો અને બાંડો) બળદ શીંગડા વડે ગોળ આપે તો પારણું કરવું. નહીં તો નહીં. તે અભિગ્રહ પણ પૂરો થયો. એવા અભિગ્રહ શા માટે લેતા હશે. પોતાને માત્ર આત્માની જ ધર્મકરણીમાં રહેવું છે. આહાર મળે તોય ભલે ન મળે તોય ભલે. (પૃ.૩૦૪)

## ૩૯૧. અયોગ્ય માર, બંધન કરું નહીં.

અયોગ્ય રીતે કોઈને મારું નહીં કે બાંધુ નહીં. શિષ્ય હોય કે પુત્ર હોય તેને સમજાવવા છતાં ન માને તો સુધારવા માટે કદાચ થપ્પડ વગેરે આપે અથવા તેના હાથપગ બાંધે છતાં માતાપિતાના કે શિક્ષકના અંતરમાં દયાભાવ છે કે જો એને આમ શિક્ષા કરવામાં ન આવે તો એનું ભવિષ્ય બગડશે એમ વિચારીને જે કરવામાં આવે તે યોગ્ય છે.

પણ કોઈને એવી ટેવ પડી ગઈ હોય અને વગર કારણે માર મારે તે અયોગ્ય છે. ભૂલ થઈ ગઈ હોય ત્યારે શિક્ષા કરવામાં આવે તો તે ભૂલાય નહીં, અને ફરીવાર તેવી ભૂલ કરે નહીં એ આશયથી શિક્ષા કરવામાં આવે તો તે યોગ્ય શિક્ષા છે પણ અયોગ્ય રીતે કોઈને દુઃખ આપું નહીં.

**શ્રી પુષ્પમાળા વિવેચનમાંથી :–** ''જે જીવ, પ્રાણીને વધ બંધન કરવામાં તેમજ મારવામાં નિરંતર તત્પર હોય છે, અને જીવોને અતિ દુઃખ આપનાર હોય છે તે મૃગાવતીના પુત્રની જેમ સઘળા દુઃખના સ્થાનરૂપ થાય છે.'' વધ એટલે તાડનાદિ કરવા વડે પીડા ઉપજાવવી અને બંધ એટલે દોરડા વગેરેથી સખત બંધન કરવું તે.

**રાષ્ટ્રકૂટનું દૃષ્ટાંત –** શતદ્વાર નગરમાં ધનપતિ નામના રાજાનો રાષ્ટ્રકૂટ નામે એક સેવક હતો. તે પાંચસો ગામનો અધિપતિ હતો. તે સાતે વ્યસન સેવવામાં ઘણી આસક્તિવાળો હતો. તે ઘણા આકરા કરોથી લોકોને પીડતો અને કાન, નેત્ર વગેરે છેદીને લોકોને ખૂબ હેરાન કરતો. તેથી તે જ ભવમાં તેના શરીરમાં સોળ રોગ ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે શ્વાસ, ખાંસી, જ્વર, દાહ, પેટમાં શૂળ, ભગંદર, હરસ, અજીર્ણ, નેત્રભ્રમ, મુખે સોજા, અન્ન પર દ્વેષ, નેત્રપીડા, ખુજલી, કર્ણવ્યાધિ, જલોદર અને કોઢ. એ દુઃખ ભોગવી તે પહેલી નરકે ગયો. ત્યાંથી આવી મૃગાવતીના પુત્રરૂપે અવતર્યો. એને મુખ નહીં હોવાથી એની માતા તેના શરીર ઉપર રાબ બનાવીને રેડે. તે શરીરના છીદ્ર દ્વારા અંદર પેસી પરુ અને રુધિરપણાને પામી પાછી બહાર નીકળે. ઘણા ભવોમાં આમ રખડીને પછી એક શેઠને ઘેર પુત્રપણે ઉત્પન્ન થશે. ત્યાં સાધુના સંગથી ધર્મ પાળી મરણ પામીને દેવતા થશે. ત્યાંથી ચવી અનુક્રમે સિદ્ધિપદને પામશે. માટે કોઈને અયોગ્ય માર કે બંધન કરું નહીં. -ઉ.પ્રા.ભા.ભા.૨ (પૃ.૨૧)

## ૩૯૨. આત્મસ્વતંત્રતા ખોઉં નહીં. (મુ૦ગૃ૦બ્ર૦)

**''સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ.''** - આઠ દૃષ્ટિની સજ્ઝાય

**''પરાધીન સપને હું સુખ નાહીં.''**

મુનિ હોય કે બ્રહ્મચારી હોય તે કોઈના આધારે જીવવાનું રાખે તો જેના આધારે રહ્યા હોઈએ તે જેમ કહે તેમ કરવું પડે. એના હાથ નીચે રહેવું પડે, તે મરણ જેવું દુઃખ છે. જેમ શ્રી આનંદઘનજી મહારાજને શેઠે કહ્યું કે અમે છીએ તો તમે છો. અમે પહેરવાના કપડાં, ખાવાપીવા વગેરેનું સાધન આપીએ છીએ તો તમારું જીવન ચાલે છે. તેથી અમારા આવ્યા પહેલાં વ્યાખ્યાન ચાલુ કરી શકાય નહીં. તેના



ફળસ્વરૂપ શ્રી આનંદઘનજી મહારાજે લોકસંગનો ત્યાગ કર્યો. એમ પરાધીનપણે ધર્મ આરાધન થઈ શકે નહીં, માટે આત્મસ્વતંત્રતા ખોઉં નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–**

**સાધ્વી અવિચલશ્રીનું દૃષ્ટાંત –** ''પ્રારબ્ધ બે ડગલાં આગળનું આગળ હોય છે. નાની ખાખર રહો કે મોટી ખાખર, ક્યાંય માહાત્મ્ય રાખ્યા વિના, આત્મા એકલો જ છે, એકલો આવ્યો છે ને એકલો જવાનો છે, એ એકત્વભાવના દૃઢ કરી એકલવિહારીપણે વર્તવું પડે તો પણ નહીં ગભરાતાં, પરમકૃપાળુદેવ નિરંતર સમીપ જ છે એમ જાણી સમાધિભાવમાં વિક્ષેપ આણવો ઘટતો નથી. મૂળ પ્રમાદી સ્વભાવ તમારો, તેને તે પૈસાદાર કુટુંબ દ્વારા પોષણ મળે તે આત્માને અહિતનું કારણ જાણી પરમકૃપાળુદેવે દેહ છૂટતાં પહેલાં તેવી સગવડથી દૂર કર્યાં. તે તેની પરમકૃપા માની, ફરી પૈસાદાર કુટુંબોનો સહવાસ સ્વપ્ને પણ ન હો એવી ભાવના શ્રી ઋભુરાજાએ ભગવાન પાસે કરેલી માગણી પ્રમાણે કર્તવ્ય છેજી. જેમ જેમ કહેવાતા ભાગ્યશાળી (પરમાર્થે અનાથ) કુટુંબોનો પરિચય ઓછો રહેશે તેમ તેમ અનાથતા દૂર થઈ પરમકૃપાળુદેવને નાથ તરીકે સહેલાઈથી સ્વીકારી સુખી થવાશે, એમ અનુભવ કરેલી વાત દર્શાવું છુંજી.

ભવિષ્યની એક પળનો પણ વિચાર કર્યા વિના વર્તમાનમાં જેમ નિર્મળ પરિણામ રહે તેમ એકલા વિચરી શકો તો વિશેષ શાંતિ અને આત્મબળ પ્રતીતિમાં આવશે. પછી જેવા સંયોગ ઉપસ્થિત થાય તેમ વર્તવામાં હરકત નથી. બીજા કોઈને માટે જીવવું નથી. એક પરમકૃપાળુદેવને શરણે નિઃસ્પૃહપણે જીવવું છે અને તેને જ શરણે નિર્ભયપણે દેહ પણ ત્યાગ કરવો છે. સદ્ગત શ્રી....નો બોજો લઈને ફરતાં હતાં તેથી હવે તો હલકાં થયાં છો. લોકલાજ દૂર કરી એક પરમકૃપાળુદેવને જ સહયોગી ગણી આટલો ભવ પૂરો કરવો છે; એમ કરવાથી વધારે સ્વતંત્ર અને સુખી થશો. જેને ગરજ હશે તે તમારો સહવાસ શોધશે. તમારે હવે કોઈની પાસેથી કંઈ લેવું નથી. મીરાંબાઈની પેઠે જૈન મીરાં બની જીવો, તેના ગુણગાનમાં મસ્ત બનો.'' (પૃ.૬૯૧)

## ૩૯૩. બંધનમાં પડ્યા પહેલાં વિચાર કરું. (સા૦)

જે સાધક છે તે ત્રિવિધ તાપરૂપ બંધનમાં પડ્યા પહેલાં વિચાર કરે છે કે સંસારમાં પડવાથી મારા આત્માને શું શું નુકશાન છે; અને શું શું ફાયદા છે; તે બરાબર વિચાર કર્યા પછી લાગે કે હું સંપૂર્ણ ત્યાગ કરીશ તો પણ મને વાંધો આવે એમ નથી, કેમકે મારા ભાવ સારા રહે છે. એમ પૂરેપૂરી પોતાના મનની ચકાસણી કરી બ્રહ્મચારી વગેરે રહેવા માટેની છૂટક છૂટક પ્રથમ પ્રતિજ્ઞા અંગીકાર કરે, અથવા સંપૂર્ણ ત્યાગની મારી શક્તિ નથી તો ધર્મકાર્યમાં અંતરાયરૂપ ન થાય એવું યોગ્ય પાત્ર શોધી ગૃહસ્થાશ્રમ અંગીકાર કરી મર્યાદાપૂર્વક જીવન જીવી, સવાર સાંજ ભક્તિ-ભજન, સ્વાધ્યાયમાં કાળ ગાળી જીવનને પવિત્ર રાખે. એમ ગૃહસ્થાશ્રમરૂપ બંધનમાં પડ્યા પહેલા પૂર્ણ વિચાર કરું.

## ૩૯૪. પૂર્વિત ભોગ સંભારું નહીં. (મુ૦ગૃ૦)

પૂર્વે સંસાર અવસ્થામાં ભોગ ભોગવ્યા હોય તેની, મુનિપણું લીધા પછી સ્મૃતિ કરું નહીં. નહીં તો વ્રત ભાંગવાનો અવસર આવે અથવા ગૃહસ્થ અવસ્થામાં પણ ઉંમર થયે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હોય તો પૂર્વિત ભોગ સંભારું નહીં કે જેથી મન ઢીલું થઈ વ્રતમાં આંચ આવે.



**આર્દ્રકુમારના પૂર્વભવનું દૃષ્ટાંત – પૂર્વભોગની સ્મૃતિથી વ્રત ભાંગવાની ઇચ્છા.** આર્દ્રકુમારના જીવે પૂર્વભવમાં દીક્ષા લીધી હતી. તેની પત્નીએ પણ દીક્ષા લીધેલી. છતાં પૂર્વ ભોગોની સ્મૃતિ થવાથી તેને આર્દ્રકુમારના જીવે કહ્યું કે આપણે પાછા ઘરે જતા રહીએ. તે સાંભળીને સાધ્વી થયેલ પત્નીએ અનશન ગ્રહણ કરી દેહનો ત્યાગ કર્યો અને સ્વર્ગે ગઈ. જ્યારે આર્દ્રકુમારનો જીવ ભોગોની સ્મૃતિ થવા વિષેનું પ્રાયશ્ચિત્ત લીધા વિના દેહ ત્યાગ કરી દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવીને અનાર્યદેશમાં આર્દ્રકુમાર નામે રાજપુત્ર થયો. તેના પ્રતિબોધ અર્થે અભયકુમારે પંચધાતુની જિન પ્રતિમા મોકલી જાગૃતિ આપી. જેથી અનાર્યદેશમાંથી આર્ય દેશમાં આવીને દીક્ષા લઈ આર્દ્રકુમારે કલ્યાણ સાધ્યું.

**જંબુકુમારના પૂર્વભવનું દૃષ્ટાંત – પૂર્વિત ભોગોની સ્મૃતિથી ચિત્તમાં સ્થિરતાનો અભાવ.** જંબુસ્વામીનો જીવ પૂર્વભવમાં ભવદેવ નામે હતો તથા ભવદત્ત તેનો ભાઈ હતો. ભવદત્તે સુસ્થિત આચાર્ય પાસે દીક્ષા લીધી. એક વખતે ભવદત્તમુનિ ભવદેવને ત્યાં વહોરવા આવ્યા. વળાવા આવતાં ભવદેવને તેઓ ઉપાશ્રયે લઈ આવ્યા. અને ગુરુને કહ્યું કે આને દીક્ષા આપો. ગુરુએ ભવદેવને પૂછ્યું કે તારે દીક્ષા લેવી છે? ભવદેવે વિચાર્યું કે મારા મોટાભાઈનું વચન ખોટું ન પડે તેથી કહ્યું કે હા લેવી છે. દીક્ષા લીધી પણ મનમાં તો પોતાની સ્ત્રી નાગિલાના વિચાર આવ્યા કરતા અને પૂર્વિત ભોગોની સ્મૃતિ રહ્યા કરતી. જ્યારે મોટાભાઈ ભવદત્ત મુનિ સ્વર્ગે ગયા ત્યારે પોતે પોતાના ગામમાં આવ્યા અને એક બાઈને નાગિલાના સમાચાર આપવા જણાવ્યા. પણ તે પોતે જ નાગિલા હતી. તેણે કહ્યું કે હું પોતે જ નાગિલા છું. પણ તેણે મુનિનો અયોગ્ય આશય જાણી કહ્યું કે હે મહાત્મા મારા દેહમાં તમે શું લાવણ્ય જાુઓ છો? ઇત્યાદિ ઘણો ઉપદેશ આપ્યો. તો પણ મુનિની આસક્તિ મટી નહીં તેથી નાગિલાએ યુક્તિથી પોતાની સખીના પુત્ર પાસે એક વાસણમાં દૂધ પીવડાવી વમન કરાવ્યું. પછી તે પુત્ર કહે છે કે હે માતા! હું હમણાં બીજે જમવા જાઉં છું. પણ જ્યારે ભૂખ લાગશે ત્યારે હું આ વમન કરેલી ખીર ખાઈશ. તે સાંભળીને ભવદેવ મુનિ બોલ્યા – હે બાળક! વમન કરેલું તો શ્વાન ખાય. તે સાંભળીને નાગિલા બોલી – હે મહાત્મા ! તમે આવું જાણો છો છતાં વમન કરેલી એવી મને પાછી કેમ ચાહો છો? તમને લજ્જા કેમ આવતી નથી? દુર્ગંધમય એવા મારા દેહમાં તમે સારું શું જાુઓ છો? ઇત્યાદિ નાગિલાના યુક્તિયુક્ત વચનો સાંભળી પ્રતિબોધ પામેલા મુનિ ગુરુ પાસે જઈને ફરીથી ચારિત્ર ગ્રહણ કર્યું. પછી દૃઢતાથી પાળ્યું. તેથી પૂર્વિત ભોગોની સ્મૃતિ કરું નહીં.

## ૩૯૫. અયોગ્ય વિદ્યા સાધું નહીં. (મુ૰ગૃ૰બ્ર૰ઉ૰)

જે વિદ્યા વડે આત્માનું હિત નથી તે વિદ્યાને સાધ્ય કરું નહીં.

આ કાળમાં સાધુઓ પણ એવી મેલી વિદ્યા સાધ્ય કરીને લોકોને ચમત્કાર બતાવે છે તથા તેમની સાંસારિક ઇચ્છાઓને પોષે છે. તેના માટે મંત્ર, તંત્ર, દોરાધાગા પણ કરી આપે. જેથી લોકો તેની પાછળ ફર્યા કરે. એવા કહેવાતા સાધુઓથી હમેશાં દૂર રહેવું. તેમનો કદી પણ સંગ કરવો નહીં.

## ૩૯૬. બોધું પણ નહીં.

અયોગ્ય વિદ્યાને સાધુ નહીં તેમજ તેનો બીજાને બોધ પણ કરું નહીં કે જેથી તે એવી વિદ્યા પ્રાપ્ત કરી કર્મ બાંધે.




एम तिहां मुनिवर वहोरता, नटे देख्या महात्मा
धिकधिकविषयीरे जीवने, इम नट पाम्यो वैराग
संवर भावे रे केवली, थयो ते कर्म खपाय



## ૩૯૭. વણ ખપની વસ્તુ લઉં નહીં.

જે વસ્તુની આપણે જરૂર ન હોય તે વસ્તુ લઉં નહીં. કારણ નકામી વસ્તુઓ ભેગી કરવાથી પરિગ્રહ વધે અને તેને સાચવવો પડે. લોકો તો આપે પણ વિચાર કરી વણખપની વસ્તુ લઉં નહીં.

પૂ. શ્રી બ્રહ્મચારીજી શ્રવણ બેલગોલ બાહુબલજીની યાત્રાએ જતાં મૈસુર ગયા હતા. ત્યાં એક મુમુક્ષુ પૂજ્યશ્રીને ગરમ કિંમતી શાલ આપવા લાગ્યા. પણ તેઓશ્રીએ ના પાડી કે અમારે જરૂર નથી. ઘણો આગ્રહ કર્યો તો પણ લીધી નહીં. નિઃસ્પૃહતાવાળા મહાત્માઓ એવા જ હોય છે.

**ઇલાચીકુમારનું દૃષ્ટાંત – નટડીના મોહમાં પડેલો એવો હું ક્યાં અને આ મહાત્મા ક્યાં?**

ઇલાચીકુમાર ઈભ્ય નામના શેઠનો પુત્ર હતો. પણ પોતાના પૂર્વભવની સ્ત્રી જે આ ભવમાં નટી થઈ છે, તેના ઉપર મોહ પામી ઘરબાર છોડી દીધું. પોતાના લગ્નના ખર્ચ માટે દાન મેળવવા રાજા આગળ તે દોરી ઉપર નૃત્ય કરવા લાગ્યો. રાજા પણ નટીના રૂપમાં મોહ પામ્યો, જેથી 'નટ મરે તો આ નટી મને મળે' એમ ધારી વારંવાર તેની પાસે નૃત્ય કરાવવા લાગ્યો.

ઇલાચીકુમાર રાજાની બદદાનત સમજી ગયો. નૃત્ય કરતાં વાંસ ઉપરથી તેની દૃષ્ટિ કોઈ શેઠના ઘરમાં પડી. ત્યાં સુંદર શેઠાણી મુનિશ્રીને ગોચરી વહોરાવતા આગ્રહ કરે છે. છતાં મુનિશ્રીને જે વસ્તુનો ખપ નથી તે લેતા નથી. તે જોઈ ઇલાચીકુમાર વિચારવા લાગ્યો કે મને ધિક્કાર છે કે હું આ નીચકુળની સ્ત્રીમાં મોહ પામ્યો. જ્યારે આ પરમ શાંત, ગંભીર, નિર્મળ મુનિશ્રી નટી કરતાં પણ સુંદર સ્ત્રીની સામું પણ જોતા નથી. અહો! મોહમાં પડેલો એવો હું ક્યાં? અને આ નિઃસ્પૃહી મહાત્મા ક્યાં? આવા શુભ પરિણામની ધારાએ ચઢતાં સર્વ ચારિત્રભાવને સ્પર્શી વાંસ ઉપર જ કેવળજ્ઞાનને પ્રાપ્ત થયાં. દેવતાઓએ આવી મુનિનો વેષ આપ્યો. સુવર્ણકમળની રચના કરી. કેવળી ઉપદેશ આપવા લાગ્યા. રાજાએ કેવળીને પૂછ્યું ''આપને એ નટડી ઉપર કેમ રાગ થયો. કેવળી ભગવંતે પોતાનો પૂર્વભવ કહ્યો કે વસંતપુર નગરમાં રાજાનો મદન નામે એક પુરોહિત હતો. તેને મોહિની નામની સ્ત્રી હતી. તે બન્ને જણાએ સુગુરુ પાસે શ્રાવકના વ્રત લીધા હતા. બન્ને વચ્ચે અત્યંત પ્રીતિ હતી. મોહિનીએ જાતિમદ કર્યો અને આલોચના કર્યા વગર મૃત્યુ પામી દેવલોકે ગઈ. ત્યાંથી ચ્યવીને નટડી થઈ. અને રાજાનો પુરોહિત મદન તે હું અહીં શેઠ પુત્ર ઇલાચીકુમાર થયો. પૂર્વભવની અત્યંત પ્રીતિના કારણે આ ભવમાં તેના ઉપર મને મોહ થયો. આ સાંભળી રાજા, રાણી અને નટડી પણ વૈરાગ્ય પામ્યા અને તે જ વખતે કેવળજ્ઞાન પામ્યા.

## ૩૯૮. નાહું નહીં. (મુ૦)

**''નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા''** -શ્રીમદ્ રાજચંદ્ર

મુનિને મળ પરિષહ સહન કરવાનું વિધાન છે. તેથી મુનિઓ સ્નાન વગેરે કરતા નથી. કારણ નાહવું એ શરીરની સુશ્રૂષા એટલે સેવા છે અને તેનો તો મુનિએ ત્યાગ કરેલો છે. મુનિના શરીર ઉપર જે મળ છે તે તેની શોભા છે. તે શરીર પ્રત્યેનું તેમનું નિસ્પૃહપણું સૂચવે છે. એવા મુનિના શરીર ઉપર શેઠની પુત્રી ધનશ્રીએ દુગંછા કરવાથી ક્યાં જન્મ લેવો પડ્યો. તે વિષે જણાવે છે –

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :– મુનિના ગાત્ર મલિન જોઈ દુગંછા કરું નહીં**

**દુર્ગંધારાણીનું દૃષ્ટાંત –** એકદા રાજગૃહીનો રાજા શ્રેણિક ઉદ્યાનમાં સમવસરેલા શ્રી વીરપ્રભુને



વાંદવા માટે સેના સહિત જતો હતો. માર્ગમાં દુર્ગંધ સહન ન થવાથી વસ્ત્રના છેડા વડે નાસિકા બંધ કરીને ચાલતા સૈનિકોને જોઈ રાજાએ પોતાના કોઈ સેવકને તેમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે તે બોલ્યો કે ''હે સ્વામી! અહીં માર્ગમાં તરતની જન્મેલી એક બાલિકા પડી છે, તેના શરીરમાંથી દુર્ગંધ છૂટે છે.'' તે સાંભળીને રાજા ''એ તો પુદ્ગલનું પરિણમન છે'' એમ કહી, તે બાલિકાને જોઈ સમવસરણમાં ગયો. શ્રી વીરસ્વામીને પ્રણામ કરી દેશના સાંભળી અવસર જોઈને રાજાએ તે દુર્ગંધી બાલિકાનો પૂર્વભવ પૂછ્યો. ભગવાન બોલ્યા કે ''અહીં નજીક રહેલા શાલિ નામના ગામડામાં ધનમિત્ર નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેમને ધનશ્રી નામની એક પુત્રી હતી. એકદા ગ્રીષ્મ ઋતુમાં શ્રેષ્ઠીએ તેના વિવાહનો પ્રારંભ કર્યો. તેવામાં કોઈ મુનિઓ ગોચરીને માટે તેને ઘેર આવ્યા. તેને વહોરાવવા માટે શ્રેષ્ઠીએ પુત્રીને આજ્ઞા કરી, એટલે તે મુનિને વહોરાવવા ગઈ, પરંતુ કદી પણ સ્નાન વિલેપનાદિક વડે શરીરની સુશ્રૂષા નહીં કરનારા તે મહાત્માઓનાં વસ્ત્રોમાંથી અને શરીરમાંથી સ્વેદ તથા મળ વિગેરેની દુર્ગંધ આવવાથી તે ધનશ્રીએ પોતાનું મુખ મરડ્યું. વિવાહનો ઉત્સવ હોવાથી સર્વ અંગે અલંકારોથી શણગારાયેલી, મનોહર, સુગંધી અંગરાગથી વિલેપન કરાયેલી તથા યુવાવસ્થાના ઉદયથી મત્ત થયેલી તે ધનશ્રીએ વિચાર કર્યો કે ''અહો! નિર્દોષ જૈનમાર્ગમાં રહેલા આ સાધુઓ જો કદાચ પ્રાસુક જળથી પણ સ્નાન કરતા હોય તો તેમાં શો દોષ? એ પ્રમાણે તેણે જુગુપ્સા કરી. પછી કેટલેક કાળે તે જુગુપ્સારૂપ પાપકર્મની આલોચના કર્યા વિના મરણ પામી. તે અહીં રાજગૃહીમાંજ એક ગણિકાના ઉદરમાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. તે પોતાના દુષ્કર્મને લીધે ગર્ભમાં રહી છતી પણ માતાને અત્યંત અસુખ ઉત્પન્ન કરવા લાગી; તેથી તે ગર્ભથી ઉદ્વેગ પામીને તે ગણિકાએ ગર્ભપાત માટે ઘણાં ઔષધો કર્યા, પરંતુ તેનું આયુષ્ય દૃઢ હોવાથી ગર્ભપાત થયો નહીં. છેવટે સમય પૂર્ણ થયે તે પુત્રીને ગણિકાએ પ્રસવી. જન્મથી જ દુર્ગંધમય હોવાને લીધે ગણિકાએ તેને વિષ્ટાની જેમ તજી દીધી. તેને તમે માર્ગમાં દીઠી. આ પ્રમાણેની તેની પૂર્વ હકીકત સાંભળીને શ્રેણિક રાજાએ ''હવે પછી તેની શી ગતિ થશે?'' એમ પ્રભુને પૂછ્યું, ત્યારે ભગવાન બોલ્યા કે ''હે રાજા! તે દુર્ગંધાએ પૂર્વે કરેલી મુનિની જુગુપ્સારૂપ અશુભ કર્મનું ફળ સમગ્ર ભોગવી લીધું છે; હવે તે મુનિને આપેલા દાનના ભોગરૂપ ફળ ભોગવવાની છે; તેથી તેનું શરીર કસ્તુરી અને કર્પૂર કરતાં પણ અધિક સુગન્ધીમય બની ગયું છે. હે રાજા! તે તારી પટરાણી થશે. તે સર્વ વૃત્તાંત સાંભળીને શ્રેણિક રાજા આશ્ચર્ય પામી પ્રભુને વંદના કરી પોતાને સ્થાને ગયો. (પૃ.૭૨)

## ૩૯૯. દાતણ કરું નહીં.

**''અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો''** -શ્રીમદ્ રાજચંદ્ર



**મેઘકુમારનું દૃષ્ટાંત –** મુનિઓને શરીર મૂર્છાનો ત્યાગ હોવાથી તે આત્માની જ સંભાળ લેનારા હોય છે. માટે દાતણ કરતા નથી. જેમ શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમાર, મુનિ થયા પછી ભગવાન મહાવીરે તેનો પૂર્વભવ હાથીનો હતો એમ જણાવ્યું. તે ભવમાં જંગલમાં દવ લાગવાથી બધા પશુઓ ઝાડ વગરની કોઈ જગ્યામાં આવીને ભરાઈ ગયા. ત્યાં હાથીએ ખાજ ખણવા માટે પગ ઊંચો કર્યો કે ત્યાં એક સસલું આવીને બેસી ગયું. તેની દયા ખાઈને હાથીએ પગ ઊંચો જ



ઊંચો જ રાખ્યો. તે દયાના પરિણામે તું આ ભવમાં શ્રેણિક રાજાનો પુત્ર થયો છે. તે જાણવાથી તેણે એવો નિયમ લીધો કે એક આંખ સિવાય બીજા દાંત આદિ કોઈપણ અંગની હું સંભાળ કરીશ નહીં. એવા પુરુષો શીઘ્ર આત્મકલ્યાણને સાધે છે.

## ૪૦૦. સંસારસુખ ચાહું નહીં.

ઇન્દ્ર કે ચક્રવર્તીની ગમે તેટલી રિદ્ધિ હોય, પણ તે જોઈને અથવા કોઈ પૈસાદાર જોઈને તેમના જેવું સંસાર સુખ ચાહું નહીં. કેમ કે એ બધું ક્ષણિક છે, નાશવંત છે, પરાધીન છે, બાધા સંયુક્ત છે, બંધનું કારણ છે અને એક સરખું ટકી રહેતું નથી; માટે તેની ચાહના કરું નહીં. આ સંસારમાં સુખ લેવા જતાં જીવ કેવા કેવા દુઃખ પામે છે તે વિષે પરમકૃપાળુદેવ જણાવે છે –

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– સંસાર અનુપ્રેક્ષા**

હવે સંસાર અનુપ્રેક્ષાનું સ્વરૂપ વિચારીએ છીએ — આ સંસારમાં અનાદિકાળના મિથ્યાત્વના ઉદયથી અચેત થયેલ જીવ, જિનેન્દ્ર, સર્વજ્ઞ વીતરાગના પ્રરૂપણ કરેલ સત્યાર્થ ધર્મને પ્રાપ્ત નહીં થઈ ચારે ગતિમાં ભ્રમણ કરે છે. સંસારમાં કર્મરૂપ દૃઢ બંધનથી બંધાઈ, પરાધીન થઈ, ત્રસસ્થાવરમાં નિરંતર ઘોર દુઃખ ભોગવતો વારંવાર જન્મ મરણ કરે છે. જે જે કર્મના ઉદય આવી રસ દે છે, તેના ઉદયમાં પોતાને ધારણ કરી અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને છોડી નવાં નવાં કર્મનાં બંધન કરે છે. કર્મના બંધને આધીન થયેલ પ્રાણીને એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી કે જે તેણે નથી ભોગવી. બધા દુઃખો અનંતાનંત વાર ભોગવી અનંતાનંત કાળ વ્યતીત થઈ ગયો. એવી રીતે અનંત પરિવર્તન આ સંસારમાં આ જીવને થયાં છે. એવું કોઈ પુદ્ગલ સંસારમાં નથી રહ્યું કે જે જીવે શરીરરૂપે, આહારરૂપે ગ્રહણ નથી કરેલ. અનંત જાતિનાં અનંત પુદ્ગલોનાં શરીર ધારી આહારરૂપ (ભોજન પાનરૂપ) કરેલ છે.

ત્રણસેં તેંતાલીસ ઘનરજ્જુ પ્રમાણ લોકમાં એવો કોઈ એક પણ પ્રદેશ નથી કે જ્યાં સંસારી જીવે અનંતાનંત જન્મ મરણ નથી કરેલાં. ઉત્સર્પિણી અવસર્પિણી કાલનો એવો એક પણ સમય બાકી નથી રહ્યો કે જે સમયમાં આ જીવ અનંતવાર નથી જન્મ્યો, નથી મૂઓ. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે પર્યાયોમાં આ જીવે જઘન્ય આયુષ્યથી લઈ ઉત્કૃષ્ટ આયુષ્ય પર્યંત સમસ્ત આયુષ્યના પ્રમાણ ધારણ કરી અનંતવાર જન્મ ધરેલ છે. એક અનુદિશ, અનુત્તર વિમાનમાં તે નથી ઊપજ્યો, કારણ કે એ ચૌદે વિમાનોમાં સમ્યક્દૃષ્ટિ વિના અન્યનો ઉત્પાદ નથી. સમ્યક્દૃષ્ટિને સંસાર ભ્રમણ નથી. કર્મની સ્થિતિબંધનાં સ્થાન તથા સ્થિતિબંધને કારણે અસંખ્યાત લોકપ્રમાણ કષાયાધ્યવસાયસ્થાન, તેને કારણે અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગ બંધાધ્યવસાયસ્થાન તથા જગતશ્રેણીના સંખ્યાતમા ભાગ જેટલાં યોગસ્થાનમાંનો એવો કોઈ ભાવ બાકી નથી રહ્યો કે જે સંસારી જીવને નથી થયો. એક સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના યોગ ભાવ નથી થયા. અન્ય સમસ્ત ભાવ સંસારમાં અનંતાનંતવાર થયા છે. જિનેન્દ્રના વચનના અવલંબનરહિત પુરુષને મિથ્યાજ્ઞાનના પ્રભાવથી વિપરીત બુદ્ધિ અનાદિની થઈ રહી છે તેથી સમ્યક્ માર્ગને નહીં ગ્રહણ કરતાં સંસારરૂપ વનમાં નાશ થઈ જીવ નિગોદમાં જઈ પડે છે. કેવી છે નિગોદ? જેમાંથી અનંતાનંત કાલ થાય તો પણ નીકળવું ઘણું મુશ્કેલ છે. કદાચિત્ પૃથ્વીકાયમાં, જળકાયમાં, અગ્નિકાયમાં, પવનકાયમાં, પ્રત્યેક વનસ્પતિકાયમાં, સાધારણ વનસ્પતિકાયમાં લગભગ સમસ્તજ્ઞાનનો નાશ થવાથી જડરૂપ થઈ, એક સ્પર્શ ઇન્દ્રિય દ્વારા કર્મના ઉદયને આધીન થઈ આત્મશક્તિ રહિત જિહ્વા, નાસિકા, નેત્ર, કર્ણાદિક ઇંદ્રિયરહિત થઈ દુઃખમાં દીર્ઘ કાળ વ્યતીત કરે છે. અને બેઇંદ્રિય, ત્રીંદ્રિય,



ચતુરિંદ્રિયરૂપ વિકલત્રય જીવ, આત્મજ્ઞાનરહિત, કેવળ રસનાદિક ઇંદ્રિયોના વિષયોની ઘણી તૃષ્ણાના માર્યા ઊછળી ઊછળી વિષયોને અર્થે પડી પડી મરે છે. અસંખ્યાત કાલ વિકલત્રયમાં રહી પાછાં એકેન્દ્રિયમાં ફરી ફરી વારંવાર કૂવા પરના રેંટના ઘડાની પેઠે નવા નવા દેહ ધારણ કરતાં કરતાં ચારે ગતિમાં નિરંતર જન્મ, મરણ, ભૂખ, તરસ, રોગ, વિયોગ, સંતાપ ભોગવી પરિભ્રમણ અનંતકાલ સુધી કરે છે એનું નામ સંસાર છે.

જેમ ઊકળેલા આંધણમાં ચોખા સર્વ તરફ ફરતાં છતાં ચોડવાઈ જાય છે, તેમ સંસારી જીવ કર્મથી તપ્તાયમાન થઈ પરિભ્રમણ કરે છે. આકાશમાં ઊડતાં પક્ષીને બીજું પક્ષી મારે છે, જળમાં વિચરતાં મચ્છાદિકને બીજાં મચ્છાદિક મારે છે, સ્થળમાં વિચરતાં મનુષ્ય પશુ આદિકને સ્થળચારી સિંહ, વાઘ, સર્પ વગેરે દુષ્ટ તિર્યંચ તથા ભીલ, મ્લેચ્છ, ચોર, લૂંટારા, મહા નિર્દય મનુષ્ય મારે છે. આ સંસારમાં બધાં સ્થાનમાં નિરંતર ભયરૂપ થઈ નિરંતર દુઃખમય પરિભ્રમણ કરે છે. જેમ શિકારીના ઉપદ્રવથી ભયભીત થયેલ જીવો મોઢું ફાડી બેઠેલા અજગરના મોઢામાં બિલ જાણી પ્રવેશ કરે છે, તેમ અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, કોપ વગેરે તથા ઇંદ્રિયોના વિષયોની તૃષ્ણાના આતાપથી સંતાપિત થઈ, વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે. વિષયકષાયમાં પ્રવેશ કરવો તે સંસારરૂપ અજગરનું મોઢું છે. એમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિ ભાવપ્રાણનો નાશ કરી, નિગોદમાં અચેતન તુલ્ય થઈ, અનંતવાર જન્મ મરણ કરતાં અનંતાનંત કાળ વ્યતીત કરે છે. ત્યાં આત્મા અભાવ તુલ્ય છે, જ્ઞાનાદિકનો અભાવ થયો ત્યારે નાશ પણ થયો.

નિગોદમાં અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાન છે, તે સર્વજ્ઞે જોયેલ છે. ત્રસ પર્યાયમાં જેટલા દુઃખના પ્રકાર છે, તે તે દુઃખ અનંતવાર ભોગવે છે. એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી જે આ જીવ સંસારમાં નથી પામ્યો. આ સંસારમાં જીવ અનંત પર્યાય દુઃખમય પામે છે, ત્યારે કોઈ એકવાર ઇંદ્રિયજનિત સુખનો પર્યાય પામે છે, તે વિષયોના આતાપ સહિત ભય, શંકા સંયુક્ત અલ્પકાળ પામે. પછી અનંત પર્યાય દુઃખના, પછી કોઈ એક પર્યાય ઇંદ્રિયજનિત સુખનો કદાચિત્ પ્રાપ્ત થાય છે.

હવે ચતુર્ગતિનું કાંઈક સ્વરૂપ પરમાગમ અનુસાર ચિંતવન કરીએ છીએ. નરકની સપ્ત પૃથ્વી છે. તેમાં ઓગણપચાસ ભૂમિકા છે. તે ભૂમિકામાં ચોરાસી લાખ બિલ છે તેને નરક કહીએ છીએ. તેની વજ્રમય ભૂમિ ભીંતની માફક છજેલ છે. કેટલાંક બિલ સંખ્યાત યોજન લાંબાં પહોળાં છે, કેટલાંક અસંખ્યાત યોજન પહોળાં છે. તે એક એક બિલની છત વિષે નારકીનાં ઉત્પત્તિનાં સ્થાન છે. તે ઊંટના મુખના આકાર આદિવાળાં, સાંકડાં મોઢાવાળાં અને ઊંધે માથે છે. તેમાં નારકી જીવો ઊપજી નીચે માથું અને ઉપર પગથી આવી વજ્રાગ્નિમય પૃથ્વીમાં પડી, જેમ જોરથી પડી દડી પાછી ઊછળે છે તેમ (નારકી) પૃથ્વી પર પડી ઊછળતાં લોટતાં ફરે છે. કેવી છે નરકની ભૂમિ? અસંખ્યાત વીંછીના સ્પર્શને લીધે ઊપજી વેદનાથી અસંખ્યાત ગુણી અધિક વેદના કરવાવાળી છે.

ઉપરની ચાર પૃથ્વીનાં ચાલીશ લાખ બિલ અને પંચમ પૃથ્વીનાં બે લાખ બિલ એમ બેંતાલીસ લાખ બિલમાં તો કેવળ આતાપ, અગ્નિની ઉષ્ણ વેદના છે. તે નરકની ઉષ્ણતા જણાવવાને માટે અહિં કોઈ પદાર્થ દેખવામાં, જાણવામાં આવતો નથી કે જેની સદૃશતા કહી જાય; તોપણ ભગવાનના આગમમાં એવું અનુમાન ઉષ્ણતાનું કરાવેલ છે, કે લાખ યોજનપ્રમાણ મોટા લોઢાના ગોળા છોડીએ તો તે નરકભૂમિને નહીં પહોંચતાં, પહોંચતાં પહેલાં નરકક્ષેત્રની ઉષ્ણતાથી કરી રસરૂપ થઈ વહી જાય છે. (અપૂર્ણ) (વ.પૃ.૨૧)



શ્રીમદ્ રાજચંદ્ર


संसार-दर्शन(मधुबिंदु)



**'ધર્મામૃત'માંથી :– હવે સંસાર સુખ ચાહું નહીં**

**વારિષેણનું દૃષ્ટાંત –** મગધ દેશમાં રાજગૃહી નગરીને વિષે રાજા શ્રેણિક અને તેની રાણી ચેલણાનો પુત્ર વારિષેણ ઉત્તમ શ્રાવક હતો. તે એકદા ઉપવાસ કરીને રાત્રે સ્મશાનમાં કાયોત્સર્ગમાં ઊભો હતો. તે દિવસે મગધસુંદરી નામની વેશ્યાએ ઉદ્યાનમાં શ્રી કીર્તિ શ્રેષ્ઠીની પત્નીને દિવ્ય હાર પહેરેલી જોવાથી તેને તે હાર મેળવવાની તીવ્ર ઇચ્છા થઈ. તેથી રાત્રે તેની પાસે આવેલ આસક્ત એવા વિદ્યુત ચોરને પોતાના ઉદ્વેગનું કારણ કહ્યું; અને એમ કહ્યું કે જો તે હાર મળે તો જ તે જીવી શકશે અને તેને સ્વામી માનશે. આ સાંભળીને તે ચોર હાર લેવા નીકળ્યો અને પોતાના કૌશલ્યથી હારની ચોરી કરીને જતો હતો, ત્યાં હારના પ્રકાશથી 'આ ચોર છે' એમ જાણીને ગૃહરક્ષકો તથા કોટવાલ વગેરે તેની પાછળ પડ્યા; તેથી દોડતો દોડતો સ્મશાનમાં આવી પહોંચ્યો. પકડાઈ જવાના ભયથી તેણે તે હારને વારિષેણના ગળામાં નાખી દીધો; ને પોતે જરા દૂર જઈને સંતાઈ ગયો. હવે કોટવાલ વગેરે ત્યાં આવ્યા અને વારિષેણ પાસે હાર જોઈને તેને જ ચોર માનીને શ્રેણિકને કહ્યું કે વારિષેણે ચોરી કરી છે. શ્રેણિકે તે સાંભળી આજ્ઞા કરી કે તે મૂર્ખ શઠનું માથું ઉડાવી દો! જ્યારે મારાએ તે પ્રમાણે શિરચ્છેદ કરવા તલવાર મારી કે તત્કાળ તે પુષ્પમાળા થઈને વારિષેણના ગળામાં પડી. વારિષેણના નિર્દોષપણાનો આવો અતિશય સાંભળીને શ્રેણિક ત્યાં આવ્યા ને વારિષેણની માફી માંગી; ત્યાં વિદ્યુત ચોરે પણ અભયદાન મળવાથી હકીકત નિવેદન કરી; ત્યારે શ્રેણિકે વારિષેણને ઘેર આવવા કહ્યું. પરંતુ વારિષેણે જણાવ્યું કે હવે સંસારસુખથી સર્યું! હવે તો દીક્ષા લઈ પાણિપાત્રથી આહાર કરીશ. એમ કહી તેણે સૂતસેનમુનિ પાસે દીક્ષા લીધી. (પૃ.૯૪)

**'શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત્ર પર્વ ૯'માંથી :– ક્ષણિક એવા સંસારસુખને ચાહું નહીં**

**અરવિંદરાજાનું દૃષ્ટાંત –** પોતનપુરનો રાજા અરવિંદ શરદઋતુમાં પોતાના અંતઃપુરની સ્ત્રીઓ સાથે હવેલી ઉપર ક્રીડા કરતો હતો. તે વખતે ક્રીડા કરતા રાજાને આકાશમાં ઇન્દ્રધનુષ અને વીજળીને ધારણ કરતા તથા ઘણા શોભતા એવા નવિન મેઘને ચઢેલો જોયો. તે વખતે 'અહો! આ મેઘ કેવો રમણીય છે' એમ રાજા બોલવા લાગ્યો. તેવામાં તો મોટા પવનથી તે મેઘ આકડાના ફૂલની જેમ તત્કાળ નષ્ટ થઈ ગયો. તે જોઈને રાજાએ ચિંતવ્યું કે 'અહો! આ સંસારમાં સર્વ શરીરાદિક પણ આ મેઘની જેમ જ નાશવંત છે, તો તેમાં વિવેકીજન શી આશા રાખે? એવા સંસારસુખને હું ચાહું નહીં. આ પ્રમાણે તીવ્રપણે શુભધ્યાન કરતાં તત્કાળ તે રાજાનાં જ્ઞાનાવરણીય અને ચારિત્રમોહનીય કર્મ ક્ષયોપશમને પામી ગયાં, તેથી તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. પછી મહેન્દ્ર નામના પુત્રને પોતાના રાજ્ય પર સ્થાપન કરી તેણે સમંતભદ્રાચાર્યની પાસે દીક્ષા અંગીકાર કરી. અનુક્રમે ગીતાર્થ થઈ ગુરુની આજ્ઞાથી એકલવિહારી પ્રતિમાને ધારણ કરી તે અરવિંદ મુનિ ભવમાર્ગનું છેદન કરવાને માટે એકાકીપણે પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. શરીર ઉપર પણ મમતા વિનાના તે રાજાને વિહાર કરતાં ઉજ્જડમાં કે વસ્તીમાં, ગામમાં કે શહેરમાં, કોઈ સ્થાનકે કદિ પણ આસક્તિ થતી નહોતી. (પૃ.૩૯૨)

**'શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૨'ના આધારે :– સંસારદર્શન (મધુબિન્દુ)**

**એક મુસાફરનું દૃષ્ટાંત –** કોઈ મુસાફર કાફલાથી છૂટો પડી જંગલમાં પેઠો. ત્યાં યમરાજ જેવો હાથી તેની સામે દોડ્યો. તેથી ભય પામી કૂવા ઉપર રહેલી વડની વડવાઈને પકડી તે લટકી ગયો. ત્યારે હાથીએ આખું ઝાડ ઉખેડવા માંડ્યું. વડવાઈ ઉપર લટકેલા માણસે નીચે જોયું તો કૂવાની અંદર ચાર મોટા



સર્પો અને વચ્ચે એક ભયંકર અજગરને દીઠો. વળી ઉપર જોયું તો સફેદ અને કાળો ઉંદર પોતે પકડેલ વડવાઈને જ કાપતા જોયા. તથા ઉપર એક મધપુડો દીઠો. તેમાંથી માખીઓ ઊડીને કરડવા લાગી. પણ તે મધપુડામાંથી મધનું એક ટીપું તેના મુખમાં આવી પડ્યું; તેથી તે આનંદ પામ્યો. એમ વારંવાર ટીપાના સ્વાદમાં તે જીવનની અનિત્યતા તથા બધું દુઃખ પણ ભૂલી ગયો. ત્યાં એક વિદ્યાધરે વિમાનમાં આવી મુસાફરને જણાવ્યું કે તું વિમાનમાં આવી જા. તને ઘરે પહોંચાડી દઉં. ત્યારે મુસાફર કહે થોડીવાર થોભો, આ એક પડતું મધનું ટીપું ચાટી લઉં. વિદ્યાધરના વારંવાર કહેવા છતાં પણ મધનાં ટીપામાં આસક્ત મુસાફર વિમાનમાં આવ્યો નહીં અને ઉંદરો દ્વારા વડવાઈ કપાઈ જતાં તે કૂવામાં પડી, સર્પો દ્વારા માર્યો ગયો અને દુઃખ પામ્યો.

આ કથાનો સાર એમ જાણવો - મુસાફર તે આપણો આત્મા જાણવો. સંસારરૂપી જંગલમાં મરણરૂપ હાથી આપણી પાછળ પડેલો છે. અજગર તે ભયંકર નરક ગતિ જાણવી. ચાર સર્પો તે ક્રોધાદિ ચાર કષાય જાણવા. વડવૃક્ષ તે આયુષ્ય સમજવું. કાળો અને ધોળો ઉંદર તે મનુષ્યના આયુષ્યને ક્ષીણ કરનાર, અંધારી અને અજવાળી રાત્રિઓ જાણવી. મધમાખી તે કુટુંબ તથા રોગાદિ દુઃખો માનવા. મધુબિંદુ તે પાંચ ઇન્દ્રિયના વિષયો જાણવા. મધનો સ્વાદ તે વિષયોમાં આસક્તિ જાણવી. અને વિદ્યાધર તે સદ્ગુરુ જાણવા તથા વિમાન તે ધર્મસાધન સમજવું.

આ કથા ખરેખર કોની છે? તો કે સત્પુરુષ મળ્યા છતાં જેની ઇંદ્રિયોની વિષયાસક્તિ છુટતી નથી તેની. માટે આત્માર્થીએ આ વાત વિશેષ વિચારી આવા દુઃખરૂપ ફળવાળા સંસારસુખને ઇચ્છવું નહીં.

**જન્મથી મરણ પર્યંતની અવસ્થાઓ –** આ અસાર સંસારમાં માણસ ગર્ભથી આરંભીને મરણ પર્યંત અનેક અવસ્થાઓ ધારણ કરી આધિ, વ્યાધિ અને ઉપાધિ ભોગવી અંતે મૃત્યુને શરણ થાય છે. સદ્ગુરુના શરણ વિના આ જન્મ જરા મરણનો કદી અંત આવતો નથી. માટે પરમકૃપાળુદેવનું શરણ લઈ આ ભવમાં સમાધિમરણ કરવા યોગ્ય છે.

## ૪૦૧. નીતિ વિના સંસાર ભોગવું નહીં. (ગૃ૦)

મારા ભાગ્ય પ્રમાણે સ્ત્રી કે ધન આદિ જે મળ્યું હોય તે ભોગવું. રાજા હોય અને બીજાની સુંદર સ્ત્રી જોઈ પોતાના બળ વડે લઈ આવે તો તેનો પતિ ઘણું દુઃખ પામે, માટે તે અનીતિ છે. એમ નીતિ વિના સંસાર ભોગવું નહીં. પ્રદ્યુમ્નકુમાર પોતાના પૂર્વભવમાં બીજા રાજાની સ્ત્રીને લઈ આવ્યો હતો. તેથી તેણે અનીતિથી સંસાર ભોગવ્યો કહેવાય. તે દૃષ્ટાંત નીચે પ્રમાણે -

**'શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત્ર'માંથી :– કરેલ પાપના પશ્ચાત્તાપમાં લીધેલ તત્કાળ દીક્ષા**

**પ્રદ્યુમ્નના પૂર્વભવનું દૃષ્ટાંત –** મધુરાજા એક વખતે મંત્રીઓની સાથે ન્યાયના કાર્યમાં બેઠો હતો, તેમાં વખત ઘણો થવાથી તેનો ચુકાદો કર્યા વગર રાજા, ચંદ્રાભાને મંદિરે ગયો. ચંદ્રાભાએ પૂછ્યું, 'આજે મોડા કેમ આવ્યા?' તેણે કહ્યું 'આજે એક વ્યભિચાર સંબંધી કેસનો ન્યાય આપવો હતો, તેમાં હું રોકાયો હતો', ચંદ્રાભા હસીને બોલી કે - 'તે વ્યભિચારી પૂજવા યોગ્ય છે.' મધુરાજાએ કહ્યું 'વ્યભિચારી શી રીતે પૂજવા યોગ્ય થાય? તેઓને તો શિક્ષા જ કરવી જોઈએ.' ચંદ્રાભા બોલી 'જો તમે એવા ન્યાયવાન્ હો તો તમેજ પ્રથમ વ્યભિચારી છો, તે કેમ જાણતા નથી?' તે સાંભળી મધુરાજા પ્રતિબોધ પામી લજ્જા પામી ગયો. તે સમયે કનકપ્રભ રાજા ચંદ્રાભા રાણીના વિયોગથી ગાંડો બની ગામેગામ ભટકતો અને બાળકોથી વીંટાયેલો તે જ નગરના રાજમાર્ગમાં ગાતો અને નાચતો નીકળ્યો. તેને જોઈ ચંદ્રાભા વિચાર


જન્મથી મરણ પર્યંતની અવસ્થાઓ

# काम विजेता श्रीस्थूलिभद्र





सिंह गुफा में प्रथम मुनि का चातुर्मास



सर्पबिल के निकट द्वितीय मुनिका चातुर्मास



श्री स्थूलि भद्र मुनिगणमां सिरदारजो, चोमासुं आव्या कोषा आगारजो, चित्रामण शालाए जप तपआदर्यो जो.

कूपतट पर तृतीय मुनिका चातुर्मास



श्रेय करो रे मुनि माहरूं, बतावीने शुभ ज्ञानजी ;
धन्य धन्य छे आपने, दीसो मेरु समान जी ;
उद्धार करो मुनि ! माहरो .



सिँह गुफा, अहिबिलकने, कूपतट, कोषावास ;
आव्या चोमासुं करी, चारे निज गुरुपास ;
त्रण मुनिने सदगुरु कहे, 'दुष्कर चातुर्मास ;
स्थूलिभद्र मुनिने कहे, 'दुष्कर दुष्कर स्वास.



કરવા લાગી કે – 'અહો! મારો પતિ મારા વિયોગથી આવી દશાને પ્રાપ્ત થયો, તો મારા જેવી પરવશ સ્ત્રીને ધિક્કાર છે!' આ પ્રમાણે ચિંતવી તેણે મધુરાજાને પોતાનો અસલ પતિ બતાવ્યો, એટલે તેને જોઈ પોતાના દુષ્ટ કામને માટે મધુરાજાને અતિ પશ્ચાત્તાપ થયો. તેથી તત્કાળ મધુરાજાએ ધુંધુ નામના પોતાના પુત્રને રાજ્ય સોંપી કૈટભની સાથે વિમલવાહન મુનિની પાસે દીક્ષા લીધી. તેઓ હજારો વર્ષ સુધી ઊગ્ર તપ કરી દ્વાદશાંગના ધારણ કરનારા અને સદા સાધુઓની વૈયાવૃત્ત્ય કરનારા થયા. અંતે અનશન કરી સર્વ પાપની આલોચના કરીને તે બન્ને મૃત્યુ પામી મહાશુક્ર દેવલોકમાં સામાનિક દેવતા થયા. રાજા કનકપ્રભ પણ ક્ષુધાતૃષાથી પીડિત થઈ ત્રણ હજાર વર્ષ વ્યર્થ ગુમાવી મૃત્યુ પામ્યો, અને જ્યોતિષ દેવોમાં ધૂમકેતુ નામે દેવ થયો.

અવધિજ્ઞાનથી પૂર્વનું વૈર જાણી તે મધુના જીવને શોધવા લાગ્યો; પણ મધુ તો સાતમા દેવલોકમાં મહર્દ્ધિક દેવ હોવાથી તેના જોવામાં આવ્યો નહીં. પછી તે ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામીને તાપસ થયો. તે ભવમાં બાળતપ કરી મૃત્યુ પામીને તે વૈમાનિક દેવતા થયો. તથાપિ તે ભવમાં પણ મધુને જોવાને સમર્થ થયો નહીં. પાછો ત્યાંથી ચ્યવી સંસારમાં પરિભ્રમણ કરી કર્મયોગે જ્યોતિષીમાં ફરીને ધૂમકેતુ નામે દેવતા થયો. તે વખતે મધુરાજાનો જીવ સાતમા મહાશુક્ર દેવલોકમાંથી ચ્યવી કૃષ્ણ-વાસુદેવની પટરાણી રૂક્મિણિના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. પેલો ધૂમકેતુ પૂર્વના વૈરથી તે બાળકને જન્મતાં જ હરી ગયો, અને તેને મારવાની ઇચ્છાથી તે દુષ્ટ એક ટંકશિલા ઉપર તેને મૂકીને ચાલ્યો ગયો, પણ પોતાના પ્રભાવથી તે સર્વ અંગે અક્ષત રહ્યો, અને તેને કાળસંવર વિદ્યાધર પોતાને ઘેર લઈ ગયો. તેનું નામ પ્રદ્યુમ્નકુમાર રાખ્યું. અંતે માતા રૂક્મિણિ સાથે તેનો સમાગમ થયો.'' (પૃ.૨૮૮)

## ૪૦૨. પ્રસિદ્ધ રીતે કુટિલતાથી ભોગ વર્ણવું નહીં. (ગૃ૰)

પ્રસિદ્ધ રીતે એટલે પ્રગટપણે ધન આદિના લોભથી કુટિલતા એટલે માયા વડે, ભોગોનું વર્ણન કરું નહીં. કોઈને મોહમાં પાડવા માટે એવું વર્ણન કરે કે તે ભોગોમાં આસક્ત થઈ જાય; તેવું કરું નહીં. સ્થૂલિભદ્રને ચળાવવા માટે કોશા વેશ્યાએ આવા પ્રયત્ન કર્યા હતા. તે દૃષ્ટાંત નીચે પ્રમાણે –

**'ઉપદેશમાળા'માંથી :– કોશા વેશ્યાના ભોગ વર્ણનથી પણ સ્થૂલિભદ્ર ચળ્યા નહીં**

**સ્થૂલિભદ્રના બ્રહ્મચર્યની દૃઢતાનું દૃષ્ટાંત –** સ્થૂલિભદ્ર ગુરુની આજ્ઞા લઈ, નમીને ચોમાસુ કરવા કોશા વેશ્યાને ઘેર ગયા. તેમને આવતાં જોઈ કોશા અતિ અતિ હર્ષિત થઈ અને સામે આવીને પગમાં પડી. તેની આજ્ઞા લઈ સ્થૂલિભદ્ર તેની ચિત્રશાળામાં ચાતુર્માસ રહ્યા. તે હમેશાં ષટ્રસનો આહાર કરે છે, સમય પણ વર્ષાઋતુનો છે, નિવાસ ચિત્રશાળામાં છે, પ્રીતિ કોશાની છે, અને પરિચય બાર વર્ષનો છે. વળી નેત્ર અને મુખનો વિલાસ, હાવભાવ, ગાન, તાન, માન, વીણાને મૃદંગના મધુર શબ્દો સહિત નાટ્યવિનોદ વિગેરે નાના પ્રકારના વિષયોને સ્થૂલિભદ્ર આગળ પ્રગટ કરતી અને પોતાનો હાવભાવ બતાવતી કોશા કહે છે કે – હે સ્વામિન્! આ ત્યાગ સાધવાનો સમય નથી, માટે મારી સાથે યથેચ્છ વિષયસુખ ભોગવી તેનો સ્વાદ લ્યો. ફરીથી આ મનુષ્યજન્મ પામવો દુર્લભ છે અને આ યૌવન પણ દુર્લભ છે. પાછળથી વૃદ્ધાવસ્થામાં તપ કરવો તે ઉચિત છે.' તે સાંભળી સ્થૂલિભદ્ર બોલ્યા – 'હે ભદ્રે! અપવિત્ર અને મળમૂત્રનું પાત્ર એવા કામિનીના શરીરનો ઉપભોગ કરવાને કોણ ઇચ્છે? આવા પ્રકારના ઉપદેશથી બુઝીને કોશા વેશ્યા બોલી : હે સ્વામીન્! મારો હવે ઉદ્ધાર કરો. પછી સ્થૂલિભદ્રમુનિ પાસે સમ્યક્ત્વ સહિત બારવ્રત અંગીકાર કરીને તે કોશા પરમ શ્રાવિકા થઈ. (પૃ.૧૨૬)



## ૪૦૩. વિરહગ્રંથ ગૂંથુ નહીં. (મુ૦ગૃ૦બ્ર૦)

હાલમાં સ્ટેશનો ઉપરના સ્ટોલોમાં કે દુકાનોમાં વેચાતી વિરહવેદનાને દર્શાવતી મોહમયી નવલકથાઓ, ઉપન્યાસો કે મનહર કહાનીઓ જેવા વિરહગ્રંથ ગૂંથુ નહીં. કારણ તેથી મોહની વૃદ્ધિ થાય છે. અંતરાત્મામાં અનાદિના મોહના સંસ્કાર તો ભરેલા જ છે, તેમાં વળી આવા પુસ્તકો વાંચવાથી મોહ ભભૂકી ઊઠે.

**'પ્રજ્ઞાવબોધ'માં :–** આ વિષે જણાવે છે કે –

**''મહામોહથી મીઠા લાગે જગજીવોને ભોગો,**
**કલ્પિત કથા મોહી જન જોડે; અપથ્ય વધારે રોગો,**
**અહોહો ! પરમ શ્રુત ! ઉપકાર ! ભવિને શ્રુત પરમ આધાર''** (પૃ.૩૦)

**અર્થ** – જગતવાસી જીવોને મહામોહથી પાંચ ઇન્દ્રિયના વિષયો મીઠા લાગે છે અને તેમાં વળી મોહી પુરુષો કલ્પિત કથાઓ લખીને તે મહામોહમાં વૃદ્ધિ કરે છે. આમ કરવાથી અપથ્ય આહાર વડે જેમ રોગની વૃદ્ધિ થાય, તેવું કરે છે.

## ૪૦૪. અયોગ્ય ઉપમા આપું નહીં. (મુ૦ગૃ૦બ્ર૦ઉ૦)

આ સ્ત્રી મૃગાંક્ષી જેવી છે. એનું વદન ચંદ્રમા સમાન છે. એનું મુખ તો કમળ જેવું છે. ચાલ ગજગામિની જેવી છે. એવી મોહ પોષક અયોગ્ય ઉપમા આપું નહીં. મળમૂત્રની ખાણ સમા આ દેહને આવી ઉપમાઓ આપી આત્માને બંધન કરું નહીં.

## ૪૦૫. સ્વાર્થ માટે ક્રોધ કરું નહીં. (મુ૦ગૃ૦)

પોતાનો સ્વાર્થ સાધવા કોઈ ઉપર કોપાયમાન થાઉં નહીં, પણ ફરી ફરી વિચારી ક્ષમાભાવનો જ અભ્યાસ કરું.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :– કડવા ફળ છે ક્રોધના જ્ઞાની એમ બોલે**

**અચ્ચંકારીભટ્ટાનું દૃષ્ટાંત –** ક્ષિતિપ્રતિષ્ઠિતપુરમાં ધન્ના નામનો શેઠ રહેતો હતો. તેને આઠ પુત્રો ઉપર એક પુત્રી થઈ. તેના પ્રત્યે અત્યંત પ્રેમના કારણે કોઈ તેને ચૂંકારો પણ કરતું નહીં. યુવાવસ્થામાં તેનું સુંદર રૂપ જોઈ મંત્રીએ તેની માગણી કરી. ત્યારે શેઠે કહ્યું કે એને ચૂંકારો પણ કરવો નહીં. તે સાંભળી મંત્રીએ એ વચન માન્ય કર્યું. તેથી તેની સાથે લગ્ન કર્યા. પછી ભટ્ટાએ મંત્રીને કહ્યું : તમારે કોઈ દિવસ પણ સૂર્યાસ્ત પછી ક્યાંય જવું નહીં. નહીં તો મારી પ્રીતિ તમારા ઉપર રહેશે નહીં.

એક દિવસ રાજાના દરબારથી મંત્રી રાત્રે મોડો આવ્યો. તે જ્યારે ઘેર આવ્યો કે અચ્ચંકારીભટ્ટા ગુસ્સામાં દરવાજો ખોલી મંત્રીની નજર ચૂકવી, ઘરની બહાર નીકળી પિતાના ઘર તરફ ચાલી. રસ્તામાં ચોરોએ તેને લૂંટી. વસ્ત્ર, દાગીના લઈ પલ્લીપતિને સોંપી. તેણે એને પોતાની સ્ત્રી થવા કહ્યું. પણ તેણે માન્યું નહીં. તેથી પલ્લીપતિ ઘણું દુઃખ આપવા લાગ્યો. ત્યારે તેણે કહ્યું કે મારા પ્રાણનો નાશ થશે તો પણ હું મારા શીલનું ખંડન કરવાની નથી. તો પણ તે સમજ્યો નહીં. તેથી તેને બોધ આપવા એક દૃષ્ટાંત કહ્યું :

**તેજોલેશ્યાવાળા તાપસનું દૃષ્ટાંત –** ''કોઈ એક તેજોલેશ્યાની સિદ્ધિવાળો તાપસ કોઈ વૃક્ષ નીચે બેઠો હતો. તેના મસ્તક પર એક બગલીએ ચરક કરી. તેથી કોપ કરીને તે તાપસે તે પક્ષીપર તેજોલેશ્યા મૂકી તેને બાળી નાખ્યું. પછી તેણે વિચાર્યું કે 'જે કોઈ મારી અવજ્ઞા કરશે તેને હું તેજોલેશ્યાથી



બાળી નાખીશ.' એમ વિચારી તે તાપસ ભિક્ષાને માટે કોઈ શ્રાવકને ઘેર ગયો. તે શ્રાવકની પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની સેવામાં વ્યગ્ર હતી; તેથી તે તાપસને ભિક્ષા દેવા જરા વિલંબ કરીને આવી. એટલે કોપ કરીને તેણે તેણીના પર તેજોલેશ્યા મૂકી, પરંતુ શીલના પ્રભાવથી તે બળી નહીં. તે વખતે તેણીએ કહ્યું કે 'હે તાપસ! હું તે બગલી નથી.' તે સાંભળી વિસ્મય પામીને તાપસે પૂછ્યું કે 'અરણ્યમાં થયેલી એ વાત તેં શી રીતે જાણી?' તેણીએ કહ્યું કે 'આ પ્રશ્નનો જવાબ તને વારાણસીપુરીનો કુંભાર આપશે.' તે સાંભળીને તાપસે ત્યાં જઈ તે કુંભારને પૂછ્યું. ત્યારે તે બોલ્યો કે 'તે સ્ત્રીને તથા મને શીલના પ્રભાવથી જ્ઞાન ઉત્પન્ન થયું છે તેથી અમે બન્નેએ તે વાત જાણી છે. માટે હે તાપસ તું પણ શીલ પાળવામાં યત્ન કર.' તે સાંભળીને તાપસ આશ્ચર્ય પામી શીલની પ્રશંસા કરી ત્યાંથી સ્વસ્થાને ગયો.''

આ પ્રમાણેનુ દૃષ્ટાંત સાંભળી પલ્લીપતિ શાપના ભયથી ભય પામી તેને નીચ જાતિમાં વેચી. તેણે પણ પોતાની સ્ત્રી થવા કહ્યું. પણ ભટ્ટાએ માન્યું નહીં. તેથી તેને દુઃખી કરવા તેના શરીરમાંથી રુધિર કાઢવા લાગ્યો. તેના ફળસ્વરૂપ તેને પાંડુરોગ થયો. તો પણ પોતાના શીલનું ખંડન કર્યું નહીં. એક દિવસ અચ્ચંકારી ભટ્ટાનો ભાઈ ત્યાં આવ્યો. પોતાની બેનને જોઈ પૈસા આપી તેને છોડાવી અને તેના પતિ મંત્રીને પાછી સોંપી. ક્રોધનું અત્યંત માઠું ફળ જાણી તેણીએ હવે ક્રોધ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી.

એકવાર તેજ નગરમાં મુનિ કોઈ કારણસર દાઝી જવાથી બે મુનિ તેમનું ઔષધ કરવા અર્થે કિંમતી લક્ષપાક તેલ લેવા માટે ભટ્ટાને ઘેર આવ્યા. ભટ્ટાએ હર્ષિત થઈ દાસીને તેલનો ઘડો લાવવા કહ્યું: આ સમયે સ્વર્ગમાં ઇન્દ્રે સભા સમક્ષ ભટ્ટાની પ્રશંસા કરી કે ''હાલમાં પૃથ્વી પર અચ્ચંકારી ભટ્ટાના જેવું કોઈ પણ ક્ષમાવાન નથી.'' નાસ્તિક દેવને તે વાત પર શ્રદ્ધા ન આવવાથી જે દાસી લક્ષપાક તેલનો કુંભ લાવતી હતી તે કુંભને દૈવી શક્તિથી હાથમાંથી પડાવી ફોડી નાખ્યો. ક્રોધ કર્યા વગર ભટ્ટાએ બીજો મંગાવ્યો. તે પણ ફોડી નંખાવ્યો. ત્રીજો પણ ફોડી નાખવાથી ચોથો ઘડો ભટ્ટા જાતે જઈ લઈ આવી. પણ શીલના પ્રભાવથી દેવતા હવે ફોડી શક્યો નહીં. તેથી દેવતાએ પ્રગટ થઈ તેની પ્રશંસા કરી તથા સુવર્ણની વૃષ્ટિ કરી તે સ્વસ્થાને ગયો. ભટ્ટા શ્રાવકધર્મનું પાલન કરી સમાધિમરણ સાધી દેવલોકે ગઈ. ત્યાંથી ચ્યવી મોક્ષપદને પામશે. આ કથા સાંભળીને ભવ્યોએ ક્રોધના કડવાં ફળ જાણી કોઈ પણ અર્થે ક્રોધ કરવો નહીં, જેથી મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ થાય.



## ૪૦૯. વાદયશ પ્રાપ્ત કરું નહીં. (ઉ૰)

વાદવિવાદ કરીને વાદમાં કોઈને હરાવી યશ પ્રાપ્ત કરું નહીં. તેમ કરવાથી માનકષાયમાં ઉત્સૂત્ર પ્રરૂપણા પણ થઈ જાય તો ઘણું રઝળવું પડે. તે વિષે દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે –

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'ના આધારે :— માન કષાય વડે કરેલી ઉત્સૂત્ર પ્રરૂપણા**

**રોહગુપ્તનું દૃષ્ટાંત** — અંતરિકાપુરીના ઉપવનમાં શ્રી ગુપ્ત આચાર્ય ગચ્છ સહિત રહ્યા હતા. ત્યાં બલશ્રી નામે રાજા રાજ્ય કરતો હતો. આચાર્યનો શિષ્ય રોહગુપ્ત બીજા ગામથી ગુરુને વાંદવા માટે તે



નગરીમાં આવ્યો. ત્યાં એક તાપસ લોહના પાટાથી પોતાનુ પેટ બાંધીને હાથમાં જાંબુના વૃક્ષની શાખા રાખીને ફરતો હતો. તે જોઈ લોકોએ પૂછ્યું કે આ શું છે? તાપસ બોલ્યો મારું પેટ જ્ઞાનથી ભરાઈ ગયું છે, તે ફાટી ન જાય તે માટે આ લોખંડનો પાટો બાંધ્યો છે. આખા જંબુદ્વીપમાં મારો પ્રતિવાદી કોઈ નથી, તેથી આ જાંબુવૃક્ષની ડાળ લઈને ફરું છું. એમ આખી નગરીમાં પડહ વગડાવ્યો. તે પડહને નગરીમાં પ્રવેશ કરતા રોહગુપ્તે જોયો અને તેની ઘોષણા સાંભળી. તેથી હું તેની સાથે વાદ કરીશ, એમ કહીને તે પડહને નિવારણ કર્યો. પછી ગુરુ પાસે આવીને વંદન કર્યું તથા વાદ કરવાનું કબૂલ કર્યાનો ગુરુને વૃત્તાંત કહ્યો. ગુરુએ કહ્યું કે 'તેં સારું કર્યું નહીં. આ વાદી ઘણી વિદ્યાથી ભરપૂર છે. વાદમાં પરાભવ પામે તો મંત્રવિદ્યાથી પ્રતિવાદીને ઉપદ્રવ કરે. તે વિદ્યા આ પ્રમાણે છે.' :— તે તાપસ વિદ્યા વડે અતિ ઉત્કટ એવા વીંછી, સર્પ, ઉંદર, મૃગ, સૂવર, કાગડા અને સમડીઓ વિગેરે વિકુર્વી શકે છે.

તે સાંભળીને રોહગુપ્તે કહ્યું કે - 'હવે ક્યાં નાસીને જવાય એમ છે? જે થવાનું હોય તે થાય.'

ગુરુએ કહ્યં - 'જો એવો જ નિશ્ચય હોય તો માત્ર પાઠ ભણવાથી જ સિદ્ધ થાય એવી, અને તે વિદ્યાને નાશ કરનારી સાત વિદ્યાઓ તું ગ્રહણ કર.' જેથી તેની વિદ્યાને બાધ કરનાર મોર, નોળિયો, બિલાડા, વાઘ, સિંહ, ઘુવડ અને બાજ પક્ષીઓ ઉત્પન્ન થશે. તે વિદ્યાઓની સાથે એક ઓઘો મંત્રીને ગુરુએ આપ્યો અને કહ્યું કે તાપસ તને ઉપદ્રવ કરે તો એ ઓઘો માથા ઉપર ફેરવવો જેથી તને કોઈ ઇન્દ્ર પણ જીતી શકશે નહીં.'

પછી રોહગુપ્ત સભામાં ગયો. ત્યાં તાપસે વિચાર્યું કે આ સાધુઓ ઘણા નિપુણ હોય છે. તેથી તેમના પક્ષનો જ આશ્રય કરીને બોલું કે તે નિવારી શકે નહીં. એમ વિચારી તાપસ બોલ્યો કે આ દુનિયામાં જીવ અને અજીવ એમ બે રાશિ છે; જેમ ધર્મ અને અધર્મ, દ્રવ્ય અને ભાવ વગેરે છે તેમ. ત્યારે રોહગુપ્તે વાદીનો પરાભવ કરવા માટે પોતાનો સાચો પક્ષ છોડી દઈને તેને અસત્ય ઠરાવવા માટે કહ્યું કે દુનિયામાં જીવ અજીવ અને નોજીવ એવી ત્રણ રાશિ જોવામાં આવે છે. ગરોળીની કપાયેલી પૂંછડી વગેરે નોજીવ છે. અને ચારે ગતિમાં રહેલી જીવ રાશિ છે અને પરમાણુ તે અજીવ રાશિ છે. ઇત્યાદિ અનેક યુક્તિઓ વડે તેણે તાપસનો પરાજય કર્યો.

તેથી તાપસે ક્રોધ કરીને રોહગુપ્તનો નાશ કરવા માટે આગળ જણાવેલી સાતે વિદ્યાઓ મૂકી. તેની સામે રોહગુપ્તે તેની પ્રતિપક્ષ ગુરુએ આપેલી વિદ્યાઓ મૂકવાથી તેનો જય થયો. તેથી તાપસે ક્રોધ પામીને રાસભી એટલે ગધેડી વિદ્યા મૂકી, તેને આવતી જોઈને સાધુએ ગુરુએ આપેલો ઓઘો પોતાના શરીરની ચારે બાજુએ ફેરવ્યો તેથી તેના પ્રભાવે તે રાસભી વિદ્યા પાછી ફરીને તે તાપસ ઉપર જ મળમૂત્ર કરીને જતી રહી. સભાના લોકોએ રાજાના કહેવાથી તાપસને ગામ બહાર કાઢી મૂક્યો.

રોહગુપ્તે ગુરુ પાસે આવીને બધી હકીકત કહી સંભળાવી ત્યારે ગુરુએ કહ્યું કે તેં તાપસને જીતી લીધો તે સારું કર્યું. પણ સભામાંથી ઊઠીને આવતાં તેં એમ કેમ ન કહ્યું કે માત્ર વાદીને જીતવા માટે જ મેં ત્રણ રાશિનું સ્થાપન કર્યું છે. પણ વાસ્તવિક રીતે તો બે રાશિ જ છે. હજી પણ સભામાં જઈને કહી આવ કે રાશિ બે જ છે. ત્યારે રોહગુપ્ત કહેવા લાગ્યો કે આચાર્ય! મારું કહેવું પણ સત્ય જ છે. કેમકે ગરોળીનું પૂંછડુ તે તો નોજીવ છે. ગુરુએ ઘણો સમજાવ્યો પણ તે સમજ્યો જ નહીં.

આ વિષે રાજસભામાં ગુરુ અને શિષ્ય વચ્ચે છ મહિના સુધી વાદ્‌વિવાદ ચાલ્યો. તો પણ તેણે



દુરાગ્રહ છોડ્યો નહીં. તેથી ગુરુએ તેને ગચ્છ બહાર કર્યો. રાજાએ પણ ગામમાં ઉદ્‌ઘોષણા કરાવી કે ગુરુનો પ્રતિપક્ષી થયેલ રોહગુપ્તને જે માન્ય કરશે તે રાજદ્રોહી ગણાશે.

આશ્ચર્ય! માન કષાય કેવો તીવ્ર છે કે જેના માટે જીવ ઉત્સૂત્ર પ્રરૂપણા પણ કરી બેસે; તે વિચારવા જેવું છે. તેથી વાદવિવાદ કરીને યશ મેળવવાની ઇચ્છા રાખું નહીં. (પૃ.૨૧૬)

## ૪૦૭. અપવાદથી ખેદ કરું નહીં.

અપવાદ એટલે નિંદા અથવા અવર્ણવાદ. કોઈ આપણા વિશે ખરાબ બોલે, નિંદા કરે તો પણ ખેદ કરું નહીં; સમભાવ રાખું.


**''નિંદક નિયરે રાખીએ, આંગન કુટિ છવાય;**
**બિન પાની સાબુન બિના, નિર્મળ કરે સુભાવ.''**

**અર્થ :** આપણા નિંદકને ઘરના આંગણામાં ઝૂંપડી બનાવીને રાખવો જોઈએ. કેમકે તે સાબુ અને પાણી વિના જ આપણા સ્વભાવને નિર્મળ બનાવે છે.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''પ્રભુશ્રીજી કહેતા કે કોઈ છ મહિના ઉપવાસનું તપ કરે અને કોઈ પોતાને ગાળો ભાંડતો હોય તેને છ મહિના સુધી સમભાવથી સહન કરે એનું છ મહિનાના ઉપવાસ કરતાં વધારે ફળ થાય છે, કેમકે, તપ કરીને પણ કરવાનું તો એ જ છે.'' (પૃ.૧૫૦)

**'ઉપદેશમાળા'ના આધારે :–**

**પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત –** પ્રસન્નચંદ્ર રાજર્ષિ વાદળાનું સ્વરૂપ જોઈને વૈરાગ્ય પામ્યા. તેથી પોતાના પાંચવર્ષના બાળકને ગાદી ઉપર બેસાડીને દીક્ષા ગ્રહણ કરી. વિહાર કરતા કરતા રાજગૃહી નગરીના ઉદ્યાનમાં કાયોત્સર્ગ મુદ્રા ધારણ કરીને ઊભા રહ્યા. તે અવસરે ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. ત્યારે શ્રેણિકરાજા મોટા સૈન્ય સાથે પ્રભુને વાંદવા ચાલ્યા. તે સૈનિકોમાં મુખ્ય સુમુખ અને દુર્મુખ નામના બે સૈનિકો ચાલતા હતા. તેઓએ પ્રસન્નચંદ્ર મુનિને જોયા. તેમાંથી સુમુખે કહ્યું કે આ મુનિ ધન્ય છે કે જેણે આવી મોટી રાજલક્ષ્મીને તજી સંયમરૂપી સમૃદ્ધિ ગ્રહણ કરેલ છે. એના નામમાત્રનો ઉચ્ચાર કરવાથી પાપ જાય તો પછી એની સેવા કરવાથી પાપ જાય તેમાં શું નવાઈ? પછી દુર્મુખ બોલ્યો કે અરે! આ મુનિ તો અધન્ય છે, મહાપાપી છે. તું એને વારંવાર શા માટે વખાણે છે? એના જેવો પાપી તો કોઈ નથી. ત્યારે સુમુખે ચિંતવ્યું કે અહો! દુર્જનનો સ્વભાવ જ આવો હોય છે. જે ગુણોમાંથી પણ દોષને જ ગ્રહણ કરે છે.



સુમુખે કહ્યું કે હે દુર્મુખ! તું આ મુનિશ્વરને શા માટે નિંદે છે? દુર્મુખે કહ્યું કે અરે! તેનું નામ પણ લેવા જેવું નથી. કારણ આ મુનિ તો પોતાના પાંચ વર્ષના બાળકને રાજ્ય આપીને દીક્ષા લીધી. પરંતુ વૈરીઓ તે બાળકને હણીને રાજ્ય લઈ લેશે. એ સાંભળી પ્રસન્નચંદ્ર મુનિના મનમાં ખેદ થયો કે મારા જીવતાં જ મારા બાળકને મારીને રાજ્ય લઈ લેશે, તેથી અંતરમાં જ લડાઈ ચાલું થઈ ગઈ. શ્રેણિક રાજા



હાથી ઉપર બેસીને ભગવાન પાસે જતાં રસ્તામાં આ મહામુનિને જોઈ નીચે ઊતર્યા અને વાંદીને પછી ભગવાન પાસે ગયા. ત્યારે પ્રસન્નચંદ્રમુનિના અંતરમાં ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. મનમાં લડતાં લડતાં બધા શસ્ત્રો ખલાસ થવાથી માથાનો મુકુટ લેવા ગયા ત્યાં માથું તો મુંડન થયેલું જાણ્યું. ત્યાં વિચારધારા પલટાવા લાગી. ત્યાં શ્રેણિક મહારાજાએ ભગવાનને પૂછ્યું હે પ્રભુ! પ્રસન્નચંદ્ર મુનિને મેં વાંદ્યા તે વખતે તે કાળધર્મ પામે તો ક્યાં જાય? ભગવાને કહ્યું કે સાતમી નરકે. એમ થોડી થોડી વારે પૂછતાં ભગવાને કહ્યું : છઠ્ઠી, પાંચમી, ચોથી, ત્રીજી, બીજી અને પહેલી. પછી અનુક્રમે પહેલાં દેવલોક બીજો વગેરે પામે અને થોડીવારમાં તો તેમને કેવળજ્ઞાન થવાથી દેવદુંદુભી વાગી. ત્યારે શ્રેણિકરાજાએ પૂછ્યું કે દેવદુંદુભી કેમ વાગી? ભગવાને કહ્યું : પ્રસન્નચંદ્ર મુનિને કેવળજ્ઞાન ઊપજ્યું છે.

તેમ આપણા પણ કોઈ અપવાદ બોલે કે નિંદા કરે તો પણ મનમાં ખેદ કરું નહીં. ખેદ થાય તો મારા જ આ ભવના કે પરભવના કરેલ કર્મનું આ ફળ છે એમ વિચારી ખેદને દૂર કરવા પ્રયત્ન કરું. (પૃ.૪૧)

## ૪૦૮. ધર્મદ્રવ્યનો ઉપયોગ કરી શકું નહીં. (ગૃ૦)

દેવ દ્રવ્યનો પોતા માટે ઉપયોગ કરું નહીં. નહિં તો ભવોભવ પરિભ્રમણ કરવું પડશે.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :–** ''અક્ષત વિગેરે દેવદ્રવ્યને ભક્ષણ કરનારા દુઃખ પામે છે, તેથી વિવેકી પુરુષોએ દેવદ્રવ્યનું યત્નથી રક્ષણ કરવું.'' આનો સ્પષ્ટાર્થ દૃષ્ટાંતથી જાણવો.

### મંદિરમાંથી દેવતાઈ ચોખા લાવી રાંધવાથી બનેલ અશુદ્ધ આહાર

**શુભંકર શ્રેષ્ઠીનું દૃષ્ટાંત –** કાંચનપુર નામના નગરમાં શુભંકર નામે ધનાઢ્ય શ્રેષ્ઠી વસતો હતો. તે નિત્ય જિનપૂજા અને ગુરુવંદના કરતો હતો. એક વખતે તે જિનમૂર્તિ આગળ નમીને ઊભો હતો. તે સમયે કોઈ દેવતાએ ભગવંતની આગળ દિવ્ય અક્ષતના ત્રણ ઢગલા પૂર્વે કરી રાખેલા તે તેના જોવામાં આવ્યા. તે રાંધ્યા વગરના છતાં અત્યંત સુગંધ આપતા હતા. તે જોઈને જીભના સ્વાદને વશ થયેલા શુભંકર શેઠે પોતાને ઘરેથી તેનાથી ત્રણ ગણા બીજા ચોખા મંગાવીને ત્યાં મૂક્યા અને તે દિવ્ય ચોખા પોતાને ઘેર લઈ જઈ તેની ખીર કરાવી. તે વખતે સુગંધ સર્વત્ર પ્રસરી રહી.

તેવામાં કોઈ માસક્ષમણના પારણા માટે મુનિ પધાર્યા તેમને તે ક્ષીર વહોરાવી. તે ક્ષીરનું પાત્ર ઝોળીમાં મૂકવાથી મુનિના પરિણામમાં વિકૃતિ આવી ગઈ, અને વિચારવા લાગ્યા કે આ શ્રેષ્ઠીને ધન્ય છે કે આવું મનોહર ભોજન નિત્ય ખાય છે. આવું દુર્ધ્યાન કરતા ગુરુ પાસે આવ્યા. હવે ગુરુને બતાવીશ તો બધું ખાઈ જશે, એમ વિચારી ગુરુને બતાવ્યા વગર જ મુનિ સત્વર ભોજન કરવા બેઠા. આનો સ્વાદ દેવતાને પણ દુર્લભ છે એમ ચિંતવતા સતા તે આહાર જમીને સુખે સૂઈ ગયા. આવશ્યક ક્રિયાના સમયે પણ ઊઠ્યા નહીં.

પ્રાતઃકાળે શુભંકર શ્રાવક ગુરુને વાંદવા આવ્યો. ત્યાં તે મુનિને સૂતેલા જોઈને કારણ પૂછ્યું એટલે સૂરિ બોલ્યા, કાલે આ મુનિ આહાર કરીને સૂતા છે તે ઊઠાડ્યા પણ ઊઠ્યા નથી. શેઠ બોલ્યા મારા ઘેરથી જ આહાર લઈને આવ્યા છે. ત્યારે ગુરુએ કહ્યુંઃ આહાર શુદ્ધ હતો કે અશુદ્ધ? શ્રાવક કહે અશુદ્ધ આહાર મારા જાણવામાં આવ્યો નથી. પણ મંદિરમાંથી ચોખા લાવ્યા હતા અને પાછા ત્રણ ગણા તેના બદલામાં મૂકી દીધા છે. ત્યારે ગુરુએ કહ્યું કે એજ કારણ છે. દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી અનંત સંસાર વધે છે. તેના વિષે એક દૃષ્ટાંત છે તે સાંભળ –



**જિનચૈત્યની ઈંટો ઘરમાં આવવાથી બનેલ નિર્ધન.**

**એક શેઠનું દૃષ્ટાંત –** કોઈ નગરમાં એક દ્રવ્યવાન શેઠ રહેતો હતો. તે પોતાના એક પડોશીને નિરંતર પીડા કરતો હતો; તેથી તે નિર્ધને વિચાર્યું કે 'કોઈપણ પ્રકારે આ ધનાઢ્ય શ્રેષ્ઠી મારા જેવો નિર્ધન થાય તેમ કરું.' એકદા તે શ્રેષ્ઠી નવું ઘર ચણાવતો હતો તે જોઈ પેલા નિર્ધને જિનચૈત્યની ઇંટોના ખંડ લાવી ગુપ્ત રીતે તેમાં ચણી દીધા. દેવદ્રવ્યનો ઉપયોગ થવાથી તે ધનાઢ્ય શ્રેષ્ઠી અનુક્રમે તે ઘરમાં રહેવાથી નિર્ધન થઈ ગયો. અન્યદા પેલા નિર્ધને કહ્યું-'મને વિડંબના કરવાનું ફળ તેં આવું પ્રાપ્ત કર્યું; આ બધું મારું કૃત્ય જાણજે.' પછી તે શ્રેષ્ઠીએ સામવાક્યથી તેને સંતુષ્ઠ કર્યો. એટલે તેણે પોતાનું કરેલું કૃત્ય જણાવ્યું. તે જાણી શ્રેષ્ઠીએ ઘરની ભીંતમાંથી પેલા ઇંટોના ખંડ કાઢી નખાવ્યા અને તેના પ્રાયશ્ચિત્તમાં એક નવું ચૈત્ય કરાવ્યું. પછી તે પાછો સુખી થયો.

આ પ્રમાણેની કથા કહી સૂરિએ કહ્યું કે – હે શ્રેષ્ઠી! તેં દેવદ્રવ્ય ભક્ષણ કર્યું છે તેથી તને મોટું પાપ લાગ્યું છે. તે સાંભળી ભય પામેલો શ્રેષ્ઠી બોલ્યો કે મારે ગઈકાલે જ ઘણા દ્રવ્યની હાનિ થઈ છે. ગુરુએ કહ્યું કે તમારું તો બાહ્ય ધન ગયું પણ આ મુનિનું તો અંતરંગ ધન ગયું. તેથી મુનિને આલોચના, રેચ વગેરે આપીને શુદ્ધિ કરાવી. પછી ગુરુએ શેઠને પણ કહ્યું કે તારા ઘરમાં અત્યારે જેટલું દ્રવ્ય છે તે વડે જિન ચૈત્ય કરાવવું. પછી શેઠે તે પ્રમાણે કર્યું. (પૃ.૧૫૧)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ–૩'માંથી :– દેવ દ્રવ્યનો ઉપયોગ કરવાથી બનેલ ઊંટડી**

''શ્રાવકે દેવ સમક્ષ દીપક કરીને તે દીપક વડે ઘરમાં અગ્નિ પણ સળગાવવો નહીં.''

**ઊંટડીનું દૃષ્ટાંત –** ઇંદ્રપુર નામના નગરમાં દેવસેન નામે એક ધનાઢ્ય શ્રેષ્ઠી રહેતો હતો. તેને ઘેર એક ઊંટડી હમેશાં આવતી હતી. ભરવાડ તેને મારીને પોતાને ઘેર લઈ જતો હતો, છતાં પુનઃ તે ઊંટડી પેલા શેઠને ઘેર આવતી હતી. એક વખતે શેઠે ગુરુને પૂછ્યું – 'આ ઊંટડી મારે જ ઘેર પ્રીતિથી આવે છે તેનું શું કારણ?' સૂરિ બોલ્યા- ''આ ઊંટડી પૂર્વભવે તારી માતા હતી તે પ્રતિદિન જિનેશ્વરની આગળ દીવો કરીને પછી તે દીવાવડે ઘરના કામ કરતી અને ધૂપના અંગારાવડે ચૂલો સળગાવતી હતી. તે પાપથી આ ભવે તે ઊંટડી થઈ છે. પૂર્વભવે તારી માતા હોવાથી તને પુત્રને અને પોતાના ઘરને જોઈ તે તારે ઘેર આવવાથી ખુશી થાય છે. હવે તું તેની પાસે જઈ તેને પૂર્વભવના નામથી બોલાવી તેના કાનમાં દેવદ્રવ્યને વિનાશ કરવાની હકીકત કહીશ તો તે જાતિસ્મરણ અને બોધ પામશે.'' શેઠે ગુરુના કહેવા પ્રમાણે કર્યું એટલે તત્કાળ જાતિસ્મરણ જ્ઞાન પામી, પછી ગુરુની સાક્ષીએ સચિત્ત વિગેરેનો નિયમ લઈ, મનના પશ્ચાત્તાપવડે પૂર્વના પાપ બાળી દઈ તે ઊંટડી દેવપણાને પ્રાપ્ત થઈ. (પૃ.૧૫૩)

**ધર્માર્થે બોલેલું દ્રવ્ય શીઘ્ર આપી દેવું –** ''ચૈત્ય નિમિત્તે બોલેલું કે આપવા કહેલું દ્રવ્ય સત્વર આપી દેવું અને શુદ્ધ બુદ્ધિથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી.'

આનો ભાવાર્થ એવો છે કે દેવદ્રવ્ય એક ક્ષણ પણ રાખવું નહીં. બીજાનું કરજ હોય તે આપવામાં પણ વિવેકી પુરુષો જ્યારે સર્વથા વિલંબ કરતા નથી તો પછી દેવદ્રવ્ય આપવામાં તો કેમ જ વિલંબ કરે? જો તુરત આપવાને અસમર્થ હોય તો પ્રથમથી જ પખવાડિયા કે અઠવાડિયા પછી આપવાનો સ્ફુટ રીતે અવધિ કરવો. પછી તે અવધિનું ઉલ્લંઘન થાય તો પૂર્વોક્ત દેવદ્રવ્યના ઉપભોગના દોષનો પ્રસંગ આવે. વિલંબ કરવાથી સારા શ્રાવકને પણ દુર્ગતિ પ્રાપ્ત થાય છે. તે વિષે નીચેનું દૃષ્ટાંત જાણવું.



## જિર્ણોદ્ધારમાં બોલેલ દ્રવ્ય ન અપાતાં થયેલી દુર્દશા

**ઋષભદત્ત શ્રેષ્ઠીનું દૃષ્ટાંત –** મહાપુર નગરમાં ઋષભદત્ત નામે પરમ આર્હત્ શ્રેષ્ઠી રહેતો હતો. એક વખતે પર્વ દિવસે તે ચૈત્યમાં ગયો. ત્યાં શ્રાવકો જીર્ણ ચૈત્યના ઉદ્ધાર માટે એક ટીપ કરતા હતા. તેમાં ઋષભદત્ત પાસે દ્રવ્ય નહીં હોવાથી ઉધારે આપવાનું કહી કાંઈક દ્રવ્ય નોંધાવ્યું. પછી અનેક કામની વ્યગ્રતાને લીધે તત્કાળ તે આપી શકાયું નહીં. અન્યદા દૈવયોગે તેના ઘરમાં ચોરની ધાડ પડી. તેનું સર્વસ્વ લૂંટાઈ ગયું. તેમાં શેઠે ભય બતાવવા શસ્ત્ર હાથમાં લીધું એટલે ચોરોના શસ્ત્રઘાતથી હણાઈને તે મૃત્યુ પામ્યો અને તે જ નગરમાં રહેનારા કોઈ નિર્દય, દરિદ્રી અને કૃપણ એવા મહિષવાહકને ઘેર પાડો થયો. તે વ્યક્તિ નિરંતર પ્રત્યેક ઘેર તે પાડા પાસે જળ વિગેરેનો ભાર વહન કરાવવા લાગ્યો. તે નગરની બાંધણી ઊંચા ટેકરા ઉપર હોવાથી તે પાડાને અહોરાત્ર જળાદિ ભાર લઈને ઊંચે ચડવું પડતું હતું તેથી, નિરંતર ક્ષુધાતુર રહેવાથી અને તે સાથે ચાબુક વિગેરેના પ્રહારથી તે મહાવ્યથા પામતો હતો. એક વખતે કોઈ નવું ચૈત્ય બંધાતું હતું. તેના કિલ્લાને માટે તે જળ વહન કરવા ગયો. ત્યાં ચૈત્યપૂજા વિગેરે જોઈ તેને જાતિસ્મરણજ્ઞાન થયું, તેથી તે હૃદયથી ચૈત્યભક્તિ કરવા લાગ્યો. પછી જ્ઞાનીના વચનથી તેને પોતાના પિતાનો જીવ જાણી તેના પૂર્વભવના પુત્રે દ્રવ્ય આપીને તેને છોડાવ્યો અને પૂર્વભવે દેવું રહેલ દેવદ્રવ્ય હજારગણું આપીને તેને ઋણ વગરનો કર્યો. પાડો અનશન કરી સ્વર્ગે ગયો. એ પ્રમાણે દેવદ્રવ્ય આપવામાં વિલંબ કરવા વિષે દૃષ્ટાંત જાણવું.

દેવદ્રવ્ય વિનાશ પામતું જોઈ જે કોઈ તેની રક્ષા ન કરે તેને પણ દોષ લાગે છે. કહ્યું છે કે 'શ્રાવક જો દેવદ્રવ્ય ખાય અથવા તે ખવાઈ જતાં તેની ઉપેક્ષા કરે તો તે બુદ્ધિહીન થાય અને પાપકર્મવડે લેપાય.'' (પૃ.૧૫૪)

''દેવદ્રવ્યનું ભક્ષણ કરવામાં અહો! કેટલો દોષ! તે ઉપર મહાત્મા સાગર શ્રેષ્ઠીનું દૃષ્ટાંત દેવદ્રવ્યના રક્ષકોએ ધારી રાખવા યોગ્ય છે.''

**સાગરશ્રેષ્ઠીનું દૃષ્ટાંત – દેવદ્રવ્યના ભક્ષણથી હજારો ભવનું ભયંકર દુઃખ.** સાકેતનગરમાં સાગર નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને સુધર્મી (સારી નિષ્ઠાવાળો) જાણી, બીજા શ્રાવકોએ ચૈત્યદ્રવ્ય સોંપીને કહ્યું - ''આ દ્રવ્યમાંથી ચૈત્યનું કામ કરનારા સુતાર વિગેરે માણસોને તમારે પગાર ચૂકવવો.'' લોભથી પરાભવ પામેલો તે શેઠ સુતાર વિગેરે મજૂરોને રોકડું દ્રવ્ય ન આપતાં આટો, ગોળ વિગેરે ચીજો દેવદ્રવ્યથી સંગ્રહ કરીને આપવા લાગ્યો અને તેનો જે લાભ આવે તે પોતે રાખવા લાગ્યો; એવી રીતે કરતાં એક રૂપિયાનો એંશીમો ભાગ કાંકણી કહેવાય છે તેવી એક હજાર કાંકણી (સાડાબાર રૂપિયા) એકઠી કરી, પરંતુ એવી રીતના દ્રવ્યસંચયથી તેણે ઘોર દુષ્કર્મ બાંધ્યું. અંતકાળે આલોચના કર્યા વગર મૃત્યુ પામીને તે સમુદ્રમાં જળમનુષ્યપણું પામ્યો.

સમુદ્રમાં રહેલા જળચર જંતુઓના ઉપદ્રવ ટાળવા માટે જાતિવંત રત્નના ઇચ્છકોએ તેને માંસાદિકથી લોભાવી વજ્રની ઘંટીમાં નાખીને પીલી નાખ્યો અને તેના અંગમાંથી નીકળેલ અંડગોળી ગ્રહણ કરી. જળમનુષ્ય મૃત્યુ પામીને ત્રીજી નરકે ગયો. ત્યાંથી નીકળી પાંચસો ધનુષ્યના પ્રમાણવાળો મહામત્સ્ય થયો. ત્યાં માછીએ કરેલી કદર્થના વડે મૃત્યુ પામ્યો. મરીને ચોથી નરકે ગયો. એવી રીતે એક બે વિગેરે ભવને અંતરે સાતે નરકમાં બે બે વાર ઉત્પન્ન થયો.

દેવદ્રવ્યની એક હજાર કાંકણી દ્રવ્ય ખાધેલ હોવાથી તે આંતરે આંતરે અથવા આંતરા વિના



હજાર- વાર શ્વાન થયો. તેમજ એક હજાર ભવ ડુક્કરના, એક હજાર ભવ બકરાના, એક હજાર ભવ ગાડરના, એક હજાર ભવ મૃગલાના, એક હજાર ભવ સસલાના, એક હજાર ભવ સાબરના અને એક હજાર ભવ શૃંગાલના કર્યા. તેવી જ રીતે હજાર હજાર વખત માર્જાર, ઉંદર, ગરોળી, ઘો અને સર્પ થયો. પાંચ થાવર તથા વિકલેંદ્રિયમાં હજારો ભવ કરી એકંદર લાખો ભવ સંસારમાં ભમ્યો. તેમાં પણ પ્રાયે કરીને બધા ભવમાં શસ્ત્રઘાત વગેરેની પીડા સહન કરીને જ મૃત્યુ પામ્યો.

એવી રીતે ઘણા દુષ્કર્મો ક્ષીણ થવાથી વસંતપુરમાં કોટિધ્વજ એવા વસ્તુદત્ત શેઠને ઘેર પુત્ર થયો. તે ગર્ભમાં આવતાં જ તેના પિતાનું સર્વ દ્રવ્ય નષ્ટ પામી ગયું. જન્મને દિવસે પિતા મૃત્યુ પામ્યા અને પાંચ વર્ષનો થયો એટલે માતા મૃત્યુ પામી. આથી લોકોએ તેનું નિષ્પુણ્ય એવું નામ પાડ્યું. અનુક્રમે ભિખારી ને રાંકની જેમ તે મોટો થયો. એકદા તેના મામા તેને દયાથી પોતાને ઘેર લઈ ગયા. ત્યાં રાત્રે ચોરોએ તેનું ઘર લૂંટી લીધું. પછી તે અભાગિયો જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં અગ્નિ વિગેરે ઉપદ્રવ થવા લાગ્યા. એટલે લોકો તે આવે એટલે મહાઉત્પાત આવ્યો એમ કહેવા લાગ્યા. એવી અસહ્ય નિંદાથી ઉદ્વેગ પામીને તે દેશાંતર ગયો. અનુક્રમે તામ્રલિપ્તિ નગરીએ પહોંચી વિનયંધર નામના કોઈ ધનાઢ્ય શેઠને ઘેર તે સેવક થઈને રહ્યો. તે જ દિવસે તેના ઘરમાં આગ લાગી, એટલે તેણે તેને ઘરબહાર કાઢી મૂક્યો. તેથી કંટાળીને તે પોતાના પૂર્વકર્મને નિંદવા લાગ્યો. કહ્યું છે કે ''પ્રાણી કર્મ સ્વવશપણે કરે છે, પણ તેના ઉદયને વખતે તે પરવશ થાય છે.'' જેમ ઝાડ ઉપર માણસ સ્વેચ્છાએ ચડે છે, પણ પડે છે ત્યારે પરવશ થઈને પડે છે.''

આ પ્રમાણે ખિન્ન થયો સતો તે આમતેમ ભમવા લાગ્યો. તેવામાં કોઈ એક જ્ઞાની મુનિ તેના જોવામાં આવ્યા. તેને જોતાં જ વંદન કરીને તેણે પોતાના પૂર્વભવનું સ્વરૂપ પૂછ્યું. મુનિએ તેના પૂર્વભવનું સ્વરૂપ યથાર્થ કહી આપ્યું. તે સાંભળી દેવદ્રવ્યના ઉપભોગનું પ્રાયશ્ચિત્ત માંગ્યું. મુનિએ કહ્યું - 'પ્રથમ ઉપભોગમાં લીધેલા દેવદ્રવ્યથી અધિક દ્રવ્ય પાછું આપવું અને દેવદ્રવ્યની રક્ષા કરવી; તેથી દુષ્કર્મનો નાશ થશે.' પછી તેણે લીધેલા દેવદ્રવ્યથી હજારગણું દ્રવ્ય દેવભક્તિમાં આપવું અને તે પુરુ થતાં સુધી વસ્ત્ર, આહાર વિગેરે નિર્વાહ ઉપરાંત કાંઈ પણ દ્રવ્ય એકઠું કરવું નહીં.' એવો મુનિ પાસે નિયમ લીધો. ત્યારપછી તે જે વ્યાપાર કરે તેમાં ઘણું દ્રવ્ય ઉપાર્જન કરવા લાગ્યો અને તે દેવદ્રવ્યમાં વાપરવા લાગ્યો. એવી રીતે થોડા દિવસમાં તેણે પૂર્વે વાપરેલી હજાર કાંકણીને સ્થાને દશ લાખ કાંકણી દેવદ્રવ્યમાં આપી અને દેવનો અનૃણી થયો. પછી અનુક્રમે ઘણું દ્રવ્ય મેળવી પોતાના નગરમાં આવ્યો. ત્યાં તે મુખ્ય શેઠીઓ કહેવાયો. પછી નવાં ચૈત્ય કરાવવાં, દેવદ્રવ્યનું રક્ષણ કરવું, યોગ્ય યુક્તિથી તે વધારવું ઇત્યાદિ વડે અદ્‌ભુત પુણ્ય ઉપાર્જન કરી તેણે તીર્થંકરનામકર્મ બાંધ્યું. અવસરે દીક્ષા લઈ પહેલું અરિહંત સ્થાનક તપ વડે આરાધી, અર્હન્નામકર્મ નિકાચિત કર્યું. ત્યાંથી કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવતા થઈ ત્યાંથી ચ્યવી મહાવિદેહે ક્ષેત્રમાં અર્હંતની સમૃદ્ધિ ભોગવી સિદ્ધિપદને પ્રાપ્ત થયો.

''દેવદ્રવ્ય ગ્રહણ કરવાથી અત્યંત દોષ લાગે છે, એમ પૂર્વ સૂરિઓએ કહેલું છે તેને જાણીને શ્રાવક દેવદ્રવ્યની કિંચિત્ પણ સ્પૃહા કરતા નથી.'' (પૃ.૧૫૭)

## ૪૦૯. દશાંશ કે - ધર્મમાં કાઢું. (ગૃ૦)

જે પોતાની કમાણી હોય તેમાંથી દશમો ભાગ અથવા તેથી વિશેષ ધર્મકાર્યના ઉપયોગમાં વાપરું.



કેમકે દાનધર્મ વડે જીવ હલકો થાય છે. નહિં તો સુભૂમ ચક્રવર્તીની જેમ પરિગ્રહના ભારથી જીવ નરકે જઈ પડે છે. માટે યથાશક્તિ દાન કરું. તેના વિષે જણાવે છે -

**'ઉપદેશામૃત'માંથી :–**

**ભાવનગરના રાજાનું દૃષ્ટાંત –** ''મુનિ મોહનલાલજી — ભાવનગરનો એક રાજા બહુ જ દાન દેતો. તેની સયાજીવિજયમાં ટીકા થઈ કે આટલું બધું રાજાએ ખર્ચ ન કરવું જોઈએ. પણ તે ગણકાર્યું નહીં. થોડા દહાડા પછી તે રાજા મરણ પામ્યો. જે તેણે દાન કર્યું તે તેની સાથે ગયું ને? પાછળ પડી રહ્યું તેમાંથી તેના ખપનું કંઈ છે? દાન પુણ્યમાંય બે ભેદ છે. એકથી તો પુણ્યનો જોગ હોય ત્યારે પુણ્ય બંધાય; અને એક પુણ્ય ખપી જાય અને પાપ બંધાય. જેના જોગે નવું પુણ્ય બંધાય તે જ પુણ્યાનુબંધી પુણ્ય અને તે ખપનું છે.

પ્રભુશ્રી - તે ગાદી ઉપર બીજો રાજા આવ્યો. તે શિકારી અને પાપી હતો. તે ઊંઘમાં પણ હરણિયાં ભાળે અને ભય, ભય, અને ભય દેખે. તેણે સભામાં ડાહ્યા માણસો આગળ તે વાત જણાવી અને ચર્ચા થયે તેને ખાતરી થઈ કે પાપ કર્યા છે તે બધા તેને ઘેરી લે છે.'' (ઉ.પૃ.૩૦૯)

''અનંતકાળથી આ જીવને રખડાવનાર પાંચ ઇન્દ્રિયના વિષય અને ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાય છે. તેના જેવા બીજા કોઈ વેરી નથી. તેમાં ક્રોધ વડે પ્રીતિનો નાશ થાય છે, માને વિનયનો નાશ થાય છે, માયાથી મૈત્રીનો નાશ થાય છે; પણ લોભથી તો સર્વ વિનાશ પામે છે એવું સૂત્રમાં કહ્યું છે. તેથી, અનાદિકાળનો લોભ છૂટતો નથી તે ઓછો કરવાને અર્થે હે ભગવાન! જે આ સો સવાસો રૂપિયા મારા ગણતો હતો તેને હું તજુ છું, તે લોભપ્રકૃતિ છોડવાને અર્થે દાન કરું છું. પુણ્ય મળે કે સ્વર્ગનાં સુખ પરભવમાં પ્રાપ્ત થાય એ માટે હવે હું દાન નહીં કરું. કોઈ કૂતરાને બચકું રોટલો નાખું કે ભિખારીને મૂઠી દાળિયા આપું તે પણ હે ભગવાન! એટલો લોભ છોડવાને આપું. લોભ છૂટે તો જ અપાય છે. પણ જો ભિખારીને આપીને મનમાં પરભવમાં પામવાની ઇચ્છા રાખે તો તે દાન આપનાર પણ ભિખારી જ છે. કોઈ કરણી વાંઝ નથી હોતી, કરણીનું ફળ તો મળે છે. પણ જે લૌકિકભાવથી આજ સુધી દાન કર્યાં તેનું ફળ પામી દેવલોકની રિદ્ધિસિદ્ધિ ભોગવી પણ તે પુણ્ય ક્ષય થતાં પૃથ્વી, પાણી, વનસ્પતિ, પશુપંખી, નોળ-કોળ, કૂતરાબિલાડાનાં ભવ ધરી પરિભ્રમણ કરવું પડે છે. માટે કોઈ સંતના યોગે, હે ભગવાન! હવે જે દાનપુણ્ય કરું તે અલૌકિક દૃષ્ટિથી કરું, જન્મમરણથી છૂટવા કરું-એવી ભાવના કર્તવ્ય છે.'' (ઉ.પૃ.૩૩૨)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''દાન છે તે વાવવા જેવું છે. એક દાણો વાવે તો હજાર દાણા થાય.

મુનિને દાન કરે—શાસ્ત્રનું દાન, ઔષધદાન, અભયદાન, આહારદાન એ બધાં પુણ્યનાં કારણ છે. જેમાં પાપ થાય તેવું દાન દેવા યોગ્ય નથી. કરુણાદાનમાં દયાભાવ હોય છે અને પાત્રદાનમાં પૂજ્યભાવ હોય છે. કૂવાનું પાણી વપરાતું સારું રહે, તેમ દાનમાં પૈસા વપરાય તો સારું રહે. જેણે આપ્યું ન હોય તેના ઘરમાં પછી આપવાનુંય ન રહે.

**ભોજરાજાનું દૃષ્ટાંત –** ભોજરાજા બહુ ઉદાર હતો અને ગમે તેને મોટી મોટી રકમો ઉદારતાથી દાનમાં આપતો. તેથી મંત્રીએ રાજાને સમજાવવો એમ વિચારી સિંહાસન પર 'આપત્તિનો વિચાર કરી દાન કરવું જોઈએ' એમ લખાવ્યું. રાજા સમજી ગયો કે દાન દેવાનો નિષેધ કરે છે, તેથી ઉત્તરમાં રાજાએ વાક્ય લખાવ્યું કે 'ભાગ્યશાળીઓની પાસે આપત્તિ ક્યાંથી આવે?' તેના ઉત્તરમાં ફરી મંત્રીએ લખાવ્યું કે 'કદાચ દૈવ એવું હોય કે આપત્તિ આવી પણ જાય.' રાજાએ તેનો ઉત્તર લખાવ્યો કે, 'દુર્ભાગ્યનો ઉદય થશે



તો તે વખતે લક્ષ્મી પણ રહેશે નહીં. માટે વહેતી ગંગામાં હાથ ધોઈ લેવા.'

પૂર્વપુણ્યને લઈને પ્રાપ્ત થયું છે, તેનો સદુપયોગ કરે તો સાથે જાય. જેને જરૂર હોય તેને વિવેકપૂર્વક દાન આપવાનું છે. તો દાન દેનારા સુખી થાય અને લેનારા પણ સુખી થાય. પૈસા એકઠા કર્યા હોય અને દાન ન કરે તો નીચ કહેવાય. દરિદ્રતાની પ્રાપ્તિ દાન ન કરવાથી થાય છે. તેથી પાપ સૂઝે અને પાપનું ફળ દુઃખ આવે.'' (બો.૧ પૃ.૨૯૪)

''પ્રશ્ન – ગુપ્તદાન એટલે શું?

પૂજ્યશ્રી – કોઈ જાણે નહીં એવી રીતે દાન દેવું કે જેથી પોતાનો લોભ છૂટે અને અભિમાન ન થાય. દાન લેનારને પણ પરાધીનતા, દીનતા ન થાય એ ગુપ્તદાન છે. લોભ છોડવા માટે દાન કરવાનું છે. દેવલોકની ઇચ્છા વગર દાન કરવું.'' (બો.૧ પૃ.૧૪૮)

''પૂર્વે કંઈ દાનપુણ્ય કર્યું તેથી મનુષ્યભવ પામ્યો છે. હવે કરશે તો ફરી મનુષ્યભવ પામશે. જે અત્યારે કરતો નથી તેને ભવિષ્યમાં મળવાનું નથી. કરશે તો પામશે.'' (બો.૧ પૃ.૨૪૨)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** લોભ છોડવા માટે દાન કરવું છે. લોભ એ પાપનો બાપ છે. લોભથી જન્મમરણ કરવા પડે છે. માટે અન્ય કોઈના હિતનો વિચાર કરતાં પોતાની લોભ પ્રકૃતિ મંદ કેમ પડે તેનો વિશેષ વિચાર કરી યથાશક્તિ દાન કરવાનું ભગવાને કહ્યું છે. સંતોષ જેવું સુખ કોઈ ક્રિયાથી પ્રાપ્ત થતું નથી.'' (બો.૩ પૃ.૬૩૦)

''આપે મોકલેલ રકમ પૂ.પ્રભુશ્રીજીનો બોધ છપાવવો શરૂ થયો છે તે ખાતે લીધી છે. આપણા આત્માના ઉદ્ધારનો ખરેખરો અવસર આવ્યો છે તે ચૂકવા યોગ્ય નથીજી. દાન છે તે લોભ ઓછો કરવા, સન્માર્ગ પ્રત્યેનો પ્રેમ વધારવા અને આત્માની દયા ખાવા અર્થે કરવાનું છે. એટલે અનંતકાળથી જીવ લોભને લઈને ભવોભવ આથડે છે, આ મનુષ્યભવમાં પણ દેશપરદેશ લોભનો માર્યો આથડે છે, કર્મ બાંધ્યા કરે છે; તે લોભમાંથી એક કાંકરી પણ ખરે તો પણ આત્મા હલકો થાય, પવિત્ર થાય.'' (બો.૩ પૃ.૭૯૬)

''પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી ઘણી વખત કહેતા હતા કે આ જીવને રખડાવનાર એક લોભ છે. તેને હણવા અર્થે દાન, ત્યાગ, વૈરાગ્ય કર્તવ્ય છેજી. મૂઠી દાળિયા કોઈ ભિખારીને આપતાં પણ 'પુણ્ય તો બંધાશે' એવો ભાવ છોડી, મારો એટલો લોભ છૂટ્યો એવી ભાવના કર્તવ્ય છે. મળેલું બધુંય હું ભોગવું એવી સંજ્ઞારૂપ અનાદિની ટેવ ટાળવા અર્થે દાન આદિ શુભ પ્રવૃત્તિ કરું છું. પરંતુ તેના ફળની ઇચ્છા મારે રાખવી નથી. આત્માર્થે હવે સર્વ પ્રવૃત્તિ કરવી છે એવો લક્ષ મુમુક્ષુજીવને સહેજે હોય.'' (બો.૩ પૃ.૩૪૩)

''પૈસામાં જ ચિત્ત બાંધી રાખવાથી જેમ ધર્મ પ્રગટતો નથી તેમ પૈસા વગર વિચાર્યે વેરવાથી પણ ધર્મ પ્રગટે તેમ નથી. પણ જ્ઞાનીની આજ્ઞા ઉઠાવતાં ધર્મ પ્રગટે છે એવો તે વાક્યનો પરમાર્થ વારંવાર વિચારી, જ્ઞાનીની આજ્ઞાની મુખ્યતા હૃદયમાં વસે તેમ વર્તવા આખી જીંદગી સુધી સંભારી રાખવા જેવી શિખામણ આ પ્રસંગ ઉપરથી શીખી લેવી ઘટે છેજી.

યથાશક્તિ દાન અને તપ કરે તેથી લાભ થાય છે, પણ શક્તિ વિચાર્યા વિના આંખો મીંચીને દીધે જાય તો તે લાંબો વખત બની શકે નહીં; તેમજ પોતાને આર્ત્તધ્યાનનું કારણ ન થાય અને દાન લેનારને અહિત પ્રમાદ આદિ દોષનું કારણ ન થાય તે સાત્ત્વિક દાન ગણાય છે. એવા ઘણા ભેદો સમજવાની જરૂર છે. માહિતી ન હોય તો ઉતાવળા ન થવું, કોઈ જાણકારને પૂછવું; પણ ઐસાને મળ્યા



તૈસા ને તૈસાને મળ્યા તાઈ, ત્રણે મળીને તતૂડી બજાઈ' એવું કરવા જોગ નથી. વિવેક એ ધર્મનો પાયો છે તે ભૂલવા જેવું નથી.'' (બો.૩ પૃ.૩૩૧)

''પ્રશ્ન - પૈસા વાપરવા ભાવના હોય તો કેવાં શુભ કાર્યમાં વાપરવા? તેના ઉત્તરમાં જણાવવાનું કે જે વડે ધર્મપ્રાપ્તિ તથા ધર્મ-આરાધનામાં પોતાને અને પરને મદદ મળે તેવાં કામમાં વાપરવાં ઘટે. વપરાયા પહેલા તે સંબંધી વિચાર કરતાં પણ ધર્મધ્યાન થાય છેજી.

જગતના જીવો પોતાની સ્વચ્છંદ પ્રવૃત્તિમાં પડ્યા છે, તે કેવી રીતે જ્ઞાનીના માર્ગને પામે, જ્ઞાનીની આજ્ઞાને પામે? તે વિચારતાં પ્રથમ કાર્ય એક સત્સંગ સમજાય છેજી. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે જ ધર્મ છે. તેની પ્રાપ્તિ ઘણા જીવોને કેમ થાય? તેનો વિચાર કરી, જેને જેને ધન આદિની ખામીને લઈને સત્સંગ આદિ સાધનમાં વિઘ્ન નડતાં હોય તેને તેવી અનુકૂળતા કરી આપવામાં ધન વપરાય તે સારા માર્ગે વપરાયું ગણાય.

દૃષ્ટાંત તરીકે પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના હસ્તક સાધકસમાધિ ખાતાની લગભગ એક લાખ રૂપિયાની રકમ હતી તેનું ટ્રસ્ટ કરી તેનો સદુપયોગ કરવા સૂચના કરી છે. તેમાં એક વિભાગ તો બ્રહ્મચારી ભાઈબહેનો જે આશ્રમમાં જીવન પર્યંત રહેનાર છે અને જ્ઞાનીની આજ્ઞામાં જીવન ગાળનાર છે, તેમના ખોરાક, કપડાં, દવા વગેરે તેમજ તેમને સ્વાધ્યાય માટે ગ્રંથ વગેરે તથા ભણવા-ભણાવવામાં ખર્ચ કરવો પડે તે અર્થે વાપરવાનું નક્કી કર્યું છે.

બીજા વિભાગમાં જ્ઞાન ખાતે ખર્ચ કરવાની સૂચના કરી છે કે કોઈ સત્શાસ્ત્ર લખાવવાં હોય, છપાવવાં હોય, મુમુક્ષુજીવોને વહેંચવાં હોય, કે નવાં ખરીદીને પુસ્તક ભંડાર કરવો હોય તે ખાતે વાપરવા. કોઈને સારો અભ્યાસ કરાવવા બહારગામ મોકલવા પડે, તથા શિક્ષકો વગેરે રાખવા પડે કે પાઠશાળા સ્થાપી પરમકૃપાળુદેવે ઉપદેશેલા સિદ્ધાંતો બાળકો કે જનસમાજમાં પ્રચાર પામે તેવાં કામમાં વાપરવા વગેરે અનેક કાર્યોની સૂચના ટ્રસ્ટડીડમાં કરી છે. તે તમે અહીં આવો ત્યારે ઓફિસમાંથી વાંચવા મળી શકશે. એટલે પ.ઉ.પૂ.પ્રભુશ્રીજીએ જે જે સન્માર્ગ બતાવેલા છે તેમાં આપણા પૈસા વપરાય તો તે તેમના અભિપ્રાયપણે તેમની આજ્ઞાએ જ વાપર્યા ગણાય.

માત્ર દિશા જણાવવા પૂરતો આ પત્ર લખ્યો છે એટલે કોઈ કામમાં ઉતાવળ કર્યા વિના, વિચાર કરીને વખત આવ્યે સત્કાર્ય કરવાની ભાવના હાલ રાખી તુરતમાં તો આર્ત્તધ્યાનમાં કાળ ન જાય તેમ વર્તવું ઘટે.

જે માર્ગે પૈસા વાપરવાથી મતાગ્રહ દૃઢ થવામાં મદદ મળે, લોકોને ભવિષ્યમાં દુઃખનું, સંસાર-પરિભ્રમણનું પરિણામ આવે તેવાં કામ લોકો સારાં માનતા હોય તો પણ અશુભ છેજી.

કંઈ વાપરવું હોય તો તે લોભ છોડવા વાપરવું છે એ લક્ષે વાપરવું. પુણ્ય બંધાશે એવી ભાવના રાખવા યોગ્ય નથી. લોભ એ પરિભ્રમણનું કારણ છે. તે ટાળવા અને બીજા જીવોને પણ સમજણ, જ્ઞાનીનો બોધ પ્રાપ્ત થાય તો તે લોભ તજી પરિભ્રમણ ટાળે એ ભાવનાથી જે ઉપાધિ છે તે ઓછી કરવી છે. પુણ્યરૂપ ઉપાધિ પણ આખરે છોડ્યા વિના છૂટકો નથી. એક આત્માર્થે જ હવે તો જે કરવું છે તે કરવા યોગ્ય છે. એ લક્ષ ચુકવા યોગ્ય નથી. મોકલેલાં શાસ્ત્રોમાં વિશેષ ચિત્ત રહે તેમ કરવા ભલામણ છેજી. બીજું બધું આગળ ઉપર થઈ રહેશેજી.'' (બો.૩ પૃ.૩૪૯)

''પૂર્વકર્મના આધારે સામગ્રી સર્વને મળી છે તેનો સદ્ઉપયોગ કર્તવ્ય છેજી. તમે દાનભાવના



જણાવી તે વાંચી. એક પુસ્તક ''જીવનકળા'' ફરીથી છપાય છે તે હાલ મોંઘવારીને લીધે વિશેષ ખર્ચ થાય તો પણ છ આના કિંમત હાલ છે તે ચાલુ રાખવાનો વિચાર ટ્રસ્ટીઓનો છે; તેમાં મદદરૂપે તે રકમ આપવા વિચાર થાય તોપણ જ્ઞાન-દાનરૂપ હિતકારી છેજી.'' (બો.૩ પૃ.૪૬૭)

''સદ્ગુરુનો ઉપદેશ જીવમાં પરિણામ પામે તેવું કોમળ, યોગ્યતાવાળું હૃદય થવા કષાય ઘટાડવાની જરૂર છેજી. કષાયોમાં લોભની મુખ્યતા છે. જેને લોભ ઓછો, તૃષ્ણા ઓછી, તેના ભવ પણ ઓછા. નવું મેળવવાનો લોભ ઓછો કરાય તથા એકઠું કરેલું દાન આદિ સન્માર્ગે વપરાય તે પણ લોભ ઘટાડવાનો ઉપાય છે. સંતોષી નર સદા સુખી ગણાય છે. સમજણ વગર સંતોષ આવવો દુર્લભ છે. સમજણ પ્રાપ્ત થવા સત્સંગની જરૂર છેજી.'' (બો.૩ પૃ.૪૬૭)

''આપે કંઈ હાર સંબંધી પુછાવેલું. આપને ભક્તિભાવમાં વૃદ્ધિ થાય તેમ લાગતું હોય તો જે રકમ કે હાર મોકલવો હોય તે આશ્રમના કારભારીના નામે મોકલશો. તમારી ઇચ્છા હોય તો શ્રી વવાણિયા પરમકૃપાળુદેવના જન્મસ્થાન ઉપર 'જન્મભુવન' નામે મોટું ભવ્ય મંદિર બંધાવ્યું છે ત્યાંથી પરમકૃપાળુદેવનાં પુત્રીએ પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના મોટી સાઈઝના ચિત્રપટની માગણી કરી છે તે અર્થે, જો તમો એકલા ધારો છો તે રકમ મોકલો તો સારો ઍન્લાર્જ્ડ ફોટો ત્યાં મોકલી શકાય. તે હાર કરતાં વિશેષ લાભદાયક સમજાય છે. પછી જેવી આપની ભાવના.

બીજું, ત્યાં મુમુક્ષુઓ બહારથી આવે તેને માટે એક ધર્મશાળા પણ બાંધનાર છે. તેમાં કંઈ રકમ મોકલવા વિચાર હોય તો મોકલવા યોગ્ય છે. આ તો એક લોભ છોડવા અર્થે બાહ્ય વસ્તુનો ત્યાગ કરવા મહાપુરુષોએ કહ્યું છે તે વિષે વાત થઈ.'' (બો.૩ પૃ.૫૬૨)

''પોતાની હયાતી બાદ પૈસા ખર્ચાય તેના કરતાં પોતાની હયાતીમાં ખર્ચાય તે પોતાના ભાવની વિશેષ વૃદ્ધિનું કારણ છે. જે વચનામૃતો આપણને અંત સુધી મદદ કરનાર નીવડે છે તે વચનો બીજા જીવોને સુલભ થાય તે દરેક મુમુક્ષુની ભાવના સહજ હોય. જેની પાસે ધનનું સાધન હોય તે તે દ્વારા પોતાના ભાવ પ્રદર્શિત કરે. એક તો પડતર કિંમત કરતાં કંઈ ઓછી કિંમત રાખવાની શરતે ધનની મદદ કરાય, અથવા તે પુસ્તકો પ્રસિદ્ધ થયે અમુક પ્રતો ખરીદી તે ઓછી કિંમતે મફત યોગ્યતા પ્રમાણે જીવોને વહેંચી શકાય. આમાંથી જેમ ઠીક પડે તેમ ટ્રસ્ટીઓને જણાવી જવાબ મેળવી શકો છો. પછી બીજા કોઈ ખાતામાં ભાવના રહેતી હોય તો તેમ. તમારા ભાવ ઉલ્લાસ પામે તેમ કર્તવ્ય છેજી.'' (બો.૩ પૃ.૬૮૯)

**'સમાધિસોપાન'માંથી :–** ''કોઈ જીવોનો તીવ્ર રાગ ભાવ મંદ થયો નથી; તેથી સંપૂર્ણપણે પરિગ્રહનો ત્યાગ કરવા સમર્થ નથી, પણ પ્રશસ્ત રાગરૂપ ધર્મમાં રુચિવંત છે અને પાપથી ભય પામ્યા છે તે મહાપુરુષો ઉત્તમ પાત્રોના ઉપકાર અર્થે દાનમાં ધન ખર્ચે છે, તેમજ ધર્મનું સેવન કરનારા નિર્ધન જનોને અન્ન વસ્ત્રાદિ આપી ઉપકાર કરે છે. ધર્મના સ્થાનક જિનમંદિર આદિમાં, જિન સિદ્ધાંત લખાવવામાં, પ્રસિદ્ધ કરાવવામાં, સંગ્રહ કરાવવામાં તથા ઉપકરણમાં, પૂજા-પ્રભાવનામાં ધનનો સદુપયોગ કરે છે. દુઃખી, દરિદ્રી, રોગીઓના ઉપકાર અર્થે તન, મન, ધનનો કરુણા-બુદ્ધિથી ઉપયોગ કરે છે; તેઓ તેમનું ધન અને જીવન બન્ને સફળ કરે છે.

ધન ક્યાં સાથે આવવાનું છે? ધન પામ્યા હો તો દાન વડે તેને સફળ કરો. દાન દઈ શકતો નથી તે કંજૂસનું ધન ઘોર દુઃખની પરંપરા વધારનાર બને છે. આ લોકમાં કૃપણ અત્યંત નિંદાય છે; કૃપણનું



નામ પણ કોઈ લેતું નથી; કૃપણ, કંજૂસ મનુષ્યનું નામ લોકમાં અમાંગળિક મનાય છે. દાતારના દોષો ઢંકાઈ જાય છે, દૂર થઈ જાય છે. દાન વડે જગતમાં નિર્મળ કીર્તિ ફેલાય છે. દાન વડે વેરી પણ પગે પડે છે, વેર છોડી દે છે અને મિત્ર બની હિત કરે છે. દાનનો પ્રભાવ જગતમાં જબરો છે. સાચી ભક્તિ સહિત અલ્પ દાન દેનાર પણ ભોગભૂમિમાં ત્રણ પલ્યોપમના લાંબા આયુષ્યવાળો મનુષ્ય થઈ ત્યાંના કલ્પવૃક્ષ આદિનાં મનોવાંછિત સુખ ભોગવી દેવલોકમાં જાય છે. જગતમાં આપનારનો હાથ ઊંચો રહે છે.

વિનય સહિત સ્નેહ ભર્યાં વચનથી દાન દેવું. દાન કરનારે એવું અભિમાન ન રાખવું કે હું આના ઉપર ઉપકાર કરું છું. દાન કરનાર તો પાત્ર (દાન દેવા યોગ્ય મહાત્મા)ને પોતાના ઉપર ઉપકાર કરનાર માને છે. લોભરૂપી અંધકૂપમાં પડેલા ઉપર પાત્ર વિના કોણ ઉપકાર કરે? પાત્ર વિના લોભિયાનો લોભ છૂટતો નથી. પાત્ર વિના સંસારમાંથી ઉદ્ધાર કરનાર દાન ક્યાંથી દેવાય? તેથી વિચારવાન ધર્મેચ્છકને તો પાત્રનો યોગ મળે કે દાન દેવાય ત્યારે અત્યંત આનંદ થાય છે. શ્રીમંતપણું અને સમજણ પામ્યા હો તો દાનમાં જ ઉદ્યમ કરો.'' (પૃ.૨૯૯)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :— ધર્મ કાર્ય કરી પસ્તાવવું નહીં**

**ધનદત્તનું દૃષ્ટાંત —** એક દિવસ ધનદત્ત, રાજાની સાથે ઉદ્યાનમાં મુનિને વાંદવા ગયો. ત્યાં ધર્મદેશના સાંભળીને તેણે ગુરુને પૂછ્યું કે —''હે ભગવન્! મેં પૂર્વ ભવમાં કેવાં કર્મ કર્યા હતાં? ગુરુ બોલ્યા કે - ''હે ધનદત્ત! તારા પૂર્વભવનું વૃત્તાંત સાંભળ — રત્નપુર નગરમાં મહણ નામે એક શ્રેષ્ઠીપુત્ર હતો. તે એકદા ઉદ્યાનમાં ગયો. ત્યાં કોઈ મુનિને જોઈ તેમને વાંદીને તેની પાસે બેઠો. તે વખતે ગુરુએ કહેલી ધર્મદેશના સાંભળીને તેણે સમકિત સહિત ગૃહીધર્મ અંગીકાર કર્યો. ગુરુને નમીને તે પોતાને ઘેર આવ્યો. પછી ઘણું ધન ખર્ચીને તેણે એક મોટું ચૈત્ય કરાવ્યું; પણ પાછો તેને વિચાર થયો કે-''ધર્મના રસમાં પરાધીન થઈને મેં આટલો બધો ધનનો વ્યય કેમ કર્યો? ઇત્યાદિ ભાવનાથી ભ્રષ્ટ થયા છતાં પણ પાછી લોકલજ્જાથી તેણે પ્રતિમા ભરાવી. એકદા તેણે ધારણા કરી કે - ''જેટલું દ્રવ્ય હું ઉપાર્જન કરું તેમાંથી ચોથો હિસ્સો ધર્મમાર્ગે મારે વાપરવો.'' એ પ્રમાણે વર્તતાં વળી તેને વિચાર થયો કે - ''મેં જે ધારણા કરી તેનું ફળ મને આ ભવમાં જ મળશે કે નહીં? કેમકે શાસ્ત્રમાં તો થોડાનું પણ અધિક ફળ સંભળાય છે.'' ઇત્યાદિ શંકા વારંવાર કર્યા કરતો હતો અને દેવપૂજા વિગેરે પણ ફળની શંકા સહિત કરતો હતો. એમ શુભ તથા અશુભ પરિણામથી આંતરે આંતરે શુભ તથા અશુભ કર્મ તેણે બાંધ્યું. છેવટે આયુષ્યને અંતે મરણ પામીને તે ભુવનપતિ દેવતા થયો; ત્યાંથી ચ્યવીને તું ધનદત્ત થયો છે. તેં પૂર્વભવમાં ધર્મકાર્યો કર્યાં, પણ તેમાં દૂષણ લગાડ્યાં તેથી તેનાં ફળ રૂપે તને દુઃખ સહિત સુખ આ ભવમાં પ્રાપ્ત થયું.'' આ પ્રમાણે સાંભળીને ધનદત્ત મૂર્છિત થયો. પછી સંજ્ઞામાં આવીને જાતિસ્મરણ થવાથી માતાપિતાની આજ્ઞા લઈને વૈરાગ્ય વડે રાજા સહિત તેણે દીક્ષા ગ્રહણ કરી. ત્યાંથી મરણ પામી વૈમાનિક દેવતાનું સુખ ભોગવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થયો, અને ધર્મનું આરાધન કરીને અનુક્રમે મોક્ષે ગયો. (પૃ.૧૬૩)

## ૪૧૦. સર્વસંગ પરિત્યાગ કરું. (પરમહંસ)

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :—** ''ઘણા ઘણા જ્ઞાની પુરુષો થઈ ગયા છે, તેમાં અમારી જેવો ઉપાધિપ્રસંગ અને ચિત્તસ્થિતિ ઉદાસીન, અતિ ઉદાસીન, તેવા ઘણું કરીને પ્રમાણમાં થોડા થયા છે. ઉપાધિપ્રસંગને લીધે આત્મા સંબંધી જે વિચાર તે અખંડપણે થઈ શકતો નથી, અથવા ગૌણપણે થયા કરે



છે, તેમ થવાથી ઘણો કાળ પ્રપંચ વિષે રહેવું પડે છે; અને તેમાં તો અત્યંત ઉદાસ પરિણામ થઈ ગયેલ હોવાથી ક્ષણવાર પણ ચિત્ત ટકી શકતું નથી, જેથી જ્ઞાનીઓ સર્વસંગપરિત્યાગ કરી અપ્રતિબદ્ધપણે વિચરે છે. 'સર્વસંગ' શબ્દનો લક્ષ્યાર્થ એવો છે કે અખંડપણે આત્મધ્યાન કે બોધ મુખ્યપણે ન રખાવી શકે એવો સંગ. આ અમે ટૂંકામાં લખ્યું છે; અને તે પ્રકારને બાહ્યથી, અંતરથી ભજ્યા કરીએ છીએ.'' (વ.પૃ.૩૧૯)

''ગૃહાદિ પ્રવૃત્તિના યોગે ઉપયોગ વિશેષ ચલાયમાન રહેવા યોગ્ય છે, એમ જાણીને પરમપુરુષ સર્વસંગપરિત્યાગનો ઉપદેશ કરતા હવા.'' (વ.પૃ.૪૯૦)

''સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે. મોટા મુનિઓને જે વૈરાગ્યદશા પ્રાપ્ત થવી દુર્લભ, તે વૈરાગ્યદશા તો ગૃહવાસને વિષે જેને પ્રાયે વર્તતી હતી, એવા શ્રી મહાવીર, ઋષભાદિ પુરુષો પણ ત્યાગને ગ્રહણ કરી ચાલી નીકળ્યા, એ જ ત્યાગનું ઉત્કૃષ્ટપણું ઉપદેશ્યું છે. ગૃહસ્થાદિ વ્યવહાર વર્તે ત્યાં સુધી આત્મજ્ઞાન ન થાય, કે આત્મજ્ઞાન હોય તેને ગૃહસ્થાદિ વ્યવહાર ન હોય એવો નિયમ નથી, તેમ છતાં પણ જ્ઞાનીને પણ ત્યાગવ્યવહારની ભલામણ પરમ પુરુષોએ ઉપદેશી છે; કેમકે ત્યાગ ઐશ્વર્યને સ્પષ્ટ વ્યક્ત કરે છે, તેથી અને લોકને ઉપકારભૂત છે તેથી, ત્યાગ અકર્તવ્યલક્ષે કર્તવ્ય છે, એમાં સંદેહ નથી.'' (વ.પૃ.૪૯૦)

''શુભેચ્છા, વિચાર, જ્ઞાન એ આદિ સર્વ ભૂમિકાને વિષે સર્વસંગપરિત્યાગ બળવાન ઉપકારી છે, એમ જાણીને જ્ઞાનીપુરુષોએ 'અણગારત્વ' નિરૂપણ કર્યું છે. યદ્યપિ પરમાર્થથી સર્વસંગપરિત્યાગ યથાર્થ બોધ થયે પ્રાપ્ત થવા યોગ્ય છે, એમ જાણતાં છતાં પણ સત્સંગમાં નિત્ય નિવાસ થાય, તો તેવો સમય પ્રાપ્ત થવા યોગ્ય છે એમ જાણી, સામાન્ય રીતે બાહ્ય સર્વસંગપરિત્યાગ જ્ઞાનીપુરુષોએ ઉપદેશ્યો છે, કે જે નિવૃત્તિને યોગે શુભેચ્છાવાન એવો જીવ સદ્ગુરુ, સત્પુરુષ અને સત્શાસ્ત્રની યથાયોગ્ય ઉપાસના કરી યથાર્થ બોધ પામે.'' (વ.પૃ.૪૮૯)

''જે જ્ઞાનીપુરુષને દેહાભિમાન ટળ્યું છે તેને કંઈ કરવું રહ્યું નથી એમ છે, તોપણ તેમને સર્વસંગપરિત્યાગાદિ સત્પુરુષાર્થતા પરમ પુરુષે ઉપકારભૂત કહી છે.'' (વ.પૃ.૬૩૯)

''વૈશ્યવેષે અને નિર્ગ્રંથભાવે વસતાં કોટી કોટી વિચાર થયા કરે છે.'' (વ.પૃ.૮૦૩)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ત્યાગ, ને ત્યાગ એ કહેવું છે. એક વખતે પ્રભુશ્રીજીએ ત્યાગ, ત્યાગ ને ત્યાગ એમ બંદૂક ફૂટે એવો અવાજ કરી કહ્યું હતું. આખરે મોક્ષે જશે ત્યારે કંઈ સ્ત્રી-છોકરાંને સાથે લઈને જશે? મરણ આવે ત્યારે મૂકવું પડે છે. ત્યાગને ભૂલે, મૂકે, તો સંસાર છે. ચક્રવર્તી જેવા છ ખંડનું રાજ્ય કરતા, પણ દુઃખ લાગ્યું કે આ તો ક્લેશ છે, ખેદકારક છે, ત્યારે છોડીને ચાલી નીકળ્યા. એમ ન વિચાર્યું કે રાજ્ય કોણ કરશે?

ત્યાગ અવસ્થામાં જ્ઞાનીનો યોગ હોય તો વધારે લાભ થાય. સંસારની વાસનાનું નિર્મળપણું થઈ જાય એટલી તેમાં યોગ્યતા છે. સારું હોત તો છોડવા ન કહેત,પણ સારું નથી. અજ્ઞાનને લઈને સારું લાગે છે. જેટલી પોતાની શક્તિ હોય તેટલો ત્યાગ કરવો, પણ તે મોળો મોળો નહીં. મર્મની વાત છે. ત્યાગમાં સુખ છે એ જીવને સમજાયું નથી. ગ્રહણ કરવામાં સુખ માને છે. ત્યાગમાં સુખ છે તેનો મર્મ સમજાયો નથી. ત્યાગ કરે તો સુખ લાગે, પણ ત્યાગનું નામ લેતાં જ એને દુઃખ લાગે છે. ધર્મ કરે નહીં તો લક્ષચોરાશીમાં ભટકવાનું છે અને ધર્મ કરે તો કર્મ-ક્ષય કરે તેવું છે.'' (બો.૧ પૃ.૨૨૭)



**યાજ્ઞવલ્ક્યનું દૃષ્ટાંત – યાજ્ઞવલ્ક્યે ત્યાગ કરી ત્યાગનું સ્વરૂપ બતાવ્યું.** ''યાજ્ઞવલ્ક્ય નામે બ્રાહ્મણ હતો. તે જનકરાજાના દરબારમાં જતો. એક વખતે રાજાએ તેને પૂછ્યું, ત્યાગનું સ્વરૂપ કેવું છે? બ્રાહ્મણે કહ્યું, કાલે કહીશું. પછી તે ઘેર ગયો. તેને મૈત્રેયી અને કાર્ત્યાયિની નામે બે સ્ત્રીઓ હતી. તેમને ધન વહેંચવા લાગ્યો અને કહ્યું કે તમે અર્ધું અર્ધું વહેંચી લો. હું તો ત્યાગ લઉં છું. મૈત્રેયીએ કહ્યું, ધનથી મોક્ષ મળશે? તે વિચારવાન હતી તેથી કહે, મોક્ષ મળતો હોય તો આપો. પછી તેણે પણ ત્યાગ લીધો અને કાર્ત્યાયિનીને ધન આપ્યું. પછી બીજે દિવસે યાજ્ઞવલ્ક્ય જનકરાજાના દરબારમાં ગયો. રાજાએ જાણી લીધું કે આ ત્યાગનું સ્વરૂપ છે. વગર કહ્યે જાણી લીધું.'' (બો.૧ પૃ.૧૪૬)

**રામકૃષ્ણના શિષ્યનું દૃષ્ટાંત–અલ્પ પરિગ્રહ પણ જીવને અશાંતિ પમાડે.** રામકૃષ્ણના કોઈ એક શિષ્યને જ્ઞાનીના ઉપદેશથી વિચાર આવ્યો કે 'પરિગ્રહ એ તો પાપનું મૂળ છે, તો એનો ત્યાગ અવશ્ય કરવો. પણ મને એના ઉપર મોહ ઘણો છે, તો પછી એનો ઇલાજ શો?' તેણે એક હાથમાં રૂપિયો લીધો અને બીજા હાથમાં વિષ્ટા લીધી અને વિચાર કરવા લાગ્યો કે આ રૂપિયો છે એનાથી ખાવા-પીવાની વસ્તુઓ મળે છે, ખાધા પછી તે વસ્તુઓની વિષ્ટા થાય છે તો પછી એનામાં અને વિષ્ટામાં શો ફરક છે? એમ વિચાર કરીને તેણે બધા પરિગ્રહનો ત્યાગ કર્યો. પછી તે જ્યારે રૂપિયાને દેખતો ત્યારે તેને વિષ્ટા કરતાં પણ વધારે ગ્લાનિ થતી.

એક વખતે કોઈએ તેની પરીક્ષા કરી. એક બેઆની લઈને તેની પથારી નીચે છાનીમાની મૂકી દીધી. સાંજે તે પથારી ઉપર સૂતો તો આખી રાત ઊંઘ ન આવી. સવારમાં ઊઠીને તેણે પથારીને ખંખેરવા ઉઠાવી તો નીચેથી બેઆની નીકળી. તેણે નિશ્ચય કર્યો કે ઊંઘ નહીં આવવાનું કારણ આ અલ્પ પરિગ્રહ હતો. અલ્પ પરિગ્રહ પણ જીવને કેટલી અશાંતિ પમાડે છે! આ વસ્તુને જોતાં ઝેર કરતાં પણ વધારે ભય લાગવો જોઈએ. જેમ સર્પને જોતાં ભય લાગે છે તેમ પરિગ્રહને જોતાં જીવને ભય અને ત્રાસ લાગવો જોઈએ.'' (બો.૧ પૃ.૧૭૦)

**'સમાધિસોપાન'માંથી :– ઉત્તમ ત્યાગ –** ''આત્માને દબાવી રાખનાર પરિગ્રહ સમાન બીજો કોઈ બોજો નથી; કારણ કે દુઃખ, દુર્ધ્યાન, ક્લેશ, વેર, વિયોગ, શોક, ભય, અપમાન એ બધાં પરિગ્રહના ઇચ્છકને વેઠવાં પડે છે. તેથી જેટલે જેટલે અંશે પરિગ્રહ ઉપરથી મમતા ઘટે, પરિણામ પાછાં વળે, તેમ તેમ ખેદ ક્લેશ ઘટે છે; જેમ બહુ ભારથી દુઃખી થતો મનુષ્ય, ભાર નીચે મૂકે ત્યારે સુખી થાય છે, તેમ પરિગ્રહની વાસના છૂટે તો જીવ સુખી થાય છે. સમસ્ત દુઃખ અને સમસ્ત પાપ પરિગ્રહથી ઊપજે છે. જેમ સર્વ નદીઓના જળથી પણ સમુદ્રને સંતોષ થતો નથી, તથા ઇંધણથી અગ્નિને તૃપ્તિ થતી નથી તેમ આશારૂપી ખાડો બહુ ઊંડો છે, તેનો તલ-સ્પર્શ થતો નથી (તાગ આવતો નથી), પરિગ્રહથી તે પુરાતો નથી, ઊલટો વધારે ઊંડો થતો જાય છે, નવ નિધાનથી આશારૂપી ખાડો પુરાયો નહીં, તો અન્ય સંપદાથી કેમ પુરાય? પરંતુ જેમ જેમ પરિગ્રહની ઇચ્છા ઓછી કરતા જઈએ, તેમ તેમ તે પુરાતો જાય છે. આ આશા પૂરવાનો અદ્ભુત ઉપાય છે. તેથી સમસ્ત દુઃખો દૂર કરવાને ત્યાગ જ સમર્થ છે. ત્યાગથી જ અંતરંગ, બહિરંગ બંધન રહિત થઈને અનંત સુખના ધારક થશો. પરિગ્રહના બંધનમાં બંધાયેલો જીવ પરિગ્રહના ત્યાગથી જ મુક્ત થાય છે. તેથી ત્યાગ ધર્મ ધારણ કરવો જ શ્રેષ્ઠ છે.'' (પૃ.૩૧૭)

''જ્ઞાનીપુરુષો તો એવી ભાવના ભાવે છે કે સંયમ વિના મનુષ્ય ભવની એક ઘડી પણ ન જાઓ,



સંયમ વિના જીવન નિષ્ફળ છે, સંયમ આ ભવમાં તેમજ પરભવમાં શરણ છે; દુર્ગતિરૂપ સરોવર સુકાવી દેનાર સૂર્ય છે; સંયમ વડે જ સંસારરૂપી મહા શત્રુનો નાશ થાય છે. સંયમ વિના સંસાર પરિભ્રમણનો નાશ થતો નથી, એવો નિયમ છે. જે અંતરંગમાં કષાયો વડે આત્માને મલિન થવા ન દે અને બાહ્ય યત્નાપૂર્વક પ્રમાદ રહિત પ્રવર્તે તેને સંયમ હોય છે.'' (પૃ.૨૯૪)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :– મોહના નિમિત્તોમાં જાગૃત રહેવું**

**સુધર્માશ્રેષ્ઠીનું દૃષ્ટાંત –** પૃથ્વીપુરમાં સુધર્મા નામે એક શ્રેષ્ઠી રહેતો હતો, તેનું અંતઃકરણ જૈન ધર્મથી વાસિત હતું. એકદા ગુરુમુખથી વૈરાગ્યની કથા સાંભળતાં તેમાં ભારવાહક વિગેરેનાં દૃષ્ટાંતો સાંભળીને તેણે ચારિત્ર ગ્રહણ કર્યું.

આ પ્રમાણેના અનેક દૃષ્ટાંતો સાંભળીને સુધર્મા શેઠ પ્રતિબોધ પામ્યો હતો. તે પોતાના એક મિત્રને હમેશાં ધર્મકથાઓ કહીને ઉપદેશ આપવા લાગ્યો. પણ તે મિત્ર તીવ્ર મોહ અને અજ્ઞાનયુક્ત હોવાથી એક ક્ષણમાત્ર પણ જૈન ધર્મ ઉપર રુચિવાળો થયો નહીં. તેથી વિષાદ પામીને સુધર્મા શ્રેષ્ઠીએ એકલાજ દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે એકાદશ અંગનો અભ્યાસ કર્યો.

એકદા તે મુનિ નગરમાં પ્રવેશ કરતાં કોઈ ઠેકાણે વિવાહઉત્સવ હોવાથી મધુર ગીત, નૃત્ય અને વાજિંત્રના મનોહર નાદ સાંભળીને તથા કામને ઉદ્દીપન કરે તેવાં સુંદર લાવણ્યથી, વસ્ત્રાભૂષણથી અને મનોહર ગીતના આલાપથી કામી જનના મનને વિહ્વળ કરનાર સ્ત્રીઓના સમૂહને જોઈને તત્કાળ પાછા ફર્યા; અને અરણ્યના કોઈ વિભાગમાં જઈને લીલાં તૃણ, પર્ણ અને બીજાદિકની વિરાધના ન થાય તેવી રીતે કોઈ વૃક્ષની નીચે ઈર્યાપથિકી પડિક્કમીને ધ્યાનમગ્ન થયા સતા વિચારવા લાગ્યા કે ''અહો! મારો આત્મા અતિ લોલુપ છે, તેથી જો તે મોહજનક નિમિત્તો જોઈને હું પાછો નિવર્ત્યો ન હોત તો મોટી કર્મવૃદ્ધિ થાત. તે પુરુષોને જ ધન્ય છે કે જેઓ રંભા અને તિલોત્તમા જેવી યુવતીઓના સમૂહમાં રહ્યા છતાં એક ક્ષણમાત્ર પણ આત્મતત્વની રમણતાને મૂકતા નથી.'' આ પ્રમાણે શુભ ધ્યાન ધ્યાતાં તે મુનિને અવધિજ્ઞાન



ઉત્પન્ન થયું. તેજ વખતે ઉપરના વૃક્ષ ઉપરથી એક પાંદડું પોતાના ચોલપટ્ટ ઉપર પડ્યું. તે જોઈને મુનિએ વિચાર્યું કે ''આ પત્રમાં હું પણ અનેકવાર ઉત્પન્ન થયો હઈશ; પરંતુ મારો પૂર્વનો મિત્ર કઈ ગતિમાં ગયો હશે?'' એમ વિચારીને તેણે અવધિજ્ઞાન વડે જોયું તો તે જ પત્રમાં પોતાના મિત્રને એકેન્દ્રિયપણે ઉત્પન્ન થયેલો જોયો. તે વખતે મુનિ બોલ્યા કે ''હે મિત્ર! પૂર્વે મેં તને અનેક પ્રકારે વાર્યા છતાં પણ તેં મોહની આસક્તિ છોડી નહીં; હવે તો તું મન, વાણી અને બીજી ઇન્દ્રિયો વિનાનો થયો છું; તેથી હવે હું તને શું કહું? તેં મનુષ્યભવ નિરર્થક ગુમાવ્યો. અરે રે! પરમાત્માનો કહેલો ધર્મ તેં સમ્યક્ પ્રકારે અંગીકાર કર્યો નહીં.'' ઇત્યાદિ ભાવદયા ભાવતાં અનુક્રમે તે મુનિ અનંતાનંદ આપનાર એવા મોક્ષપદને પામ્યા.



''વિલાસમાં લાલસાવાળા તે મિત્રને સારી રીતે બોધ કર્યા છતાં પણ તેણે પોતાનું વીર્ય ગોપવી રાખ્યું; તેથી તે વૃક્ષના પત્રપણાને પામ્યો, અને સુધર્મા મુનિએ પોતાનું વીર્ય ફોરવી સર્વસંગ પરિત્યાગ કર્યો, તો તે આજ જન્મમાં અવ્યયપદને પામ્યા.'' (પૃ.૬૪)

## ૪૧૧. તારો બોધેલો મારો ધર્મ વિસારું નહીં. (સર્વ)

તારો બોધેલો મારો ધર્મ એટલે મારા આત્માનો ધર્મ અર્થાત્ સ્વભાવ તેને હવે વિસારું નહીં અર્થાત્ ભૂલીશ નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''મહાવીરે તેના સમયમાં મારો ધર્મ કેટલાક અંશે ચાલતો કર્યો હતો. હવે તેવા પુરુષોના માર્ગને ગ્રહણ કરી શ્રેષ્ઠ ધર્મ સ્થાપન કરીશ.'' (વ.પૃ.૧૬૬)

પરમકૃપાળુદેવ ઉપરના વાક્યમાં જણાવે છે કે ભગવાન મહાવીરે પોતાના સમયમાં મારો ધર્મ એટલે આત્માનો ધર્મ, પોતામાં અનંતજ્ઞાન હોવા છતાં જીવોની યોગ્યતા પ્રમાણે કેટલેક અંશે ચાલતો કર્યો હતો. હવે તેવા તીર્થંકરોના માર્ગને અનુસરી આ કાળના જીવો જે વાંકાં અને જડ છે છતાં તેમને સમજાય એવી રીતે તે શ્રેષ્ઠ આત્મધર્મ સ્થાપન કરીશ.

## ૪૧૨. સ્વપ્નાનંદખેદ કરું નહીં.

સ્વપ્નના આનંદનો, જાગૃત થતાં ખેદ કરું નહીં.

**એક વ્યક્તિનું દૃષ્ટાંત –** સ્વપ્નમાં પોતે પરણવા બેઠો, ત્યાં બ્રાહ્મણે કહ્યું કે હાથ આપો, હસ્તમેલાપ કરાવું. ત્યારે સ્વપ્નમાં હાથ લાંબો કર્યો કે ત્યાં ભીંત ઉપર વીંછી બેઠો હતો, તેણે હાથે ડંખ માર્યો. તેથી જાગી ગયો અને ખેદ કરવા લાગ્યો કે હું સ્વપ્નમાં કેવા આનંદમાં હતો પણ હવે તો વીંછીના ડંખથી દુઃખી છું.

''સ્વપ્નમાં શાદી કરી રાજકુમારી સાથ; વીંછી કરડ્યો હાથને, રોયો સારી રાત.''

અથવા સ્વપ્ના જેવા આ સંસારના ભૌતિક સુખો મળ્યા હોય તો પણ આનંદ પામું નહીં, અને દુઃખના પ્રસંગો આવ્યે ખેદ કરી દુઃખી થઉં નહીં. પણ સમભાવ રાખવાનો અભ્યાસ કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– સ્વપ્ના જેવું સંસાર સુખ**

**ભિખારીના ખેદનું દૃષ્ટાંત –** ''એ અનિત્ય અને સ્વપ્નવત્ સુખ પર એક દૃષ્ટાંત કહીએ છીએ. એક પામર ભિખારી જંગલમાં ભટકતો હતો, ત્યાં તેને ભૂખ લાગી, એટલે તે બિચારો લથડિયાં ખાતો ખાતો એક નગરમાં એક સામાન્ય મનુષ્યને ઘેર પહોંચ્યો; ત્યાં જઈને તેણે અનેક પ્રકારની આજીજી કરી; તેના કાલાવાલાથી કરુણાર્દ્ર થઈ તે ગૃહપતિની સ્ત્રીએ તેને ઘરમાંથી જમતાં વધેલું મિષ્ટાન્ન ભોજન આણી આપ્યું. એવું ભોજન મળવાથી ભિખારી બહુ આનંદ પામતો પામતો નગરની બહાર આવ્યો. આવીને એક ઝાડ તળે બેઠો. ત્યાં જરા સ્વચ્છ કરીને એક બાજુએ અતિ વૃદ્ધતાને પામેલો એવો પોતાનો જળનો ઘડો મૂક્યો; એક બાજુએ પોતાની ફાટીતૂટી મલિન ગોદડી મૂકી અને પછી એક બાજુએ પોતે તે ભોજન લઈને બેઠો. રાજી રાજી થતાં કોઈ દિવસે તેણે નહીં દીઠેલું એવું ભોજન એણે ખાઈને પુરુ કર્યું. ભોજનને સ્વધામ પહોંચાડ્યા પછી ઓશીકે એક પથ્થર મૂકીને સૂતો. ભોજનના મદથી જરા વારમાં આંખો મિંચાઈ ગઈ. તે નિદ્રાવશ થયો ત્યાં તેને એક સ્વપ્ન આવ્યું. પોતે જાણે મહા રાજરિદ્ધિ પામ્યો છે; તેથી તેણે સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં છે, દેશ આખામાં તેના વિજયનો ડંકો વાગી ગયો છે, સમીપમાં



તેની આજ્ઞા અવલંબન કરવા અનુચરો ઊભા થઈ રહ્યા છે; આજુબાજુ છડીદારો ''ખમા ! ખમા !'' પોકારે છે; એક ઉત્તમ મહાલયમાં સુંદર પલંગ પર તેણે શયન કર્યું છે; દેવાંગના જેવી સ્ત્રીઓ તેને પાદચંપન કરે છે, એક બાજુથી મનુષ્યો પંખા વડે સુગંધી પવન ઢોળે છે, એમ એને અપૂર્વ સુખની પ્રાપ્તિવાળું સ્વપ્ન પ્રાપ્ત થયું. સ્વપ્નાવસ્થામાં તેનાં રોમાંચ ઉલ્લસી ગયાં. તે જાણે પોતે ખરેખર એવું સુખ ભોગવે છે તેવું તે માનવા લાગ્યો.

એવામાં સૂર્યદેવ વાદળાંથી ઢંકાઈ ગયો; વીજળીના ઝબકારા થવા લાગ્યા; મેઘ મહારાજ ચઢી આવ્યા; સર્વત્ર અંધકાર વ્યાપી ગયો; મુશળધાર વરસાદ પડશે એવો દેખાવ થઈ ગયો; અને ગાજવીજથી એક સઘન કડાકો થયો. કડાકાના પ્રબળ અવાજથી ભય પામીને સત્વર તે પામર ભિખારી જાગૃત થઈ ગયો. જાગીને જુએ છે તો નથી દેશ કે નથી નગરી, નથી મહાલય કે નથી તે પલંગ, નથી તે ચામરછત્ર ધરનારા કે નથી તે છડીદારો, નથી તે સ્ત્રીઓનાં વૃંદ કે નથી તે વસ્ત્રાલંકારો, નથી તે પંખા કે નથી તે પવન, નથી તે અનુચરો કે નથી તે આજ્ઞા, નથી તે સુખવિલાસ કે નથી તે મદોન્મત્તતા. જુએ છે તો જે સ્થળે પાણીનો વૃદ્ધ ઘડો પડ્યો હતો તે જ સ્થળે તે પડ્યો છે. જે સ્થળે ફાટીતૂટી ગોદડી પડી હતી તે સ્થળે તે ફાટીતૂટી ગોદડી પડી છે. ભાઈ તો જેવા હતા તેવા ને તેવા દેખાયા. પોતે જેવા મલિન અને અનેક જાળી ગોખવાળાં વસ્ત્ર ધારણ કર્યા હતાં તેવાં ને તેવાં તે જ વસ્ત્રો શરીર ઉપર વિરાજે છે. નથી તલભાર ઘટ્યું કે નથી જવભાર વધ્યું. એ સઘળું જોઈને તે અતિ શોક પામ્યો. જે સુખાડંબર વડે મેં આનંદ માન્યો તે સુખમાનું તો અહીં કશુંયે નથી. અરેરે ! મેં સ્વપ્નમાં ભોગ ભોગવ્યા નહીં અને મિથ્યા ખેદ મને પ્રાપ્ત થયો. બિચારો તે ભિખારી એમ ગ્લાનિમાં આવી પડ્યો.

**પ્રમાણશિક્ષા** - સ્વપ્નપ્રાપ્તિમાં જેમ તે ભિખારીએ સુખસમુદાય દીઠા, ભોગવ્યા અને આનંદ માન્યો, તેમ પામર પ્રાણીઓ સંસારના સ્વપ્નવત્ સુખસમુદાયને મહાનંદરૂપ માની બેઠા છે. જેમ તે સુખસમુદાય જાગૃતિમાં તે ભિખારીને મિથ્યા જણાયા, તેમ તત્વજ્ઞાનરૂપી જાગૃતિ વડે સંસારનાં સુખ તેવાં જણાય છે. સ્વપ્નના ભોગ ન ભોગવ્યા છતાં જેમ તે ભિખારીને શોકની પ્રાપ્તિ થઈ, તેમ પામર ભવ્યો સંસારમાં સુખ માની બેસે છે, અને ભોગવ્યા તુલ્ય ગણે છે, પણ તે ભિખારીની પેઠે પરિણામે ખેદ, પશ્ચાત્તાપ અને અધોગતિને પામે છે. સ્વપ્નાની એકે વસ્તુનું સત્યત્વ નથી, તેમ સંસારની એકે વસ્તુનું સત્યત્વ નથી. બન્ને ચપલ અને શોકમય છે. આવું વિચારી બુદ્ધિમાન પુરુષો આત્મશ્રેયને શોધે છે.'' (વ.પૃ.૩૬)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-પ'ના આધારે :– સ્વપ્નાની સ્ત્રીએ અંધકૂવામાં નાખ્યો**

**ભારવાહકનું દૃષ્ટાંત –** એક ભારવાહક કાષ્ઠ લેવા ગયો. ત્યાં રસ્તામાં ભાર લાગવાથી એક હવેલીની છાયામાં વિશ્રાંતિ લેવા ઊભો રહ્યો. તે વખતે ગોખમાં બેઠેલી શેઠની સુંદર સ્ત્રીને જોઈ ભારવાહકના મનમાં થયું કે આવી સ્ત્રી મળે તો સુખ થાય. પણ પૈસા વગર સ્ત્રી મળે નહીં, માટે પ્રથમ પૈસા મેળવું. એમ વિચારી કાષ્ઠ વેચે એમાંથી જે પૈસા આવે તે થોડા ખર્ચે અને બીજા ભેગાં કરે. એમ કરતાં તેનું શરીર કૃશ થઈ ગયું. એક દિવસ સૂર્યના કિરણોથી આકુળવ્યાકુળ થઈ જતાં તે ભારવાહક જંગલમાં કૂવાના થાળામાં સૂઈ ગયો. સુતા જ તેને નિદ્રા આવી ગઈ. નિદ્રામાં એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં તેણે સુંદર સ્ત્રી સાથે લગ્ન કર્યા. તેની સાથે વાર્તાલાપ કરતા સ્ત્રીએ કહ્યું કે જરા દૂર ખસો. તે નિદ્રામાં ખસવાથી કુવામાં પડી ગયો. કૂવામાં પડતાં જાગી ગયો. ત્યારે વિચારવા લાગ્યો કે સ્વપ્નમાં લગ્ન કરવાથી અંધકૂવામાં પડ્યો, તો સાક્ષાત્ સ્ત્રી સાથે લગ્ન કર્યા હોય તો નરકગતિ જ થાય. એમ વિચારે છે ત્યાં તો રાજા આવ્યો



અને તેને બહાર કાઢ્યો પછી પૂછ્યું. તને કોણે કૂવામાં નાખ્યો? તે કહે, જેથી હું તેને શિક્ષા કરું. ત્યારે ભારવાહકે પોતાને આવેલ સ્વપ્નની બધી વિગત કહી સંભળાવી. તેથી રાજા પણ પ્રતિબોધ પામ્યો અને કહ્યું કે તારી વાત સાચી છે. તેથી ભારવાહક પણ પ્રતિબોધ પામી મોક્ષમાર્ગમાં આસક્તિવાળો થયો.

## ૪૧૩. આજીવક વિદ્યા સેવું નહીં. (મુ૦)

મુનિ થઈને વિદ્યા વડે ચમત્કાર બતાવી પોતાની આજીવિકા કરું નહીં.

**ગુરુ શિષ્યનું દૃષ્ટાંત – આહારપાણી માટે વિદ્યાનો ઉપયોગ કરવો એ દોષ છે.** એક નગરીમાં આચાર્ય ભગવંત શિષ્ય સમુદાય સાથે રહેતા હતા. પણ દુષ્કાળ પડવાથી શિષ્ય સમુદાય બીજે બીજે ગામ વિહાર કરી ગયો અને ગુરુ વૃદ્ધ હોવાથી વિહાર કરવાને અશક્ત થયા.

એક શિષ્ય ગુરુને જોવા માટે જે ગામમાં ગુરુ રહેતા હતા ત્યાં આવ્યો. ગુરુ જે ઉપાશ્રયમાં પહેલા રહેતા હતા, તે જ જગ્યામાં રહેલા જોયા. તેથી શિષ્યે વિચાર્યું કે ગુરુ શિથિલ થઈ ગયા છે. માટે ગુરુની સાથે ઊતરવું યોગ્ય નથી. એમ વિચારી તે જ ઉપાશ્રયમાં સામેની ઓરડીમાં ઊતર્યો. પછી ગુરુને વાંદીને સુખશાતા પૂછી.

ગોચરીનો સમય થયો ત્યારે શિષ્યને સાથે લઈ ગુરુ વહોરવા ગયા. દુષ્કાળને લીધે ઘણું ફર્યા પણ શિષ્યને ઇચ્છિત આહાર મળ્યો નહીં. તેથી ક્રોધ પામીને શિષ્યે વિચાર્યું કે ગુરુ ખોટી રીતે આમ તેમ ભટકાવે છે, પણ ભક્તોના ઘર બતાવતા નથી. તેને ઠેકાણે લાવવા ગુરુ એક શેઠને ઘેર વહોરવા ગયા. ત્યાં નાનો છોકરો વ્યંતરના ઉપદ્રવથી બહુ રડતો હતો. કેટલા ઉપાય કર્યા છતાં પણ છાનો રહેતો ન હતો. તે જોઈ ગુરુએ ચપટી વગાડી કે બાળકનો વ્યંતરનો ઉપદ્રવ શાંત થઈ ગયો અને તે રડતો બંધ થઈ ગયો. તેથી શેઠે ભાવપૂર્વક મોદક વહોરાવ્યા. શિષ્ય થાકી ગયેલ હોવાથી તેને ઉપાશ્રયે મોકલ્યો. ગુરુ લુખું સુકુ જ્યાં મળે તેવા ઘરોમાંથી ભિક્ષા લઈ ઉપાશ્રયે આવ્યા. બન્નેએ આહાર કર્યો.

સાંજે પ્રતિક્રમણ કરતી વખતે ગુરુએ શિષ્યને કહ્યું કે હે વત્સ! આજની ભિક્ષાના દોષની આલોચના કર. શિષ્યે કહ્યું હું તો તમારી સાથે ભિક્ષા લેવા આવ્યો હતો તેની આલોચના શી?

ગુરુએ કહ્યું કે આજે આહારમાં ધાત્રીદોષ અને ચિકિત્સા દોષ લાગ્યો છે. તે સાંભળી તે ક્રોધથી બોલ્યો કે બીજાના અલ્પ દોષ જુઓ છો પણ પોતાના મોટા દોષો પણ જોતા નથી. લોકોને પોતાના દોષ જોવા માટે એક પણ નેત્ર નથી અને બીજાના દોષ જોવા માટે લાખો નેત્ર હોય છે. છતાં ગુરુએ તેના પ્રત્યે કાંઈ કોપ કર્યો નહીં. આમ બબડતો તે પોતાની ઓરડીમાં ચાલ્યો ગયો.

શિષ્યને ઠેકાણે લાવવા માટે શાસનદેવીએ ભયંકર વાવાઝોડું વિકોર્યું અને શિષ્યના શરીર ઉપર કાંકરા તથા ધૂળ ઉડાડી ઉડાડી નાખવા લાગી. તેથી ભય પામીને શિષ્ય ગુરુને બોલાવવા લાગ્યો. તેને ભય પામેલો જાણી કહ્યું – અહીં આવ. તેણે કહ્યું કે હું તો માર્ગ જોઈ શકતો નથી. ત્યારે ગુરુએ થુંકની આંગળી કરીને શિષ્યને બતાવી કે તેમાંથી પ્રકાશ નીકળ્યો. તેના આધારે શિષ્ય ગુરુ પાસે આવ્યો. પણ પાછો ફરી ગુરુના દોષ જોવા લાગ્યો કે ગુરુ તો રાત્રે દીવો પણ રાખે છે. ફરી ગુરુના દોષ જોતો જોઈ દેવી પ્રગટ થઈને તિરસ્કાર કરીને બોલી – અરે દુષ્ટ આવા ચંદ્ર જેવા ઉજ્જ્વળ ચારિત્ર ગુણવાળા ગુરુને વિષે તું દોષનું આરોપણ કરે છે, તેથી તારા જેવો દુર્જન બીજો કોઈ નથી. દેવીએ ગુરુનો સર્વ વૃતાંત કહ્યો તેથી દત્ત



સાધુ નિશંક થયો અને ગુરુને ક્ષમાવી માફી માગી. એમ મુનિ આજીવિકા માટે વિદ્યાનું સેવન કરે નહીં. કોઈ કારણસર કરવું પડે તો તેની આલોચના કરી પાપથી નિવૃત્ત થાય છે.

## ૪૧૪. તપને વેચું નહીં. (ગૃ૰બ્ર૰)

અઠ્ઠાઈ, માસક્ષમણ વગેરેના તપ કરે તેથી લોકો તપસ્વી જાણી માન આપે. જેથી પોતે અંતરમાં ફુલાય અથવા તપ કરીને દેવલોક, ચક્રવર્તી, વાસુદેવ વગેરે થવાની ઇચ્છા કરે તે તપને વેચવા બરાબર છે.

**નંદિષેણમુનિનું દૃષ્ટાંત – તપનું ફળ હોય તો આવતા ભવમાં સ્ત્રી વલ્લભ થાઉં.** નંદિષેણ મુનિ બ્રાહ્મણનો કદરૂપો પુત્ર હતો. તેથી તેને કોઈ કન્યા આપતું નહીં. છેવટે પહાડ ઉપરથી પડતું



મૂકી મરવા જતાં, ત્યાં મુનિ મહાત્માએ જોઈ લીધો. તેને બોલાવીને સમજાવી દીક્ષા આપી. પછી બધા મુનિઓની વૈયાવચ્ચ કરનાર નંદિષેણની ઇન્દ્રે પ્રશંસા કરી. તેથી પરીક્ષા કરવા દેવ આવ્યો. ત્યારે પોતે પારણું કરવા બેસતા હતા. ત્યાં એક મુનિએ આવીને કહ્યું કે ગામ બહાર એક મુનિ બીમાર થયા છે. તેથી નંદિષેણ મુનિ તરત જ બહાર જઈ મુનિને ખભા ઉપર બેસાડીને લઈ આવે છે. ત્યારે રસ્તામાં એમના ઉપર વિષ્ટા કરી. તો પણ પોતે સમભાવ રાખી તેમની સાફસુફી કરી. તેથી દેવ પ્રગટ થઈ સ્તુતિ કરી દેવલોકે ગયો. બહુ તપશ્ચર્યા કરીને છેવટે સ્ત્રી પ્રત્યેની આસક્તિ રહી ગયેલ હોવાથી નિયાણું કર્યું કે જો મારા તપનું ફળ હોય તો હું આવતા ભવમાં સ્ત્રી વલ્લભ થાઉં. ત્યાંથી મરી દેવલોકે ગયા. દેવલોકથી ચ્યવીને કૃષ્ણના પિતા વસુદેવ થયા. એમ તપને સાંસારિક ભોગ માટે વેચી દીધું. જ્યારે ભગવાને તો ઇચ્છાઓને રોકવા માટે તપ કહ્યું છે. ''इच्छा निरोधस्तपः''

**માસખમણવાળામુનિનું દૃષ્ટાંત – તુચ્છ એવા માન માટે તપને વેચ્યું.** ખંભાતમાં એક મુનિએ મહિનાના ઉપવાસ કર્યા. તેની પત્રિકા છપાવવી હતી. મુનિએ ટ્રસ્ટીઓને કહ્યું કે પત્રિકા છપાઈ ગઈ? ત્યારે કહ્યું કે બીજા ટ્રસ્ટીઓ આવવાના છે, તેમને પૂછીને છપાવીશું. એમ કરતાં ૨૦ દિવસ નીકળી ગયા, છતાં પત્રિકા છપાઈ નહીં. લોકો મુનિને વંદન કરવા આવ્યા નહીં, જેથી ટ્રસ્ટીઓને બોલાવી મુનિએ કહ્યું કે તમારે પત્રિકા છપાવવામાં આવો વિલંબ કરવો હતો તો મને પહેલા કહેવું હતું જેથી હું મહિનાના ઉપવાસ તો ન કરત. એમ તુચ્છ માન માટે તપને વેચી દીધું. આમ કદી કરું નહીં.

**તામલી તાપસનું દૃષ્ટાંત – નિયાણું કર્યું નહીં.** તામલી નામનો એક શેઠ હતો. તેને વૈરાગ્ય આવવાથી તાપસી દીક્ષા ગ્રહણ કરી. બબ્બે ઉપવાસને પારણે આહાર વહોરી લાવી, તેને એકવીશ વાર ધોઈ નીરસ કરીને ખાય. એમ સાઠ હજાર વર્ષ સુધી તપ કર્યું. અંતે અનશન ગ્રહણ કર્યું. તે વખતે ભુવનપતિનો ઇન્દ્ર ચવી ગયો હતો. તેથી દેવોએ વિચાર્યું કે તામલી તાપસ આપણો ઇંદ્ર થાય, એમ વિચારી દેવોએ તાપસ પાસે આવી કહ્યું કે તમે નિયાણું કરો કે હું ઇંદ્ર થાઉં. ત્યારે તાપસે કહ્યું કે ભગવાને



નિયાણું કરવાની ના કહી છે. માટે હું નિયાણું કરું નહીં. તેમ કોઈએ પણ તપને વેચી નિયાણું કરવું નહીં.

## ૪૧૫. બે વખતથી વધારે જમું નહીં. (ગૃ૰મુ૰બ્ર૰ઉ૰)

દિવસ અને રાત ખાયા કરે તો પ્રમાદ થાય, વૃત્તિ સ્થિર રહે નહીં. તેથી સ્વાધ્યાય ભક્તિ વગેરે પણ થાય નહીં. માટે બે વખતથી વધારે વાર જમું નહીં એવો અભ્યાસ કરું. મુનિને એક જ વખત આહાર લેવાની ભગવાનની આજ્ઞા છે. પણ મુનિ બાળક હોય, શાસ્ત્રાભ્યાસ કરતા હોય, બીમાર હોય તો બે વખત આહાર લેવાની છૂટ આપેલ છે.

## ૪૧૬. સ્ત્રી ભેળો જમું નહીં. (ગૃ૰ઉ૰)

તે મોહ વધવાનું નિમિત્ત છે માટે એકલો જમું; પણ સ્ત્રી ભેળો જમું નહીં.

## ૪૧૭. કોઈ સાથે જમું નહીં. (સ૰)

(૧) એકલો જમું તેથી પ્રમાણસર ભોજન કરી શકાય. (૨) કોઈના ભેગા જમવાથી વધારે ખવાઈ જવાય તો પ્રમાદ થાય. (૩) એક બીજાનું એઠું પણ ખવાય. (૪) થાળી ધોઈને પીવાય નહીં. તેથી એંઠવાડામાં જીવોની ઉત્પત્તિ થાય. થાળી ધોઈને પીવાથી તે ઉત્પત્તિ મટે. (૫) મોહ વધવાના કારણો છે માટે મહાપુરુષોએ તેનો નિષેધ કરેલ છે.

## ૪૧૮. પરસ્પર કવળ આપું નહીં, લઉં નહીં. (સ૰)

એકબીજા પ્રત્યેનો કૃત્રિમ પ્રેમ દર્શાવવા પરસ્પર કવળ આપે છે જાણે કે તમારા પ્રત્યે મને વધારે પ્રેમ છે, એવો દેખાવ કરે છે. આત્માર્થીએ તેમ કરવા યોગ્ય નથી. અંતમાં પરસ્પર કવળ આપવાથી આહારની માત્રા વધી જાય તો પ્રમાદ થાય. માટે પરસ્પર કવળ આપું નહીં તેમજ લઉં નહીં.

## ૪૧૯. વધારે ઓછું પથ્ય સાધન કરું નહીં. (સ૰)

વૈદ્યે જે પથ્ય એટલે ચરી પાળવા કહ્યું હોય તે પ્રમાણે કરે, સ્વચ્છંદે વધારે પથ્ય પાળવા જાય તો પણ શરીરને નુકશાન થાય અને ઓછું પાળે તો દવાઈ લાગુ ન પડે. જેમ કે વૈદ્યે મીઠું ઓછું કરવા કહ્યું હોય ત્યારે સમૂળગુ જ બંધ કરી દે તો નુકશાન થાય અથવા ભોજનમાં મીઠું થોડું વધારવા કહ્યું હોય અને ખૂબ વધારી દે તોય નુકશાન થાય.

તેમ આત્માર્થીને સાત વ્યસન વગેરે પથ્યપાલન કરવા શ્રી ગુરુએ જેમ જણાવ્યું હોય તેમ જ કરે, પણ તેમાં કંઈ આઘું પાછું કરે નહીં.

## ૪૨૦. નીરાગીનાં વચનોને પૂજ્યભાવે માન આપું.

કેમકે **'અહો શ્રી સત્પુરુષ કે વચનામૃતમ્ જગહિતકરમ્'**

વીતરાગ પુરુષોના વચનામૃત મોહનિદ્રામાં સૂતેલી અનાદિની આત્મચેતનાને જાગૃત કરવા સમર્થ છે અને અંતે આપણને પણ નીરાગી બનાવનાર છે. માટે પૂજ્યભાવે તે વચનોને માન આપું.

**એક ભરવાડનું દૃષ્ટાંત –** એક ભરવાડ હતો. તે જંગલમાં ગાયો ચરાવા ગયો. ત્યાં ઝાડની બખોલમાં પુસ્તક જોયું તે લઈને ઘેર ગયો. આ કોઈ મહાન ગ્રંથ છે એમ મનમાં જાણીને તે પુસ્તકને ઊંચે આસને મૂકી રોજ પૂજા કરે, ફૂલ ચઢાવે તથા નમસ્કાર કરે. એમ કરતાં એક દિવસ ત્યાં મુનિ મહાત્મા



કુંદકુંદસ્વામીનો પૂર્વભવ
ભરવાડને બખોલમાંથી
મળેલ શાસ્ત્ર
શાસ્ત્રની પ્રતિદિન
પૂજા કરતો ભરવાડ
મુનિ મહાત્માને શાસ્ત્રનું દાન  આપતો ભરવાડ
પૂર્વભવમાં શાસ્ત્રદાનથી બનેલ શ્રી કુંદકુંદાચાર્ય



પધાર્યા. પોતાને વાંચતા આવડતું નથી પણ આ મહાત્માને આ ગ્રંથ ઉપયોગી થશે એમ જાણી તેમને ભાવપૂર્વક એ ગ્રંથ વહોરાવી દીધો. ત્યાંથી દેહ છોડીને એ ભરવાડ સીધા કુંદકુંદાચાર્ય થયા. તેમણે સમયસાર વગેરે ઘણા શાસ્ત્રો રચ્યા.

''પ્રશ્ન—કુંદકુંદાચાર્ય વિદેહક્ષેત્રમાં કેવી રીતે ગયા હતા?

ઉત્તર—કુંદકુંદાચાર્યે અહીં ઊભા રહી સીમંધરસ્વામીને નમસ્કાર કર્યા. ત્યાં સીમંધરસ્વામીએ 'ધર્મવૃદ્ધિરસ્તુ' એમ કહ્યું. તે વખતે ત્યાં કુંદકુંદાચાર્યનો ઓળખીતો દેવ હતો. તેણે ભગવાનને પૂછ્યું, હે ભગવાન! આપે કોને કહ્યું? ભગવાન બોલ્યા : ભરતક્ષેત્રમાં એક કુંદકુંદમુનિ છે તેમણે મને નમસ્કાર કર્યા છે, તેમને કહ્યું છે. ત્યારે તે દેવને થયું કે મુનિની ભાવના હોય તો હું અહીં લઈ આવું. પછી તે દેવ કુંદકુંદાચાર્ય પાસે આવ્યો, પણ તે વખતે મુનિ કાઉસગ્ગમાં હતા તેથી દેવ પાછો ચાલ્યો ગયો. પછી ફરી નમસ્કાર કર્યા ત્યારે, તેથી ભગવાને ફરીથી 'ધર્મવૃદ્ધિરસ્તુ' એમ કહ્યું. ત્યારે તે દેવે ફરી પૂછ્યું કે હે ભગવન્! આ તમે કોને ધર્મવૃદ્ધિ કરવાનું કહ્યું. ભગવાન બોલ્યા : તે મુનિને. પછી તે દેવ ફરીથી મુનિ પાસે આવ્યો. તે વખતે મુનિ કાઉસગ્ગમાં નહોતા. તેથી વિમાનમાં બેસાડી ભગવાન પાસે લઈ આવ્યો.''

(બો.હ.નોટ નં.૨ પૃ.૯૦૪)

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''કુંદકુંદાચાર્ય અને આનંદઘનજીને સિદ્ધાંત સંબંધી જ્ઞાન તીવ્ર હતું. કુંદકુંદાચાર્યજી તો આત્મસ્થિતિમાં બહુ સ્થિત હતા.'' (વ.પૃ.૪૫૮)

**માણેકડોસીનું દૃષ્ટાંત –** આપણને વાંચતા આવડે કે ન આવડે પણ વીતરાગના વચનો પ્રત્યે બહુમાન છે તે જીવને ઘણા પુણ્યબંધનું કારણ છે. પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના સમયમાં આશ્રમમાં માણેક ડોશીમાં ત્રણ વાગ્યે ઊઠીને ગોમ્મટસાર જેવો ગ્રંથ સાંભળવા જાય. તે વિષે પ.પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું કે -

**'ઉપદેશામૃત'માંથી :–** ''આ માણેક ડોશી રોજ આવે છે. તેમને સમજાય કશું નહીં પણ સાંભળવાની ઇચ્છા કરે તો કંઈ ફાયદો થાય કે નહીં?

જો તેમાં ને તેમાં માથાં મારે તો કર્મ જગ્યા આપે છે. જ્ઞાની અંતર્મુહૂર્તમાં કોટિ કર્મનો ક્ષય કરે છે. તેમ કોઈ સમકિતી-શ્રદ્ધાવાળો જીવ હોય તેને શાસ્ત્ર સાંભળવાનો લક્ષ છતાં સમજાય નહીં તો ય કંઈ તે ક્રિયાનું ફળ થતું હશે કે નહીં?

મુમુક્ષુ - પહેલા માગધી ભાષાની ખબરેય નહીં. હવે તે ગાથા વાંચતાં કરતાં ઠીક ફાવે છે. તે ન સમજાયા છતાં માથાં માર્યાનું પરિણામ છે.

પ્રભુશ્રી - એ ગુડગુડિયો વૈષ્ણવ. તેથી તેને પહેલાં તો બધાંની પેઠે વૈકુંઠ, ગોલોક અને એવો ખ્યાલ હશે. પણ હવે શાસ્ત્રમાં કેવી ગમ પડે છે? આ ય કેવો હતો? પણ વાંચીને માહિત થયો તો જાણ્યું ને? એમ શું થાય છે તે આપણને શું ખબર પડે? પણ જ્ઞાની જાણી રહ્યા છે. કંઈ અજબ વાત છે!

**ધનાભદ્રનું દૃષ્ટાંત –** ધના શ્રાવકનો જીવ કેવો હતો? ઢોરાં ચારે તેવો. તેને મુનિનો યોગ થયો, ત્યાં બોધ સાંભળ્યો; અને સમજાય ન સમજાય પણ મારે તેમણે કહ્યું તેમ કરવું છે - આ વ્રત લઉં, આ વ્રત લઉં એમ ભાવના રહી હતી અને કંઈ કર્યું ન હતું છતાં એટલામાં (ભાવનામાં ને ભાવનામાં) મરણ થવાથી દેવ થઈને ચવીને ધનો શ્રાવક થઈ મોટો લક્ષાધિપતિ થયો, કેટલીય કન્યાઓ પરણ્યો અને મોક્ષની તૈયારી કરી. જ્ઞાનીની આજ્ઞાએ શ્રુતજ્ઞાન સાંભળતાં પરોક્ષ જ્ઞાન થાય છે અને દીનબંધુની



કૃપાનજરથી પછી પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, પુદ્ગલ અને જીવ જુદાં જણાય છે.'' (પૃ.૩૨૫)

કુમારપાળ રાજાને પોતાના ગુરુ શ્રી હેમચંદ્રાચાર્યના વચનો પ્રત્યે કેવું બહુમાન હતું તે નીચે પ્રમાણે-

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :–**

**કુમારપાળરાજાની નીરાગી વચનો પ્રત્યે અજબ ભક્તિ.**

**કુમારપાળરાજાની ગુરુભક્તિનું દૃષ્ટાંત –** શ્રી પાટણનગરમાં કુમારપાળ રાજા રાજ્ય કરતા હતા. તે જિનેન્દ્રોએ કહેલા આગમની આરાધના કરવામાં તત્પર હતા, તેથી તેણે જ્ઞાનના એકવીસ ભંડાર કરાવ્યા. વળી ત્રેસઠ શલાકાપુરુષનાં ચરિત્રો સાંભળવાની ઇચ્છા થવાથી શ્રી હેમચંદ્રાચાર્ય ગુરુ પાસે પ્રાર્થના કરીને ૩૬૦૦૦ શ્લોક પ્રમાણ શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રની રચના કરાવી. તે ચરિત્રને સુવર્ણ તથા રૂપાના અક્ષરે લખાવીને, પોતાના મહેલમાં લઈ જઈ ત્યાં રાત્રિજાગરણ કરીને પ્રાતઃકાળે પટ્ટહસ્તી ઉપર તે ચરિત્રના પુસ્તકો પધરાવી તેના પર અનેક છત્ર ધારણ કરાવી, સુવર્ણના દંડવાળા બોત્તેર ચામરથી વીંઝાતા મોટા ઉત્સવપૂર્વક ઉપાશ્રયે લઈ ગયા. ત્યાં તેની સુવર્ણ, રત્ન, પટ્ટકુલ વિગેરેથી પૂજા કરીને બોત્તેર સામંત રાજાઓ સહિત વિધિપૂર્વક ગુરુ પાસે તેનું વ્યાખ્યાન સાંભળ્યું. એ જ પ્રમાણે અગિયાર અંગ અને બાર ઉપાંગ વિગેરે સિદ્ધાંતોની એક એક પ્રત સુવર્ણ વિગેરેના અક્ષરથી લખાવી, અને ગુરુના મુખથી તેનું વ્યાખ્યાન સાંભળ્યું તથા યોગશાસ્ત્ર અને વીતરાગ સ્તવના મળીને બત્રીશ પ્રકાશ સુવર્ણના અક્ષરથી હાથપોથી માટે લખાવીને હમેશાં મૌનપણે એક વખત તેનો પાઠ કરવા લાગ્યા. તે પોથીની દરરોજ દેવપૂજા વખતે પૂજા કરવા લાગ્યા.

તેમજ 'ગુરુએ કરેલા સર્વ ગ્રંથો મારે અવશ્ય લખાવવા.' એવો અભિગ્રહ લઈને સાતસો લહિયાને લખવા બેસાડ્યા. એક વખત પ્રાતઃકાળે ગુરુને તથા દરેક સાધુને વિધિપૂર્વક વાંદીને રાજા લેખકશાળા જોવા ગયા. ત્યાં લહિયાઓને કાગળના પાનામાં લખતાં જોઈને રાજાએ ગુરુને તેનું કારણ પૂછ્યું. ત્યારે ગુરુએ કહ્યું કે - ''હે ચૌલુક્ય દેવ! હાલ જ્ઞાનભંડારમાંથી તાડપત્રોની ઘણી ખોટ છે, માટે કાગળના પાનામાં ગ્રંથો લખાય છે.'' તે સાંભળીને રાજા લજ્જિત થયો, અને મનમાં વિચારવા લાગ્યો કે - ''અહો! નવા ગ્રંથો રચવામાં ગુરુની અખંડ શક્તિ છે, અને મારામાં તો ગ્રંથો લખાવવાની પણ શક્તિ નથી, તો પછી મારું શ્રાવકપણું શું?'' એમ વિચારીને તે ઊભો થઈને બોલ્યો - ''હે ગુરુ! ઉપવાસનું પ્રત્યાખ્યાન આપો.'' તે સાંભળી ''આજે શેનો ઉપવાસ છે''? એમ ગુરુએ પૂછ્યું ત્યારે રાજાએ કહ્યું કે - ''અત્યાર પછી જ્યારે તાડપત્ર પૂરાં થાય ત્યારે જ મારે ભોજન કરવું.'' તે સાંભળીને ગુરુએ કહ્યું કે - ''શ્રીતાડના વૃક્ષો જે લખવામાં કામ આવે છે તે અહીંથી ઘણા દૂર છે, તો તે શી રીતે જલ્દી મળી શકશે?'' એમ ગુરુએ તથા સામંતો વિગેરેએ બહુમાન સહિત ઘણા વાર્યા, તો પણ તેમણે તો ઉપવાસ કર્યો. શ્રીસંઘે તેમની સ્તુતિ કરી કે –

''અહો! શ્રી કુમારપાળ રાજાની જિનાગમને વિષે કેવી ભક્તિ છે? તેમજ અહો! ગુરુને વિષે તેનું બહુમાન પણ કેવું છે? અને અહો તેનું સાહસ પણ કેવું નિઃસીમ છે.?

પછી શ્રીકુમારપાળ રાજા પોતાના મહેલના ઉપવનમાં જઈને ત્યાં રહેલા ખરતાડ વૃક્ષોની ચંદન, કર્પૂર વિગેરેથી પૂજા કરીને જાણે પોતે મંત્રસિદ્ધ હોય તેમ બોલ્યા કે -





"હે ખરતાડનાં વૃક્ષો! જો મારું મન પોતાના આત્માની જેમ જૈન મતમાં આદર-વાળું હોય તો તમે શ્રીતાડના વૃક્ષો થઈ જાઓ." એમ કહીને રાજાએ કોઈ એક ખરતાડ વૃક્ષના જે લખવામાં કામ આવતા નથી તેના સ્કંધ પ્રદેશ ઉપર પોતાનો સુવર્ણનો હાર મૂક્યો. પછી એ પ્રમાણે કરીને રાજા મહેલમાં જઈ ધર્મધ્યાનમાં તત્પર થઈને રહ્યો એટલે શાસનદેવતાએ ખરતાડનાં વૃક્ષોને શ્રીતાડનાં વૃક્ષો બનાવી દીધા."

પ્રાતઃકાળે ઉપવનનાં રક્ષકોએ આવીને રાજાને તે વૃત્તાંત નિવેદન કર્યું. એટલે રાજાએ પણ તેઓને ઈનામ આપીને આનંદ પમાડ્યા. પછી તેનાં પત્રો લઈને ગુરુ પાસે મૂકી વંદના કરી. ગુરુએ " આ ક્યાંથી?" એમ પૂછ્યું એટલે રાજાએ વિનયથી સર્વ સભાસદોને ચમત્કાર પમાડનાર તે વૃત્તાંત નિવેદન કર્યું. પછી હેમચંદ્રાચાર્ય કર્ણને અમૃત સમાન તે વૃત્તાંત સાંભળીને રાજા અને સભાસદો સહિત તે ઉપવનમાં ગયા. ત્યાં રાજાના કહેવા પ્રમાણે પૂર્વે નહીં સાંભળેલ તેવું નજરે જોયું. તે વખતે બ્રાહ્મણો તથા દેવબોધી (બૌધાચાર્ય) વિગેરે નગરના લોકો પણ ખરતાડનાં વૃક્ષોને શ્રીતાડનાં વૃક્ષો થયેલાં જોઈ વિસ્મય તથા આશ્ચર્ય પામ્યા. (પૃ.૨૦૩ થી ૨૦૫)

## ૪૨૧. નીરાગી ગ્રંથો વાંચું.

નીરાગી પુરુષોના રચેલા ગ્રંથો વાંચું. તે જીવને નીરાગી બનાવી શકે. રાગી પુરુષોના લખેલા ગ્રંથો નીરાગી બનાવી શકે નહીં. માટે પરમકૃપાળુદેવ જણાવે છે કે –

**"કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી."** (વ.પૃ.૨૫૦)

તીર્થંકર ભગવાને જે દેશના આપી, તે સાંભળીને ગણધરોએ તેને સૂત્રોમાં ગૂંથી. તેના અર્થ આધુનિક એટલે આજકાલના આત્મજ્ઞાન રહિત મુનિઓ કરે તે વાંચવા યોગ્ય કે સાંભળવા યોગ્ય નથી. માટે નીરાગી પુરુષોના ગ્રંથો વાંચવાની ટેવ પાડું. સંસારમાં રાગ રહિત થવું એ જ અનંતસુખનું કારણ જ્ઞાનીઓ કહે છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** "સત્શાસ્ત્રનો પરિચય નિયમપૂર્વક નિરંતર કરવા યોગ્ય છે." (વ.પૃ.૬૦૮)

"તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તો પણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.

"સત્સમાગમ, સત્શાસ્ત્ર અને સદાચારમાં દૃઢ નિવાસ એ આત્મદશા થવાનાં પ્રબળ અવલંબન છે. સત્સમાગમનો યોગ દુર્લભ છે, તો પણ મુમુક્ષુએ તે યોગની તીવ્ર જિજ્ઞાસા રાખવી અને પ્રાપ્તિ કરવી યોગ્ય છે. તે યોગના અભાવે તો અવશ્ય કરી સત્શાસ્ત્રરૂપ વિચારના અવલંબને કરી સદાચારની જાગૃતિ જીવે રાખવી ઘટે છે." (વ.પૃ.૬૧૧)



''સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું, અને મનના દુરાત્મ્યપણાથી આકુળ વ્યાકુળતા નહીં પામતાં ધૈર્યથી સદ્વિચારપંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઈ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે, અને અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે. 'યોગદૃષ્ટિસમુચ્ચય' વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.'' (વ.પૃ.૬૧૪)

''સર્વ – ઉત્કૃષ્ટ ભૂમિકામાં સ્થિતિ થવા પર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને સત્પુરુષો પણ સ્વદશામાં સ્થિર રહી શકે છે, એમ જિનનો અભિમત છે તે પ્રત્યક્ષ સત્ય દેખાય છે.

સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં શ્રુતજ્ઞાન (જ્ઞાનીપુરુષનાં વચનો) નું અવલંબન જે જે વખતે મંદ પડે છે, તે તે વખતે કંઈ કંઈ ચપળપણું સત્પુરુષો પણ પામી જાય છે, તો પછી સામાન્ય મુમુક્ષુ જીવો કે જેને વિપરીત સમાગમ, વિપરીત શ્રુતાદિ અવલંબન રહ્યાં છે તેને વારંવાર વિશેષ વિશેષ ચપળપણું થવા યોગ્ય છે. એમ છે તો પણ જે મુમુક્ષુઓ સત્સમાગમ, સદાચાર અને સત્શાસ્ત્રવિચારરૂપ અવલંબનમાં દૃઢ નિવાસ કરે છે, તેને સર્વોત્કૃષ્ટ ભૂમિકાપર્યંત પહોંચવું કઠણ નથી; કઠણ છતાં પણ કઠણ નથી.'' (વ.પૃ.૬૧૧)

**'ઉપદેશામૃત'માંથી :–** ''વીલો મૂકવો નહીં. રાતદિવસ મંત્રનું સ્મરણ કરવું અને વખત મળ્યે વાંચન પઠન કરવું. અમૂલ્ય વખત આળસમાં કે પરપરિણતિમાં ન ખોવો. નિત્ય છ પદના પત્રનું સ્મરણ કરવું અને મનન કરવું. મોટા પુસ્તક (શ્રીમદ્ રાજચંદ્ર) માંથી જે જે પત્રો સમજાય તે મનન કરવા.''(પૃ.૪૦૭)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''મોક્ષમાળા' આખી વાંચવા જેવી છે. એક પાઠ પાંચ સાત વખત વાંચી, એમાં શું કહ્યું તે લક્ષ રાખવો. પછી વિચારવું કે આ પાઠમાં શું આવ્યું? એમાં હેય શું છે? જ્ઞેય શું છે? ઉપાદેય શું છે? એમ આખી મોક્ષમાળા વાંચી જવી. ભાવના રાખવી કે આટલું પૂરતું નથી. પૈસા વધારે મળે એવી ઇચ્છા રહે છે ને? તેમ માત્ર માળા ફેરવવાથી સંતોષ ન માનવો. કંઈક વાંચવાની, ગોખવાની, વિચારવાની, સ્મરણ કરવાની કોશિશ કરવાની છે. પછી વૃદ્ધાવસ્થામાં ન થાય. આ પરભવમાં સાથે આવે એવું છે. વાંચીએ ત્યારે શું કહ્યું છે? એ લક્ષ રાખવો. કંઈક કંઈક નવું શીખવું. ફરતું ફરતું વાંચવાનું હોય ત્યારે જીવને રસ આવે. જો કે એકનું એક પુસ્તક વધારે વંચાય તો વધારે લાભ થાય, પણ જીવને ધીરજ રહેતી નથી. નહીં તો ઘણો લાભ છે. પ્રભુશ્રીજી ઉપર 'છ પદ'નો પત્ર આવ્યો ત્યારે કૃપાળુદેવે મોઢે કરવાનું કહેલું તેથી મોઢે કર્યો, પણ છ પદ સુધી મોઢે કર્યો. પછી કૃપાળુદેવ મળ્યા ત્યારે પૂછ્યું કે – 'છ પદ'નો પત્ર મોઢે કર્યો? પ્રભુશ્રીજીએ કહ્યું : છ પદ સુધી કર્યો છે. કૃપાળુદેવે આખોય મોઢે કરવા કહ્યું. છ પદની પાછળ ઘણી વસ્તુ સારી છે. અગાધ અર્થ છે. જ્ઞાનીનાં વચનમાં ઊંડો ઊતરે તો બધા શાસ્ત્રો સમજાય.'' (બો.૧ પૃ.૨૨૩)

''પુસ્તક વાંચતાં આપણને જે સારું લાગે તે એક નોટમાં ઉતારી લઈએ. એમ કરતાં કરતાં ચાર પાંચ વર્ષે એક એવી નોટ તૈયાર થાય કે બધા શાસ્ત્રોનો સાર એમાં આવી જાય. ગોખે તોયે ધર્મધ્યાન થાય, વાંચે તોયે ધર્મધ્યાન થાય. વિચારે તોય ધર્મધ્યાન થાય. એ ધર્મધ્યાન જીવને હિતકારી છે.'' (બો.૧ પૃ.૨૮૯)

''કોઈ પુસ્તક વાંચ્યુ હોય અને ન સમજાય તો ફરીથી વાંચવું. પુસ્તક વાંચતી વખતે વિચાર કરવો કે આ પુસ્તક મારે માટે વાંચુ છું. એમાં ત્યાગવા યોગ્ય શું છે? ગ્રહણ કરવા યોગ્ય શું છે?

જ્યારે અહીં આશ્રમમાં 'ગોમ્મટસાર' નામનું પુસ્તક વંચાતુ ત્યારે બધાને સમજવું અઘરું પડતું. તેથી પુસ્તક વાંચતાં ''વીતરાગનો કહેલો પરમ શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે'' (પત્રાંક ૫૦૫) એ પત્ર બોલવાની પ્રભુશ્રીજીએ આજ્ઞા કરી હતી. વીતરાગે જે કહ્યું છે તે સત્ય જ કહ્યું છે. મારા સમજવામાં નથી



આવતું પણ એમ જ છે, એવી જો શ્રદ્ધા રાખીને શ્રવણ કરે તો આગળ જતાં સમજાય. જીવના અનધિકારીપણાને લીધે ધ્યાનમાં આવતું નથી.'' (બો.૧ પૃ.૪૧)

''પહેલાંના વખતમાં પુસ્તક વાંચતા ત્યારે પ્રથમ તેની પૂજા કરતા, પછી મનમાં ભાવના ભાવતા કે આ પુસ્તકથી મને લાભ થજો; અને ઉપવાસ, એકાસણું આદિ તપ કરી પછી આજ્ઞા લઈને તે પુસ્તકનું વિધિસહિત વાચન કરતા.'' (બો.૧ પૃ.૪૧)

''એક ક્ષણ નકામી ન જવા દેવી. વાંચવા વિચારવાનું રાખવું. કૃપાળુદેવને મારે જાણવા છે, એવી ભાવના રાખવી. 'કૃપાળુદેવ મને જ કહે છે' એવો લક્ષ રાખીને વાંચવું, વિચારવું. વાંચવાનું વધારે રાખવું. એથી આત્માને શાંતિ થાય છે. એકાંતની જરૂર છે. પાસે પુસ્તક હોય તો લાભ લઈ લેવો.'' (બો.૧ પૃ.૧૨૯)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ઇંદ્રિયોનો જય કરવાનો અભ્યાસ કરી સત્શાસ્ત્ર હમેશાં વિચારશો તો ઘણો લાભ થશેજી.'' (બો.૩ પૃ.૭૯૪)

''બીજા લોકોના સંગ કરતાં પુસ્તકોનો પરિચય વિશેષ રાખવા ભલામણ છેજી. વારંવાર વાંચશો તો વિશેષ સમજાશેજી.'' (બો.૩ પૃ.૭૯૪)

''જે કંઈ વાંચવું, વિચારવું થાય તેની અસર ઘણા વખત સુધી રહ્યા કરે, તેની અપૂર્વતા લાગે અને આત્મામાં પરમાર્થની ગરજ વિશેષ વધતી જાય તેમ વાંચવા-વિચારવા વિનંતી છેજી.'' (બો.૩ પૃ.૬૦૯)

''વાંચતા કંઈ ન સમજાય તે એક નોટમાં લખી રાખવું અને પત્ર લખો ત્યારે પૂછવા વિચાર રાખવો. ઘણુંખરું તો વૈરાગ્ય અને વિચારદશા વધતાં આપોઆપ સમજાશે. અહીંથી ઉત્તર ન મળે તો કંટાળવું નહીં કે વાંચવાનું પડી મૂકવું નહીં.'' (બો.૩ પૃ.૬૬૬)

## ૪૨૨. તત્ત્વને જ ગ્રહણ કરું.

તત્ત્વ એટલે સારભૂત પદાર્થ. આ વિશ્વમાં મુખ્યત્વે બે તત્ત્વ છે. જીવ અને અજીવ તત્ત્વ. તેનો વિસ્તાર કરીએ તો નવ તત્ત્વ થાય છે. બધા તત્ત્વોમાં આત્મતત્ત્વ સર્વથી શ્રેષ્ઠ સારભૂત તત્ત્વ છે. તે પામવા માટે નવ તત્ત્વ, છ દ્રવ્ય, છ પદ વગેરેનો વિચાર કરું. નવતત્ત્વ ભગવંતે કહ્યાં તેમાં મારી ગણતરી કયા તત્ત્વમાં આવે તેનો વિચાર કરું.

**''હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?''** - શ્રીમદ્ રાજચંદ્ર

આનો વિચાર વારંવાર કરી આત્મ તત્ત્વને ગ્રહણ કરું.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''હું કોણ છું? - બધું બાદ કરતાં કરતાં જે બાકી રહે તે અનુભવ-સ્વરૂપ હું આત્મા છું. ક્યાંથી થયો? હું અનાદિ અનંત હોવાથી નિત્ય છું. શું સ્વરૂપ છે મારું ખરું? 'તું છો મોક્ષસ્વરૂપ'. હું મોક્ષસ્વરૂપ છું. કોના સંબંધે વળગણા છે? ત્યાં કર્તાભોક્તાપણું વિચારે. રાખું કે એ પરિહરું? ત્યાં મોક્ષનો ઉપાય વિચારે કે કર્મ-વર્ગણા શાથી છે અને તે કેમ છૂટે? અથવા (૧) હું કોણ છું? એ પહેલા પ્રશ્નનો ઉત્તર વચનામૃતમાં છે : ''અત્યારે, હું કોણ છું એનું મને પૂર્ણ ભાન નથી. તું સત્પુરુષનો શિષ્ય છે.'' (૨૧-૧૧૭/૧૧૮) (૨) ક્યાંથી થયો? સત્પુરુષનો શિષ્ય ક્યાંથી થયો? દરેકને પોતાનો ઇતિહાસ તો હોય. કોઈની પાસે સાંભળ્યું હોય, પછી સત્પુરુષનો યોગ થયો હોય. તેવું પુણ્ય પ્રાપ્ત થવા સત્પુરુષની આજ્ઞા જાણે અજાણે પણ ઉઠાવી હોય. અલ્પ પણ શાતાનું મૂળ સત્પુરુષ છે. સાચી વસ્તુની



ભાવના, સદાચરણ પરંપરાએ સત્પુરુષ પાસેથી મળ્યા હોય. (૩) શું સ્વરૂપ છે મારું ખરું? મારું સ્વરૂપ કેવું છે? જ્ઞાનીએ જેવું પ્રગટ કર્યું છે – 'સર્વ જીવ છે સિદ્ધ સમ' તેવું. (૪) કોના સંબંધે વળગણા છે? વળગણા – કર્મવર્ગણા વગેરે જે વળગ્યું છે તે. કોને લઈને કર્મ વળગ્યા? વિભાવને લઈને. જીવની પોતાની ભૂલથી જ કર્મવર્ગણા છે. અનાથીમુનિના ઉપદેશમાં છે તેમ. (૫) રાખું કે એ પરહરું? પરિહરું. આ પાંચ પ્રશ્નોના વિચાર, વિવેકપૂર્વક શાંતભાવે જો કરવામાં આવે તો આત્મિકજ્ઞાનના સિદ્ધાંતતત્ત્વનો અનુભવ થાય.'' (પૃ.૧૫૩)

''અમૂલ્ય તત્ત્વવિચાર'એટલે જેનું મૂલ્ય ન થઈ શકે એવો અત્યંત મૂલ્યવાન, અત્યંત કિંમતી તત્ત્વવિચાર; આત્મા સંબંધી અત્યંત હિતકારી તત્ત્વવિચાર. તે મનુષ્ય ભવમાં થઈ શકે.'' (પૃ.૧૫૦)

**'મોક્ષમાળા પ્રવેશિકા'માંથી :–** ''તત્ એટલે તે, જેની વાત કરવી છે તે પદાર્થ. તત્-ત્વ એટલે તે પદાર્થનું સ્વરૂપ. કોઈ પદાર્થનું સ્વરૂપ સમજવું હોય તો તે સમજનારની સન્મુખ દૃષ્ટિ જોઈએ. જીવને સ્વરૂપ સમજવાની જિજ્ઞાસા થયે, યથાર્થ સમજ જેની છે તેવા સત્પુરુષનો યોગ અને બોધ પ્રાપ્ત થાય, તો સુવિચારણા કે તત્ત્વદૃષ્ટિ પ્રગટે છે.'' (પૃ.૧૧૮)

મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે તત્ત્વો છે, તેનો નિર્ણય કરી તેની શ્રદ્ધા સદ્ગુરુયોગે જીવને થાય તો તે સમ્યક્દર્શન કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ મનાય છે. તેવી શ્રદ્ધા કરવા યોગ્ય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ તો સર્વ મનવાળાં પંચેન્દ્રિય પ્રાણીઓને થયો છે. મુનિવેષ ધારણ કરી અગિયાર અંગ સુધી ભણવા છતાં વા ગ્રૈવેયક દેવો કુઅવધિજ્ઞાનાદિ યુક્ત છતાં પ્રયોજનભૂત તત્ત્વોનું તેમને શ્રદ્ધાન હોતું નથી તથા જનાવરોને ક્ષયોપશમ થોડો હોવા છતાં પણ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન સંભવે છે. માટે સમજાય છે કે જ્ઞાનાવરણના ક્ષયોપશમ અનુસાર જ શ્રદ્ધાન નથી, પરંતુ કોઈ જુદું કર્મ છે અને તે દર્શનમોહ છે. તેના ઉદયથી જીવાદિ તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન થાય છે.'' (પૃ.૧૧૯)

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :–** ''બાહ્ય દૃષ્ટિ વડે જે ગામ, ઉદ્યાન વિગેરે જોવામાં આવે તે મોહને માટે થાય છે. એટલે અસંયમની વૃદ્ધિ માટે થાય છે. તેજ ગ્રામાદિકને સ્વપરના ભેદવાળી કૃત્રિમ અને અકૃત્રિમના વિચારવાળી તત્ત્વદૃષ્ટિવડે અંતઃકરણના ઉપયોગથી જોવામાં આવે તો તે નિરંતર વૈરાગ્યની સંપત્તિને માટે થાય છે.''



**એક આચાર્યનું દૃષ્ટાંત – ગુરુની તત્ત્વદૃષ્ટિ વડે મોહના કારણો વૈરાગ્યના કારણ થાય.** જ્ઞાન અને ચારિત્રવડે પ્રધાન, શ્રુતના રહસ્યનો પાર પામેલા અને ભવ્યજીવોને તારવામાં સમર્થ એવા કોઈ એક આચાર્ય અનેક સાધુગણ સહિત ગામે ગામ વિહાર કરીને વાચનાએ કરી (ઉપદેશ આપવા વડે) સર્વ શ્રમણસંઘને બોધ કરતા હતા. તે આચાર્ય પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત હતા અને સર્વ સંયોગમાં અનિત્યાદિક બાર ભાવના ભાવતા હતા. તે વિહારના ક્રમે કરીને એકદા એક મોટા વનમાં આવ્યા. તે વન અનેક લતા વિગેરેથી કરીને નીલવર્ણ લાગતું હતું, અને તેમાં અનેક પક્ષીઓના સમૂહે નિવાસ કરેલો હતો. તે વનની પુષ્પ, પત્ર અને ફળની લક્ષ્મી (શોભા) જોઈને સર્વ મુનિઓ પ્રત્યે આચાર્ય બોલ્યા કે ''હે નિર્ગ્રંથો!



આ પત્ર, પુષ્પ, ગુચ્છ, અને ફળોને જુઓ. તેમાં રહેલા જીવો ચૈતન્યલક્ષણરૂપ અનંત શક્તિવાળા છતાં તેને આવરણ કરીને રહેલા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, ચારિત્રમોહની, મિથ્યાત્વમોહની અને અંતરાયકર્મના ઉદયે કરીને દાનાદિક કાંઈ પણ થઈ ન શકે તેવા એકેન્દ્રિય ભાવને પામેલા છે. તેઓ વાયુથી કંપતા, બળહીન, દુઃખી આત્માઓ કોઈ પણ પ્રકારના શરણ વિનાના અને જન્મ-મરણના ભાવથી યુક્ત છે. અહો! તેઓ અનુકંપા કરવા યોગ્ય છે. મન, વચન અને નેત્રાદિથી રહિત એવા આ બિચારા પર કોણ દયા ન કરે?'' એમ કહીને સર્વના મનમાં સંવેગ ઉત્પન્ન કરીને આગળ ચાલ્યા.

આગળ એક મોટું નગર આવ્યું. તે નગરમાં અનેક પ્રકારનાં ગીત અને વાજીંત્રોના શબ્દથી વિવાહાદિક ઉત્સવો થતા પ્રગટ રીતે દેખાતા હતા, તેથી સ્વર્ગના જેવું મનોહર લાગતું હતું. તે નગરને જોઈને સૂરિએ સર્વ સાધુઓને કહ્યું કે ''હે મુનિઓ! આજે આ નગરમાં મોહરાજાની ધાડ પડી છે. તેથી આ લોકો ઊછળ્યા કરે છે. તેઓ આત્મિક ભયે કરીને વ્યાપ્ત છે.'' અહીં પ્રવેશ કરવો આપણને યોગ્ય નથી. આ લોકો મોહપાશથી બંધાયેલા છે, માટે તેઓ અનુકંપાને યોગ્ય છે, પરંતુ તેઓ મોહ મદિરાનું પાન કરીને ઉન્મત્ત થયેલા હોવાથી ઉપદેશને યોગ્ય નથી, માટે આપણે આગળ ચાલો.'' તે સાંભળીને સાધુઓ બોલ્યા કે ''હે ગુરુ! આપે અમને સારો ઉપદેશ કર્યો.'' ઇત્યાદિ શુભ યોગમાં તત્પર થયેલા તેઓ વિહાર કરવા લાગ્યા. આવી રીતે આત્મતત્ત્વની દૃષ્ટિમાં તત્પર થયેલાને ગ્રામ, નગર, અરણ્ય સર્વ વૈરાગ્યનાં કારણો થાય છે.'' (પૃ.૧૩૩)



આવા સાચાં આત્મજ્ઞાની ગુરુ મળવાથી શિષ્યોને સત્ય તથા સારભૂત તત્વનું જ ગ્રહણ થાય.

## ૪૨૩. નિર્માલ્ય અધ્યયન કરું નહીં.

નિર્માલ્ય એટલે જેમાં કંઈ સાર નથી એવું સાહિત્ય આ કાળમાં બહુ છપાય છે. તેનું અધ્યયન કરવાથી માત્ર અંતરમાં પડેલા મોહના ભાવોની વૃદ્ધિ થાય છે. માટે આત્માને અહિતરૂપ એવા નિર્માલ્ય સાહિત્યનું અધ્યયન કરું નહીં. પણ આત્મતત્ત્વ પોષક વૈરાગ્ય ગ્રંથો વાંચી આત્માને રાગરહિત કરું.

**'ઉપદેશામૃત'માંથી :–** ''પ્રથમ અમે નવલકથાઓ, રાસ વગેરે સંસારમાં રહી વાંચતા. પછી દીક્ષા લીધી ત્યારે ધર્મને અંગે રાજાઓ ઇત્યાદિની કથાઓ વાંચતાં રસ પડતો. કૃપાળુદેવ મળતાં તે પણ વાંચવાની ના કહી; અને માત્ર આત્મા સંબંધી અને તત્ત્વ સંબંધી વાંચવા કહ્યું. તેમાં પ્રથમ રસ ન આવ્યો; પરંતુ ધીમે ધીમે તેમાં સમજણ પડતાં રસ પડતો ગયો. હવે સતત તે જ ગમે છે. અને આત્મા પણ બીજાં બધું કરતાં કોઈ અપૂર્વ આનંદમાં રમણ કરે છે. તે તો અનુભવે જ સમજાય.'' (પૃ.૪૪૧)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''આજે ઘણા લોકો નવલકથા, છાપાં વગેરે વાંચીને આત્માને



નુકશાન કરે છે. તેને બદલે આ પુસ્તક મોક્ષમાળા વાંચે તો સદ્ગુણો પ્રાપ્ત થાય અને સારાં કામ કરી કીર્તિ મેળવે અને પરભવમાં ઉચ્ચગતિ પામી મોક્ષે જાય.'' (પૃ.૪)

## ૪૨૪. વિચારશક્તિને ખીલવું.

વિચાર એક મહાન યોગ છે. પરમકૃપાળુદેવે કહ્યું કે - **'કર વિચાર તો પામ'** માટે આત્મા સંબંધી જ્ઞાન મેળવવા વિચારશક્તિને ખીલવું.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''મુમુક્ષુ - વિચારવું કેવી રીતે?

પૂજ્યશ્રી — પોતાની શક્તિ પ્રમાણે, જે કંઈ સાંભળ્યું હોય, વાંચ્યું હોય તે, યાદ કરવું અને તેને આપણા જીવન સાથે ઘટાવવું. એમાં જે વાત કહી તે મારામાં છે કે નહીં? એમાંથી મારે શું લેવા યોગ્ય છે? શું ત્યાગવા યોગ્ય છે? એમ વિચારવાથી આપણને ઉલ્લાસભાવ આવે; તેથી કર્મ ખપે. નહીં તો એકલું સાંભળ સાંભળ કરે તો સામાન્ય થઈ જાય અને કહે કે એ તો મેં વાંચ્યું છે, મોઢે કર્યું છે. સત્પુરુષનાં વચનો ક્ષણે ક્ષણે નવીનતા ધારણ કરે છે. જેમ જેમ તેને વાંચે, વિચારે તેમ તેમ તેમાં નવીનતા દેખાય છે.'' (બો.૧ પૃ.૫૩)

''મુમુક્ષુ - વાંચુ છું, પણ વિચાર નથી આવતા.

પૂજ્યશ્રી - આવશે. મનને રોકવું. પહેલાં મૂડી હોય તો વેપાર થાય ને? તેમ પહેલાં જ્ઞાનીના વચનોનો સંગ્રહ કરવાનો છે. આત્માર્થે બધું કરવું છે, એ લક્ષ રાખવો.'' (બો.૧ પૃ.૧૭૯)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''હાલ પૂ.....પરમકૃપાળુદેવનાં વચનો વાંચે છે તે ઠીક છે. વચનામૃતમાંથી જે વાંચ્યું હોય તે બધાને યથાશક્તિ કહી બતાવવાનું રખાય તો ઠીક છે. જે પોતે પોતાને માટે વિચાર્યું હોય તે બધા મળે ત્યારે જણાવી શકાય કે વાંચી શકાય તો સાંભળનાર અને જણાવનાર બન્નેને વિશેષ લાભ થવા સંભવ છે. તેમ ન બને તો હાલ ચાલે છે તે પણ ઠીક છે. કહેવા ખાતર કહેવું કે બીજાને સંભળાવવા વાંચવું યોગ્ય નથી. પોતાને એકની એક વાત વારંવાર વાંચવા, વિચારવા, ચર્ચવા યોગ્ય છે, તો બીજા હોય તો મને વિશેષ સમજવાનો પ્રસંગ મળશે. એ લક્ષ રાખી સ્વાધ્યાય કરવા જ બીજાની આગળ પણ વાંચવું ઘટે છેજી. બીજાને કંઈ કંઈ પૂછવું અને તેમના વિચારોની આપ-લે કરવાથી વિશેષ મનમેળો થશે, એકદિલી થશે.'' (બો.૩ પૃ.૬૯૦)

## ૪૨૫. જ્ઞાન વિના તારો ધર્મ અંગીકૃત કરું નહીં.

આત્મજ્ઞાન પામેલા પુરુષ વિના તારો ધર્મ કહેતા આત્માનો ધર્મ અંગીકાર કરું નહીં. તે જાણવા માટે પ્રથમ સત્પુરુષનો કે તેમના વચનોનો સમાગમ કરું. પછી ખાત્રી થાય કે આ નિસ્પૃહ પુરુષ છે અને આત્મજ્ઞાન પામેલા છે તો જ તેમનો બોધેલો ધર્મ અંગીકાર કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''(૧) જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોકસી કરવી એ વાક્યને સ્થિર ચિત્તથી વિચારવું. (૨) જેની પાસેથી ધર્મ માગવો તેવા પૂર્ણજ્ઞાનીનું ઓળખાણ જીવને થયું હોય ત્યારે તેવા જ્ઞાનીઓનો સત્સંગ કરવો અને સત્સંગ થાય તે પૂર્ણ પુણ્યોદય સમજવો. તે સત્સંગમાં તેવા પરમજ્ઞાનીએ ઉપદેશેલો શિક્ષાબોધ ગ્રહણ કરવો એટલે જેથી કદાગ્રહ, મતમતાંતર, વિશ્વાસઘાત અને અસત્ વચન એ આદિનો તિરસ્કાર થાય; અર્થાત્ તેને ગ્રહણ કરવાં નહીં. મતનો આગ્રહ મૂકી દેવો. આત્માનો ધર્મ આત્મામાં છે. આત્મત્વપ્રાપ્તપુરુષનો બોધેલો ધર્મ આત્મતામાર્ગરૂપ હોય છે. બાકીના માર્ગના મતમાં પડવું નહીં.'' (વ.પૃ.૩૮૨)



**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''આખી જીંદગી સુધી કામ આવે એવું વાક્ય છે, એથી જીવ ભૂલો ન પડે. ધર્મની પ્રાપ્તિ કરવી હોય અથવા સાચો ધર્મ પ્રાપ્ત કરવો હોય તેને બહુ વિચારવા જેવું છે. સદ્ગુરુથી મોક્ષ છે. દુર્લભ મનુષ્યભવ મળ્યો તે અજ્ઞાનીના આશ્રયે તો વ્યર્થ જાય. જેની પાસે આત્મજ્ઞાન ન હોય તેની પાસે ક્યાંથી ધર્મ મળે? આત્મજ્ઞાન આ પુરુષને છે કે નહીં તે તપાસવું. એટલું તપાસે તો જીવ ભૂલો ન પડે. જેની પાસે ધર્મ માગવો તે પામ્યાની પૂર્ણ ચોકસી કરવી.'' (બો.૨ પૃ.૧૪૨)

**'મોક્ષમાળા પ્રવેશિકા'માંથી :–** ''વિપરીત શ્રદ્ધાને લઈને ભક્તિ કરે, પૂજા કરે, કીર્તન કરે તે બધું યથાર્થ સમજણ કે માન્યતા વિના રૂઢિ પ્રમાણે યંત્રવત્ થયા કરે છે. તેથી સુવિચારણા પ્રગટે તો નહીં પરંતુ  હસવા જેવું પણ બને છે.


**એક ભક્ત મંડળનું દૃષ્ટાંત –** એક ભક્તમંડળીમા કૃષ્ણકીર્તન થતું હતું. તેમાં મૃદંગ, કાંસીજોડા, મંજીરા આદિ વડે ભક્તો ધૂન લગાવતા હતા. એક જણ બોલે અને બીજા બધા ઝીલે. પણ ભજનમાં ગવાય છે તેનો અર્થ સમજે તેવું એમાં કોઈ નહોતું. કીર્તન કરનાર બોલ્યો : 'રાધાને કાને ઝાલ ઝબુકે' ઝીલનારાઓએ ગાવા માંડ્યું, રાધા ને કાનો ઝાલર બૂકે.' એમ ગાતાં ગાતાં મૃદંગ, કાંસીજોડા અને મંજીરાનો અવાજ વારંવાર કરવા લાગ્યા. પણ શું કામ ઝાલર બૂકતા હશે? તેનો વિચાર કોઈને આવ્યો નહીં.'' (પૃ.૧૨૦) માટે સંપૂર્ણ રીતે સમજ્યા વિના ધર્મ અંગીકાર કરું નહીં.

## ૪૨૬. એકાંતવાદ લઉં નહીં.

કોઈપણ વાતને એકાંતે લઉં નહીં. જગતમાં જુદા જુદા ધર્મો એકાંતવાદને લઈને છે. જૈન ધર્મ સ્યાદ્વાદ છે. જો સ્યાદ્વાદપૂર્વક વસ્તુને જાણવામાં આવે તો કોઈ વિરોધ રહે નહીં. સ્યાત્ એટલે કોઈ નયની અપેક્ષાએ અને વાદ એટલે વસ્તુસ્વરૂપનું વર્ણન કરવું; તે સ્યાદ્વાદ છે.

**'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માંથી :–** ''જૈન સિદ્ધાંત સર્વત્ર સ્યાદ્વાદથી વ્યાપ્ત છે. જ્યાં એક નયની પ્રધાનતા છે ત્યાં બીજો નય સાપેક્ષ છે (ગૌણ છે). તેથી જૈન સિદ્ધાંત આ જીવને કાર્યકારી છે. અન્યમતના સિદ્ધાંત એક પક્ષથી દૂષિત છે, સ્યાદ્વાદ રહિત છે માટે કાર્યકારી નથી. જે જૈનશાસ્ત્રના ઉપદેશને પણ પોતાના અજ્ઞાનથી સ્યાદ્વાદ રહિત શ્રદ્ધે છે તેને વિપરીત ફળ મળે છે. માટે સ્યાદ્વાદ પરમાગમના જીવભૂત છે. તેને નમસ્કાર કરું છું.

**પાંચ આંધળાનું દૃષ્ટાંત –** એક સ્થાને પાંચ આંધળાઓ હાથીને હાથ ફેરવી, હાથીનું સ્વરૂપ



જુદી જુદી રીતે કહેવા લાગ્યા. એક જણના હાથમાં હાથીનું પૂછડું આવ્યું તે કહે હાથી તો સાવરણી જેવો છે. બીજાના હાથમાં કાન આવ્યો તે કહે હાથી સૂપડા જેવો છે. ત્રીજાના હાથમાં સૂંઢ આવી તે કહે હાથી તો સાંબેલા જેવો છે. ચોથો પેટને સ્પર્શી કહે હાથી તો કોઠી જેવો છે. પાંચમાના હાથમાં પગ આવ્યો તે કહે હાથી થાંભલા જેવો છે. પાંચે જણા એક એક અંગનો આગ્રહ કરી હાથીને તે રૂપે માને છે. પછી સૂઝતા એવા મહાવતે સૌને એક અંગથી છોડાવી બીજા બધા અંગોનો સ્પર્શ કરાવ્યો ત્યારે તેમને લાગ્યું કે આ



બધા અંગો મળીને હાથી થયો છે. એમ એકાંત મતવાળા આંધળાની જેમ વસ્તુના એક ધર્મને જ માને છે. જ્યારે સ્યાદ્વાદ એવો જૈનધર્મ તે વસ્તુના સર્વ ધર્મને પોત પોતાની અપેક્ષાએ માન્ય કરે છે તેથી તે સંપૂર્ણ સત્ય છે. જેમકે સાંખ્યમતી વસ્તુને નિત્ય જ માને છે, બૌદ્ધમતી ક્ષણિક જ માને છે. સ્યાદ્વાદી જૈનમત કહે છે કે જો વસ્તુ સર્વથા નિત્ય જ હોય તો અનેક અવસ્થાનું પલટવું થાય છે તે કેવી રીતે બને? જો વસ્તુને સર્વથા ક્ષણિક માનીએ તો 'જે વસ્તુ પહેલાં દેખી હતી તે આ જ છે.' એવું પ્રત્યભિજ્ઞાન કેવી રીતે થાય? માટે કથંચિત્ દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ ક્ષણિક છે. આ રીતે સ્યાદ્વાદવડે સર્વાંગ વસ્તુનો નિર્ણય કરવામાં આવે ત્યારે એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે. વળી કેવો છે સ્યાદ્વાદ? 'सकलनयविलसितानां विरोधमथनं' સમસ્ત નયોથી પ્રકાશિત જે વસ્તુનો સ્વભાવ તેના વિરોધને દૂર કરનાર છે. (પૃ.૪) એકાંતવાદ તે મિથ્યાવાદ છે. માટે ગ્રહણ કરું નહીં. પણ જૈનસિદ્ધાંતના પ્રાણ સમા સ્યાદ્વાદથી જ વસ્તુ સ્વરૂપને જાણી ગ્રહણ કરું.

## ૪૨૭. નીરાગી અધ્યયનો મુખે કરું.

નીરાગી પુરુષો દ્વારા રચેલ વૈરાગી અધ્યયનો કે શાસ્ત્રો મુખપાઠે કરું. જેથી ચિત્ત સ્થિર થાય, અને આવતા કર્મો રોકાય. તથા ગમે ત્યારે મહાપુરુષોનો ઉપદેશ સ્મૃતિમાં લાવી શકાય.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''મુખપાઠ કરવાનો અભ્યાસ રાખવો. કારણ મુખપાઠ કરેલું હોય તે કોઈ વખતે ઘણો લાભ આપે છે. ગમે ત્યારે, ગમે તેવા સંજોગોમાં પણ મુખપાઠ કરેલ વચન ઉપયોગી થઈ પડે છે. કારણ, પુસ્તક હમેશાં પાસે હોય નહીં.'' (બો.૧ પૃ.૩૩૯)

''સવારે ત્રણ વાગે ઊઠીને મોક્ષમાળાના પાઠ ફેરવીએ. પાઠ ફેરવતી વખતે એ લક્ષ રાખવો કે મારે વિચાર કરવા માટે ફેરવવા છે. એકાગ્ર મનથી ફેરવવા. શીખેલા છે માટે ન ફેરવું તો ભૂલી જઈશ એટલો જ લક્ષ ન રાખવો. વિચાર કરવાનો પણ લક્ષ રાખવો.'' (બો.૧ પૃ.૩૪૧)

''પ્રશ્ન - કોઈક વખતે ગોખવામાં ઉત્સાહ હોય છે ને કોઈ વખતે નહીં એનું શું કારણ?

પૂજ્યશ્રી — ''કર્મનો ઉદય છે. જે વખતે નવું ન શિખાય તે વખતે ફેરવવું. બીજી વસ્તુમાં ચિત્ત ન જવા દેવું. નહીં તો કર્મ બાંધે. ઉપવાસ એકાસણું કરીને વાંચવા વિચારવાનું કરવું છે. દેહનો શો ભરોસો છે? પરપોટાની પેઠે ફૂટી જાય. માટે મનુષ્યભવ છે ત્યાં સુધી કંઈ કરી લેવું. એ ક્યારે પૂરો થશે તેની ખબર નથી. બધી સામગ્રી લૂંટાઈ જશે. ઝબકે મોતી પરોવી લે. આત્માને સંસ્કાર પડ્યા હોય તે સાથે જાય છે.'' (બો.૧ પૃ.૩૩૪)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ગોખવાનું કંઈ હોય તો વૃત્તિ વારંવાર ત્યાં જાય અને સત્પુરુષના વચનરૂપ વ્યાપારમાં તો લાભ જ હોય. કોઈક ક્ષણ એવી આવે કે જ્યારે જીવને જગત વિસ્મરણ થઈ આત્મજાગૃતિ પ્રગટે. કંઈ ન બને તો સ્મરણનો અભ્યાસ વિશેષ રાખવો.'' (બો.૩ પૃ.૬૩૪)

''વિકથામાં જતો વખત બચાવી પરમકૃપાળુદેવના વચનો વાંચવા-વિચારવામાં, મુખપાઠ કરવામાં તથા મુખપાઠ કરેલું ફેરવી જવામાં જેટલો કાળ જશે, તેટલું આયુષ્ય લેખે આવ્યું ગણાશે.'' (બો.૩ પૃ.૬૩૪)

''દરેક મુમુક્ષુભાઈબહેને નિત્યનિયમ ઉપરાંત કંઈને કંઈ પરમકૃપાળુદેવના વચનમાંથી વાંચવા, વિચારવા કે ભાવના કરવાનું રાખવા યોગ્ય છેજી. બને તો એકાદ કડી મુખપાઠ કરી અવકાશે બોલતા રહેવાથી તે પરમપુરુષનો ઉપકાર વિશેષ વિશેષ સમજાતો જશેજી. રોજ ને રોજ ખાવું-પચાવવું પડે છે તેમ



કંઈ ને કંઈ વાંચીને, સાંભળીને, મુખપાઠ કરીને કે મુખપાઠ કરેલ ફેરવતા જઈને, જે પરમાર્થ પરમપુરુષે હૃદયમાં રાખેલો છે તે હૃદયગત કરવા વારંવાર વિચારવાની જરૂર છેજી. ઊંડા ઊતરવાની જરૂર છેજી. એ દિશામાં પુરુષાર્થ કરેલો ગુરુકૃપાથી સફળતા અર્પશેજી.'' (બો.૩ પૃ.૫૭૧)

''આપે સ્મૃતિ કે મુખપાઠ થવામાં કઠણાઈ સંબંધી પ્રશ્ન કર્યો તેના સંબંધી જણાવવાનું કે ચિત્તમાં જેમ વિક્ષેપ ઓછો, દેહાધ્યાસ ઓછો અને જ્ઞાનીપુરુષોનાં વચનોમાં પ્રીતિ વિશેષ તથા તેના સંચયની ભાવનાની વૃદ્ધિ થાય તેમ તેમ તે વચનો કંઠસ્થ થવામાં સરળતા થાય. પોતાની મેળે કરવા કરતાં જ્ઞાનીની આજ્ઞા સમજાય તો વિશેષ ભાવથી મુખપાઠ કરવા વીર્ય સ્ફુરે છે; કારણ કે તેથી જ હિત છે એમ જીવને દૃઢ થયેલ હોવાથી તે પ્રત્યે વધારે પુરુષાર્થ કરે છે. દરરોજ કંઈને કંઈ મુખપાઠ કરવાનો, જેને અભ્યાસ હોય તેને તે વાત સરળતાથી બને છે. પૂર્વે મુનિવર્ગ ચૌદ પૂર્વ મુખપાઠ કરી લેતા.'' (બો.૩ પૃ.૨૯૬)

''આપે મુખપાઠ થઈ શકતું નથી એ સંબંધી પુછાવ્યું છે તેનો ઉત્તરમાં જણાવવાનું કે આપણને ગમતું હોય કે લક્ષમાં આવી ગયું હોય તે ભુલાતું નથી. કેટલાંય સગાવહાલાંનાં નામ યાદ રહે છે તે ગોખવાં પડતાં નથી. કોઈ ગાળ ભાંડી જાય તો મરણ સુધી ભુલાતી નથી, કારણ કે તેનો પરિચય વિશેષ થઈ જાય છે, વારંવાર યાદ આવતું રહે છે. તેમ જો પરમપુરુષનાં વચનો આત્માને અત્યંત હિતકારી અને પરભવના ભાથા જેવા છે એમ લાગ્યાં હોય તો તે પણ વારંવાર યાદ આવતાં રહે અને ભૂલી ન જવાય; પણ સત્સંગે તેનું માહાત્મ્ય સંભળાય, તેની પકડ થાય, આત્મહિતની વાતો રાત-દિવસ ખટક્યા કરે કે અત્યારે પ્રમાદ કરી જેટલો કાળ ગુમાવ્યો તેમાંથી એક કલાક પાછો માગીએ તો ફરી મળે એમ છે? ગયાં એટલાં વર્ષો તો બધા હંમેશને માટે ગયાં તેમાંથી કંઈ માગ્યું મળે તેમ નથી. માટે હવે જેટલું જીવવાનું હોય તેટલી ક્ષણો કંજૂસના ધનની જેમ વિચારી વિચારીને વાપરવી.'' (બો.૩ પૃ.૧૬૯)

**'પ્રજ્ઞાવબોધ'માંથી :–**

**''શ્લોક, કડી, લીટી કે પદ પણ નિત્ય ભણે જે ભાવે,**
**તે પારગ શાસ્ત્રોનો બનશે પ્રવચન-ભક્તિ-પ્રભાવે'' અહોહો.** (પૃ.૩૩)

પહેલાના વખતમાં શાસ્ત્રો લખાયેલા કે છપાયેલા નહોતા. ત્યારે બારે અંગ કે ચૌદ પૂર્વ પણ મુખપાઠે રાખતા હતા. એમ પરંપરા ચાલતી હતી. પ.પૂ.પ્રભુશ્રીજી તથા પૂ.શ્રી બ્રહ્મચારીજીના વખતમાં પણ મુમુક્ષુઓને મોક્ષમાળા, પત્રશતક, આત્મસિદ્ધિ, દ્રવ્યસંગ્રહ, પંચાસ્તિકાય, તત્ત્વાર્થસાર, દશવૈકાલિક સૂત્ર વગેરે મુખપાઠ કરાવવામાં આવતા હતા. પૂ.શ્રી બ્રહ્મચારીજી બધાનું ધ્યાન રાખતા કે કોઈ નવરું તો નથી? જો હોય તો કંઈને કંઈ પુસ્તકનો સ્વાધ્યાય કે મુખપાઠ કરવાનું જણાવતા.

## ૪૨૮. ધર્મકથા શ્રવણ કરું.

જ્ઞાનીપુરુષના ઉપદેશ અનુસાર જ્યાં ધર્મ સંબંધી કથા-વાર્તા, ચર્ચા કે સ્વાધ્યાય થતો હોય તો ભાવપૂર્વક એક ચિત્તે શ્રવણ કરું. જેથી વાસ્તવિક તત્ત્વનું મને જ્ઞાન થાય, શ્રદ્ધાન થાય અને વર્તનમાં આવી મારું ચારિત્ર નિર્મળ બને.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''હાલ સિદ્ધાંતોનો જે બાંધો જોવામાં આવે છે તે જ અક્ષરોમાં અનુક્રમે તીર્થંકરે કહ્યું હોય એમ કાંઈ નથી. પણ જેમ કોઈ વખતે કોઈએ વાચના, પૃચ્છના, પરાવર્તના,



અનુપ્રેક્ષા અને ધર્મકથા સંબંધી પૂછ્યું તો તે વખતે તે સંબંધી વાત કહી. વળી કોઈએ પૂછ્યું કે ધર્મકથા કેટલા પ્રકારે તો કહ્યું કે ચાર પ્રકારે :- આક્ષેપણી, વિક્ષેપણી, નિર્વેદણી, સંવેગણી. આવા આવા પ્રકારની વાતો થતી હોય તે તેમની પાસે જે ગણધરો હોય તે ધ્યાનમાં રાખી લે, અને અનુક્રમે તેનો બાંધો બાંધે. જેમ અહીં કોઈ વાત કરવાથી કોઈ ધ્યાનમાં રાખી અનુક્રમે તેનો બાંધો બાંધે તેમ. બાકી તીર્થંકર જેટલું કહે તેટલું કાંઈ તેઓના ધ્યાનમાં ન રહે, અભિપ્રાય ધ્યાનમાં રહે. વળી ગણધરો પણ બુદ્ધિવાન હતા એટલે તે તીર્થંકરે કહેલાં વાક્યો કાંઈ તેમાં આવ્યાં નથી એમ પણ નથી.'' (વ.પૃ.૬૮૪)

**'શ્રી આચારાંગ સૂત્ર ભાગ-૧'માંથી :–** ''ધર્મકથા ચાર પ્રકારની છે. (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) સંવેદની (૪) નિર્વેદની.

(૧) **આક્ષેપણી** - જે કથા દ્વારા શ્રોતા મોહથી હઠી જઈને ચારિત્ર તરફ આકર્ષિત થાય છે તે આક્ષેપણી ધર્મકથા કહેવાય છે. કહ્યું છે કે - ''જેનાથી શ્રોતાને સન્માર્ગમાં સ્થાપિત કરી શકાય છે તેને આક્ષેપણી કથા કહે છે, જેવી રીતે કમલાવતીએ ઇક્ષુકાર રાજાને ધર્મમાં સ્થિર કર્યો. તે આ પ્રમાણે -

**ઇક્ષુકાર રાજાનું દૃષ્ટાંત –** નાની ઉંમરવાળાં પોતાના બે બાળકોની સાથે તથા પત્ની સહિત ભૃગુ પુરોહિત સર્વસ્વ ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરવા માટે પોતાના ઘરેથી નીકળ્યા. તે પુરોહિતનું તમામ ધન મારા પતિ ઇક્ષુકાર રાજાએ લઈ લીધું છે એવું જાણીને રાણી કમલાવતીના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે પોતાના પતિ રાજા ઇક્ષુકારને સમજાવ્યા કે મહારાજ, જે ધનને ભૃગુ પુરોહિતે વમન કરી નાખ્યું છે, તે ધનને આપ ભોગવશો? આપ વમનનું સેવન કરવાવાળાની પેઠે તેના ધનની લાલસા શા માટે કરો છો? ઇત્યાદિ કમલાવતીના આક્ષેપયુક્ત વચન સાંભળતાં જ રાજા ઇક્ષુકાર પણ વૈરાગ્ય પામ્યા. પછી રાજા તથા રાણી બન્નેએ સાથે દીક્ષા ગ્રહણ કરી.

(૨) **વિક્ષેપણી** - અનેકાન્તવાદ અથવા સત્યસિદ્ધાંતના ગુણોનું દિગ્દર્શન કરાવીને શ્રોતાઓને મિથ્યાવાદ અર્થાત્ એકાન્તવાદથી દૂર કરાવનારી કથા તે વિક્ષેપણી કથા કહેવાય છે. કહ્યું છે કે -

''સમ્યગ્‌વાદનો ઉત્કર્ષ બતાવીને મિથ્યાવાદ અર્થાત્ મિથ્યામાન્યતાનું ખંડન કરવાવાળી વિક્ષેપણી કથા છે. જેવી રીતે કેશી મુનિએ પ્રદેશી રાજાને મિથ્યાવાદથી મુક્ત કર્યા હતા.'' શ્રી કેશીમુનિના મુખેથી કરુણા રસથી પરિપૂર્ણ આસ્તિકવાદ સાંભળીને પ્રદેશી નામના રાજાએ નાસ્તિકવાદનો ત્યાગ કર્યો હતો. બાર વ્રતધારી શ્રાવક થઈને મરીને પ્રથમ સૌધર્મકલ્પમાં સૂર્યાભ નામનો દેવ થયો.

(૩) **સંવેદની** - જે કથા સંસારની અસારતા બતાવીને ભવ્યજીવોમાં મોક્ષની અભિલાષા જાગૃત કરે છે. તે સંવેદની ધર્મકથા છે. કહ્યું છે કે —''જે કથા સાંભળવા માત્રથી જ મોક્ષની ઇચ્છા ઉત્પન્ન થાય તે સંવેદની ધર્મકથા છે. જેવી રીતે મલ્લિ નામની રાજકન્યાએ છ રાજાઓને બોધ આપ્યો હતો.''

**મલ્લિકુમારીનું દૃષ્ટાંત –** છ રાજા મારા ઉપર આસક્ત પ્રેમવાળા છે એવું જાણીને મલ્લિકુમારીએ તેઓને ભવ, તન, ભોગની નિઃસારતા સમજાવી તેઓમાં મુક્તિની અભિલાષા ઉત્પન્ન કરી હતી. એ મલ્લિકુમારીનો ઉપદેશ તે સંવેદની ધર્મકથા છે.

(૪) **નિર્વેદની** - જે કથા શ્રોતાઓને વિષયભોગથી વિરક્ત બનાવે છે, તે નિર્વેદની કથા કહેવાય છે. કહ્યું છે કે - ''જેનું શ્રવણ કરતાં જ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે તે નિર્વેદની ધર્મકથા છે. જેવી રીતે ભગવાન મહાવીરે શાલિભદ્રને પ્રતિબોધ આપ્યો તે.''



**શાલિભદ્રકુમારનું દૃષ્ટાંત –** કમલના જેવા કોમળ અને કાન્તિમાન આકૃતિ-વાળા શાલિભદ્રકુમાર શ્રી મહાવીર ભગવાનની ધર્મદેશના સાંભળતાં જ વૈરાગ્યને પ્રાપ્ત થયાં અને ચારિત્ર ધારણ કર્યું. કહ્યું છે કે – ''ધર્મકથામાં પ્રીતિ રાખવાવાળા પુરુષ સંસારના સુખને ક્ષણભુંગર સમજી અનંતદુઃખ આપવાવાળા, ભોગનો ત્યાગ કરીને વૈરાગ્ય ધારણ કરી ચારિત્રરૂપી બગીચામાં વિહાર કરે છે.''

**'ઉત્તરાધ્યયનસૂત્ર'**ના ઓગણત્રીસમાં અધ્યયનમાં ધર્મકથાનું ફળ બતાવ્યું છે, તે આ પ્રમાણે –

'ભગવન્ ધર્મકથાથી જીવને શું લાભ થાય છે?'

**ઉત્તર** – ''ધર્મકથાથી જીવને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. ધર્મકથાથી જીવ પ્રવચનની પ્રભાવના કરે છે, પ્રવચનની પ્રભાવનાથી આગળ શુભકર્મોનો બંધ કરે છે.''

આક્ષેપણી આદિ ચાર પ્રકારની ધર્મકથાથી ઉત્પન્ન થનારા આનંદની ધારાઓના તરંગોથી જેનું અંતઃકરણ ઉલ્લાસવાન થયું છે એવા અનેક ભાવિતાત્મા ધર્મકથા કરવાવાળા પુરુષ જન્મ જરા અને મરણરૂપી ભયાનક અને વિશાળ મગરમચ્છોથી વ્યાપ્ત અને ઇષ્ટ-વિયોગ અને અનિષ્ટ-સંયોગરૂપી વડવાનલથી સહિત એવા અપાર સંસાર સાગરથી પોતે પાર ઊતરે છે અને બીજાને પણ પાર ઉતારે છે. તે ધર્મકથા કહેનાર અનેક ભવ્ય જીવોને દીક્ષિત કરે છે અને સંસારરૂપી કૂવામાં પડવાવાળા પ્રાણીઓના રક્ષણ કરવાનું આશ્વાસન દેવાવાળા જિનશાસનનો મહિમા વધારતા થકા સમસ્ત જગતને જિનશાસનમાં પ્રીતિવાળા બનાવી મિથ્યાત્વ નિવારણ અને સમ્યક્ત્વની સ્થાપના કરી, કર્મ કોટીને ખપાવે છે. કદાચિત્ પરિણામમાં ઉત્કૃષ્ટ રસાયન આવી જાય તો ત્રિલોકમાં પવિત્ર તીર્થંકર ગોત્રની પણ પ્રાપ્તિ કરે છે. (પૃ.૨૪)

## ૪૨૯. નિયમિત કર્તવ્ય ચૂકું નહીં.

પ્રતિદિન જે કાર્ય કરવામાં આવે તે નિયમિત રીતે કરવાનું ચૂકું નહીં. જેથી વ્યવસ્થિત થાય અને સમયસર કાર્ય પુરું થાય.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''નિયમથી કરેલું કામ ત્વરાથી થાય છે, ધારેલી સિદ્ધિ આપે છે; આનંદના કારણરૂપ થઈ પડે છે.'' (વ.પૃ.૧૫૫)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :– ''અનિયમિત કામ** – નિયમિત કામ ન કરે તો પછી કામના ઢગલા થાય. તેથી એની ચિંતા થાય અને એમાં ને એમાં ચિત્ત રહે. કામનો બોજો રહ્યા કરે. તેથી મોક્ષનો લક્ષ પછી રહેતો નથી. નિયમિત કામ કરે તેને વધારે કામ થાય અને ફિકર ચિંતા ન થાય.'' (પૃ.૨૧૮)

## ૪૩૦. અપરાધશિક્ષા તોડું નહીં.

પોતાથી કંઈ પણ અપરાધ થયો હોય તેની શિક્ષા ગુરુ, માતાપિતા કે અન્ય વડિલ આપે તે ગ્રહણ કરું, તો જ સુધરી શકું. શિક્ષક બાળકોને શિક્ષા આપે તે પણ બીજી વખત ભૂલ ન થવા માટે. તેથી અપરાધશિક્ષા તોડું નહીં.

**સિદ્ધસેનદિવાકર મુનિનું દૃષ્ટાંત –** સિદ્ધસેનદિવાકર મુનિ હતા. તેમને એકવાર એવો વિચાર આવ્યો કે ભગવાનના વખતના પ્રાકૃત ભાષામાં લખેલા શાસ્ત્રોને હાલમાં પ્રચલિત સંસ્કૃતભાષામાં કરું તેથી પ્રથમ મંગલાચરણરૂપે 'નમસ્કારમંત્ર'ની સંસ્કૃતમાં ટૂંકાણમાં રચના કરી. ''નમોऽર્હત સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ'' એમ લખીને ગુરુને બતાવ્યો. ત્યારે ગુરુએ કહ્યું કે આ તેં યોગ્ય કર્યું નથી.



એનું તારે બહુ મોટું પ્રાયશ્ચિત્ત કરવું પડશે. સિદ્ધસેનદિવાકર મુનિ બોલ્યા – પ્રભુ! આપને પ્રાયશ્ચિત્ત આપવું હોય તે આપો; મને મંજૂર છે. ગુરુએ સંઘને ભેગો કરી પ્રાયશ્ચિત્ત આપ્યું કે બાર વર્ષ સુધી ગુપ્તપણે વિચરવું અને એક મોટા રાજાને પ્રતિબોધ કરવો, પછી સંઘમાં લઈ શકાય.

સિદ્ધસેનદિવાકરે તુરંત અપરાધશિક્ષાને સ્વીકારી અને બાર વર્ષ સુધી ગુપ્તપણે વિચર્યાં. પછી ફરતાં ફરતાં અનુક્રમે ઉજ્જૈયની નગરીમાં આવ્યા. ત્યાં શિવના મંદિરમાં શિવલીંગ ઉપર પગ રાખીને સૂઈ ગયા. પૂજારી આવ્યો તેણે ખસેડવા પ્રયત્ન કર્યો પણ ખસ્યા નહીં; ત્યારે પૂજારીએ વિક્રમાદિત્ય રાજા પાસે જઈ કહ્યું કે શિવલીંગ ઉપર પગ દઈને એક યોગી સૂઈ ગયો છે.

રાજા તરફથી આજ્ઞા થઈ કે તેને ફટકા મારીને કાઢી મૂકો. યોગીને જેમ જેમ ફટકા મારે તેમ તેમ




રાણીવાસમાં રાણીઓને તે લાગવા લાગ્યા. તે જાણી રાજા સ્વયં ત્યાં આવ્યો. યોગીને શાંતિથી સમજાવ્યા કે શિવલીંગ ઉપર પગ મૂકવાને બદલે તેમની સ્તુતિ કરવી જોઈએ. ત્યારે યોગી બોલ્યા : મારી સ્તુતિ એ તમારા દેવ સહન કરી શકે નહીં. ત્યારે રાજા કહે : તમે કરો તો ખરા. ત્યારે અવધૂતયોગીએ કહ્યું કે આ શિવલીંગની નીચે શ્રીપાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે. આ તમારા રાજ્યમાં મોટો અન્યાય થાય છે. એમ કહી 'कल्याणमंदिर स्त्रोत' રચવાની શરૂઆત કરી. ૧૨-૧૩ શ્લોક બોલ્યા કે શિવલીંગ ફાટીને અંદરથી શ્રી અવંતિ પાર્શ્વનાથના પ્રતિમાજી પ્રગટ થયા. રાજા વિક્રમ આ ચમત્કાર જોઈ આભો જ બની ગયો. પછી તે રાજા પણ દઢ જૈનધર્મી થયો. એમ શિષ્યે જે અપરાધ કર્યો તેની ગુરુએ ભારે શિક્ષા આપી તો પણ શિષ્યે વિનયભાવે તે સ્વીકારી પણ અપરાધશિક્ષાનું ઉલ્લંઘન કર્યું નહીં. તેમ હું પણ અપરાધશિક્ષા તોડું નહીં.

## ૪૩૧. યાચકની હાંસી કરું નહીં.

મુનિ યાચના પરિષહ સહન કરે છે. યાચના કરીને રોજ ઘેર ઘેર આહાર માટે ફરે છે એવા મુનિની કદી હાંસી કરું નહીં, પણ સન્માન કરું. તેમજ ભિખારીની પણ હાંસી કરું નહીં. કારણ કે તેના ફળ માઠા છે.

**'શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર'ના આધારે :— મહાત્માઓની હાંસી કરું નહીં**

**કઠીયારામુનિનું દૃષ્ટાંત –** એક વખત કોઈ કઠીયારાએ વિરક્ત થઈને ગણધર શ્રી સુધર્મા સ્વામી પાસે રાજગૃહીમાં દીક્ષા લીધી. પછી શહેરમાં ગોચરી વિગેરે કારણસર ફરતાં તેની પૂર્વાવસ્થાને જાણનારા નગરીના લોકો સ્થાને સ્થાને તેનો તિરસ્કાર, મશ્કરી અને નિંદા કરવા લાગ્યા. એવી અવજ્ઞાને સાંભળી, તેણે ત્યાંથી વિહાર કરવા શ્રીસુધર્માસ્વામીને જણાવ્યું. સુધર્માસ્વામીએ વિહાર કરવાનો વિચાર



ગાંગાણીમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન ની પ્રતિમા



૧
મુનિને દાન દેતો કઠિયારો


૨
મુનિદાનના પ્રભાવથી કઠિયારો બીજા ભવમાં બનેલ રાજા



અભયકુમારને જણાવ્યો. અભયકુમારે તેનું કારણ પૂછ્યું. તેના જવાબમાં સુધર્માસ્વામીએ પૂર્વોક્ત કારણ જણાવ્યું. પછી અભયકુમારે એક દિવસ રહેવાની માગણી કરી, તેથી તેઓ એક દિવસ ત્યાં રોકાયા.

બીજે દિવસે અભયકુમારે રાજ્ય ભંડારમાંથી ત્રણ કોટી રત્નો કઢાવી, રસ્તા વચ્ચે તેનો ઢગલો કરાવી પડહ વગડાવીને એવી આઘોષણા કરાવી કે, 'હે લોકો! અહીં આવો, હું તમને આ ત્રણ કોટી રત્ન આપું.' તે સાંભળી ઘણા લોકો ત્યાં એકઠા થયા. પછી તેણે કહ્યું કે, 'જે પુરુષ સચિત જળ, અગ્નિ અને સ્ત્રીનો સર્વથા ત્યાગ કરે, તેનો આ રત્નરાશિ છે.' ત્યારે તેઓ બોલ્યા કે 'સ્વામિન! એવું લોકોત્તર કાર્ય કરવાને કોણ સમર્થ છે? અભયકુમાર કહે - 'જો તમારામાં કોઈ તેવો ન હોય તો જળ, અગ્નિ અને સ્ત્રીને સર્વથા વર્જનાર આ કાષ્ટહારી (કઠીયારા) મુનિનો આ રત્નરાશિ થાઓ.' ત્યારે લોકો બોલ્યા - 'અરે! શું આ સાધુ એવા ત્યાગી અને દાનપાત્ર છે? અમોએ તેનું વૃથા ઉપહાસ્ય કર્યું. પછી અભયકુમારે આજ્ઞા કરી કે - 'હવે પછી એ મુનિનો કોઈએ તિરસ્કાર કે હાસ્ય કરવું નહીં.' લોકોએ તે વાત સ્વીકારી અને પોતપોતાને સ્થાને ગયા.



## ૪૩૨. સત્પાત્રે દાન આપું.

આપણા પુણ્યબળે કોઈ મહાપુરુષ આવી ચઢે તો ભાવપૂર્વક દાન આપું. ગૃહસ્થનું ઘર અનેક પાપો થવાનું સ્થાન છે. તે પાપોથી છૂટવા માટેનો એક ઉપાય સત્પાત્રે દાન આપવું એ પણ છે.

**'ઉપદેશામૃત'માંથી :— જેવા જેના ભાવ તેવાં ફળ ભોગવવા પડે**

**કઠિયારાનું દૃષ્ટાંત —** ''મિસ્ત્રી—આપણે આ જે કર્મ કરીએ તેનું ફળ આ ભવમાં મળે કે આવતા ભવમાં?

પ્રભુશ્રી — કોઈ મહાત્મા તપની મુદત પૂરી થયા પછી પારણા માટે વસ્તીમાં આવેલા. તે વખતે એક કઠિયારે બોલાવી તેમને બે રોટલા પોતાના ભાણામાંથી આપ્યા. તે ઊભા ઊભા જમીને તે તો ચાલ્યા ગયા. પછી તેની સ્ત્રી રોટલા ઘડતી હતી તેના મનમાં એમ થયું કે આ ક્યાંથી આવ્યો કે મારે વધારે રોટલા ટીપવા પડશે. પણ કઠિયારાના છોકરાને એમ વિચાર આવ્યો કે બાપાએ પોતાના ભાણામાંથી બે ય રોટલા આપ્યા તેથી હું મારા રોટલામાંથી અડધો રોટલો બાપાને આપું એમ વિચારી તેણે અડધો રોટલો આપ્યો અને નવા રોટલો ચઢે ત્યાં સુધી ખાવાનું ચાલતું કરવા કહ્યું. તેની બહેન પણ ખાવા બેઠી હતી. તેણે પણ ભાઈની પેઠે પિતાને અડધો રોટલો આપ્યો.

તે ભવ પૂરો થતાં કઠિયારો દેવ થઈને બીજે ભવે રાજા થયો. રાજાએ એક વખત સભામાં જનકરાજાની પેઠે પ્રશ્ન પૂછ્યો કે દત્તાનું ફળ શું અને અદત્તાનું ફળ શું? મોટા મોટા પંડિતોમાંથી કોઈ જવાબ આપી શક્યું નહીં. પછી રાજા પાસેથી પંડિતોએ મુદત માગી કે અમુક મુદતમાં અમે તમને જવાબ આપીશું. તે મુદત પુરી થવા આવી પણ કંઈ ઉત્તર નહીં જડવાથી 'શું મોઢું રાજાને દેખાડીશું' એમ થવાથી



આખો દિવસ નિરાશ થઈને રાજપંડિત ઊતરેલે મોઢે ઘરમાં આંટા મારતો હતો. તેને જોઈને તેની પુત્રી બોલી : પિતાજી, તમને આવડી શી ચિંતા છે કે રોજ તમારું શરીર સુકાતું જાય છે? પંડિતે કહ્યું, કંઈ નહીં બહેન, તારે જાણીને શો ખપ છે? છતાં તેણે જાણવાની ઇચ્છા દર્શાવવાથી તેણે રાજાના પ્રશ્નની વાત કહી, તે સાંભળતાં તે મૂર્છા પામી. પછી જાગૃત થતાં તે પુત્રીએ કહ્યું : પિતાજી, આનો ઉત્તર તો હું પણ આપું. એટલે રાજા આગળ પંડિતે વાત કરી કે એ પ્રશ્નનો ઉત્તર તો મારી પુત્રી પણ આપી શકશે. તેથી તેની પુત્રીને સભામાં બોલાવી. તેણે રાજાને કહ્યું : રાજાજી, તમારે ત્યાં થોડા કાળમાં એક કુમારનો જન્મ થશે તેને તમે પૂછજો એટલે ઉત્તર મળશે. રાજાને પુત્ર નહોતો તેથી તે સાંભળી રાજી થયો અને પુત્રીને શિરપાવ આપી રજા આપી. પુત્રનો જન્મ થતાં બધા રાજી થયા. રાજા પ્રશ્નનો ઉત્તર સાંભળવા જન્મતાં જ તેની પાસે ગયો; અને તેને પ્રશ્ન પૂછ્યો કે કુંવર મૂર્છા પામ્યો. પછી જાગૃત થઈ કુંવરે ઉત્તર આપ્યો, 'અમુક દેશમાં એક ગામમાં એક ગરીબ ડોશી છે. તે રોજ બાર વાગે ગામ બહાર નદીએ પાણી ભરવા આવે છે. તે વખતે તેની પાસે જઈને તેને બેડું ચડાવજો અને પ્રશ્ન પૂછશો, તો તેનો તે ઉત્તર આપશે. પછી રાજાએ તે પ્રમાણે કર્યું અને ડોશીને પ્રશ્ન પૂછ્યો કે તે પણ મૂર્છા પામી. પછી જાગૃત થઈ તેણે કહ્યું, હું તમારા કુંવર પાસે આવીને વાત કરીશ. પછી બધાં એકઠાં થયાં. મૂર્છા વળતાં જાતિસ્મરણ જ્ઞાન ત્રણેને થયું હતું. એટલે પૂર્વભવની વાત તેમણે જાણી હતી. પછી કુંવરે રાજાને પૂર્વભવની વાત કરી. ત્યાં રાજા પણ બેભાન થઈ ગયો અને તેને પણ જાતિસ્મૃતિ જ્ઞાન થયું. એટલે કુંવરે કહ્યું : ''રાજાજી, તમે હવે તમારા આત્માનું કલ્યાણ કરો અને મને રાજ સોંપી જાઓ. પણ બાર વર્ષ પછી આવીને મને બૂજવજો, ચેતવજો. આ ડોશીને પેટપૂરતું વર્ષાસન બાંધી આપો. પંડિતની પુત્રી પણ સાધ્વી થવાની છે.''

પૂર્વભવનો કઠિયારો તે મર્યા પછી દેવ થઈ તે દેવ આયુષ પુરું કરીને આ રાજા થયો હતો. કઠિયારાની સ્ત્રી મરીને ઢોર પશુના અનેક જન્મો કરી ચંડાળને ત્યાં જન્મી હતી; તે પેલી ડોશી હતી. કઠિયારાની પુત્રી પણ સારા ભાવ કરી પંડિતને ત્યાં જન્મી હતી.'' (ઉ.પૃ.૩૧૫) આમ દત્તા અને અદત્તાનું ફળ જાણવું.

**અમારા ચરણ અમારે પુજાવવા નથી –** ''મુમુક્ષુ – આ વીંટી હું આપના ચરણે મૂકું છું; તેનો જે ઉપયોગ કરવો હોય તે કરજો.

પ્રભુશ્રી – તમારે લોભ છોડવાની ઇચ્છા હોય તો અહીં ઘણા ખાતાં છે – જ્ઞાન ખાતું છે, સાધારણ આશ્રમ ખાતું છે, સાધુ સમાધિ ખાતું છે. જે ખાતે તમારે આપવી હોય તે ખાતે આપજો. અમારે એને શું કરવી છે?

મુમુક્ષુ – પ્રભુ, મને એની ખબર નથી. આપને જે સારું લાગે તેમાં તેનો ઉપયોગ કરજો.

પ્રભુશ્રી – અમારાથી કશું ન કહેવાય. આ વીંટી લઈ લો અને તમારે રાખવી હોય તો તેમ અને વેચવી હોય તો તેમ, પણ પૈસા કરીને આવો ત્યારે જે ખાતામાં જેટજેટલા આપવા હોય તેટલા વિચાર કરીને આપી જજો.

અહીં ઘણી બાઈઓ અને ભાઈઓ આમ બંગડીઓ કે જણસો મૂકે છે તેને અમારું આ જ કહેવું થાય છે. ભાવની વાત છે. જેટલો લોભ છૂટે તેટલો સારો. પણ અમારા ચરણ અમારે પુજાવવા નથી.'' (ઉ.પૃ.૩૦૧)



**'બોધામૃત ભાગ-૩'માંથી :–** હરિવંશપુરાણ સાંજના સભામંડપમાં વંચાય છે તેમાં ઋષભદેવના ગર્ભકલ્યાણની કથા ગઈ કાલે આવી હતી. ભોગભૂમિનું તથા તેવા પુણ્ય-ઉપાર્જનનું કારણ પાત્ર-દાન તેનું વર્ણન આવ્યું હતું. સમ્યક્દર્શન સહિત મુનિપણું પાળનાર ઉત્તમ પાત્ર, સમ્યક્દર્શન સહિત શ્રાવકવ્રત પાળનાર મધ્યમ પાત્ર અને વ્રત વિનાના સમ્યક્દર્શનવાળા જીવોને જઘન્ય પાત્ર ગણાવ્યા હતા. તેમને ભક્તિપૂર્વક દાન દેનાર મિથ્યાદૃષ્ટિ પણ ભોગભૂમિને યોગ્ય પુણ્ય પ્રાપ્ત કરે છે. સમ્યક્દૃષ્ટિ કે સમ્યક્દૃષ્ટિ વ્રતવંત શ્રાવક દાતાર, મુનિપણું પામે તો મોક્ષે જાય, નહીં તો દેવગતિ પામે. વ્રતનિયમ પાળનાર પણ મિથ્યાદૃષ્ટિ જીવને ભક્તિપૂર્વક દાન દેનાર કુભોગભૂમિ કે કુમનુષ્ય યોગ્ય પુણ્ય બાંધે; અને વ્રત પણ ન હોય અને સમ્યક્દર્શન પણ ન હોય તેને દાન ભક્તિસહિત દેનારનું દાન વ્યર્થ જાય છે, રાખમાં ઘી રેડ્યા સમાન છે એમ આવ્યું હતું. દયાની લાગણી પોષવા અનુકંપા દાન દેનાર પુણ્ય બાંધે છે પણ પરીક્ષાબુદ્ધિ નહીં હોવાથી કે વિપરીતતાને કારણે અપૂજ્યમાં પૂજ્યબુદ્ધિ આત્મહિતનું કારણ નથી એ સર્વનો સાર છે.'' (બો.૩ પૃ.૫૨૯)

**'શ્રી જૈનહિતોપદેશ ભાગ-૧'માંથી :–** લક્ષ્મી પામીને સુપાત્રાદિને વિવેકથી દાન દેવું, તે જ તેની શોભા તથા સાર્થકતા છે. વિવેકપૂર્વક દાન દેનારની લક્ષ્મીનો વ્યય કર્યા છતાં, કૂવાના જળની પેરે નિરંતર પુણ્યરૂપ આવકથી વધારો જ થતો જાય છે. વિવેકરહિતપણે વ્યસનાદિમાં ઉડાવી દેનારની લક્ષ્મીનો તરત અંત આવી જાય છે. કૃપણની લક્ષ્મી કોઈ ભાગ્યશાળી ભોગવે છે, કે વાપરી લાભ લે છે, પરંતુ મમ્મણશેઠની પેરે તેનાથી એક દમડી પણ શુભ માર્ગે ખર્ચાતી નથી, તેમજ તે બાપડો તેને ભોગમાં પણ લહી શકતો નથી. પૂર્વે ધર્મમાં અંતરાય નાખ્યાનું ફળ સમજી, કોઈને અંતરાય કરવો નહીં. (પૃ.૭૫)

**'શ્રી પાર્શ્વનાથ ચરિત્ર'માંથી :– ભાવપૂર્વક મંત્ર સ્મરણ અને સુપાત્રે દાનનું ફળ મોક્ષ**

એકવાર શ્રાવકને સાધુપુરુષે કહ્યું કે, 'હે ભદ્ર! આ મંત્રનું તારે નિરંતર સ્મરણ કરવું; અને સમ્યક્ત્વનું પાલન કરવું, પછી તે શ્રાવક ચંદ્રમુનિને નમસ્કાર કરી પ્રસન્ન થઈને ફરતો ફરતો પુષ્પપુર ગયો. ત્યાં તે મહાન રિદ્ધિને પામ્યો. પરંતુ ભાવથી તે નમસ્કાર મહામંત્રનું નિરંતર સ્મરણ કરવા લાગ્યો.

હવે વિધિના યોગે બીજા ત્રણે મિત્રો પણ ચિરકાળે ભેગા થયા. એટલે ચંદ્ર, ભાનુ, ભીમ અને કૃષ્ણ એ ચારે મિત્રોએ પોતપોતાનો વૃત્તાંત કહ્યો. તેમાં ચંદ્ર પાસેથી નમસ્કારના માહાત્મ્યને સાંભળીને ત્રણે મિત્રો નમસ્કાર મંત્ર શીખ્યા અને તે ત્રણે પણ વ્યાપાર કરતાં મહાન સિદ્ધિને પામ્યા.

**ચાર મિત્રોનું દૃષ્ટાંત –** એકદા તે ચારે મિત્રો વિચારવા લાગ્યા કે – 'આપણે સંપત્તિવાન થયા છીએ માટે હવે પોતાને નગરે જઈએ' એમ નિશ્ચય કરી નાવમાં બેસી સમુદ્ર ઓળંગીને એક સરોવર પાસે ભોજન કરવા બેઠા. ત્યાં ભોજન તૈયાર થયું, એવામાં છ માસના ઉપવાસી એવા એક સાધુ નગરમાં ગોચરી માટે જતા હતા, તેમને જોઈને તેમણે નિમંત્રણ કર્યું કે – 'હે ભગવન્! પધારો.' પછી ચંદ્રે ભાવપૂર્વક મુનિશ્વરને પ્રતિલાભ્યા અને બીજા ત્રણેએ અનુમોદના કરી. ત્યાં ચારેયે દેવલોકાદિનું ભોગકર્મફળ ઉપાર્જન કર્યું. પછી તે ચારે અનુક્રમે કુશળક્ષેમે સ્વનગર જયપુરમાં આવ્યા. ત્યાં સર્વ સ્વજનો મળ્યા, અને મોટો ઉત્સવ થયો. પછી ચિરકાળ આરાધના કરી ઋદ્ધિસુખ ભોગવીને તે ચારે દાનના પ્રભાવથી બારમા દેવલોકમાં દેવ થયા. દેવ આયુષ્ય સંપૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને તે ચારે જીવો જુદા જુદા ચાર દેશના રાજા થયા. પરમ સમૃદ્ધિવંત એવા તે ચારે વચ્ચે પૂર્વભવના સ્નેહસંસ્કારથી પરમ પ્રીતિ થઈ. તેથી તે ચારે



વારાફરતી એક જ દેશમાં સાથે રહેવા લાગ્યા. એમ રાજ્યસુખ ભોગવી પ્રાંતે સંયમ સાધીને મોક્ષે ગયા. (પૃ.૨૫૦) માટે ભાવપૂર્વક દાન દેવું.

**'ઉપદેશામાળા'માંથી :– સુપાત્રમાં દાન આપવાથી તે અનંતગણું થાય**



**શાલિભદ્રનું દૃષ્ટાંત –** શાલિભદ્રનો જીવ પૂર્વભવે સંગમ નામે ભરવાડનો પુત્ર હતો. તેણે અતિ હર્ષ થવાથી બહુ ભાવપૂર્વક બધી ક્ષીર માસક્ષમણમુનિને વહોરાવી દીધી. પછી તે વિચાર કરવા લાગ્યો કે ' આજે સાધુરૂપી સત્પાત્ર મને પ્રાપ્ત થવાથી હું અતિ ધન્ય થયો.' આ પ્રમાણે અનુમોદના સહિત દાન ઘણું ફળ આપનારું થાય છે. કહ્યું છે કે –

''આનંદથી નેત્રમાં આંસુ આવવાં, રોમરાય વિકસ્વર થવાં, બહુમાન સહિત વહોરાવવું, પ્રિય વચન બોલતાં આપવું અને તેની અનુમોદના કરવી; એ પાંચ સુપાત્ર દાનનાં ભૂષણ છે.''

અહિં સંગમે સાધુને દાન આપવાથી ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. કહ્યું છે કે –

''વ્યાજની અંદર ધન બમણું થાય છે, વ્યવસાયથી ચારગણું થાય છે, ક્ષેત્રમાં સોગણું થાય છે, અને પાત્રમાં આપવાથી અનંતગણું થાય છે.'' વળી સંગમે જે દાન આપ્યું તે અતિ દુષ્કર છે. કારણ કે –

''દરિદ્રી છતાં દાન આપવું, સામાર્થ્ય છતાં ક્ષમા રાખવી, સુખનો ઉદય છતાં ઇચ્છાનો રોધ કરવો અને તરુણાવસ્થામાં ઇદ્રિયોનો નિગ્રહ કરવો''–આ ચારે વાનાં અતિ દુષ્કર છે. (પૃ.૧૪૩)

**'સાદી શિખામણ'માંથી :– દાન આપો નહીં તો મધમાખીની જેમ અંતે પસ્તાવો પામશો**

**ભોજરાજાનું દૃષ્ટાંત –** એક દિવસ ભોજરાજા પોતાની સભામાં બેઠા હતા, ત્યાં એક માખી આવીને હાથ ઘસવા લાગી તે જોઈને ભોજરાજાએ કાલિદાસ પંડિતને તેનું કારણ પૂછ્યું કે આ મધમાખી દરરોજ મારા સન્મુખ સભામાં આવી હાથ ઘસે છે તેનું શું કારણ હશે? ત્યારે તેનો ઉત્તર કાલિદાસ પંડિતે રાજા ભોજને તરત આપ્યો કે, આ મધમાખી એમ કહે છે કે, હે ભોજરાજા! જે કોઈ નિર્ધન હોય તેને તું ધન આપ કારણ કે સારા કાર્ય કરનારા પુરુષોનું એજ કર્તવ્ય છે. કર્ણ, બળી અને વિક્રમાદિત્ય રાજાઓએ પણ દાન આપેલાં તેણે કરીને અદ્યાપિ સુધી આ જગતમાં તેની કીર્તિ ગવાય છે; અને અમોએ તો ઘણા કાળથી સંઘરી મૂકેલું મધ તેને વાઘરી લઈ ગયો, પણ અમારાથી દાન ન કરાયું તેમ ઉપયોગ પણ ન થઈ શક્યો તેથી હાથ ઘસવા પડે છે. તેમ જ તમે જ્યારે આ દેહ છોડીને જશો ત્યારે હાથ ઘસતા જશો, માટે કંઈ દાન પુણ્ય કરો એમ આ મધમાખી હાથ ઘસીને તમને ઉપદેશ કરે છે. આવી રીતે કાલીદાસ પંડિતનું વચન સાંભળીને ભોજરાજા ઘણા પ્રકારના દાન આપવા લાગ્યો. (પૃ.૨૨૧)

## ૪૩૩. દીનની દયા ખાઉં.

અશુભ કર્મના ઉદયે જીવ દીન એટલે ગરીબ થયો હોય, ખાવા વગેરે પણ ન મળતું હોય તો તેના પ્રત્યે દયા લાવીને કંઈક આપવું તે અનુકંપા દાન છે.



**'સમાધિસોપાન'માંથી :–** ''દાન, સન્માન, કુશળતા પૂછવી, રોગી, દુઃખીની સેવા કરવી તે પણ વિનયવાળાથી જ બને છે. દુઃખી માણસ કે પશુને વિશ્વાસ, આશરો આપવો. દુઃખથી પીડાયેલો પોતાનાં દુઃખ કહેવા આવ્યો હોય તેનું દુઃખ સાંભળવું. પોતાની શક્તિ પ્રમાણે ઉપકાર કરવો. કંઈ ન બને તો ધીરજ, સંતોષ આદિનો ઉપદેશ દેવો. એ વ્યવહારવિનય છે. તે પરમાર્થવિનયનું કારણ છે, યશ ઉપજાવે છે, ધર્મની પ્રભાવના કરે છે.'' (પૃ.૧૭૨)

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :– દીનની દયા ખાવાથી બનેલ શેઠ**

**એક ગરીબ બાળકનું દૃષ્ટાંત –** કોઈએક વ્યવહારી પોતાની વખારે આવીને બેઠો હતો. તેના ગુમાસ્તાઓ પણ બધા બેઠા હતા. તેવામાં એક કુમાર (બાળક) માગવા આવ્યો. શેઠને તેની વાત સાંભળતા દયા આવી. છોકરાએ કહ્યું કે – મારા માતાપિતા મારી નાની વયમાં દેવલોકે ગયા, મારી પાસે જે કાંઈ ધન હતું તે પણ બધું મેં ખોઈ નાખ્યું છે, આજીવિકાનું કાંઈ પણ સાધન મારી પાસે રહ્યું નથી; તેથી હું ઘરે ઘરે ફરું છું. માટે જો આપને દયા આવે તો મને આધાર આપો? શેઠે પોતાને ત્યાં રાખ્યો અને ભોજન વસ્ત્ર પણ આપ્યાં. અનુક્રમે તે છોકરો યૌવાનાવસ્થા પામ્યો એટલે શેઠે તેને પરણાવ્યો; પછી જાુદું ઘર પણ માંડી આપ્યું. તે બહુ બુદ્ધિશાળી હોવાથી શેઠનો તમામ વ્યાપાર તેણે હાથમાં લીધો. શેઠને તેની ઉપર પૂર્ણ વિશ્વાસ હતો તેથી ગુમાસ્તાપણું દૂર કરી ચોથો ભાગ કરી આપ્યો. પછી શેઠની આજ્ઞાથી તે પરદેશ વ્યાપાર કરવા ગયો અને ઘણી લક્ષ્મી મેળવી આવ્યો. ત્યાં રહ્યો જે કમાતો તે બધું શેઠને મોકલતો હતો, અને આવ્યા પછી જે રળ્યો હતો તે બધું શેઠની પાસે રજુ કર્યું. પછી શેઠની રજા લઈને તેણે એકલો વ્યાપાર કરવા માંડ્યો, તેમાં પણ તે સારું કમાયો. એટલે શેઠનું તમામ દ્રવ્ય ચુકવી દઈને બીજે નગરે જઈ તે વ્યાપાર કરવા લાગ્યો. (પૃ.૧૬૩)

## ૪૩૪. દુઃખીની હાંસી કરું નહીં.

શારીરિક, માનસિક કે નિર્ધનતાને લીધે કોઈ દુઃખી હોય તેની હાંસી કરું નહીં. પણ તેને સ્વશક્તિ અનુસાર મદદ કરીને શાંતિ ઊપજે તેમ કરું. દુઃખીની હાંસી કરવાથી પરભવમાં પોતાને પણ આવા દુઃખના દિવસો દેખવાનો અવસર આવે છે. માટે કદી પણ દુઃખી મનુષ્યોની હાંસી કરી તેને સતાવું નહીં. પણ તેને પાપનાં ફળ દુઃખ આવે છે એ સમજાવી ધર્મના માર્ગે વાળવા પ્રયત્ન કરું.

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :– કર્મના યોગે શેઠની થયેલી દુર્દશા**

**દરિદ્ર બનેલ શેઠનું દૃષ્ટાંત –** વાક્ય ૪૩૩માં જે શેઠની વાત કરી તે શેઠની જ્યારે તમામ લક્ષ્મી નાશ પામી ત્યારે તેણે વિચાર કર્યો કે, 'હવે ઘેર બેસી રહેવું ઠીક નથી, હવે તો પરદેશમાં જ જઉં કે જેથી કાંઈક પ્રાપ્તિ થાય.' આ પ્રમાણે વિચારીને શેઠ ઘરેથી નીકળ્યા, પણ પાસે બિલકુલ દ્રવ્ય નથી, તેથી માર્ગમાં બહુ દુઃખ પામવા લાગ્યા. અન્ન પણ દુઃખે મળવા લાગ્યું. એ પ્રમાણે ફરતાં ફરતાં તેનો પેલો વાણોતર જે બાળકપણાથી તેમની પાસે આવેલો હતો તે જ્યાં વેપાર કરે છે તે નગરે શેઠ પહોંચ્યા. બજારમાં ફરતાં તે નોકરે શેઠને દૂરથી દીઠા એટલે તે દુકાન ઉપરથી ઊતરી શેઠ પાસે આવીને પગે લાગ્યો અને શેઠની આવી દુઃખી સ્થિતિ જોઈને તેને બહુ લાગી આવવાથી તે શેઠને ગળે વળગીને બહુ રોયો; પછી દુકાન પર લઈ જઈ શેઠને યોગ્ય આસને બેસાડી પોતે સામો બેઠો અને પૂછ્યું કે – 'હે સ્વામી! આપની સ્થિતિ આવી કેમ થઈ? આપના ઘરમાં સુવર્ણ, રત્ન, મણિ, મોતી, વસ્ત્રો આભૂષણો વગેરે



પારાવાર હતા તે બધાં ક્યાં ગયા?' શેઠે કહ્યું કે – 'હે વત્સ! તું જુદો પડીને અહીં આવ્યો, ત્યાર પછી તારી પછવાડે મારું દ્રવ્ય પણ બધું ગયું. પૂર્વનું પુણ્ય ખુટ્યું, એટલે પછી કાંઈપણ રાખ્યું રહ્યું નહીં. તદ્દન દરિદ્રાવસ્થા આવી, ખાવા પીવાના સાંસા પડવા લાગ્યા એટલે હું ઘર છોડીને પરદેશ નીકળ્યો.'



શેઠની આ પ્રમાણેની હકીકત સાંભળી તે વાણોતર (ગુમાસ્તો) બહુ જ રોવા લાગ્યો; છાનો રાખતા પણ રહે નહીં. એટલે તેના વાણોતરો કહેવા લાગ્યા કે – ''શેઠ તે ઘેલા થઈ ગયા છે કે શું થયું છે કે જેથી આવા એક ભિખારીને ગળે વળગીને રોયા કરે છે.'' એટલે તેણે છાના રહીને સૌને બોલતા વાર્યા અને કહ્યું કે – 'એમણે તો મારી ચામડી પોષેલી છે, એના કોળિયાથી હું ઉછર્યો છું, એણે મને વેપારી બનાવ્યો છે, હું એનો વાણોતર છું અને એ મારા શેઠ છે, એના ગુણ મારા હૃદયમાં સમાતા નથી.' આ પ્રમાણે કહીને પછી શેઠને પોતાને ઘેર લઈ ગયો અને નવરાવી વસ્ત્રાલંકાર ધારણ કરાવી ઈંદ્ર જેવા બનાવ્યા. ખાનપાનથી બહુ પ્રસન્ન કર્યા. પછી એક દિવસ તે વાણોતરે પોતાના બધા પરિવારને એકઠો કરી એક પોતીયું માત્ર પહેરી પોતાનું ઘર, હાટ, વખાર, ધન, ભૂષણો – સર્વ શેઠને અર્પણ કર્યું અને પગે લાગ્યો.

આ પ્રમાણેની વાત કરી ગૌતમસ્વામીએ હર્ષિત થઈને પ્રભુને પૂછ્યું કે – 'હે પ્રભુ! હવે તે વાણોતર ઓશીંગણ (ઉપકારી) થયો? પ્રભુ કહે છે કે – 'આ પ્રમાણે કરવાથી ઓશીંગણ ન થાય, પણ જો શેઠને ધર્મ પમાડે તો ઓશીંગણ એટલે ઉપકારી થાય.'

હવે પેલા વાણોતરે શેઠને કહ્યું કે – 'હે પિતાજી! આ ઋદ્ધિ બધી હું જૈનધર્મના પસાયથી પામ્યો છું. માટે તમે જૈનધર્મનું આરાધન કરો.'

આ પ્રમાણે કહીને તે શેઠને મુનિરાજ પાસે લઈ ગયો અને જૈનધર્મ સંભળાવ્યો, એટલે શેઠ ધર્મ પામ્યા અને દરરોજ સામાયિક, પ્રતિક્રમણ કરવા લાગ્યા, વ્યાખ્યાન સાંભળવા લાગ્યા, જિનપૂજા કરવા લાગ્યા. વાણોતર શેઠની છાંયામાં રહીને વેપાર કરવા લાગ્યો. અને જે કમાય તે શેઠને આપી બદલો વાળવા લાગ્યો. અનુક્રમે શેઠ ઘણા ધનવાન થયા. જૈનધર્મ ઉપર પૂરેપૂરી આસ્થા બેઠી, એટલે ઉત્તમ કાર્યોમાં શેઠે પુષ્કળ દ્રવ્ય વાપર્યું. પ્રાંતે દીક્ષા લીધી અને સદ્ગતિને પામ્યા.

આટલી વાત થયા પછી ફરી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછ્યું કે – 'હવે તે વાણોતર ઓશીંગણ (ઉપકારી) થયો?' 'પ્રભુએ કહ્યું કે – 'હા, હવે થયો.' (પૃ.૧૬૫)

## ૪૩૫. ક્ષમાપના વગર શયન કરું નહીં.

રાત્રે સૂતી વખતે આખા દિવસમાં મારાથી શું શું દોષ થયા હોય તે વિચારું. આજે મેં કોના ઉપર ક્રોધ કર્યો, માન કર્યું, ઈર્ષા કે અદેખાઈ કરી એમ અઢાર પાપસ્થાનક વિચારું. દોષથી નિવૃત્ત થવાની ભાવના કરું, પશ્ચાત્તાપ કરું. સૂતી વખતે ભગવાન પાસે સર્વ દોષની ક્ષમાપના માંગી પછી શયન કરું.

એમ દિવસમાં જે જે પાપ લાગ્યા હોય તે રાત્રે ક્ષમાવું. ક્ષમાપના વગર શયન કરું નહીં.